आर्यशूर-प्रणीता

जातकमाला

(बोधिसत्त्वावदान-माला)

: અનુવાદક :

વસન્તકુમાર મ. ભટ્ટ
અધ્યક્ષ, સંસ્કૃત વિભાગ,
ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ.

સરસ્વતી પુસ્તક ભંડાર, અમદાવાદ-૧.

आर्यशूर–प्रणीता

जातकमाला

(बोधिसत्त्वावदान–माला)

(નિયત–કથાઓ)

મૂળ કૃતિ, અનુવાદ, પ્રસ્તાવના અને અભ્યાસનોંધ સાથે

: અનુવાદક :

વસન્તકુમાર મ. ભટ્ટ

અધ્યક્ષ, સંસ્કૃત વિભાગ,

ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ.

સરસ્વતી પુસ્તક ભંડાર, અમદાવાદ–૧.

JĀTAKA–MĀLĀ
Selected Stories with Introduction,
Translation in Gujarati & Notes
by
Prof. Vasantkumar M. Bhatt
Head, Department of Sanskrit,
Gujarat University, Ahmedabad–380009.

© વી. વી. ભટ્ટ

પ્રથમાવૃત્તિ : ૨૦૦૪–૦૫

કિંમત : ૧૦૦–૦૦

પ્રકાશક : અશ્વિનભાઈ બી. શાહ
સરસ્વતી પુસ્તક ભંડાર
રતનપોળ, હાથીખાના,
અમદાવાદ–૩૮૦ ૦૦૧.
ફોન : ૨૫૩૫૬૬૯૨

મુદ્રક : ધ્રુમિલ ગ્રાફિક્સ
દિલીપ આઈ. પટેલ
૮૫૬, નારણપુરા ગામ,
અમદાવાદ–૩૮૦ ૦૧૩.

अस्मदीयम्

આર્યશૂરે રચેલી 'જાતકમાલા'માંથી ચૂંટી કાઢેલી આઠ જાતક કથાઓને વિસ્તૃત પ્રસ્તાવના અને ગુજરાતી અનુવાદ સાથે રજૂ કરતાં પરમ હર્ષની લાગણી થાય છે. ગુજરાત વિશ્વવિદ્યાલયના સંસ્કૃત અભ્યાસક્રમમાં પહેલીવાર જ બૌદ્ધસાહિત્યની વિશ્વપ્રસિદ્ધ જાતકકથાઓને સ્થાન મળ્યું છે તેની પાછળ ઈશ્વરીય સંકેત જણાય છે. સામાન્ય રીતે 'પ્રાણીકથા' તરીકે 'પંચતન્ત્ર' અને 'હિતોપદેશ'ની વાર્તાઓથી જ આપણે ગુજરાતના સંસ્કૃતના અભ્યાસીઓ પરિચિત છીએ; પણ હવે બૌદ્ધ જાતકકથાઓ અભ્યાસક્રમમાં નિયત થતાં, નવું ભણવા–ભણાવવાની હોંશવાળા અધ્યાપકમિત્રોને જ્ઞાનની એક નવી દિશાનું ઉદ્‌ઘાટન થતું જણાશે. જાતકકથાના માધ્યમથી બોધિસત્ત્વની કરુણાભરી વિચારધારા નવી પેઢીના છાત્રોને પણ જીવન જીવવાનો સાચો અને શાશ્વત્ રાહ ચીંધશે. બોધિસત્ત્વની કલ્પનાએ જ બૌદ્ધધર્મને વિશ્વધર્મ બનવાનું પ્રેરક પરિબળ પૂરું પાડ્યું છે. દાવપેચ અને પ્રપંચથી ભરેલી આ દુનિયામાં ટકી રહેવા માટે જે ચંતુરાઈ અને કપટનીતિ પંચતન્ત્રની વાતો શીખવે છે, તેની સામે જાતકકથાઓ કાંઈક જુદો જ બોધ આપે છે. મહાયાની બૌદ્ધધર્મની આ વિચારધારાને કાને નહીં ધરવાથી જ જગત્ નાં દુઃખ નિર્મૂળ કરી શકાતાં નથી.

આર્યશૂરની 'જાતકમાલા'ને અભ્યાસક્રમમાં નિયત કરવા માટે 'સંસ્કૃત અભ્યાસ સમિતિ'ના સૌ સભ્યશ્રીઓ અભિનંદનીય છે; લગભગ સર્વાનુમતે આ પ્રસ્તાવને સૌએ વધાવ્યો છે. આ પુસ્તક તૈયાર કરવામાં મેં જે જે ગ્રન્થોનો વિનિયોગ કર્યો છે, તે સૌનો ઋણી છું. તિબ્બતીય ઉચ્ચશિક્ષણ સંસ્થાન (સારનાથ) અને ગંગાનાથ ઝા કેન્દ્રીય સંસ્કૃત વિદ્યાપીઠ (પ્રયાગ)ની સદ્‌ભાવનાઓ માટે પણ તેમનો આભારી છું. આ પ્રકાશનં માટે શ્રી અશ્વિનભાઈ શાહ (સરસ્વતી પુસ્તક ભંડાર, અમદાવાદ)નો હૃદયથી આભાર માનું છું. અભ્યાસીઓનાં સૂચનો આવકાર્ય છે.

અષાઢી બુદ્ધપૂર્ણિમા (ધર્મચક્ર પ્રવર્તન દિન) — **વસન્તકુમાર મ. ભટ્ટ**

૨–૭–૨૦૦૪

અનુક્રમણિકા

(क) પ્રસ્તાવના ૧ થી ૮૦

(1) કથા (વાર્તા)નો ઉદ્ભવ અને વિકાસ (૧), (2) ઉપલબ્ધ કથાઓનું વર્ગીકરણ (૫), (3) મુખ્ય કથાઓનો પરિચય (૬), (4) ત્રિપિટકોમાં 'જાતક કથા'નું સ્થાન અને સ્વરૂપ (૧૪), (5) જાતક કથાઓનો સમય (૨૧), (6) બોધિસત્ત્વનું પુરાકલ્પન અને દશપારમિતાઓ (૨૩), (7) આર્યશૂર–જીવન, સમય અને કૃતિઓ (૩૦), (8) જાતકમાલાની નિયત આઠ કથાઓ (૩૮), (9) આર્યશૂરની 'જાતકમાલા'નું મૂલ્યાંકન (૬૬).

(ख) મૂળ કૃતિ અને અનુવાદ ૧ થી ૧૦૭

મંગલાચરણ ૧

(૧) વ્યાઘ્રી જાતક (૧) ૬

(૨) યજ્ઞ જાતક (૧૦) ૧૮

(૩) શક્ર જાતક (૧૧) ૩૪

(૪) સુપારગ જાતક (૧૪) ૪૨

(૫) વર્તકાપોતક જાતક (૧૬) ૬૦

(૬) મહાકપિ જાતક (૨૪) ૬૬

(૭) શરભ જાતક (૨૫) ૮૪

(૮) શતપત્ર જાતક (૩૪) ૯૬

(ग) અભ્યાસનોંધ ૧૦૮ થી ૧૨૨

(घ) સંદર્ભ ગ્રન્થસૂચિ ૧૨૩

★ ★ ★

॥ नमो बौधिसत्त्वेभ्यः ॥

(त्रिरत्न)

बुद्धं शरणं गच्छामि ।
संघं शरणं गच्छामि ।
धम्मं शरणं गच्छामि ।

પ્રસ્તાવના

(૧) કથા (= વાર્તા)નો ઉદ્‌ભવ અને વિકાસ

માણસની ભૂખ અને તરસ ભોજન અને પાણીથી સંતોષાય એ પછી તેને જીવનમાં વાર્તારસનું પાન કરવા–કરાવવા જોઈએ છે. આપણા સૌનો એ અનુભવ છે કે – ઘરમાં બાળકોને સૂવાડવા રાત્રિના સમયે દાદીમા તેમને વાર્તાઓ કહેતા હોય છે. જુદી જુદી વાર્તાઓના શ્રવણ થકી બાળકોની દુનિયા ધીમે ધીમે વિશાળ થતી જાય છે અને અનંત જીવનના વિવિધ ક્ષેત્રોમાં કામ લાગે તેવી અનેક નીતિઓ તેનામાં અંકિત થતી જાય છે. 'હિતોપદેશ' કહે છે કે –

यन्नवे भाजने लग्नः संस्कारो नान्यथा भवेत् ।
कथाच्छलेन बालानां नीतिस्तदिह कथ्यते ॥ (પ્રાસ્તાવિક શ્લોક–૮)

એટલે કે – નવા પાત્રમાં કોઈ (રંગ કે ગંધનો) સંસ્કાર કર્યો હોય તો તે ક્યારેય જતો નથી, તેવી રીતે નવાં ઉગતાં બાળકોને કથા (Story)ના બહાને કહેવામાં આવેલી 'નીતિ' (= ચોક્કસ પ્રકારે ચાલવાની પદ્ધતિ) પણ જીવનભર ઉપયોગી થાય છે; (આથી આ 'હિતોપદેશ'માં તેવી નીતિકથાઓ કહેવામાં આવે છે).

પણ માણસને કેવળ બાલ્યાવસ્થામાં જ વાર્તાઓનું ઘેલું લાગ્યું હોય છે એવું નથી. કાલિદાસ તો કહે છે કે માણસોને મોટપણે પણ વાર્તાઓ કહેવી અને સાંભળવી ગમે છે. મેઘદૂતમાં (ઇ.સ. ૪મી સદી) તેમણે અવન્તી (ઉજ્જૈન)ના પ્રજાજનોનું જે ચિત્ર આપ્યું છે તેમાં કહ્યું છે : प्राप्यावन्तीन् उदयनकथाकोविद-ग्रामवृद्धान्..... (પૂર્વમેઘ–૩૦)

અર્થાત્ – હે મેઘ ! તું પહેલાં અવન્તીના દેશમાં પહોંચજે કે જેમાં 'ઉદયન–વાસવદત્તા'ના (પ્રેમની) કથા કહેવામાં કુશળ એવા ગામડાંના વૃદ્ધો વસે છે (ત્યાર પછી આગળ ઉજ્જૈન તરફ વધજે).

આમ માણસ શૈશવમાં હોય કે વાર્દ્ધક્યમાં, તેને ભોજન-પાણી પછી, વાર્તાની લગભગ અનિવાર્ય જરૂરિયાત છે.

* * *

પરંતુ આ કથા (Story–વાર્તા) ક્યારે અને કેવી રીતે ઉદ્‌ભવી હશે ? તે મુદ્દો પણ વિચારણીય છે. (क) વિદ્વાનો એમ કહે છે કે પ્રાગ્ ઐતિહાસિક કાળમાં માણસ જ્યારે શિકારની શોધમાં ભટકતો ત્યારે તેણે કેટલાક પ્રાણીઓના સ્વભાવનું

આકલન કર્યું હશે. (જેમ કે, શિયાળની લુચ્ચાઈ, વાંદરાની બેવકુફાઈ, હરણ અને સસલાનું ભોળપણ વગેરે); અને તેનું નિરૂપણ તેણે પોતાના સાથી મિત્રોને કર્યું હશે. આ સમયે કોઈકના અનુભવે પોતાને કશું જાણવા–શીખવા મળે છે એમ જોઈને તેના સાથી મિત્રોએ એની વાતમાં રસ લીધો હશે. આમ 'વક્તા' અને 'શ્રોતા'ના બે છેડા ઊભા થયા હશે; તથા 'કથન' તરીકે શિકારીના જાત અનુભવો કે પ્રાણીઓના સ્વભાવનું આકલન આવી મળતાં ''કથા''નો ('વાર્તા' કે 'Story'નો) જન્મ થયો હશે. ['કથા' શબ્દમાં √ 'कथ्' = કહેવું અર્થવાળો ધાતુ રહેલો છે : તથા 'કહેવું' ક્રિયાને ચરિતાર્થ થવા માટે એક છેડે વક્તા હોવો જોઈએ, અને બીજે છેડે શ્રોતા હોવો જોઈએ. આટલી ત્રણ શરતો સંતોષાય એટલે 'કથા'નો આવિર્ભાવ થાય !]

(ख) 'કથા'નો ઉદ્ભવ વન્ય સંસ્કૃતિના માનવે કર્યો – એ મતની સાથે બીજા કેટલાકનો મત એવો પણ છે કે નીતિકથા, અર્થાત્ પ્રાણીકથાનો ઉદ્ભવ શિકારીઓ કરતાં પશુપાલક ભરવાડો પાસેથી ઉદ્ભવ્યો હોય એમ વિશેષ બનવાજોગ છે. કેમકે આદિકાળના મનુષ્યની બુદ્ધિ શરૂઆતમાં વિકસી ન હોય, તથા તે ઘણે ભાગે ભૂખ અને ભયથી ત્રસ્ત હોય ત્યારે ભાષા પણ પૂર્ણપણે વિકસી ના હોય. આથી મનુષ્યજાતની સભ્યતા અને સંસ્કૃતિના થોડા ઘણા વિકાસ પછી જ 'કથા'નો ઉદ્ભવ થાય એમ વધારે બનવાયોગ્ય છે. આથી આરણ્યક સંસ્કૃતિમાંથી ગ્રામ સંસ્કૃતિ વિકસી. તેણે પહેલાં 'પશુપાલન' અને પછી 'ખેતી'ની શરૂઆત કરી હશે. આ તબક્કે દુધાળાં પશુઓને ઉછેરતાં અને સાચવતાં ભરવાડો જ પશુઓની નજીક વધુ રહે છે. બલ્કે તેઓ પશુઓની પાસે જ દિવસ આખો પસાર કરે છે અને એ પશુઓના સ્વભાવની ખાસિયતો બરાબર ઓળખે છે. વળી, એ સ્વભાવની ખાસિયતો ક્યારેક તેને અમુક અમુક માણસોમાં પણ દેખાય છે, જેમાંથી તે માણસને શીખામણ આપવા કે ટોણો મારીને સુધારવા કોઈને 'બળદિયો' કહે છે; કે ઉનાળાની ભરબપોરે સૌ ઘરોમાં સૂતા હોય ત્યારે મોટેથી ભૂંકતા ગધેડાને'વૈશાખનંદન' કહે છે ! એવી જ રીતે, અર્ધી રાત્રે શેરડીના ખેતરમાં ભૂંકતા, અને પછી માર ખાતા ગધેડાને આધારે 'વાર્તા' કહેવાની શરૂ કરે છે. આમ માણસના નીકટતમ પડોશીઓ તરીકે પશુઓના સ્વભાવનો અભ્યાસ–એ પણ 'કથા'ના ઉદ્ભવનું એક પ્રેરક પરિબળ ગણી શકાય.

(ग) આ સન્દર્ભમાં ત્રીજો મત એવો છે કે માણસને દિવસભરની વિવિધ ઘટનાઓ, તેમાંથી મળતા સુખ-દુઃખ, તેમાંથી ઉદ્ભવતી ભય કે આશ્ચર્યની લાગણીઓ.....એ બધાનો એક સંસ્કારપીંડ એના મનમાં બંધાય છે. જેને આધારે તેને ક્યારેક રાત્રે ઊંઘમાં સ્વપ્ન આવે છે. પછી સવારે ઊઠીને પોતાનાં સ્વપ્નોનું

તે બીજાઓ પાસે વર્ણન કરે છે. સ્વપ્નમાં કોઈકે જોયેલી અગોચર દુનિયા સાંભળનારને વધુ રસપ્રદ બની રહે છે. આવા સ્વપ્નોના નિરૂપણમાંથી જ કદાચ કેટલીક અદ્‌ભુત કથાઓ (Fairy tales) કે જેને 'પરીકથાઓ' પણ કહે છે તેનો જન્મ થયો હશે.

(ઘ) કેટલાંક ''પુરાકલ્પનો'' (Myth) એ પણ કથાતત્ત્વનો ઉદ્‌ભવ અને વિકાસ કરવામાં મહત્ત્વની ભૂમિકા અદા કરી છે. આદિ મનુષ્યે પોતાની આસપાસની દુનિયાના રહસ્યો ઉકેલવા જે અવૈજ્ઞાનિક કે અર્ધવૈજ્ઞાનિક કલ્પનો, જેને 'મીથ' કે 'મિથક' પણ કહેવાય છે, તેને વિકસાવ્યાં હતાં, તેમાંથી પણ ઘણી કથાઓ ઉદ્‌ભવી છે. આવી પુરાકલ્પન–પ્રેરિત કથાઓથી વેદસાહિત્ય ભરપૂર ભરેલું છે. જેમ કે, (૧) કુદરતમાં વારંવાર બનતી વરસાદ પડવાની ઘટના જોઈને, માણસે તેનો ખુલાસો શોધવાનો–તેની વ્યાખ્યા કરવાનો–જે પ્રયાસ કર્યો તેમાંથી ઇન્દ્ર–વૃત્રાસુર સંગ્રામની કથાનું નિર્માણ થયું. વરસાદ આવતાં પૂર્વે આકાશમાં કાળાં વાદળો ઘેરાવાં, વીજળીના કડાકા થવા, વંટોળ આવવો અને પછી એકદમ વરસાદ તૂટી પડવો–આ ઘટનાક્રમ જોઈને માણસે એક પુરાકલ્પન વિકસાવ્યું કે 'વૃત્ર' (= વીંટળાઈ જવાના સ્વભાવવાળો) અસુર વાદળોને ઘેરીને પકડી લે છે અને પાણીને વરસવા દેતો નથી; ત્યારે 'ઇન્દ્ર' (इन्द् = ટપકવું, ઝરવું ધાતુ ઉપરથી, ''વર્ષણ કરનાર દેવ'') નામનો દેવતા વીજળી રૂપી વજ્ર આયુધથી વૃત્રની જોડે યુદ્ધે ચઢે છે, ગર્જનો કરે છે અને પછી વૃત્રને મારીને, હણી કાઢીને વરસવા માટે પાણીને મુક્ત કરે છે. ઋગ્વેદના ઇન્દ્રસૂક્તોમાં અનેક સ્થળે 'ઇન્દ્ર–વૃત્રાસુર સંગ્રામ'નું પુરાકલ્પન (Myth) સાંકેતિક રૂપે ઉલ્લેખાયું છે; જે પાછળથી પુરાણોમાં પણ અનેક રીતે વિકસીને મોટા આખ્યાનનું રૂપ ધારણ કરે છે. (૨) એવી જ રીતે કુદરતમાં ક્યારેક સૂર્ય–ચન્દ્ર–પૃથિવી એક લાઈનમાં આવી જતાં જે સૂર્યગ્રહણ કે ચન્દ્રગ્રહણની સ્થિતિ પેદા થાય છે; અને પછી પૂર્ણિમાના દિવસે ચન્દ્ર અડધો કાળો પડી જાય, કે અમાસે સૂર્ય ઢંકાઈ જાય કે નિસ્તેજ થઈ જાય–એ ઘટનાને વૈજ્ઞાનિક દૃષ્ટિએ; ગ્રહો–તારાઓની ગતિના અનુસંધાનમાં જોતાં નહોતું આવડ્યું ત્યારે ''રાહુ અને કેતુ જેવા રાક્ષસો સૂર્ય–ચન્દ્રને ગળી જાય છે.'' એવી પુરાણપ્રસિદ્ધ કથાઓએ જન્મ લીધો, તો રાહુ–કેતુના પુરાકલ્પન ('મીથ') થકી અમુક 'કથા' જન્મી એમ સ્પષ્ટ જોઈ શકાય છે. ટૂંકમાં, માનવનું મન ઊંઘે છે ત્યારે સ્વપ્ન જુવે છે; અને જાગૃત અવસ્થામાં તે જ મન અલૌકિક કલ્પનો રચે છે; અને તેમાંથી ઉદ્‌ભવે છે : 'કથા'.

(ઙ) મનુષ્ય સમાજ જેમ જેમ ઘડાતો ગયો, પાકટ થતો ગયો, જૂની વાતો/ઘટનાઓને યાદ રાખતો થયો તેમ તેમ તેની સામે પોતાનાં પૂર્વજોએ કરેલાં

પરાક્રમોનો એક 'ઇતિહાસ' [इति ह आस = પૂર્વેના સમયમાં આમ હતું/થયું હતું] પણ રચાતો ગયો. આવા ઇતિહાસના નિરૂપણમાંથી પણ ઘણી 'કથા'ઓએ જન્મ લીધો છે. વળી, મનુષ્ય–સમાજ જેમ જેમ જીવનની આંટી–ઘૂંટીને સમજતો થયો, કે અપ્રાપ્ત અને અપ્રાપ્ય વસ્તુઓનો અભિલાષ સેવતો ગયો તેમ તેમ તેણે મનોરંજન માટેની કેટલીક વાર્તાઓ પણ ઘડી કાઢી. આમ 'કથા'નું ઉદ્ભાવન અને વિકાસ કરનારાં એકાધિક પ્રેરક પરિબળો છે.

* * *

મનુષ્ય–સમાજમાં પ્રવર્તતી અનેક કથાઓનો અભ્યાસ કરીને વિદેશી વિદ્વાનોએ તેના કેટલાક પ્રકારો આ મુજબ વિચાર્યા છે :– (૧) અદ્ભુત કથા (Fairy tales), (૨) લોકકથા (Märchen અર્થાત્ Folk tales), (૩) કલ્પિત કથા (= પુરાકલ્પન–Myth) અને (૪) પશુકથા = પ્રાણી કથા (Fables).

ભારતીય સમાજમાં છેક વેદકાળ જેટલા જૂનામાં જૂના સમયથી અનેક વાર્તાઓ-કથાઓ-સુપ્રચલિત રહી છે; જેમ કે, વેદની મન્ત્રસંહિતાઓમાં આવેલાં સરમા–પણિ, યમ–યમી કે પુરૂરવા–ઉર્વશી વગેરેનાં સંવાદસૂક્તોમાં અનેક ધર્મનિરપેક્ષ આખ્યાનો સંગૃહીત છે. બ્રાહ્મણગ્રંથોમાં શુનઃશેપનું કે ઇન્દ્ર–વિરોચનનું આખ્યાનં; કે ઉપનિષદોમાં આવતી નચિકેતા, સત્યકામ-જાબાલ કે ઉમા-હૈમવતીની કથાઓ અત્રે સ્મરણીય છે. તથા ઋગ્વેદ (૭–૧૦૩)નું મંડૂકસૂક્ત પણ ધ્યાનાસ્પદ છે. કેમ કે તેમાં યજ્ઞપ્રસંગે મન્ત્રગાન કરતા બ્રાહ્મણોને ડ્રાઉં–ડ્રાઉં કરતાં દેડકાંઓની સાથે સરખાવ્યા છે. અહીં જીવજંતુ કે પ્રાણીઓમાં મનુષ્યની ટેવો, ખાસિયતોને સ્થાનાન્તરિત કરવાની જે દૃષ્ટિ વિકસી છે, તેણે જ આગળ જતાં અનેક પ્રાણીકથાઓને જન્માવેલ છે. અહીં પુરૂરવા–ઉર્વશી, ઉમા-હૈમવતી, શુનઃશેપ કે ઇન્દ્રવિરોચનાદિની કથામાંથી કઈ વાર્તાને અદ્ભુત કથા કે લોકકથા તરીકે કે પશુકથા તરીકે કે કેવળ કલ્પિત કથા તરીકે નિર્ધારિત કરવી ? એ આપણે ચોક્કસપણે કહી શકીએ તેમ નથી. પણ એટલું નિશ્ચિત કે પાછળથી વિકસેલાં 'કથા'નાં અનેકવિધ સ્વરૂપો તેનાં અલ્પવિકસિત કે અર્ધવિકસિત સ્વરૂપે વેદકાળમાં અસ્તિત્વ જરૂર ધરાવતાં હતાં.

પરંતુ પ્રાચીનતમ સમયમાં (એટલે કે વેદકાળમાં) આવી અનેક કથાઓનું અસ્તિત્વ હોવું–એટલું જ પર્યાપ્ત નથી. અહીં એક વધારે સૂક્ષ્મ વિચારણીય વાત જુદી છે, અને તે એ છે કે – એક સાધારણ જેવી લાગતી વાતને એક નિશ્ચિત ઉદ્દેશ્યને માટે ઉપયોગમાં લેવાનું માણસને જે સૂઝ્યું હશે તેણે સાચા અર્થમાં 'કથા'ના નિર્માણનું કાર્ય કર્યું હશે. વનના કે ગામમાં રહેનાર પ્રાણીઓને જન્મજાત સ્વભાવનું

જે વૈશિષ્ટ્ય મળ્યું હશે અને તેના થકી એના જીવનમાં જે ઘટના બની હશે કે જેનો કોઈક મનુષ્યને (શિકારી કે ભરવાડના રૂપમાં ફરતાં ફરતાં) સાક્ષાત્કાર થયો હશે—તે ઘટનાને ઉપયોગમાં લઈને, બીજા માણસને જીવનોપયોગી જ્ઞાન સમજાવવા માટે તેનું 'ઉપદેશાત્મક કથા'માં પરિવર્તન કરવાનું જે સૂઝ્યું હશે, તે ક્ષણ વાર્તાસર્જનના ઇતિહાસનું પ્રથમ પગથિયું હશે.

(૨) ઉપલબ્ધ કથાઓનું વર્ગીકરણ

કાલાનુક્રમની દૃષ્ટિએ વિચારીએ તો સમગ્ર પૃથિવી ઉપર કેવળ ભારતીય વૈદિક આખ્યાનો જ જૂનામાં જૂનું કથા—સાહિત્ય કહી શકાય એવું છે. પણ આપણે સાથે સાથે એ પણ નથી ભૂલવાનું કે વેદકાળમાં પ્રચલિત તમામ કથાઓ કે આખ્યાનો એ બધાં જ મન્ત્રો, બ્રાહ્મણો કે ઉપનિષદોમાં ઉપનિબદ્ધ નથી થઈ ગયાં. આજે મળતાં વૈદિક આખ્યાનો કે કથાઓ ઉપરાંતની પણ બીજી ઘણી કથાઓ હશે, જે 'લોકસાહિત્ય' રૂપે સમાંતર રીતે તે વખતે ચાલતી હશે; અને તે મૌખિક પરંપરાથી પેઢી દર પેઢી સંક્રાન્ત થતી રહેતી હશે. આવી કથાઓના વિપુલ ભંડારમાંથી જે જે પ્રકારના જુદા જુદા કથાસંગ્રહો આજે આપણને મળે છે, તેનું વર્ગીકરણ કંઈક નીચે મુજબ કરી શકાય :—

કથા
↓
(A) ઉપદેશાત્મક લોકસાહિત્ય
(B) અલંકૃત ગદ્યકાવ્ય સ્વરૂપનું સાહિત્ય
↓
'કથા' → (૧) સુબન્ધુની વાસવદત્તા (૨) બાણભટ્ટની કાદમ્બરી
'આખ્યાયિકા' → (૩) હર્ષચરિત (જેમાં બાણભટ્ટની આત્મકથા પણ છે, અને સમ્રાટ્ હર્ષવર્ધનનું ઐતિહાસિક જીવન વૃત્તાન્ત પણ છે)
'ચમ્પૂ' → (૪) ત્રિવિક્રમભટ્ટ (૧૦મી સદી)નું 'નલચમ્પૂ'. તે પછી બીજા અનેક ચમ્પૂઓ.

આ જ 'અલંકૃત ગદ્યકાવ્ય'ના એક નમૂના તરીકે દંડીનું 'દશકુમારચરિત' પણ અહીં ગણતરીમાં લેવાનું. પરંતુ તેને નિશ્ચિતપણે 'કથા' કે 'આખ્યાયિકા'— એવા બે ભેદમાંથી એકેય ના ગણવું એવો દંડીનો પોતાનો મત છે. અસ્તુ.

* * *

અહીં આપણે તો, મુખ્યત્વે (A) **'ઉપદેશાત્મક લોકસાહિત્ય'** રૂપે વિકસેલી અને રચાયેલી કથાઓના વર્ગીકરણની વાત કરવી છે :–

કથા

↓

(A) ઉપદેશાત્મક લોકસાહિત્ય (B) અલંકૃત ગદ્યકાવ્ય

(A) ઉપદેશાત્મક લોકસાહિત્ય ↓

- ૧ (પાલિમાં) જાતક કથાઓ (તેમાંથી) ↓ આર્યશૂરની **'જાતકમાલા'** (સંસ્કૃતમાં)
- ૨ બોધકથાઓ (પશુકથા) Fables (૧) પંચતન્ત્ર (૨) હિતોપદેશ
- ૩ લોકપ્રિય કથાઓ ↓ – બૃહત્કથા (પૈશાચી), તેમાંથી રૂપાંતરિત ↓
  (૧) બૃહત્કથાશ્લોકસંગ્રહ (બુધસ્વામી)
  (૨) વસુદેવહિંડી (સંઘદાસગણિ)
  (૩) બૃહત્કથામંજરી (ક્ષેમેન્દ્ર)
  (૪) કથાસરિત્સાગર (સોમદેવ)
- ૪ ગદ્યાત્મક રંજન કથાઓ Prose Romance (૧) વેતાલ પંચવિંશતિ (૨) સિંહાસનદ્વાત્રિંશિકા (૩) શુકસપ્તતિ વગેરે.

આ ઉપરાંત, સંસ્કૃતમાં રચાયેલ 'જૈન પ્રબન્ધો'ને પણ પાંચમા પ્રકારના કથાસાહિત્ય તરીકે ગણી શકાય. જેમાં ઐતિહાસિક પાત્રોને આધારે રચનાઓ થઈ છે. જેમ કે, મેરુતુંગનો 'પ્રબન્ધચિંતામણિ' તથા અન્ય કર્તાઓના 'પ્રબંધકોશ' અને 'ભોજપ્રબંધ' વગેરેને ગણાવી શકાય.

(૩) મુખ્ય કથાઓનો પરિચય

ઉપર વર્ણવેલા કથાઓના વર્ગીકરણમાં સૌથી પહેલા ક્રમાંકે 'જાતક' કથાઓનો નિર્દેશ છે. આ કથાઓ પાલિભાષામાં લખાઈ છે. પણ તેમાંથી પ્રેરણાપીયૂષ પીને બૌદ્ધ મતાવલંબી આર્યશૂરે (ઇ.સ. ૩૫૦ થી ૪૦૦ ઇ.સ.) સંસ્કૃત ભાષામાં 'જાતકમાલા'ની રચના કરી છે. આપણે મુખ્યત્વે 'જાતકમાલા'નો અભ્યાસ કરવાનો છે. પરંતુ તે અભ્યાસની પૂર્વે આપણે 'બૃહત્કથા' અને 'પંચતન્ત્ર' જેવી ઉપદેશાત્મક 'લોકપ્રિયકથા' અને 'પશુકથા'નો પહેલાં પરિચય કેળવી લેવો જરૂરી છે :–

(૧) 'બૃહત્કથા' : લોકકથાનો નિર્દેશ : ગુણાઢ્ય નામના વ્યક્તિએ આ કથાસંગ્રહની રચના પૈશાચી પ્રાકૃતમાં કરી હતી. પરંતુ દુર્ભાગ્યે આ ગ્રન્થ એના મૂળ રૂપમાં મળતો નથી. આજે આ ગ્રન્થનાં ચાર સંસ્કૃત રૂપાંતરો મળે છે. જેમ કે, (૧) બુધસ્વામીનો બૃહત્કથા શ્લોકસંગ્રહ, (૨) પ્રાકૃતમાં રચાયેલ સંઘદાસગણિનો વસુદેવહિંડી, (૩) ક્ષેમેન્દ્રની બૃહત્કથામંજરી અને (૪) સોમદેવનો 'કથાસરિત્સાગર'.

ગુણાઢ્ય (ઈ.સ. ૭૮)ની 'બૃહત્કથા'નો પ્રભાવ સમગ્ર સંસ્કૃત સાહિત્ય ઉપર જણાય છે. કેમ કે રામાયણ અને મહાભારત પછી 'બૃહત્કથા' જ એક એવો ત્રીજો ગ્રન્થ છે કે જેમાંથી કથાની આધારસામગ્રી લઈને પછીના, ઘણા સંસ્કૃત કવિઓએ પોતાનાં કાવ્યોની રચના કરી છે.

આ સન્દર્ભમાં, બૃહત્કથાની પ્રશંસા કરતો 'તિલકમંજરી'નો એક શ્લોક અત્રે સ્મરણીય છે :

सत्यं बृहत्कथाम्भोधेर्बिन्दुमादाय संस्कृताः ।
तेनेतरकथाः कन्थाः प्रतिभान्ति तदग्रतः ॥ (प्रा. २१)

આ 'બૃહત્કથા'નું પૃથિવી ઉપર કેવી રીતે અવતરણ થયું એની પૂર્વપીઠિકા આ પ્રમાણે વાંચવા મળે છે :–

ભગવાન શંકરે એકાંતમાં એકવાર પાર્વતીને અપૂર્વ કથાઓ કહેવાની શરૂ કરી. ત્યારે તેમનો એક પુષ્પદંત નામનો ગણ એ વાર્તાઓને છુપાઈને સાંભળી લે છે. પાર્વતીએ જ્યારે આ વાત જાણી ત્યારે તેને શાપ આપ્યો; આ વખતે પુષ્પદંતને બચાવવા તેના મિત્ર માલ્યવાને રજૂઆત કરી, તેથી પાર્વતીએ એને પણ શાપ આપી દીધો. પુષ્પદંતે મનુષ્યલોકમાં આવીને, બીજા એક શાપગ્રસ્ત યક્ષ કાણભૂતિને તે બધી વાર્તાઓ કહી સંભળાવી. બીજી તરફ, આંધ્રના રાજા સાતવાહનના દરબારમાં શાસ્ત્રાર્થ વેળાએ શર્વવર્માની સામે ગુણાઢ્ય નામનો પંડિત હારી ગયો. હવે શરત મુજબ આ ગુણાઢ્યે સંસ્કૃતમાં બોલવાનું–લખવાનું બંધ કર્યું હતું. તેણે કાણભૂતિ નામના યક્ષ પાસેથી બધી કથાઓ સાંભળીને, પછી પૈશાચી પ્રાકૃત ભાષામાં 'બૃહત્કથા'ની રચના કરી. (આ 'ગુણાઢ્ય' તે પુષ્પદંતની વકીલાત કરનારો પેલો શાપિત માલ્યવાન્ નામનો યક્ષ જ હતો.) આમ મૂળમાં શંકરે પાર્વતીને કહેલી અપૂર્વ કથાઓ સ્વર્ગમાંથી પૃથિવીલોકમાં મનુષ્યોના મનોરંજન માટે ઉતરી આવી !

(क) બુધસ્વામી (ઇ.સ. ૬૦૦–૭૦૦)એ બૃહત્કથાને આધારે સંસ્કૃતમાં **'બૃહત્કથાશ્લોકસંગ્રહ'** (૨૮ સર્ગો અને ૪૫૩૯ શ્લોકોમાં)ની રચના કરી. અહીં આપણે માટે ખાસ નોંધપાત્ર મુદ્દો એ છે કે આર્યશૂરની 'જાતકમાલા'નો ઘણો પ્રભાવ બુધસ્વામી ઉપર પડ્યો છે.

(ખ) સંઘદાસ ગણિ (ઇ.સ. ૫૦૦)એ પૈશાચી બૃહત્કથાનું પ્રાકૃતમાં રૂપાંતર કર્યું અને તેનું નામ **'વસુદેવહિંડી'** પાડ્યું. કેમ કે તેમણે બૃહત્કથાના મૂળ નાયક 'નરવાહનદત્ત'ને બદલે શ્રીકૃષ્ણના પિતા વસુદેવને નાયક બનાવીને રજૂ કર્યા છે; તથા તેમના ૨૯ લગ્નોની કથા '૨૯ લંભકો'માં રજૂ કરી છે. પૌત્ર પ્રદ્યુમ્ન પ્રશ્નો પૂછે છે અને દાદા વસુદેવ પોતાનાં વિવાહોની રોચક કથાઓ એક પછી એક કહે છે.

(ગ) 'બૃહત્કથા'નું ત્રીજું રૂપાંતર તે કાશ્મીરી પરંપરામાં જોવા મળે છે. ક્ષેમેન્દ્રે **'બૃહત્કથામંજરી'**ના નામે સંસ્કૃતમાં એની રચના કરી છે. તેમાં ૧૮ લંભકો છે અને ૭૫૦૦ શ્લોક છે. આ લંભકો અનુક્રમે–કથાપીઠ, કથામુખ, લાવાણક, નરવાહનનો જન્મ, ચતુર્દારિકા, સૂર્યપ્રભ, મદનમંચુકા, વેલા, શશાંકવતી, વિક્રમશીલ, મદિરાવતી, પદ્માવતી, પંચ, રત્નપ્રભા, અલંકારવતી, શક્તિયશા, મહાભિષેક અને સુરતમંજરી. કેન્દ્રમાં વાત એવી છે કે નરવાહનદત્ત કલિંગની રાજકુમારી 'મદનમંચુકા'ને પરણે છે. ત્યાર પછી, નાયક યુદ્ધવિજયો બાદ બીજા અનેક વિવાહો કરે છે. તેને લગતી આ બધી વાતો છે. વળી, આમાં પંચતન્ત્રની પણ કેટલીક વાર્તાઓ ઉમેરવામાં આવી છે. અહીં ક્ષેમેન્દ્રે ઉતાવળમાં કેટલીક કથાઓને એટલી બધી સંક્ષિપ્ત કરી દીધી છે કે તેની મજા મારી ગઈ છે.

(ઘ) કાશ્મીરી–પરંપરામાં જ, પણ ક્ષેમેન્દ્રની કૃતિથી અપરિચિત રહીને, સોમદેવે **'કથાસરિત્સાગર'**ની રચના કરી છે. (ઇ.સ. ૧૧૦૦) 'બૃહત્કથા'નું આ ચોથું રૂપાંતર સૌથી મોટું છે. આમાં ૧૮ લંભક, ૧૨૪ તરંગ અને ૨૧,૩૮૮ શ્લોકો આવેલા છે. આમાં નરવાહનદત્તની કથાની સાથે સાથે ૩૫૦ જેટલી બીજી અવાંતર કથાઓ નવી ઉમેરવામાં આવી છે. જેમાં 'પંચતન્ત્ર'ની પણ કેટલીક વાર્તાઓ સમાવિષ્ટ થઈ છે. આથી ઉપદેશની દૃષ્ટિએ જોઈએ તો આમાં લુચ્ચાઈ, ચતુરાઈ, વંચના, હિંસા, ચોરી, જુગાર, વેશ્યાગમન, પતિવ્રતાપણું, મૂર્ખામી, ભલમનસાઈ વગેરેથી ઉભરાતી અનેકવિધ કથાઓ છે. આમાં માનવસમાજનું વ્યાપક ચિત્રણ છે; તેથી ડૉ. રાધા વલ્લભ ત્રિપાઠીના મતે તેને ભારતીય સંસ્કૃતિનો 'વિશ્વકોશ' પણ કહી શકાય એમ છે.

(૨) પંચતન્ત્ર : પ્રાણીકથા = બોધકથાનો નિદર્શ : અગાઉ જોયેલી 'બૃહત્કથા'માં નરવાહનદત્ત નામનો મનુષ્ય નાયક હતો; અને પરાક્રમ થકી એણે કરેલા અનેક વિવાહોની કથા તેમાં ગૂંથાયેલી છે. આવી 'લોકકથા'થી તદ્દન જુદી એવી 'પંચતન્ત્ર'ની કથાઓ છે. આ 'પંચતન્ત્ર'માં પશુકથાઓ રજૂ થઈ છે. આ કથાઓ માણસને કોઈકને કોઈક ઉપદેશ આપતી હોઈને તેને 'નીતિકથા' રૂપે પણ ઓળખવામાં આવે છે.

મૂળ 'પંચતન્ત્ર'ની રચના ઇ.સ. પૂર્વે ૨૦૦ કે ૩૦૦ની જણાય છે; અને તેનો કર્તા અજ્ઞાત છે. હાલ જે પંચતન્ત્ર મળે છે, તેનો નિર્માણકાળ ૩૦૦–૪૦૦ ઇ.સ.નો હોય તેમ વિદ્વાનો માને છે.[૧] વર્તમાનમાં મળતા 'પંચતન્ત્ર'ની અંદર, પ્રસ્તાવનામાં જ, તેના કર્તાનું નામ વિષ્ણુશર્મા બતાવ્યું છે. દક્ષિણ ભારતના મહિલારૌપ્ય નામના નગરમાં અમરશક્તિ નામે એક રાજા રાજ્ય કરતો હતો, તેણે પોતાના રાજકુમાર પુત્રોને નીતિ શીખવવા માટે બ્રાહ્મણ વિષ્ણુશર્માને વિનંતી કરી. આથી તેમણે (૧) મિત્રભેદ, (૨) મિત્રપ્રાપ્તિ, (૩) સન્ધિવિગ્રહ, (૪) લબ્ધપ્રણાશ અને (૫) અપરીક્ષિતકારક નામના પાંચ તન્ત્રોવાળી એક નીતિકથાનો સંગ્રહ તૈયાર કર્યો. તેમાં પશુકથાના નિમિત્તે કહેવાયેલી કથા દ્વારા માણસને જીવન જીવવામાં ઉપયોગી થાય તેવો ઉપદેશ આડકતરી રીતે મળી રહે એવી અત્યંત રોચક શૈલી અજમાવાઈ છે. કથાઓમાં કહેવા પૂરતાં જ પશુ પાત્રો છે; બાકી એમના માધ્યમથી ખરેખર તો માનવનો ચિત્ર-વિચિત્ર સ્વભાવ જ યથાર્થ રીતે વર્ણવાયો છે. જેનાથી પેલા રાજકુમારો ચતુરાઈ કોને કહેવાય, મૂર્ખતા કોને કહેવાય, કપટ કોને કહેવાય, ઉદ્યમ કે આલસ્યનાં શું ફળ હોઈ શકે ? વગેરે વગેરે જીવનોપયોગી અસંખ્ય નીતિઓ શીખવા પામે છે. મિત્રભેદ અને કાકોલૂકીયમ્ જેવા ખંડમાં સત્તાની સાંઠમારી અને રાજનીતિના દાવપેચ જોવા મળે છે; તો 'મિત્રપ્રાપ્તિ' અને 'લબ્ધપ્રણાશ' જેવા તન્ત્રોમાં આદર્શપૂરક અને પ્રેરણાદાયી કથાઓ પણ વાંચવા મળે છે.

* * *

'પંચતન્ત્ર'ની વાર્તાગૂંથણી (ફ્રેમવર્ક) પણ કલાત્મક છે. જેમ કે, દરેક તન્ત્રમાં એક મુખ્ય વક્તા–શ્રોતા હોય છે અને તે ચોક્કસ નીતિને પુરસ્કારવા માટે એક વાર્તા માંડે છે. તેના અંતે એ જ નીતિનું સમર્થન કરવા બીજી એક વાર્તા કહેવામાં આવે છે. આ બીજી વાર્તાના વક્તા–શ્રોતા બદલાઈ શકે છે. વાર્તાકથન દરમ્યાન વચ્ચે કોઈ વર્ણનો આવતાં નથી, સળંગ ઘટના પ્રવાહ ચાલ્યા જ કરે છે. પરંતુ આવશ્યકતા અનુસાર વચ્ચે વચ્ચે નીતિબોધ કરાવવા કે તત્ત્વ મીમાંસા કરવા માટે, સાદા સરળ અનુષ્ટુપ્ છન્દમાં પદ્ય (શ્લોકો)ને પણ ગૂંથવામાં આવ્યા છે. તથા

---

૧. એગર્ટને પુનર્ઘટિત કરેલી = 'મૂળ પંચતન્ત્ર' તરીકે ઉદ્ધારેલી સમીક્ષિત આવૃત્તિમાં રોમન મૂળનો 'દીનાર' (Denarius) શબ્દ આવતો હોઈને શ્રી ભોગીલાલ સાંડેસરા કહે છે કે 'મૂળ પંચતન્ત્ર' ઇ.સ. પૂર્વે ૨જી સદીનું ભાગ્યે.જ હોઈ શકે. તેમના મતે 'મૂળ પંચતન્ત્ર' ૧૭૦ થી ૫૦૦ ઇ.સ.ની વચ્ચે હશે.

વાર્તા પૂરી થાય ત્યાં સમગ્ર કથાનો સાર અને નીતિબોધને શ્લોકબદ્ધ કરીને પણ મૂકવામાં આવે છે. આવા શ્લોકને 'સંગ્રહશ્લોક' કહે છે. એક વાર્તાની અંદર બીજી વાર્તા ગોઠવી દેવી અને તે બીજી વાર્તામાં વળી પાછી ત્રીજી—ચોથી વાર્તા પણ ગૂંથી લેવી—તેવું ફ્રેમવર્ક ઘણું આકર્ષક છે. એ. બી. કીથે આને 'ચાઈનીઝ—પેટી' (= પેટીની અંદર બીજી પેટી, તેમાં વળી ત્રીજી પેટી)ની ઉપમા આપી છે. એક જ શીર્ષક હેઠળ અનેક વાર્તાઓનો સંગ્રહ રજૂ કરવાની આ કળાએ પણ શ્રોતાઓને કૌતુકથી જકડી રાખવાનું કામ કર્યું છે; અને 'પંચતન્ત્ર'ની વિશ્વવ્યાપિની મોહિનીમાં ઉમેરો કર્યો છે. આ વાર્તા-સંકલનનો એક નમૂનો જોઈશું :—

[**વાયસ—દમ્પતી અને કૃષ્ણસર્પની કથા :** કાગડા કાગડીના માળામાંથી તેમના નવાં જન્મેલાં બચ્ચાંને એક કાળો સાપ દર વખતે ખાઈ જતો હતો. તેમણે શિયાળની સલાહ લીધી. તે મુજબ રાજા કે અમાત્યના ઘરનો સુવર્ણહાર ઉઠાવી લાવીને કાગડી વૃક્ષની જે બખોલમાં કાળો સાપ રહેતો હતો, તેમાં નાંખી દે છે. આથી હારની શોધમાં આવેલા રાજસૈનિકોએ સાપને મારી નાંખ્યો અને સુવર્ણહાર પાછો લઈ ગયા. આમ કાગડો-કાગડી સુખી થયાં. આ વાર્તાના સમાપનમાં દમનક કહે છે કે 'જેની બુદ્ધિ તેનું બળ'. આ નીતિને વધુ વિશદ કરવા બીજી એક વાર્તા કહેવામાં આવે છે. જેમ કે,

બુદ્ધિશાળી સસલાએ બળવાન સિંહનો નાશ કેવી રીતે કર્યો ? — તે સાંભળો. સિંહનો આહાર બનાવીને મોકલવામાં આવેલું સસલું રસ્તામાં આવેલા કૂવામાં ડોકિયું કરે છે; અને પાણીમાં પોતાનું પ્રતિબિંબ દેખાતાં, તેના મનમાં એક યુક્તિ ઝબકે છે. હવે તે સિંહની ગુફામાં મોડું મોડું જઈને કહે છે કે આપના પૂરતા આહાર માટે અમે પાંચ સસલાંઓ સાથે નીકળ્યા હતા, પણ રસ્તામાં બીજા એક મોટા સિંહે તેમાંના ચાર પકડી લીધાં છે અને મને તમારી પાસે મોકલેલ છે. તેના કહેવા મુજબ તે વનનો રાજા છે. તે સિંહ એક દુર્ગમાં રહે છે. તમે મારી સાથે ચાલો, અને તેનો પરાભવ કરો. અભિમાનનો માર્યો સિંહ સસલાએ જોયેલા બીજા સિંહને પરાસ્ત કરવા માટે કૂવા પાસે પહોંચે છે. સસલાની સૂચનાથી તે પાણીમાં જુવે છે, ત્યાં એને પોતાનું પ્રતિબિંબ દેખાય છે, પણ બુદ્ધિ વગરનો તે એને પોતાનો પ્રતિસ્પર્ધી સિંહ ગણી લે છે. તે એની સામે ગર્જના કરે છે, તો પડઘાથી એને સામે પ્રતિગર્જના સંભળાય છે. જેથી ક્રોધે ભરાયેલો તે સિંહ કૂવામાં કૂદી પડે છે અને નાશ પામે છે ! આમ એક નાનકડા સસલાએ પોતાની બુદ્ધિના બળથી બળવાન સિંહને પણ હણી કાઢ્યો.]

'પંચતન્ત્ર'માં પ્રાપ્ત થતી આ બધી પશુકથાઓને 'નીતિકથા' એવું નામ વ્યાપક અર્થમાં અપાયું જણાય છે. કેમ કે અહીં 'નીતિ' શબ્દથી કેવળ ''સદ્નીતિ''

જ એવો અર્થ લેવાતો નથી. ઉપર જે સિંહ–સસલાની કથા છે, તેમાં કપટનો આશ્રય લેવાયો છે તે ઉઘાડું છે. આથી પંચતન્ત્રની કથાઓ જીવન જીવવાની જે નીતિ પ્રબોધે છે તે દાવપેચથી ભરેલી છે; તેમાં સાચી નૈતિકતાનાં ધોરણો જળવાતાં નથી. 'મિત્રભેદ' નામના તન્ત્રમાં રજૂ થતી કૂટનીતિઓ કે કપટનીતિઓથી આચરવામાં આવતો 'ભેદ' રૂપ ઉપાય કોઈકને ગ્રાહ્ય ન પણ જણાય.

વિષ્ણુશર્માએ 'પંચતન્ત્ર'ના કથામુખમાં જ આ કથાઓના અધ્યયનનું ફળ નિર્દેશ્યું છે :–

अधीते य इदं नित्यं नीतिशास्त्रं शृणोति च ।
न पराभवम् आप्नोति शक्राद् अपि कदाचन ॥

"જે હંમેશા આ નીતિશાસ્ત્રને ભણે છે કે સાંભળે છે, તે ક્યારેય ઈન્દ્રથી પણ પરાભવ પામતો નથી." આમ દુનિયામાં પ્રવર્તતા લુચ્ચાઈ, કપટ, નિર્દયતા, ઈર્ષ્યા, વેર વગેરેની જોડે કેવી રીતે પનારો પાડવો; અને નુકસાનથી બચીને, ઈષ્ટ સિદ્ધિઓ હાંસલ કરવી તેનું સયુક્તિક અહીં નિરૂપણ છે એમ કહી શકાય.]

* * *

'પંચતન્ત્ર'ના જગતની જુદી જુદી ૫૦ ભાષાઓમાં ૨૦૦ જેટલા અનુવાદો થયા છે—એવી હર્ટેલે ગણતરી કરી છે. ઇ.સ. છઠ્ઠી સદીના પૂર્વાર્ધમાં જ, ઈરાનના સમ્રાટ ખુશરૂ નૌશીરવાંની આજ્ઞાથી એક વૈદ્ય બુર્ઝોએ 'પંચતન્ત્ર'નો પહેલવી ભાષામાં અનુવાદ કર્યો હતો. પછી એ પહેલવીનો અરબીમાં અનુવાદ થયો અને તેમાંથી યુરોપની વિવિધ ભાષામાં તેના ઘણા અનુવાદો થયા. જૂના જમાનામાં જ પશ્ચિમે આઈસલેન્ડથી શરૂ કરીને પૂર્વમાં જાવા, બાલી અને ફિલિપાઈન્સ સુધીના દેશોમાં 'પંચતન્ત્ર'નો અબાધિત પ્રચાર થયો છે. આ જોઈને કહેવું પડે એમ છે કે 'પંચતન્ત્ર' એ કોઈ 'બાઈબલ' જેવો ધર્મગ્રન્થ ન હતો, છતાંય લગભગ આખી દુનિયા ઉપર તે પ્રાચીનકાળથી ફેલાઈ ગયો છે. તેણે સાચા અર્થમાં 'દિગ્વિજય' કર્યો છે; અને "વિશ્વસાહિત્ય"નો તે અવિસ્મરણીય નમૂનો બન્યો છે.

(૩) હિતોપદેશ : લગભગ ૧૧ થી ૧૪મી સદીની વચ્ચે નારાયણ પંડિતે બંગાળમાં આની રચના કરી છે. હિતોપદેશમાં સંગૃહીત કથાઓ પણ પાટલિપુત્રના રાજા ધવલચંદ્રના પુત્રોને ચતુર અને વિદ્વાન બનાવવા માટે રચવામાં આવી હતી. હિતોપદેશમાં ચાર પ્રકરણ છે : (૧) મિત્રલાભ, (૨) મિત્રભેદ, (૩) વિગ્રહ અને (૪) સન્ધિ. આમાં મોટા ભાગની કથાઓ પંચતન્ત્રમાંથી જ લેવામાં આવી છે, છતાંય ૧૭ કથાઓ પૂરેપૂરી નવી પણ છે. તથા અન્ય સંગ્રહોમાંથી પણ થોડીક કથાઓ અહીં લેવામાં આવેલી છે. પંચતન્ત્ર કરતાં હિતોપદેશની ભાષા વધુ સરળ

અને મનોહર છે. અહીં પણ એક વાર્તામાં બીજી અવાન્તર વાર્તાઓ ગૂંથી છે, અને નીતિબોધ માટે 'સંગ્રહશ્લોકો' પણ રજૂ કર્યા છે.

(૪) વેતાલપંચવિંશતિકા : રંજનકથાનો નિર્દેશ : રાજા વિક્રમ અને વેતાલની વચ્ચે સંવાદ રૂપે રજૂ થયેલી ૨૫ વાર્તાઓનો આ અનોખો સંગ્રહ 'લોકકથાઓ' કે 'પશુકથાઓ'ના સ્વરૂપનો નથી; પણ કેવળ રંજન-કથાઓ રૂપે ઘડાયો છે. સમાજમાં બધે વખતે ષડયન્ત્રો, રાજનીતિના દાવપેચ જ ખેલવાના હોતાં નથી. જીવન તો ઘણું વ્યાપક છે અને તેમાં માણસને મનોરંજનની પણ જરૂર હોય છે. 'વેતાલપંચવિંશતિકા' એ પ્રકારની જરૂરિયાતને સંતોષનારી ૨૫ કથાઓનો સંગ્રહ છે.

આ ૨૫ વાર્તાઓની ભૂમિકામાં રહેલી મૂળ વાર્તા આ પ્રમાણે છે : રાજા વિક્રમાદિત્યને દર વર્ષે એક ભિક્ષુક એક ફળ પહોંચાડે છે, તે ફળમાં એક ગુપ્ત રત્ન પણ હોય છે. ભિક્ષુકે પોતાની સાધના માટે એકવાર કહ્યું કે શ્મશાનના વૃક્ષ ઉપર લટકતું એક શબ ઉતાવી લાવો. રાજા એ કામ કરી આપવા તૈયાર થાય છે. ભિક્ષુકે એક શરત એ પણ કરી હતી કે શબને ઉતારી લાવતી વખતે માર્ગમાં રાજાએ સંપૂર્ણ મૌન પાળવાનું છે. રાજા રોજ રાત્રે શ્મશાનમાં જઈને શબને ઉતારી તો લાવે છે, પણ તરત જ શબમાં બેઠેલો વેતાળ (એક પ્રકારનો પ્રેતાત્મા, દૈત્ય) રાજાને વાર્તા કહેવાની શરૂ કરે છે; અને છેલ્લે તેમાં એક જટિલ સમસ્યાભર્યો પ્રશ્ન પણ મૂકે છે, રાજા વિક્રમ દર વખતે તે સમસ્યાનું સમાધાન આપવા માટે બોલી ઊઠે છે; અને પરિણામે પેલું શબ ફરી પાછું શ્મશાનમાં જઈને લટકી જાય છે. આમ ૨૪ રાત્રિઓ વીતે છે અને ૨૪ સમસ્યાભરી વાર્તાઓ કહેવાય છે. છેવટે ૨૫મી રાત્રે ૨૫મી વાર્તા કહેવાય છે; અને તેની સમસ્યા તો એટલી ગંભીર હોય છે કે રાજા વિચારમગ્ન થઈ જાય છે, કાંઈ બોલી શકતો નથી. આથી વેતાલ એને રહસ્ય ખોલતાં કહે છે કે પેલો ભિક્ષુક આ શબ લઈ જઈશ એટલે તારો જ વધ કરી નાખવા માટે તૈયાર થયો છે; માટે તું જ એનો વધ કરી નાખ. આમ વિક્રમ છેવટે તે પાખંડી ભિક્ષુકને મારી નાખે છે. ૨૪ વાર્તાઓ એક શીર્ષક હેઠળ એકત્ર કરવા માટે આવું 'ફ્રેમવર્ક' ગોઠવાયું છે.

પરંતુ આપણને જિજ્ઞાસા થાય કે આમાં વાર્તાઓના અંતે કેવી સમસ્યાઓ રજૂ કરવામાં આવતી હશે ? — તો એક નમૂનો જોઈશું :— એક યુવતીના ત્રણ પ્રેમીઓ છે, ત્રણેય લગ્નોત્સુક છે. કન્યાના પિતા મુંઝાય છે. એટલામાં સર્પદંશથી યુવતીનું મૃત્યુ થાય છે. આથી એક પ્રેમી તે યુવતી સાથે જ ચિતામાં બળી મરે

છે, બીજો યુવક ત્યાં સ્મશાનમાં જ ઝૂંપડી બાંધી રહેવા માંડે છે, ત્રીજો યુવક સંન્યાસ લઈને ગામ છોડીને જતો રહે છે, કેટલોક સમય વીત્યા પછી, તે યુવક સંન્યાસી સંજીવની–મંત્ર હસ્તગત કરી શ્મશાનમાં આવે છે, અને પેલી યુવતીને ચિતાની ભસ્મમાંથી સજીવન કરે છે. પણ ત્યાં પેલો સાથે બળી મરનાર યુવક પણ નવું જીવન ધારણ કરી બેઠો થાય છે ! હવે ફરી એની એ જ સમસ્યા ઊભી થઈ; એક યુવતીને માટે ત્રણ યુવક પ્રેમીઓ હાજર છે. વેતાલ પૂછે છે કે – હે રાજા વિક્રમ ! તું કહે હવે આ યુવતી ઉપર કોનો હક્ક ગણાય ? કોણ એનો પતિ થવો જોઈએ ? રાજા કહે છે : "જે યુવક શ્મશાનમાં જ ઝૂંપડી બાંધીને રહેતો હતો, તે એનો પતિ થવો જોઈએ. કેમ કે એ યુવતીને ફરી જન્મ આપનારો તો એનો પિતા થયો અને સાથે બળી મરનારો તો એનો ભાઈ કહેવાય." – આમ પ્રત્યેક વાર્તામાં ગંભીર સમસ્યાઓને આકારિત કરીને છેવટે તેનું મનોરંજક રીતે સમાધાન આપવામાં આવે છે.

આવી જ રીતે સિંહાસન દ્વાત્રિંશિકા અને શુકસપ્તતિમાં અનુક્રમે ૩૨ અને ૭૦ કથાઓ એકત્ર કરી છે; જે પણ 'રંજકકથા'ઓના સ્વરૂપની જ છે.

* * *

આપણે ઉપર જે ચાર નમૂનાની કથાઓનો પરિચય કેળવ્યો છે, તે બધી જ ધર્મનિરપેક્ષ એવી કથાઓ છે, જ્યારે જે 'અવદાન-કથા' કે 'જાતકકથા' નામની પહેલા પ્રકારની કથાઓ છે, તે બૌદ્ધધર્મ સાથે સંકળાયેલી કથાઓ છે. તેના આધારે રચાયેલી આર્યશૂરની **'જાતકમાલા'**માં પણ પૂરેપૂરી ધર્મનિરપેક્ષ કથાઓ નથી; છતાંય તેમાં આવતાં પશુ-પક્ષીઓનાં પાત્રો અને વાર્તાના અંતે તારવવામાં આવતું ઉપદેશ તત્ત્વ પંચતન્ત્ર કે હિતોપદેશની કથાઓને ઘણું મળતું આવે છે. આ વાર્તા-સંગ્રહ સંકલન (ગૂંથણી)ની દષ્ટિએ જોઈએ તો એક વાર્તાની અંતર્ગત બીજી વાર્તા, બીજી વાર્તામાં ત્રીજી વાર્તાની ગૂંથણી કરતો હોય તેવો નથી; પણ પ્રત્યેક કથા સ્વતન્ત્ર–એકમ રૂપ જ છે. વાર્તાના નિષ્કર્ષમાં કેવળ જીવન–વ્યવહારોપયોગી લૌકિક નીતિબોધ જ નથી હોતો, પણ તેમાં તો 'સદ્ધર્મ'ના ભાગ રૂપ દાન, દયા, કરુણા, અનુક્રોશ, અવૈર, સર્વથા પરોપકાર ઇત્યાદિનો જ ધાર્મિક બોધ ઉપદેશે છે. ભગવાન બુદ્ધે જીવનને કેવળ દુઃખમય જોયું; તેથી તેમણે પોતાનાં પૂર્વાવતારોમાં 'બોધિસત્ત્વ' બનીને જીવમાત્રને ભૂખ, રોગ, તૃષ્ણા; વૈર, હિંસા આદિથી જન્મતાં દુઃખોમાંથી કેવી રીતે બહાર કાઢ્યા એની કથાઓ પોતાના જીવનકાળ દરમ્યાન કહી હતી, તે આમાં આલેખાઈ છે.

(૪) ત્રિપિટકોમાં 'જાતકકથા'નું સ્થાન અને સ્વરૂપ

જાતકકથાનું સ્વરૂપ સમજતાં પહેલાં સમગ્ર બૌદ્ધસાહિત્યમાં 'જાતકકથા'ઓનું ક્યાં સ્થાન છે એ જાણી લઈશું :–

વેદ સાહિત્યના અંતિમ ચરણમાં ઉપનિષદોની રચના જ્યાં પૂરી થઈ તે ગાળામાં મહાકાંરુણિક ભગવાન બુદ્ધનો (ઇ.સ. પૂર્વે ૬૦૦માં) જન્મ થયો. તેમણે સંસાર–સમગ્રને જરા, રોગ અને મૃત્યુના અ–નિવાર્ય દુઃખમાં સપડાયેલો જોયો. તેથી તેમણે ગૃહત્યાગ કરીને દુઃખનું કારણ શોધવા અને તેમાંથી કાયમી છુટકારો મેળવવાનો ઉપાય શોધવા મહાભિનિષ્ક્રમણ કર્યું. જીવને (= વિજ્ઞાનની ધારાને, પંચસ્કંધ રૂપ જીવને) શરીરના બંધનમાં નાખનાર કયું તત્ત્વ છે ? એનું ઊંડું ચિંતન કરીને તેમણે 'તૃષ્ણા'ને ઓળખી કાઢી. આ તૃષ્ણા જ ખરી 'ગૃહકારક' છે; એટલે કે જીવ-માત્રને શરીર રૂપી ઘરમાં પૂરનાર છે. માટે તૃષ્ણાનો પૂરેપૂરો છેદ કરવો એ જ દુઃખમાંથી છુટવાનો ઉપાય છે એ શોધી કાઢીને તેમણે સંઘની સ્થાપના કરીને પોતાને મળેલા જ્ઞાનનો ગામો અને નગરોમાં ઉપદેશ કર્યો. માણસો પોતાની જાતજાતની અનંત તૃષ્ણાઓ પૂરી કરવા માટે, એકબીજા પ્રત્યે રાગદ્વેષથી પ્રેરાઈને દુષ્કૃત્યો કરતાં પણ અચકાતાં નથી. ઈર્ષ્યા, વૈર આદિથી પ્રેરાઈને હિંસા પણ આચરે છે. આ બધાની સામે બુદ્ધે અહિંસા, પ્રેમ, મુદિતા, ઉપેક્ષા, દાન, દયા, કરુણા વગેરેના ગુણો વિકસાવવા અનેક દૃષ્ટાન્ત કથાઓનો આશ્રય લઈને ઉપદેશ આપ્યો. આમાંથી 'જાતકકથા'ઓનો ઉદ્‌ભવ થયો છે !

* * *

ભગવાન બુદ્ધના ઉપદેશોનો જેમાં સંગ્રહ કરવામાં આવ્યો છે, તેને "ત્રિપિટક" કહેવામાં આવે છે. ત્રણ પિટકો નીચે મુજબ છે :–

(૧) સુત્તપિટક (= સૂત્રપિટક), જે ઉપદેશાત્મક છે.

(૨) વિનયપિટક, જેમાં બૌદ્ધ ભિક્ષુઓ માટેના નિયમો = અનુશાસનોનો સંગ્રહ છે.

(૩) અભિધમ્મપિટક (= અભિધર્મપિટક), જેમાં મનોવૈજ્ઞાનિક અને દાર્શનિક વિચારો છે.

આ ત્રણેય પિટકોમાં બીજા અનેક વિભાગો છે, જેમાંનો એક ભાગ તે 'જાતકકથા' રૂપ છે. જેમ કે, (क) **સુત્તપિટક** પાંચ નિકાયોમાં વિભક્ત છે : (૧) દીઘ્ઘનિકાય, (૨) મજ્ઝિમ–નિકાય, (૩) સંયુત્ત–નિકાય, (૪) અંગુત્તર–નિકાય અને (૫) ખુદ્દક–નિકાય. આમાંના છેલ્લા ખુદ્દક–નિકાયની અંદર બીજા ૧૫ ગ્રન્થો છે :–

(૧) ખુદ્દકપાઠ	(૯) થેરી ગાથા
(૨) ધમ્મપદ	**(૧૦) જાતક**
(૩) ઉદાન	(૧૧) નિદ્દેસ
(૪) ઈતિવુત્તક	(૧૨) પટિસમ્ભિદામગ્ગ
(૫) સુત્તનિપાત	(૧૩) અપદાન
(૬) વિમાનવત્થુ	(૧૪) બુદ્ધવંસ
(૭) પેતવત્થુ	(૧૫) ચરિયાપિટક
(૮) થેરગાથા	

આ જ રીતે, **(ख) વિનયપિટક**માં પાંચ ભાગ છે : (૧) મહાવગ્ગ, (૨) ચુલ્લવગ્ગ, (૩) પારાજિકા, (૪) પાચિત્તયાદિ અને (૫) પરિવાર પાઠ.

તથા **(ग) અભિધમ્મ–પિટક**માં સાત ગ્રન્થો છે : (૧) ધમ્મસંગણિ, (૨) વિભંગ, (૩) ધાતુકથા, (૪) પુગ્ગલ પઞ્ઞતિ, (૫) કથાવત્થુ, (૬) યમક અને (૭) પટ્ઠાન.[1]

આમ ત્રિપિટક ગ્રન્થોનો વિગતે પરિચય કરતાં એટલું સ્પષ્ટ થાય છે કે મૂળ જાતકકથાઓનો (= જાતક ગાથાઓનો) સમાવેશ સૂત્તપિટકના પાંચમા 'ખુદ્દક–નિકાય'માં થયેલો છે.

* * *

---

૧. બુદ્ધનાં સઘળાં ઉપદેશવચનોનો સંગ્રહ કેવી રીતે, ક્યારે થયો એનો પણ એક ઈતિહાસ છે. જેમ કે, બુદ્ધના પરિનિર્વાણ (દેહાવસાન) પછી ચાર મહિના પછી રાજગૃહમાં મહાકશ્યપની અધ્યક્ષતામાં બધા ભિક્ષુઓની પહેલી સંગીતિ મળી. પછી સો વર્ષે વૈશાલીમાં યશઃ મહાસ્થવિરની અધ્યક્ષતામાં બીજી સંગીતિ મળી. પછી બીજા સો વર્ષે મહાન સમ્રાટ્ અશોક (૨૭૪–૨૩૬ ઇ.સ. પૂર્વે)ના સમયમાં પાટલિપુત્રમાં અશોકના ધર્મગુરુ મહાસ્થવિર મોગ્ગલિપુત્ત તિસ્સની અધ્યક્ષતામાં ત્રીજી સંગીતિ મળી, અને તેમાં બુદ્ધવચનોમાં પ્રવેશેલી અશુદ્ધિ દૂર કરવામાં આવી તથા પાખંડી બૌદ્ધ ભિક્ષુઓનાં ભગવાં ઉતારી લઈને, તેમને શ્વેતવસ્ત્રો પહેરાવી દેવાયાં ! અશોકે પોતાના પુત્ર મહેન્દ્ર (= મિહિન્દ) અને દીકરી સંઘમિત્રાને લંકામાં ધર્મોપદેશ માટે મોકલ્યાં. ત્યાં વટ્ટગામિનિ અભયની અધ્યક્ષતામાં બૌદ્ધ સાધુઓની એક ચોથી સંગીતિ બોલાવી; અને બધાં ત્રિપિટકોની મૌખિક પરંપરાને બરાબર તપાસીને, પછી પહેલવહેલાં લિપિબદ્ધ કરીને 'ગ્રન્થસ્થ' કર્યાં.

સૂત્તપિટકમાં સંગૃહીત મૂળ જાતકકથાઓ પાલિભાષામાં રચાયેલી છે. (કેમ કે બુદ્ધના ઉપદેશની ભાષા જ મગધદેશમાં તે સમયે ચાલતી 'માગધી–ભાષા' હતી. આ માગધીને જ પાલિભાષા કહે છે.) તથા તે કેવળ 'ગાથા' (= શ્લોક) સ્વરૂપ જ છે. પરંતુ આ ગાથાઓ જો એકલી જ વાંચીએ તો કશી જ સમજણ પડે તેવી નથી; આ ગાથાઓને કોઈક કથાના પૂર્વાપર સંદર્ભમાં મૂકવામાં આવે છે, ત્યારે જ એના મર્મનું ઉદ્‌ઘાટન થાય છે. આ ગાથાઓ ભગવાન બુદ્ધે પોતે ઉચ્ચારેલી છે, આથી તેની પ્રામાણિકતામાં કશી શંકા નથી. સુત્તપિટકમાં જેમ જાતક ગાથાઓ આવેલી છે, તેવી જ રીતે 'ધમ્મપદ' ગાથાઓ પણ આવેલી છે. આ 'ધમ્મપદ'ની ગાથાઓને, સુભાષિત શ્લોકોની જેમ પૂર્વાપર સંદર્ભ વિના પણ સમજી શકાય છે. પરંતુ જાતક ગાથાઓ કોઈપણ પ્રકારના પૂર્વાપર સંદર્ભ વિના સમજી શકાતી નથી; એટલે સિંહલ દેશમાં (આજના શ્રીલંકામાં) તે દરેક જાતક–ગાથાની ઉપર ''જાતકટ્ઠકથા'' (= જાતક–અર્થકથા)ની રચના કરવામાં આવી હતી. કાલક્રમે આચાર્ય બુદ્ધઘોષે 'અભિધમ્મપિટક' ઉપર ટીકા લખ્યા પછી (ઇ.સ.ની પાંચમી સદીમાં) ભારતમાંથી સિંહલ દેશ જવાનું વિચાર્યું. તેમણે ત્યાં જઈને સિંહલ ભાષામાં લખાયેલી આ જાતકટ્ઠકથાઓનો પાલિભાષામાં અનુવાદ કર્યો.[1]

આ પાલિ 'જાતકટ્ઠકથા'ને જ ટૂંકમાં ''જાતકકથા''ઓ કહેવામાં આવે છે. મૂળમાં જે માત્ર ગાથાસ્વરૂપ હતી તેને અર્થસહિત કોઈક કથા સાથે જોડવામાં આવી એટલે કે કોઈક ઘટના કે વાર્તાના પૂર્વાપર સંદર્ભમાં મૂકવામાં આવી ત્યારે તે પૂરેપૂરી હૃદયંગમ બની; અને વિશ્વસમગ્રમાં ''જાતકકથા'' રૂપે પ્રસિદ્ધ બની.

* * *

બુદ્ધઘોષ દ્વારા પાલિમાં રૂપાંતરિત થયેલી આ 'જાતકકથા'ઓનું સ્વરૂપ કેવું છે ? તે પણ જાણવા યોગ્ય છે :–

'જાતકકથા' શબ્દનો અર્થ થાય છે : **અતીત જન્મની કથા** √ जन् 'જન્મવું' અર્થવાળા ધાતુને કર્મણિ ભૂતકૃદન્તનો /–त/ પ્રત્યય લાગીને 'जात' શબ્દ બને છે; તે પછી તેને 'સ્વાર્થ'માં બીજો એક 'क' પ્રત્યય લાગવાથી जातक શબ્દ બને છે. એનો અર્થ થશે–જે જન્મેલું હતું તે. (જન્મેલી કોઈ પણ વ્યક્તિ).

આ બધી જ જાતકકથાઓ ભગવાન બુદ્ધના પૂર્વ જીવનો–પૂર્વ અવતારો–સાથે સંકળાયેલી છે.

આ કેવી રીતે નક્કી થયું ? તે જાણવા જેવું છે :–

---

૧. આ અનુવાદની આખી ઐતિહાસિક ઘટનાનો ઉલ્લેખ બૌદ્ધોના 'મહાવંશ' (પરિચ્છેદ ૩૮, ગાથા સંખ્યા ૨૧૫–૨૪૬) ગ્રન્થમાં વાંચવા મળે છે.

ભગવાન બુદ્ધે પોતે ૮૦ વર્ષનું આયુષ્ય ભોગવ્યું હતું; અને એમનું જીવનચરિત કહે છે કે તેમણે પોતાના જીવનના ૩૬મા વર્ષે બુદ્ધત્વની પ્રાપ્તિ કરી હતી.[1] અહીં કોઈને પણ પ્રશ્ન થાય કે વિકાસવાદના નિયમ મુજબ કોઈ એક ચોક્કસ પ્રકારના પુષ્પવિશેષને વિકસવા માટે પણ જો લાખો વર્ષ પસાર થતા હોય છે, તો કોઈ એક માણસને શું એક જ જન્મના પુરુષાર્થથી પૂર્ણજ્ઞાનની—બુદ્ધત્વની—પ્રાપ્તિ થઈ જાય ખરી ? ભગવદ્ગીતામાં શ્રીકૃષ્ણે પણ કહ્યું છે કે बहूनां जन्मनाम् अन्ते ज्ञानवान् मां प्रपद्यते । (૭ : ૧૯) એવી જ રીતે, શ્રીકૃષ્ણે ગીતામાં शुचीनां श्रीमतां गेहे योगभ्रष्टोऽभिजायते । (૬ : ૪૧) વગેરે વાક્યોથી, સિદ્ધ પુરુષના પૂર્વભવોને સ્વીકાર્યા છે. એટલે કે દરેક જીવે પોતાની આધ્યાત્મિક ઉન્નતિ કરવા માટે અનેક જન્મો સુધી સભાન પ્રયત્ન કરવો પડે છે. તેવી જ રીતે, બૌદ્ધ પરંપરામાં પણ એવું સ્વીકારાયું છે કે સિદ્ધાર્થ ગૌતમ કંઈ એક જ જન્મની તપશ્ચર્યાના ફળ રૂપે બુદ્ધત્વને નહોતા પામ્યા. સર્વજ્ઞ બુદ્ધ રૂપે પરિણત થતાં પહેલાં, તેમણે પણ પોતાનાં અનેક પૂર્વ જન્મોમાં દયા, દાન, મૈત્રી, કરુણા વગેરે સદ્ધર્મના પાયા રૂપ ગુણો પોતાનામાં વિકસાવવા માટે અથાક પરિશ્રમ કર્યો છે. બુદ્ધના આ પૂર્વ અવતારોની એક એક કથાને જ जातकक्था કહેવામાં આવે છે !

બુદ્ધ પોતાના પૂર્વ અવતારોમાં ક્યારેક તપસ્વી, રાજા, વૃક્ષદેવતા, બ્રાહ્મણ અને દેવરાજ ઇન્દ્ર પણ બન્યા છે; તો તેઓ ક્યારેક સિંહ, હાથી, ઘોડા, ગીધ, સસલું, મહાકપિ, તેતર પક્ષીનું બચ્ચું કે શતપત્ર નામનું પક્ષી વગેરે પણ બન્યા છે. આમ અનેક યોનિમાં તેઓ જન્મ્યા હોવા છતાંય પોતાની આધ્યાત્મિક ઉન્નતિ થતી રહે તે વિશે તેઓ સદાય જાગૃત અને પ્રયત્નશીલ રહ્યા છે; અને તે તે જન્મોમાં અહિંસા, સત્ય, દાન, દયા, મૈત્રી, કરુણા વગેરે ગુણોથી પ્રેરાઈને પોતાની

---

૧. નેપાળના કપિલવસ્તુ નામના નગરમાં રાજા શુદ્ધોદન અને માતા માયાદેવીને ત્યાં સિદ્ધાર્થ ગૌતમનો જન્મ ઇ.સ. પૂર્વે ૬૦૦માં જન્મ થયો હતો. તેમણે ૨૯ વર્ષે વૈશાખી પૂનમે ગૃહત્યાગ કરીને સાત વર્ષની ઉગ્ર તપશ્ચર્યા પછી, છેવટે મધ્યમ માર્ગે ચાલીને, છત્રીસમા વર્ષે બિહારના બોધગયામાં પીપળાના (બોધિ)વૃક્ષ નીચે 'બુદ્ધત્વ'ની પ્રાપ્તિ કરી હતી. પછી સૌથી પહેલો ધર્મોપદેશ વારાણસી પાસેના સારનાથમાં કર્યો. આને ધર્મચક્રપ્રવર્તન કહે છે. ત્યાર પછી પૂરા ૪૫ વર્ષ સુધી તેમણે ઠેર ઠેર ફરીને બુદ્ધત્વ પ્રાપ્તિનો માર્ગ ઉપદેશ્યો હતો અને અનેક ભિક્ષુસંઘની સ્થાપના કરી હતી. કુલ ૮૦ વર્ષનો આયુષ્યકાળ વીતાવીને તેઓ ગોરખપુર જિલ્લાના કુસિનારા ગામમાં મહાપરિનિર્વાણ પામ્યા હતા. (બુદ્ધના કાળથી ભારતના ઇતિહાસની શરૂઆત થાય છે.)

આસપાસના સૌ કોઈ જીવોને એકધારી મદદ કરીને, તેમનાં દુઃખો દૂર કરીને તેમને સુખી કરવા તેમણે પ્રયત્નો કર્યાં છે. આ બધાં જ જન્મોમાં; પછી ભલે તેઓ વાનર રૂપે જન્મ્યા હોય કે પક્ષી રૂપે જન્મ્યા હોય, પણ તેમને **"બોધિસત્ત્વ"** કહેવામાં આવે છે. 'બોધિસત્ત્વ' શબ્દનો અર્થ થાય છે :— બુદ્ધત્વને માટે પ્રયત્નશીલ પ્રાણી. આમ બધી જ જાતક-કથાઓનો મુખ્ય નાયક "બોધિસત્ત્વ" જ હોય છે.

* * *

પાલિ—જાતકકથાનું બાહ્ય માળખું :

જાતકકથાઓ અર્થાત્ પાલિ—જાતકકથાઓના સંગ્રહની પૂર્વે, ઉપોદ્ઘાત રૂપે ત્રણ "નિદાન" મૂકવામાં આવ્યા છે; અને એ ત્રણેય 'નિદાન' પછી ૫૪૭ જેટલી જાતકકથાઓ વારાફરતી મૂકવામાં આવી છે.[૧] (પહેલાં ત્રણ નિદાનો—નો પરિચય મેળવી લઈએ તો (૧) દૂરે નિદાનમાં બુદ્ધની પૂર્વે જે બીજા ૨૪ બુદ્ધો થઈ ગયા હતા, તે દીપંકર, સુમેધ વગેરે બુદ્ધોની કથા છે. આ બધા પૂર્વબુદ્ધોની સાથે બોધિસત્ત્વની મુલાકાત થઈ હતી, અને તેમણે ભવિષ્યવાણી ઉચ્ચારી હતી કે આ બોધિસત્ત્વ અમુક જન્મો પછી પૂર્ણ બુદ્ધત્વને પામશે. ત્યાર પછી, (૨) અવિદૂરે—નિદાનમાં સિદ્ધાર્થ ગૌતમના જીવનચરિત, ગૃહત્યાગ, તપશ્ચર્યા અને બોધિગયામાં બુદ્ધત્વની પ્રાપ્તિ સુધીનું વર્ણન છે. છેલ્લે, (૩) સન્તિકે નિદાનમાં બુદ્ધનો ધર્મોપદેશ, ધર્મપ્રચાર, સંઘસ્થાપના, બિમ્બિસાર, પિતા શુદ્ધોદન અને પોતાના પુત્રને દાયભાગ આપવો વગેરેની કથા છે. આ ત્રણેય નિદાન પછી, જે ૫૪૭ જાતકકથાઓ મૂકવામાં આવી છે; તે પ્રત્યેક જાતકકથા કુલ ચાર અંશમાં[૨] રજૂ થાય છે :—

(૧) **પચ્ચુપન્ન વત્થુ** = વર્તમાન કથા.
(૨) **અતીત વત્થુ** = અતીત કથા.
(૩) **ગાથા અને અત્થવણ્ણના** = ગાથા અને તેના અર્થનું વર્ણન (= વ્યાખ્યા).

---

૧. આ પાલિજાતકકથાઓનો હિન્દી અનુવાદ ભદન્ત આનન્દ કૌસલ્યાયને તૈયાર કર્યો છે; જેને આપણા ગુજરાતના ધર્માનંદ કૌસમ્બીએ સંપૂર્ણ સાંભળીને, તપાસીને પ્રામાણિક બનાવ્યો છે. આનું પ્રકાશન "હિન્દી સાહિત્ય સંમેલન", પ્રયાગ (અલ્હાબાદ)થી છ ભાગોમાં થયું છે. જેનું ત્રીજું સંસ્કરણ ૧૯૯૪માં બહાર પડ્યું છે.

૨. કેટલાકના મતે 'ગાથા'ની પાછળ 'વેય્યાકરણ' (= વ્યાકરણ) નામનો એક વધારાનો જુદો અંશ પણ હોય છે; જેમાં 'ગાથા'નો શબ્દશઃ અર્થ અને વ્યાખ્યા આપેલી હોય છે.

(૪) સમાધાન = અતીત કથામાં આવતાં પાત્રો, તે બુદ્ધના વર્તમાનકાળના કયાં કયાં પાત્રો છે તેની ઓળખવિધિ; તથા જે તે કથા સાંભળ્યા પછી શ્રોતાએ શો ઉપદેશ તારવવાનો છે ? એનો નિર્દેશ હોય છે.

આ ચાર અંશ ભેગા મળીને એક જાતકકથા બને છે. આવી (પાલિ) જાતક–કથાનો એક સુંદર મનોહર નમૂનો જોઈશું :–

૩૧૬મા ક્રમાંકે આવેલી **'શશ–પંડિત' જાતક કથા :**

(૧) વર્તમાન–કથા

એકવાર જેતવનમાં વિહાર કરતી વખતે ભગવાન બુદ્ધે પોતે આ વાત કહી હતી : શ્રાવસ્તી નગરીમાં એક ગૃહસ્થે બુદ્ધને તેમના સંઘ સાથે ભોજનનું નિમંત્રણ આપ્યું. તેણે પાંચસો ભિક્ષુઓના સંઘને સાત દિવસ સુધી ઉત્કૃષ્ટ ભોજન કરાવ્યું; અને પછી ભિક્ષુઓના ઉપયોગમાં આવે તેવી સઘળી વસ્તુઓનું પણ દાન કર્યું. ત્યારે બુદ્ધે તે દાનની અનુમોદના કરતાં કહ્યું :– ''હે ગૃહસ્થ ! તારે પ્રસન્ન થવું જોઈએ. કેમ કે તેં દાન આપવાની પંડિતોની બહુ જૂની પરંપરાનું અનુસરણ કર્યું છે. પુરાતનકાળના પંડિતોએ પણ યાચકોના આવતાં પોતાનું પણ બલિદાન આપી દીધું છે.'' આ સાંભળી પેલા ગૃહસ્થે તે પુરાતનકાળના પંડિતની વાત સાંભળવાની ઈચ્છા કરી. ત્યારે સ્વયં બુદ્ધે નીચે મુજબની શશ–પંડિત જાતકની કથા કહી સંભળાવી.

(૨) અતીતકથા

એકવાર વારાણસીમાં બ્રહ્મદત્ત નામનો રાજા રાજ્ય કરતો હતો, ત્યારે બોધિસત્ત્વે સસલાની યોનિમાં જન્મ લીધો. તેમની સાથે તેમના બીજા ત્રણ પંડિત મિત્રો પણ રહેતા હતા : વાંદરો, ગીધ અને જળબિલાડી. સસલા બનેલા બોધિસત્ત્વે એ ત્રણેયને બોલાવીને કહ્યું કે આજે આપણને ભોજનમાં જે મળે તેમાંથી પહેલાં થોડું દાન કરીને પછી જમવું – એવું વ્રત રાખવાનું છે. સૌએ તેમાં સંમતિ દર્શાવી.

તે દિવસે જળબિલાડીએ નદીની રેતીમાં માછીમારે દાટેલી માછલીઓને ભોજન તરીકે મેળવી હતી. ગીધને ખેતરની ઝૂંપડીમાંથી શીંકા ઉપર લટકાવેલી હાંડીમાંથી માંસનો રસો અને દહીંનો વાટકો પ્રાપ્ત થયા હતા. તથા વાનરને આંબા ઉપરથી સાત કેરીઓ મળી હતી. પણ સસલાએ તો ભોજન શોધવા કોઈ પ્રયાસ જ નહોતો કર્યો. કેમ કે પોતે જે ઘાસના તણખલા ખાઈને જીવનનિર્વાહ કરે છે, તે ઘાસ તો કોઈને ભોજનમાં આપી શકાય એમ હતું નહીં. તેથી તેણે વિચારી રાખ્યું કે જો કોઈ યાચક આવી ચઢશે તો હું મારા શરીરના જ માંસનું દાન કરી દઈશ. આ સંકલ્પ સાંભળીને દેવલોકના ઈન્દ્ર ગભરાયા. તેમણે શશ પંડિતની

(સસલાની) પરીક્ષા લેવા વિચાર કર્યો. તેમણે બ્રાહ્મણનું રૂપ લીધું. તે પહેલાં જળબિલાડી, ગીધ અને વાનરને ઘરે વારાફરતી ગયા. સૌએ શશપંડિતની વાત સ્વીકારી હતી કે યાચકને આપીને પછી જ ભોજન કરવાનું છે. તેથી તેમણે પોતે એકઠી કરેલી વસ્તુઓનું વર્ણન કર્યું; આપવાની તૈયારી બતાવી, પણ ઇન્દ્રે કહ્યું : ''થોડીવાર પછી ભૂખ લાગશે ત્યારે વાત.'' તે છેલ્લે સસલાને ઘરે પહોંચ્યો. શશપંડિતે ઇન્દ્રને કહ્યું :–

(૩) ગાથા (= મૂળ જાતક)

न ससस्स तिला अत्थि न मुग्गा न पि तण्डुला।
इमिना अग्गिना पक्कं ममं भुत्वा वने वस ॥

(અત્થવણ્ણના = અર્થવર્ણન) ''સસલા પાસે તમને આપવા તલ નથી કે મગ પણ નથી, અરે ! ડાંગર પણ નથી. આ અગ્નિમાં રંધાઈ ગયેલા મારા શરીરનો જ આહાર કરીને, હે બ્રાહ્મણ ! તમે વનમાં રહો.'' વળી, કહ્યું કે – હે બ્રાહ્મણ ! (ઇન્દ્ર બ્રાહ્મણના વેશમાં આવ્યો હતો) તમે બ્રાહ્મણ હોવાથી મારી હિંસા કરશો નહીં. પણ તમે સૂકાં લાકડાં અને પાંદડાં વીણી લાવો ને સળગાવો. હું જાતે તેમાં કૂદી પડીશ અને પછી મારું શરીર બરોબર શેકાઈ જાય ત્યારે, તમે તેનો સુખેથી આહાર કરજો. ઇન્દ્રે ત્યાં અગ્નિ પ્રકટ કર્યો. પછી શશપંડિતે પહેલાં પોતાનું શરીર જમીન ઉપર પછાડીને ખંખેર્યું કે જેથી શરીરના વાળમાં કોઈ જીવજંતુ ભરાઈ રહ્યું હોય તો તે વગર વાંકે અગ્નિમાં બળી ના જાય ! આમ શરીર ખંખેરીને પછી, જેમ કમળોના ઢગલા ઉપર રાજહંસ બેસે તેમ તે સસલું આગમાં કૂદી પડે છે ! હવે અહીં એક આશ્ચર્ય સર્જાયું. આ અગ્નિ તો શીતળ નીકળ્યો અને તેથી તે સસલાને દાહક લાગતો નથી. તે પૂછે છે કે અલ્યા બ્રાહ્મણ ! આ શું ? આ અગ્નિ મને કેમ બાળતો નથી ? ત્યારે પ્રસન્ન થયેલા બ્રાહ્મણે કહ્યું કે ખરેખર તો હું ઇન્દ્ર છું; પણ તારી દાનવીરતાની પરીક્ષા લેવા આવ્યો હતો. હવે સસલા બનેલા બોધિસત્ત્વે સિંહનાદ કરીને કહ્યું :– હે ઇન્દ્ર ! તું તો શું, પણ જો આખો સંસાર પણ મારા દાનની પરીક્ષા લેવા આવે તો પણ મારામાં નહીં આપવાની ઇચ્છાને જોઈ શકશે નહીં.

પ્રસન્ન થયેલા ઇન્દ્રે તરત જ, બાજુમાં ઊભેલા પર્વતને નીચોવીને, તેનો શ્યામ રસ કાઢીને આકાશમાં ઊભેલા શ્વેત ચંદ્રમંડળમાં આ સસલાના આકારને અંકિત–ચિહ્નિત–કરી દીધો ! ત્યાર માંડીને આ ચન્દ્રમા ''શશાંક'' બન્યા છે !! [અર્થાત્ ઇન્દ્રે બોધિસત્ત્વની દાન પારમિતાને (દાનની પરાકાષ્ઠાને) યુગોયુગો સુધી ચિરસ્મરણીય બનાવવા માટે ચંદ્રમંડળમાં આ શશ (સસલા)નું ચિહ્ન અંકિત કરી આપ્યું છે.] ત્યાર પછી ઇન્દ્ર દેવલોકમાં જતા રહ્યા.

(૪) સમાધાન

છેવટે ભગવાન બુદ્ધે આ શશપંડિત જાતકનો મેળ બેસાડતાં કહ્યું કે – આ વર્તમાન શિષ્યોમાંથી અત્યારનો આનંદ તે પેલી જળબિલાડી છે. મૌદ્‌ગલ્લાયન નામનો આ બીજો શિષ્ય તે ગીધ બન્યો હતો; પેલો વાનર તે અત્યારનો સારિપુત્ર છે; શુક્ર (ઇન્દ્ર) તે અનુરુદ્ધ છે; અને બોધિસત્ત્વ શશપંડિત તો હું જ હતો !

આમ કોઈપણ પાલિજાતક કથાના માળખામાં–વસ્તુસંકલનામાં–ઉપર મુજબના ચાર અંશ હોય છે જ. વળી, જેમ અંગ્રેજીની વાર્તાના આરંભે Once upon a time એવું વાક્ય પ્રાયઃ આવે જ; કે ઉર્દૂ વાર્તાના આરંભમાં જેમ ''एक दफा का जिकर है'' એમ આવે જ; તેમ લગભગ દરેક જાતક કથાના આરંભે ''પહેલાના સમયમાં વારાણસીમાં બ્રહ્મદત્ત નામે રાજા રાજ્ય કરતો હતો ત્યારે.....'' એવા શબ્દો આવે જ છે. અલબત્ત, અહીં એક વાર્તામાંથી બીજી, અને તેમાંથી વળી ત્રીજી વાર્તા ગૂંથાયેલી હોય–તેવી પંચતન્ત્રની પદ્ધતિ નથી. આપણે જોયું તેમ દરેક જાતકકથા એક સ્વતન્ત્ર એકમ રૂપે જ રજૂ થાય છે; અને તે દરેક જાતકકથામાં બોધિસત્ત્વ દર વખતે મૈત્રી, દયા, દાન, કરુણા, અહિંસા, અવૈર, અપકાર ઉપર ઉપકાર કરવો–જેવા જુદા જુદા પોતાના ગુણોનું ઉદ્‌ઘાટન કરે છે. કોઈપણ પ્રકારના ભેદભાવ વિના, આ બોધિસત્ત્વ મનુષ્યોથી માંડી સૌ કોઈ નાનામાં નાના જીવને દુઃખમાંથી બહાર કાઢવા દોડી જતા હોય–એવી પ્રેરક ઘટનાઓ વાંચવા મળે છે. આ જાતકકથાઓ મનોરંજન કરવાના આશયથી નથી કહેવાઈ, પણ માણસમાત્રને સદ્‌ધર્મ, સદાચાર તરફ વાળવા માટે તે કથાઓ કહેવાઈ છે.

(૫) જાતકકથાઓનો સમય

જાતકકથાઓ ૫૪૭ની સંખ્યામાં આજે મળે છે; પણ તે બધી જ બુદ્ધના શ્રીમુખેથી નીકળેલી ન હોઈ શકે. છતાંય તેમાંથી કેટલીક કથાઓ તો નિશ્ચિતપણે બુદ્ધના મુખે જ કહેવાયેલી છે, એથી તેનો સમય બુદ્ધ જેટલો જૂનો, એટલે કે ઈ.સ. પૂર્વે ૬૦૦ જેટલો જૂનો માનવો પડે તેમ છે. બુદ્ધના મહાનિર્વાણ પછી ચાર મહિના બાદ જે પ્રથમ 'સંગીતિ' (= બુદ્ધના ઉપદેશ વચનોનો પ્રામાણિક સંગ્રહ કરવા માટે બુદ્ધના સમકાલિક શિષ્યોનું સંમેલન) મળી હતી, તેમાં જ અન્ય ઉપદેશવચનો સાથે અમુક જાતકગાથાઓ પણ એકત્ર કરવામાં આવી હતી.

આજે સિંહલ પરમ્પરામાંથી બુદ્ધઘોષ દ્વારા પાલિમાં અનુવાદ પામેલી 'જાતકટ્ઠકથા'ઓમાં ૫૪૭ કથાઓ મળે છે; અને આ અનુવાદ ઈ.સ. ૫૦૦માં કરવામાં આવેલ છે. આથી આ ૫૪૭ જાતકકથાઓ પાંચમા સૈકા પછીની તો નથી જ. પરંતુ વાસ્તવિક રીતે જોઈએ તો ભારતમાંથી સિંહલ (લંકા) દેશમાં આ

કથાઓ કેવી રીતે ગઈ હશે ? તેનો જો વિચાર કરીએ તો, આ જાતકકથાઓની પુરાતનતા પાંચમા સૈકાથી પણ જૂની દેખાશે. જેમ કે, સમ્રાટ્ અશોકે પોતાના પુત્ર મહેન્દ્ર અને પુત્રી સંઘમિત્રાને ધર્મપ્રચાર કરવા ત્રિપિટકો સાથે ઇ.સ. પૂર્વે ૨૭૪–૨૩૬ના ગાળામાં મોકલ્યા હતા. તેથી આ જાતકકથાઓ ઇ.સ. પૂર્વે ૩૦૦ની માનવી પડે તેમ છે. વળી, આનું સમર્થન એ રીતે પણ થાય છે કે સમ્રાટ્ અશોકે પોતાના સમયમાં બુદ્ધવચનોનું શુદ્ધીકરણ કરવા ત્રીજી સંગીતિ બોલાવી હતી અને ત્રિપિટકોનો પ્રામાણિક સંગ્રહ કરાવ્યો હતો, તે પછી સમગ્ર ભારતમાં તેમણે અનેકાનેક સ્તૂપો બંધાવ્યા. તેમાંથી જે સાંચી[1] અને ભારહૂતના સ્તૂપો છે તેની રેલિંગ ઉપર કેટલીક જાતકકથાઓના વિવિધ દશ્યોને શિલ્પમાં આકારિત કરવામાં આવ્યાં છે. આ સ્તૂપોનો સમય ઇ.સ. પૂર્વે બીજી–ત્રીજી સદીનો છે. તેથી આ જાતકકથાઓ પણ એટલી જૂની છે એમ નક્કર પુરાવા સાથે સાબિત થઈ ગયું છે.

પરંતુ આ સંદર્ભમાં હજી વધારે સૂક્ષ્મતાથી વિચારવાની જરૂર છે. સ્તૂપોની અંદર જાતકકથાનાં અમુક દશ્યો શિલ્પાંકન પામ્યા; પણ એ જાતકકથામાં જે 'ગાથા'નો અંશ આવે છે તે તો ત્રિપિટકમાં સ્થાન પામેલી છે; અને બુદ્ધના મુખમાંથી તે ગાથાઓ બોલાઈ છે એવો ત્યાં સંદર્ભ આપ્યો છે. આથી સૂક્ષ્મ સ્વરૂપમાં તો અમુક જાતકકથાઓ બુદ્ધના સમય જેટલી (ઇ.સ. પૂર્વે ૬૦૦ની) જૂની સાબિત થાય છે. હવે, આ સંદર્ભમાં વિદ્વાનો જાતકકથાઓ સ્વયં બુદ્ધ દ્વારા નવી ઉદ્ભાવિત કરવામાં આવી છે કે પછી આવી કથાઓ બુદ્ધના પણ સમયની પૂર્વમાં **લોકસાહિત્ય** રૂપે પ્રચલિત હતી ? અને બુદ્ધની પણ પૂર્વેના સમયથી પ્રચલિત થયેલી તે કથાઓ–વાર્તાઓ–નો બુદ્ધે પોતાના ઉપદેશકાર્યમાં દૃષ્ટાન્ત કથા રૂપે ઉપયોગ કર્યો હશે ? એવા પ્રશ્નની વિચારણા હાથ ધરી છે.

L. D. Barnett લખે છે કે..... We may be sure that many, perhaps most of these tales are really older than the Buddha and belong to the oldest folklore of India. (જુઓ :

---

૧. મધ્યપ્રદેશમાં પ્રાચીન વિદિશા એટલે કે આજનું ભેલસા ગામ, તેની પડોશમાં 'સાંચી'નો સ્તૂપ છે. તથા ઉત્તરપ્રદેશના પ્રયાગ = અલ્હાબાદથી દક્ષિણ–પશ્ચિમ દિશામાં ૧૨૦ માઈલ દૂર 'ભારહૂત' નામનું ગામ છે, ત્યાં પણ કલાત્મક સ્તૂપ બંધાવ્યો છે. આનાં શિલ્પોમાં જે જાતકકથાઓનાં દશ્યો દેખાય છે, તેમાંથી ૩૦ની ઓળખવિધિ થઈ ગઈ છે.

A study of the Jatakas – Analytical and Critical, Calcutta, 1963 by M. I. Feer).

શ્રી ગોકુલદાસ કે પણ કહે છે કે ત્રિપિટકોમાં સંગૃહીત થયેલી ગાથાઓ (કે જે જૂનામાં જૂના જાતકો છે, તે) પણ ભારતીય 'જનપદ–વાઙ્મય' = લોકસાહિત્યનો જ અંશ છે; અને તેવું લોકસાહિત્ય બુદ્ધની પણ પૂર્વેથી જ પ્રચારમાં આવી ચૂકેલું હતું.

આવા, બુદ્ધના પણ પૂર્વકાલીન 'લોકસાહિત્ય' (Folklore)નો સ્વીકાર કરવાથી, અમુક જાતકકથાઓનું પંચતન્ત્રની કેટલીક વાર્તાઓ સાથે જે સામ્ય દેખાઈ આવે છે[1] તેનો ખુલાસો મળી જાય છે. બુદ્ધની પણ પહેલાંથી ભારતમાં અમુક લોકસાહિત્ય પ્રચલિત હતું–એવી ધારણા જો આપણે સ્વીકારીશું નહીં તો, આપણે એમ કહેવું પડશે કે ભારતમાં વેદની કથાઓ અને આખ્યાનો પછી બીજા ક્રમાંકે જે બુદ્ધની જાતક કથાઓ આવે છે; તે જાતકકથાઓમાંથી પંચતન્ત્રકારે અમુક અમુક પશુકથાઓ લઈને, તેમાંથી બુદ્ધનો ઉપદેશ દૂર કરીને, તેને પોતાની રીતે નીતિકથાનું રૂપ આપીને 'પંચતન્ત્ર'માં તેને સ્થાન આપ્યું હશે. [હવે આ સંદર્ભમાં, કથાસાહિત્યના વર્ગીકરણનો જે ચાર્ટ પૃ. ૬ ઉપર આપ્યો છે તે ફરીવાર જોવા અનુરોધ છે.]

(૬) 'બોધિસત્ત્વ'નું પુરાકલ્પન અને દશ પારમિતાઓ

પુરાકલ્પનનું લક્ષણ : પ્રાગ્ ઐતિહાસિક કાળના આદિ મનુષ્યે સૃષ્ટિના રહસ્યોને ઉકેલવા જે કેટલીક અવૈજ્ઞાનિક કે અર્ધવૈજ્ઞાનિક સ્વરૂપની અવધારણાઓ બાંધી છે તેને 'પુરાકલ્પન' (Myth) કહે છે. આવા પુરાકલ્પનોમાં થોડે ઘણે અંશે કથાતત્ત્વ પણ પ્રાયઃ સંમિલિત થયેલું જોવા મળે છે. ક્યારેક કોઈ ઐતિહાસિક

---

૧. શ્રી ભોગીલાલ સાંડેસરાએ (૧) નલપાણ જાતક–૨૦ અને પંચતન્ત્ર (૫–૯), (૨) બકજાતક–૩૮ અને પંચતન્ત્ર (૧–૭), (૩) મકસજાતક–૪૦ અને રોહિણીજાતક–૪૫ તથા પંચતન્ત્ર (૧–૨૨), (૪) વાનરિંદ જાતક ૫૭, ૨૦૮, ૩૪૨ અને પંચતન્ત્રની વાંદરા અને મગરની વાત, (૫) કચ્છપ જાતક–૨૧૫ અને પંચતન્ત્ર (૧–૧૩માં મળતી 'હંસ અને કાચબા'ની વાર્તા સાથે ઘેરું સામ્ય છે. – આવી કુલ ૨૨ વાર્તાઓ છે જે પાલિ જાતકકથાઓની સાથે ઘણીબધી મળતી આવે છે; વળી તેમાંના ઘણા સંગ્રહશ્લોકો–નીતિબોધને લગતા શ્લોકો પણ એકબીજાને મળતા આવે છે. એવું તારણ કાઢ્યું છે. [જુઓ : **પંચતંત્ર**–સંપાદક અને અનુવાદક ભોગીલાલ સાંડેસરા, ગુજરાતી સાહિત્ય પરિષદ્, અમદાવાદ, ૨૦૦૦.]

વીર પુરુષના જીવનચરિતની આસપાસ પણ અતીન્દ્રિય–અલૌકિક–કથાઓનું જાળું બંધાયેલું જોવા મળે છે; અને આવી કથાઓમાં પણ ઘણી વાતો અવૈજ્ઞાનિક કે તર્કાતીત અથવા કહો કે કેવળ કલ્પનાજનિત જ હોય છે.

ભારતની બ્રાહ્મણ સંસ્કૃતિએ આવાં અસંખ્ય પુરાકલ્પનોથી પોતાનાં ધર્મ અને આચાર–વિચારને તથા દૈનંદિન જીવનને અદ્યાવધિ ધબકતું રાખ્યું છે. પરંતુ બૌદ્ધ સંસ્કૃતિમાં ઉદ્ભવેલા એક 'બોધિસત્ત્વ' નામના પુરાકલ્પને પણ, મહાયાન મતાવલંબી બૌદ્ધોના પ્રતિક્ષણ જીવાતા જીવનને યુગોથી આંદોલિત કરે રાખ્યું છે; અને બૌદ્ધ ધર્મને વિશ્વધર્મ બનાવવાની સંજીવનીનું કાર્ય કર્યું છે.

'બોધિસત્ત્વ'નો ટૂંકો પરિચય આ પ્રમાણે છે : બુદ્ધે પોતાનાં પૂર્વજન્મોમાં ક્યારેક રાજા બનીને, બ્રાહ્મણ બનીને, ઈન્દ્ર બનીને કે સસલું, વાનર અથવા એક પક્ષી કે વૃક્ષ વગેરે બનીને અનેક સત્કૃત્યો કર્યાં છે; દયા, પ્રેમ અને મૈત્રીભર્યું જીવન જીવી બતાવ્યું છે. એક રીતે જાણે બુદ્ધત્વ મેળવવાની આ બધી પૂર્વતૈયારીઓ હતી. ગૌતમ બુદ્ધ પોતાના આ બધા જ પૂર્વાવતારોમાં 'બોધિસત્ત્વ'ના નામે ઓળખાયા છે. બીજા શબ્દોમાં કહીએ તો–ભાવિ બુદ્ધને (ભવિષ્યમાં જે પૂર્ણ બુદ્ધ બનવાના છે) તેમને 'બોધિસત્ત્વ' કહે છે. વળી, બૌદ્ધોના પ્રાચીનતમ એવા ત્રિપિટક સાહિત્યમાં વર્ણવેલા બુદ્ધના આ એક–એક પૂર્વાવતારોની કથાઓને 'જાતકકથા'ના નામે ઓળખવામાં આવે છે.[1] હાલ મળતી આવી જાતકકથાઓ લગભગ ૫૪૭ જેટલી છે. ઇ.સ. પૂર્વે ૫૦૦–૩૦૦ના સમયથી એકત્ર થયેલો આ કથાસંગ્રહ પ્રમાણમાં વિપુલતમ કહેવાય; તથા જગતની પ્રાચીનતમ ગણાયેલી વૈદિક આખ્યાનકથાઓ (જેવી કે, પુરૂરવા–ઉર્વશી, યમ–યમી ઇત્યાદિ) પછી બીજા ક્રમાંકે આવતો આ કથાસંગ્રહ, પ્રાચીનતર પણ કહેવાય. આ બધી જ જાતકકથાઓનો મુખ્ય નાયક તે આ 'બોધિસત્ત્વ' છે. 'બોધિસત્ત્વ'ની આ કલ્પના પણ બુદ્ધ–ધર્મની જગતને એક મોટામાં મોટી ભેટ છે એમ કહેવામાં કશી અતિશયોક્તિ નથી.

'બોધિસત્ત્વ'નો શબ્દાર્થ :

મૂળ પાલિ શબ્દ बोधिसत्त નો સંસ્કૃત છાયાનુવાદ बोधिसत्त्व રૂપે કરવામાં આવ્યો છે. આ એક સામાસિક શબ્દ છે, તેમાં પૂર્વપદ રૂપે આવેલા बोधि નો અર્થ 'પૂર્ણજ્ઞાન' કે 'બુદ્ધત્વ' એવો થાય છે; જ્યારે ઉત્તરપદમાં આવેલા 'સત્ત્વ'

---

૧. પાલિ જાતકકથાઓનો હિન્દી અનુવાદ પણ ઉપલબ્ધ છે. જુઓ : जातक [प्रथम, द्वितीय, तृतीय एवं चतुर्थ खण्ड]अनु० भदन्त आनन्द कौसल्यायन; प्रकाशकः– हिन्दी साहित्य सम्मेलन, प्रयाग (इलाहाबाद), २०१३. (तृतीय संस्करण १९९४ A.D.)

શબ્દના અર્થ વિશે વિદ્વાનોમાં થોડો મતભેદ પ્રવર્તે છે. જેમ કે, 'સત્ત્વ' એટલે (૧) પ્રાણી અથવા (૨) મન કે અભિપ્રાય. આમાંથી પહેલો 'પ્રાણી' એવો અર્થ લઈએ તો, (क) **'બોધિસત્ત્વ' એટલે બુદ્ધત્વને માટે પ્રયત્નશીલ પ્રાણી.** પરંતુ જો 'સત્ત્વ' શબ્દનો બીજો 'મન' કે 'અભિપ્રાય' એવો અર્થ લઈએ તો (ख) **'જ્ઞાન કે બુદ્ધત્વ'માં જેનું મન લાગેલું છે, તેને 'બોધિસત્ત્વ' કહેવાય.**[1] આ મુજબ बोधौ सत्त्वम् मनः अभिप्रायो वा येषां, ते बोधिसत्त्वाः ॥ એવી વ્યુત્પત્તિ થાય. જ્ઞાન કે બુદ્ધત્વની ઉપર તેમનું મન લાગેલું હોવાથી તેમની બધી પ્રવૃત્તિઓ પણ તેના તરફ કેન્દ્રિત થયેલી હોય છે.

બોધિસત્ત્વે વિવિધ યોનિઓમાં દયા, મૈત્રી, કરુણા વગેરેથી પ્રેરાઈને, જે ઉદાહરણ રૂપ બને એવાં ઉદારચરિતો જીવી બતાવ્યાં છે, (કે જેનું વર્ણન વિવિધ 'જાતકકથા'ઓના નામે સંગૃહીત થયું છે) તેને ધ્યાનમાં લઈને, 'બોધિસત્ત્વ' શબ્દની એક આવી પણ સમજૂતી અપાઈ છે :– (प्र)बोधयति सत्त्वान् इति बोधिसत्त्वः । જે પોતાનાં દાન, દયા વગેરે સદાચારથી અન્ય પ્રાણીઓને, તેવું સદ્ધર્મ–પ્રેરિત જીવન જીવવા પ્રબોધે = ઉપદેશે છે, જગાડે છે, પ્રેરે છે તેને 'બોધિસત્ત્વ' કહેવાય.

જાતકકથાઓમાં વર્ણવાયેલાં બોધિસત્ત્વનાં ઉદારચરિતોને જોતાં એમ પણ કહેવાનું મન થાય છે કે – બીજાનાં દુઃખ દૂર કરી તેનું કલ્યાણ કરવા–જે હરહંમેશ સંઘર્ષશીલ રહીને, આ સંસારમાં એક 'અધ્યાત્મ–વીર'ની ભૂમિકાનું નિર્વહણ કરે છે,[2] તે વ્યક્તિને 'બોધિસત્ત્વ' કહેવામાં આવે છે. આમ બોધિસત્ત્વ તે દરેક જાતકકથાનો એકમાત્ર મુખ્ય નાયક હોય છે.

'બોધિસત્ત્વ'ની કલ્પનાનો ઉદય :

ઇ.સ. પૂર્વે ૬૦૦માં શાક્ય વંશના રાજા શુદ્ધોદનને ઘરે માયાવતીની કુખે જન્મેલ રાજકુમાર ગૌતમ (સિદ્ધાર્થ) આ જગતને રોગ, જરા અને મૃત્યુ રૂપ અનિવાર્ય દુઃખોથી ગ્રસ્ત જોઈને તે પોતે કાયમને માટે બેચેન બની જાય છે. તે પોતાની પત્ની, પુત્ર અને રાજ્યલક્ષ્મીને એકાએક ત્યજીને, જગતનાં દુઃખોનું કારણ શોધવા અને તેમાંથી છુટવાનો ઉપાય ખોળી કાઢવા ઉગ્ર તપશ્ચર્યા હાથ ધરે છે;

---

૧. બોધિચર્યાવતારની 'પંજિકા' ટીકામાં કહ્યું છે કે – सत्त्वम् अभिप्रायोऽस्येति बोधिसत्त्वः ॥

૨. ડૉ. હરદયાલે તેમના **Bodhisattwa Doctrine** (P. 9) નામના ગ્રન્થમાં બોધિસત્ત્વને Heroic being, spiritual warrior તરીકે ઓળખાવેલ છે.

અને અંતે મધ્યમ–માર્ગે ચાલીને 'બુદ્ધત્વ'ને પ્રાપ્ત કરે છે. પરંતુ બૌદ્ધસાહિત્ય કહે છે કે ભગવાન બુદ્ધે આ એક જન્મના પુરુષાર્થથી જ કાંઈ બુદ્ધત્વ પ્રાપ્ત કર્યું નથી. પોતાનાં અનેક પૂર્વજન્મોમાં તેમણે દયા, દાન, મૈત્રી, ઉપેક્ષા વગેરે સદ્‌ગુણો કેળવવા માટે ભગીરથ પુરુષાર્થ કર્યો છે. આ સંદર્ભે બુદ્ધવંસો નામના એક પાલિગ્રન્થમાં કહ્યું છે કે ઇતિહાસમાં નોંધાયેલા ગૌતમબુદ્ધની પૂર્વે બીજા ૨૪ બુદ્ધો થઈ ગયા છે.[૧] આ દરેક પૂર્વબુદ્ધોની સાથે 'બોધિસત્ત્વ'ની મુલાકાત થઈ હતી, અને તેમણે એવી ભવિષ્યવાણી કરી હતી કે આ 'બોધિસત્ત્વ' એક દિવસ સમ્યક્ સમ્બુદ્ધત્વ પ્રાપ્ત કરશે જ.

એવી જ રીતે, 'ખુદ્દકનિકાય'ના અંતિમ ગ્રન્થ 'ચરિયાપિટક'માં બુદ્ધના ૩૫ પૂર્વ ચરિત્રોનું વર્ણન છે. તેમાં, જાતકકથાઓની જેમ જ, બુદ્ધના પૂર્વજન્મોની કથા બુદ્ધના જ મુખેથી કહેવડાવવામાં આવી છે. આમ ૨૪ પૂર્વબુદ્ધોની સાથોસાથ, 'બોધિસત્ત્વ'ની પણ કલ્પના પહેલવહેલી આપણને આ બે ગ્રન્થોમાં વાંચવા મળે છે.[૨]

બોધિસત્ત્વની કલ્પનાનું મૂળ પણ વિચારણીય છે :– ''એક જ જન્મના પ્રયત્નોથી કોઈપણ વ્યક્તિ બુદ્ધ કેવી રીતે બની શકે ?'' આ કોયડા રૂપ પ્રશ્નનો ઉત્તર આપવા માટે જ 'બોધિસત્ત્વ'ની કલ્પનાનો ઉદય થયો જણાય છે. જેમ સૃષ્ટિના રહસ્યો ઉકેલવા, કે સૃષ્ટિની અંદર નિયમિત રીતે ચાલતી વરસાદ જેવી કોઈક ઘટનાનો ઉકેલ શોધવા વેદકાળમાં ઇન્દ્ર–વૃત્રાસુર સંગ્રામનું પુરાકલ્પન (Myth) વિકસ્યું છે તેવી જ રીતે જાતકકથાઓના માધ્યમથી બોધિસત્ત્વે ક્રમશઃ દયા, દાન, આત્મસમર્પણ વગેરેના સદ્‌ગુણો વિકસાવીને કેવી રીતે બુદ્ધત્વ પ્રાપ્ત કર્યું એનો તાર્કિક ખુલાસો રજૂ કરવા જ જાણે બૌદ્ધાનુયાયીઓએ 'બુદ્ધત્વને માટે પ્રયત્નશીલ એવા એક પ્રાણી'નું = ''બોધિસત્ત્વ''નું પુરાકલ્પન (Myth) પ્રચારમાં આણ્યું છે.

બોધિસત્ત્વના પુરાકલ્પનનું મૂળ તો સ્વયં બુદ્ધના પોતાના વચનોમાં જ રહેલું છે એમ પાલિ ભાષામાં ઉપનિબદ્ધ ત્રિપિટકો જોતાં માલુમ પડે છે. પરંતુ આ

---

૧. દા. ત. દીપંકર, સુમેધ, પિયદસ્સી, ધમ્મદસ્સી, વિપસ્સી, સિખી, કસ્સપ વગેરે.

૨. The conception of Bodhisatta along with that of the twenty four previous Buddhas is noticeable for the first time in the works Buddhavaṁsa and Cariya piṭaka. – See : Significance & Importance of Jatakas, by Gokul Das De (p. XV). Calcutta Univ., 1951.

પુરાકલ્પનના વિશ્વવ્યાપી પ્રચારનું પ્રેરક પરિબળ, ઐતિહાસિક પરિપ્રેક્ષ્યમાં જોઈએ તો, હીનયાનથી અલગ પડેલી મહાયાનની વિચારધારામાં રહેલું છે. જેમ કે, બૌદ્ધધર્મની શરૂઆતમાં, अर्हत् ની એક ભાવના જોવા મળે છે. ત્યાં ભગવાન બુદ્ધને 'અર્હત્' કહેવાની સાથોસાથ તેમના શિષ્યો, કે જેઓ ચાર આર્યસત્ય અને અષ્ટાંગ માર્ગનો ઉપદેશ સ્વીકારે છે, તેમને પણ 'અર્હત્' કહેવામાં આવે છે. આવા અર્હતોનું આખું જીવન સંસારના અન્ય જીવોનું કલ્યાણ કરવા માટે તત્પર રહેતું હતું. પરંતુ બુદ્ધના પરિનિર્વાણના ત્રણસો વર્ષ પછી, આ ભાવનામાં ધીમે ધીમે પરિવર્તન આવતું ગયું. બૌદ્ધ ભિક્ષુઓ અન્ય જીવોની દુઃખનિવૃત્તિ અને કલ્યાણનાં કાર્યોમાંથી વિમુખ થવા લાગ્યા અને સ્વાર્થમાં પણ ડૂબ્યા. એટલે કે તેઓ કેવળ પોતાની જ મુક્તિને માટે પ્રયત્નશીલ રહેવા લાગ્યા. દા.ત. 'મિલિન્દપઞ્હ'ના કહેવા મુજબ अर्हत् બનેલ વ્યક્તિએ પોતાનાં જ દુઃખોમાંથી મુક્તિ મેળવવા માટે પ્રયત્નશીલ રહેવું જોઈએ.[1] આ સંદર્ભમાં શ્રી હરદયાલ કહે છે કે આવા સંકુચિત અને સ્વાર્થી વિચારોના વિરોધમાં જ, બધા જીવોની રક્ષા કરવા અને કલ્યાણદર્શક માર્ગ બતાવવા 'બોધિસત્ત્વ'ની કલ્પનાનો પ્રાદુર્ભાવ થયો છે.[2] વિશ્વકલ્યાણની ભાવનાથી પ્રેરાયેલી આ વિચારધારાને 'મહાયાન'ના નામે ઓળખવામાં આવે છે. આમ હીનયાનના 'અર્હત્'ની સામે, 'બોધિસત્ત્વ'ની કલ્પના એ જાણે મહાયાનવાળાઓની આગવી વિશેષતા બની રહે છે.

'બોધિસત્ત્વ'ના જીવનનું લક્ષ્ય :

આચાર્ય હેમચન્દ્રે 'બોધિસત્ત્વ'નો પરિચય આપતાં પોતાના અભિધાન-ચિન્તામણિ–કોશમાં લખ્યું છે કે –

> बुद्धस्तु सुगतो धर्मधातुस्त्रिकालविज्जिणः ।
> बोधिसत्त्वो महाबोधिरार्यः शास्ता तथागतः ॥
> पञ्चज्ञानः षडभिज्ञो दशार्हो दशभूमिगः ।
> चतुस्त्रिंशज्जातकज्ञो दशपारमिताधरः ॥ – अभिधानचिन्तामणिः (२–१४६, १४७)

---

૧. किंति महाराज इदं दुक्खं निरुज्झाय अञ्ञञ्च दुक्खं न उप्पज्जे ययाति, एतदत्था महाराज आहालं पब्बज्जा अनुपादापरिनिब्बानं । – मिलिन्दपञ्ह (३१).

૨. The Bodhisattava doctrine was promulguted by some Buddhist leaders as a protest against this lack of true spiritual fervour and attruism among the monks of that period. – **Bodhisattva Doctrine;** by Hardayal, Calcutta, (p. 3).

અર્થાત્ 'બોધિસત્ત્વ' એ એક એવી વ્યક્તિ છે કે જેણે અનેક અવતારો લઈને ક્રમશઃ દશ પારમિતાઓને ધારણ કરી હતી. પૂર્ણ બુદ્ધત્વ મેળવતાં પહેલાં બોધિસત્ત્વે પોતાનાં અભૂતપૂર્વ ઉદારચરિતોથી ક્રમશઃ દયા, મૈત્રી વગેરે સદ્‌ગુણોની સર્વોત્કૃષ્ટ ઊંચાઈ સિદ્ધ કરી હતી. અર્થાત્ બોધિસત્ત્વે બતાવેલી દાનવીરતા (વગેરે)ની **પરાકાષ્ઠા**ને દાનની **"પારમિતા"** સિદ્ધ કરી એમ કહેવાય છે. જાતકકથાઓમાં જે વિવિધ કથાનકો છે, તેમાં બોધિસત્ત્વે ક્રમિક રીતે દશ પારમિતાઓ મેળવી છે.

દશ પારમિતાઓ :

(૧) દાન પારમિતા, (૨) શીલ પારમિતા, (૩) નૈષ્ક્રમ્ય પારમિતા, (૪) પ્રજ્ઞા પારમિતા, (૫) વીર્ય પારમિતા, (૬) ક્ષાન્તિ પારમિતા, (૭) સત્ય પારમિતા, (૮) અધિષ્ઠાન પારમિતા, (૯) મૈત્રી પારમિતા અને છેલ્લી (૧૦) ઉપેક્ષા પારમિતા. આવી વિવિધ પ્રકારની દશ પારમિતાઓ મેળવવી તે બોધિસત્ત્વના જીવનનું લક્ષ્ય છે એમ જાતકકથાઓ વર્ણવે છે.

આવી દશ પારમિતાઓ મેળવતી વખતે બોધિસત્ત્વ બોલ્યા છે કે –

(૧) યાચકને આવેલો જોઈને મેં મારા શરીરનો પણ ત્યાગ કરી દીધો છે. (ઉદા. શશ પંડિત જાતક). આ મારી દાન પારમિતા છે.

(૨) બાવળના શૂળને ભોંકવા છતાં, કે શક્તિ નામના આયુધથી મારી ઉપર પ્રહાર કરવા છતાંય મને મદારી ઉપર ક્રોધ ચઢ્યો નથી. આ મારી શીલ પારમિતા છે.

(૩) મેં મારા હસ્તકનું રાજ્ય પણ થૂંકની જેમ ત્યજી દીધું છે અને એ છોડતી વખતે મને કોઈ આસક્તિનો અનુભવ નથી થયો તે મારી નૈષ્ક્રમ્ય પારમિતા છે.

(૪) પ્રજ્ઞાની શોધમાં મેં એક બ્રાહ્મણને દુઃખમાંથી મુક્ત કર્યો છે. વળી, જેમ ભિક્ષુ ઉત્તમ, મધ્યમ અને અધમ સૌની પાસેથી ભિક્ષા લે છે તેમ મેં સૌને પૂછીને પ્રજ્ઞાની પરમ સીમાને ઓળંગી લીધી છે. આ મારી પ્રજ્ઞા પારમિતા છે.[૧]

(૫) સમુદ્રના જળમાં કિનારો ન જોઈ શકનારા બધા મનુષ્યો મરી ગયા, પણ મારા ચિત્તમાં કોઈ વિકાર ઉત્પન્ન થતો નથી. તે મારી વીર્ય પારમિતા છે.

(૬) તીક્ષ્ણ કુહાડીથી એક જડ વસ્તુની જેમ મને કાશીરાજ કાપી રહ્યા હતા, તો પણ મને તેમના પ્રત્યે ક્રોધ ન થયો તે મારી ક્ષાન્તિ (ક્ષમા) પારમિતા છે.

---

૧. બૌદ્ધસાહિત્યમાં જેમ 'બોધિસત્ત્વ'ના નામનું એક પુરાકલ્પન છે તેમ, આ દશ પારમિતાઓમાંથી ચોથી 'પ્રજ્ઞા પારમિતા'ને આધારે, એ નામની એક જુદી દેવીનું પણ પુરાકલ્પન વિકસ્યું છે.

(૭) સત્યવાદિતાની રક્ષા કરવા માટે મેં મારા જીવનનો પણ પરિત્યાગ કરી દીધો અને એ રીતે મેં સો ક્ષત્રિયોને મુક્ત કરાવ્યા તે મારી પરમાર્થ સત્ય પારમિતા હતી.

(૮) મને માતપિતા પ્રત્યે દ્વેષ નથી કે કોઈ મહાશય પ્રત્યે પણ દ્વેષ નથી. મને તો કેવળ બુદ્ધપદ (સર્વજ્ઞતા) જ પ્રિય છે. માટે જ મેં આ વ્રતનું અધિષ્ઠાન કર્યું છે. હું પર્વતની જેમ અચળ છું. તે મારી અધિષ્ઠાન પારમિતા છે.

(૯) મને કોઈ ડરાવતું નથી કે હું કોઈને ડરાવતો નથી. હું મારા મૈત્રીબળ ઉપર નિર્ભર રહીને સદૈવ વનમાં ફરું છું. આ મારી મૈત્રી પારમિતા છે.

(૧૦) મડદાં કે હાડકાંના ઢગલાનો તકિયો બનાવીને હું સ્મશાનમાં સૂઈ શકું છું. ગોવાળિયાઓ મારી પાસે આવીને સત્કારે કે મારી ઉપર થૂંકે તોય હું ઉદાસીન છું. આ મારી ઉપેક્ષા પારમિતા છે. જાતકકથાઓમાં વર્ણવેલી આ દશ પારમિતાઓને હાંસલ કરવી, ધારણ કરવી તે બોધિસત્ત્વના જીવનનું લક્ષ્ય છે.

* * *

બોધિસત્ત્વના જીવન-લક્ષ્યને વાચા આપતો શ્રીમદ્ ભાગવતપુરાણનો શ્લોક અહીં સ્મરણીય છે :–

न त्वहं कामये राज्यं, न स्वर्गं नापुनर्भवम् ।
कामये दुःखतप्तानां प्राणिनाम् आर्तिनाशनम् ॥ – भाग० ९–२१–१२

"હું રાજ્ય મેળવવા ઇચ્છતો નથી, કે સ્વર્ગ પણ ઇચ્છતો નથી, મારે પુનર્ભવમાંથી મુક્તિ પણ મેળવવી નથી. હું તો દુઃખથી સંતપ્ત પ્રાણીઓનાં દુઃખોનો નાશ કરવાની જ કેવળ ઇચ્છા રાખું છું."

બોધિસત્ત્વની આવી જ એક ભાવના 'બોધિચર્યાવતાર'ના ત્રીજા પરિચ્છેદમાં વાંચવા મળે છે :–

एवं सर्वमिदं कृत्वा यन्मयाऽसादितं शुभम् ।
तेन स्याम् सर्वसत्त्वानां सर्वदुःखप्रशान्तिकृत् ॥

मुच्यमानेषु सत्त्वेषु ये ते प्रामोद्यसागराः ।
तैरेव ननु पर्याप्तं, मोक्षेणारसिकेन किम् ॥ – बोधिचर्यावतार : (३)

અર્થાત્ "આ બધાં સત્કૃત્યો કરીને મેં જે કાંઈ શુભ પુણ્ય અર્જિત કર્યું છે, તેના વડે હું બધાં જ પ્રાણીઓનાં તમામ દુઃખોને શમાવી દેનારો બનું–એવી મારી ઇચ્છા છે. દુઃખમાંથી મુક્ત થયેલાં પ્રાણીઓ જ્યારે પ્રમોદ–સાગરમાં હિલોળા લેતા થશે, ત્યારે તે (જોવાનું એક સુખ) જ મારે માટે પર્યાપ્ત છે; બાકી જેમાં કશોય રસ ન પડે એવો મોક્ષ મેળવીને શો ફાયદો ?"

* * *

બોધિસત્ત્વના પુરાકલ્પનનો તુલનાત્મક અભ્યાસ કરતાં એવું જણાય છે કે શ્રીમદ્ ભગવદ્ગીતામાં આદર્શ–પુરુષ તરીકે વર્ણવેલા સ્થિતપ્રજ્ઞ કે ત્રિગુણાતીતનાં જે લક્ષણો છે, તેનો જો કોઈ સર્વોત્કૃષ્ટ નમૂનો હોય તો તે આ 'બોધિસત્ત્વ' છે. શ્રીમદ્ભાગવદ્ગીતા કહે છે કે – यस्मान्नोद्विजते लोको, लोकान्नोद्विजते च यः । (ગીતા ૧૨/૧૫) 'જેનાથી લોક ઉદ્વેગ પામતો નથી અને જે લોકથી ઉદ્વેગ પામતો નથી' – એ આદર્શ બોધિસત્ત્વની મૈત્રી–પારમિતામાં દેખાય છે, અને ગીતામાં सर्वभूतहिते रतः । શબ્દો દ્વારા 'સૌ ભૂતોનું હિત કરવામાં રચ્યો-પચ્યો રહેનારો' આદર્શ કર્મયોગી સ્થિતપ્રજ્ઞ વ્યક્તિ વર્ણવાયો છે, તેનું એક મૂર્તિમંત ઉદાહરણ પણ આ બોધિસત્ત્વ જ છે. આ બોધિસત્ત્વને સૌનાં દુઃખ દૂર કરવાં છે અને સૌનું કલ્યાણ કરવું છે. આને માટે તે કોઈ પણ યોનિમાં જન્મ લીધા પછીય સક્રિય રહે છે. કેમ કે ''લોકસંગ્રહ''નો શ્રેષ્ઠ આદર્શ –

यद्यदाचरति श्रेष्ठः तद् तदेवेतरो जनः ।
स यत्प्रमाणं कुरुते लोकस्तदनुवर्तते ॥ (ગીતા–૩/૨૧)

તેને તેણે પોતાના જીવનચરિતથી ચરિતાર્થ કરી બતાવવો છે.

(૭) આર્યશૂરનું જીવન, સમય અને કૃતિઓ

ભગવાન બુદ્ધે (ઇ.સ. પૂર્વે ૬૦૦) આ જગતના પ્રાણીઓને જરા, રોગ અને મૃત્યુના अ–निवार्य દુઃખોથી ઘેરાયેલાં જોઈ, તેમને દુઃખમાંથી બહાર કાઢવા જે ધર્મોપદેશ કર્યો, તે તે સમયની માગધી, અર્થાત્ પાલિ–ભાષામાં કર્યો હતો. પરંતુ એ બૌદ્ધવિચારધારાને 'કાવ્ય'ના માધ્યમથી અને સંસ્કૃત–ભાષામાં રજૂ કરનારા બે કવિઓ અત્યંત નોંધપાત્ર છે : (૧) એક છે કાલિદાસના પણ પુરોગામી એવા કવિ અશ્વઘોષ; જેમણે 'અલંકૃત મહાકાવ્ય'ની શરૂઆત કરી હતી તથા (૨) બીજા છે સુબન્ધુ અને બાણભટ્ટના પણ પુરોગામી એવા કવિ આર્યશૂર; જેમણે 'અલંકૃત ગદ્યકાવ્ય'ની સંસ્કૃતમાં શરૂઆત[1] કરી છે ! અશ્વઘોષનો સમય છે ઇ.સ.ની પહેલી સદી (અશ્વઘોષ કુષાણ વંશના રાજા કનિષ્કના સમકાલિક હતા. ઈ.સ. ૭૮–૧૦૨) અને આર્યશૂરનો સમય છે : ઇ.સ. ૩૫૦ થી ૪૦૦.

આર્યશૂરની 'જાતકમાલા' : (ટૂંક–પરિચય)

આર્યશૂર નામના બૌદ્ધ કવિએ બુદ્ધના પૂર્વ અવતારો–જાતકો-ની જુદી જુદી ૩૪ કથાઓને, સુંદર લલિત સંસ્કૃત ગદ્યમાં ગૂંથી છે. ૩૪ જાતકકથાઓ રૂપી

---

૧. 'સંસ્કૃત સાહિત્યનો ઇતિહાસ' લખનારા ઘણા ગ્રન્થકારોએ, સુબન્ધુ અને બાણભટ્ટની પણ પૂર્વે થઈ ગયેલા અત્યંત મહત્ત્વના એવા આ આર્યશૂરના કૃતિત્વની ખાસ કોઈ નોંધ લીધી નથી; જે કમનસીબ છે. સંસ્કૃતના આધુનિક અભ્યાસીઓએ આ અજાણતા દૂર કરવી જરૂરી છે.

પુષ્પોની આ માળાને 'જાતકમાલા' એવું નામ આપવામાં આવ્યું છે. આમાં બુદ્ધના પૂર્વજન્મોની ઉપદેશાત્મક લઘુકથાઓ આવેલી છે; તેમાંની આઠ લઘુકથાઓને તમારા અભ્યાસ માટે અહીં રજૂ કરી છે :–

(૧) વ્યાઘ્રી જાતક–૧	(૫) વર્તકા–પોતક જાતક–૧૬
(૨) યજ્ઞ જાતક–૧૦	(૬) મહાકપિ જાતક–૨૪
(૩) શક્ર જાતક–૧૧	(૭) શરભ જાતક–૨૫
(૪) સુપારગ જાતક–૧૪	(૮) શતપત્ર જાતક–૩૪

આ બધી કથાઓમાં દયા, આત્મબલિદાન, સદાચાર, જીવદયા, અહિંસા, સત્યવચનનું તેજ, ઉપકાર ઉપર અપકાર, અપકાર ઉપર ઉપકાર વગેરે વિષયોને પ્રકટ કરતી કથાઓ વાંચવા મળશે.

'જાતકમાલા'નો સમય :

મહારાષ્ટ્રમાં જલગાંવ પાસે આવેલી અજંતાની ગુફાઓમાં, આ આર્યશૂરની જ 'જાતકમાલા'ની ઘણી કથાઓને[1] આધારે અનેક ભીત્તિ–ચિત્રો દોરવામાં આવ્યાં છે, જે આજે પણ યથાવત્ જળવાયાં છે અને વિશ્વભરના પ્રવાસીઓનાં મનને આકર્ષે છે. વળી, આ ચિત્રોની નીચે જે તે પ્રસંગને સ્પષ્ટ કરવા આર્યશૂરનાં ઉપદેશાત્મક શ્લોકોને પણ લખવામાં આવ્યા છે; આ લખાણની લિપિનો મરોડ લગભગ છઠ્ઠી સદીનો જણાય છે. આથી એમ માનવું રહ્યું કે આર્યશૂરની આ 'જાતકમાલા'નો પ્રચાર સમગ્ર ભારતમાં પાંચમી સદી સુધીમાં થઈ ચૂક્યો હશે.

આ આર્યશૂરે 'કર્મફળ' ઉપર એક સૂત્રગ્રન્થની રચના કરી હતી એમ કહેવાય છે. આ ગ્રન્થનો ચીની અનુવાદ ઈ.સ. ૪૩૪માં થયેલો છે. આથી પણ એ અનુમાનને ટેકો મળે છે કે આર્યશૂરનો સમય ૪૩૪ ઈ.સ.ની પહેલાં, લગભગ ૩૫૦ થી ૪૦૦ ઈ.સ.નો માની શકાય.

પ્રચાર : આર્યશૂરની 'જાતકમાલા'નો પ્રચાર બહુ વ્યાપક ધોરણે પ્રાચીન સમયથી થયેલો જણાય છે. જેમ કે, (૧) વિદેશી પ્રવાસી ચીની ઈ-ત્સિંગે લખ્યું છે કે ૭મા સૈકામાં ભારતમાં 'જાતકમાલા'નો ઘણો પ્રચાર છે. (૨) ઈ.સ. ૯૬૦ થી ૧૧૨૭ દરમ્યાન એ 'જાતકમાલા'નો ચીની ભાષામાં અનુવાદ પણ થયેલો મળી આવ્યો છે ! (૩) અને આપણા ગુજરાતના અણહિલપુર પાટણમાં ૧૧મા સૈકામાં બેઠેલા આચાર્ય હેમચંદ્ર જ્યારે પોતાનો 'અભિધાનચિંતામણિ' નામનો

૧. 'જાતકમાલા'માંના ક્ષાન્તિવાદી, મૈત્રીબલ, મહાહંસ, રુરુ, શિબિ, મહાકપિ, મહિષ વગેરે જાતકકથાઓને આધારે ચિત્રો દોરવામાં આવ્યાં છે.

શબ્દકોશ બનાવી રહ્યા છે ત્યારે તેમણે પણ बुद्ध શબ્દના વિવિધ અર્થો આપતી વખતે લખ્યું છે કે –

चतुस्त्रिंशज्जातकज्ञो दशपारमिताधरः ॥ (अ. चि. २–१४७) એટલે કે – ''જે પોતાના ૩૪ જાતક (=પૂર્વાવતારો)ને જાણનારા છે અને જે દશ પારમિતાઓને ધારણ કરનારા છે, તે 'બુદ્ધ' છે.'' હવે, આમ તો પાલિ જાતકકથાઓ કુલ ૫૪૭ છે; પણ આર્યશૂરની સંસ્કૃત 'જાતકમાલા'માં જ ૩૪ જાતકકથાઓ આવેલી છે; જે હેમચંદ્રાચાર્યના જોવામાં આવી હશે. તેથી તેમણે બુદ્ધને માટે ''૩૪ જાતકોને જાણનાર'' કહ્યા છે. આમ ૧૧મા સૈકામાં ગુજરાત સુધી 'જાતકમાલા' ગ્રન્થનો પ્રચાર થયો હશે એમ સાધાર કહી શકાય એવું છે.

આર્યશૂરનું જીવન :

'જાતકમાલા'ના રચયિતા આર્યશૂરના અંગત જીવન વિશે, એમના નિવાસસ્થાન કે ગામના નામ વિશેની કશી જ માહિતી આજે મળતી નથી. પં. સૂર્યનારાયણ ચૌધરી કહે છે તેમ કલા અને સૌન્દર્યના ઉપાસક અને પ્રવૃત્તિમાર્ગ ઉપર ચાલનાર મહાકવિ કાલિદાસ જેવા સંસ્કૃત કવિએ જો પોતાના કુળ કે સ્થળકાળ વિશે કશી માહિતી આપી ન હોય અને એમના જીવનની વિગતો પણ કેવળ દંતકથાઓ ઉપર આધારિત હોય તો આર્યશૂર જેવા નિવૃત્તિમાર્ગી બૌદ્ધ કવિ તો પોતાના જીવનની કશી પણ માહિતી કેવી રીતે લખે ? એટલે આપણે આર્યશૂરના અંગત જીવન કે સ્થળકાળ વિશે એમના પોતાના લખાણ (=જાતકમાલા)માંથી કોઈ વિગત પ્રાપ્ત કરી શકતા નથી.

છતાં પણ પરોક્ષ રીતે જે કેટલીક વિગતો એકઠી થઈ શકી છે, તે આ મુજબ છે :– તેમણે પોતાની 'જાતકમાલા'ના મંગલાચરણમાં જ બધા (૨૪) બુદ્ધોને અને બોધિસત્ત્વોને નમસ્કાર કર્યા છે. આથી તેઓ મહાયાની બૌદ્ધ મતાવલંબી કવિ છે એ સ્પષ્ટ થાય છે. 'જાતકમાલા'માં આવતી 'યજ્ઞજાતક' અને 'શક્રજાતક' કથાઓ ઉપરથી એવું લાગે છે કે તેઓ બૌદ્ધ હોવા છતાંય તેમના સમયમાં પ્રચલિત બ્રાહ્મણ સંસ્કૃતિના યજ્ઞયાગાદિથી, બ્રાહ્મણોની ધાર્મિક માન્યતાઓથી અને વેદમન્ત્રોમાં પ્રસિદ્ધ એવા ઈન્દ્ર વગેરે દેવતાઓથી પણ પૂરા પરિચિત છે; અને બ્રાહ્મણસંસ્કૃતિની કેટલીક માન્યતામાંથી જન્મેલી બદીઓથી પણ સભાન છે. આની સામે બૌદ્ધ સદાચારની નીતિઓનો તથા અહિંસા, દયા, કરુણા, મૈત્રી વગેરે સદ્‌ગુણોનો પ્રચાર–પ્રસાર કરવાના આશયથી તેમણે પોતાના કવિત્વને કામે લગાડ્યું છે.

તેઓ એક સારા ધર્મોપદેશક હોવા ઉપરાંત પાંડિત્યની બાબતમાં પણ ઊંચી કક્ષાના પંડિત જણાય છે. કેમ કે તેમણે પાણિનીય વ્યાકરણને સંમત થાય તેવી

શિષ્ટ સંસ્કૃત ભાષામાં પોતાના ગદ્યકાવ્યની રચના કરી છે. ભાષા ઉપર પ્રભુત્વ હોવાને કારણે તેઓ 'જાતકમાલા'માં સફળતાપૂર્વક વૈદર્ભી શૈલી વાપરી શક્યા છે. તેમણે ગદ્યકથાઓની વચ્ચે વચ્ચે ('પંચતન્ત્ર'ની જેમ) નીતિ કે ધર્મવિષયક સુંદર શ્લોકો પણ મૂક્યા છે. આવા શ્લોકોમાં તેમણે જુદા જુદા કુલ ૨૭ છન્દોનો સફળ પ્રયોગ કર્યો છે. આમ વ્યાકરણ અને છન્દઃપ્રયોગની બાબતમાં તેઓ પૂરા જાણકાર પંડિત વ્યક્તિ છે.

તિબ્બત બૌદ્ધધર્મના વિશેષજ્ઞ ઇતિહાસકાર પં. શ્રી તારાનાથે આર્યશૂરના અંગત જીવનનો એક પ્રસંગ (જે એમને તિબેટમાંથી સાંભળવા મળ્યો હશે) તે આ પ્રમાણે વર્ણવે છે :– 'જાતકમાલા'ની પહેલી કથા 'વ્યાઘ્રી–જાતક' આર્યશૂરે પોતાના ગુરુના મુખેથી સાંભળેલી છે. (આ જાતકકથા 'પાલિજાતકો'માંથી લેવામાં આવી નથી.) તેનાથી તેઓ એટલા પ્રભાવિત થયેલા હતા કે એકવાર વનમાં સાચેસાચ તેમણે એક વાઘણ અને તેનાં બચ્ચાંને ભૂખે તરફડિયાં ખાતાં, લગભગ બેશુદ્ધ થવાની અણી ઉપર હતાં એવાં જોયાં. આથી તેમણે બોધિસત્ત્વના દયાના વિચારોથી પ્રેરાઈને પોતાની જાતને વાઘણના ખોરાક તરીકે ધરી દેવા વિચાર્યું, પણ ઘડીભર તેઓ ડરી ગયા, પણ પછી હિંમત એકઠી કરીને તેમણે પહેલાં પોતાના શરીરમાં છેદ મૂકીને લોહી કાઢ્યું અને પેલી વાઘણને પીવડાવ્યું. થોડીવારે તેનામાં શક્તિ આવતાં, એ બેઠી થઈ, ત્યારે તેમણે પોતાનું શરીર એ વાઘણને ખાવા માટે આપી દીધું. આમ પ્રાણીમાત્રને ભૂખના દુઃખમાંથી બહાર કાઢવા જેમ બોધિસત્ત્વ શરીરત્યાગ કરવાય તત્પર રહેતા તેમ આર્યશૂરે પણ પોતાના જીવનમાં સાચેસાચ એવી તત્પરતા દાખવી હતી; અને બોધિસત્ત્વના જીવન–આદર્શને જીવી બતાવ્યો હતો. આદર્શમય લખાણો લખવાં તે એક વાત છે અને આદર્શ જીવી બતાવવો તે બીજી વાત છે, તો આર્યશૂર બોધિસત્ત્વના જીવન આદર્શોની માત્ર કથા લખનાર ન હતા, તે મુજબ જીવન જીવનાર પણ હતા !

આર્યશૂરની કૃતિઓનો પરિચય :

આર્યશૂરે ત્રણ કૃતિઓની રચના કરી ગણાય છે :–

(૧) જાતકમાલા

(૨) સુભાષિતરત્નકરંડક–કથા સંસ્કૃતમાં

(૩) પારમિતાસમાસ

આ ઉપરાંત બીજી ત્રણ કૃતિઓ પણ આર્યશૂરની રચેલી કહેવાય છે; પણ તેના મૂળ (સંસ્કૃત) સ્વરૂપમાં ઉપલબ્ધ થતી નથી, આ ત્રણ કૃતિઓ કેવળ તિબ્બતી–અનુવાદમાં જ મળે છે :–

(૪) પ્રતિમોક્ષસૂત્ર–પદ્ધતિ

(૫) બોધિસત્ત્વજાતક ધર્મગણ્ડી

(૬) સુપથનિર્દેશપરિકથા.

આમાંથી આપણે કેવળ પહેલી 'જાતકમાલા' કૃતિ વિશે જ વિગતે પરિચય કેળવીશું :–

'જાતકમાલા'નો વિસ્તૃત પરિચય :

આર્યશૂર નામના બૌદ્ધ સંસ્કૃત કવિએ રચેલી આ 'જાતકમાલા'માં ભગવાન બુદ્ધના પૂર્વાવતારોની કુલ ૩૪ કથાઓનો સંગ્રહ છે. ભગવાન બુદ્ધ તેમના પૂર્વ અવતારોમાં હંમેશા 'બોધિસત્ત્વ' તરીકે ઓળખાય છે. આ બોધિસત્ત્વના એક એક જન્મની કથાને પાલિસાહિત્યમાં 'જાતકકથા'ના નામથી ઓળખવામાં આવે છે. પાલિભાષામાં આવી ૫૪૭ જાતકકથાઓ પ્રસિદ્ધ છે, તેમાંથી પસંદ કરી કરીને, આર્યશૂરે પોતાની આગવી શૈલીમાં અને સંસ્કૃત ભાષામાં કુલ ૩૪ જાતકકથા રૂપી ૩૪ પુષ્પોની માળા રચી છે; તથા તેનું નામ ''જાતકમાલા'' (Garland of birth–stories) આપ્યું છે. આ 'જાતકમાલા' એવા શીર્ષકની સાથોસાથ તેનું એક બીજું નામ પણ પ્રસિદ્ધ થયેલું છે. જેમ કે, ''બોધિસત્ત્વાવદાનમાલા''.

અહીં 'જાતક(કથા)'ને બદલે 'અવદાન(કથા)' એવો જે શબ્દ વપરાયો છે, તે પણ સમજવા જેવો છે. 'અવદાન' એટલે ''કીર્તિકર કાર્ય'', ''પવિત્ર કર્મ'' કે 'ઉદાર ચરિત'. બોધિસત્ત્વે પોતાના એક એક જીવનમાં જે દયા, દાન, અહિંસા, સત્યાચરણ આદિનાં સત્કૃત્યો કર્યાં છે, તે દરેકને 'અવદાન' કહેવાય છે. બોધિસત્ત્વનાં આવાં અવદાનોની એક એક કથાની માળા જેમાં ગૂંથવામાં આવી છે, તેને ''બોધિસત્ત્વાવદાનમાલા'' – એવું શીર્ષક અપાય તો, તે પણ યથાર્થ છે.

'જાતક–માલા'માં જે ૩૪ જાતકકથાઓ રજૂ કરવામાં આવી છે, તે નીચે મુજબ છે :–

(૧) વ્યાઘ્રી જાતક	(૨) શિબિ જાતક
(૩) કુલ્માષપિણ્ડી જાતક	(૪) શ્રેષ્ઠિ જાતક
(૫) અવિષહ્ય શ્રેષ્ઠિ જાતક	(૬) શશ જાતક
(૭) અગસ્ત્ય જાતક	(૮) મૈત્રીબલ જાતક
(૯) વિશ્વન્તર જાતક	**(૧૦) યજ્ઞ જાતક**
(૧૧) શક્ર જાતક	(૧૨) બ્રાહ્મણ જાતક
(૧૩) ઉન્માદયન્તી જાતક	**(૧૪) સુપારગ જાતક**

(૧૫) મત્સ્ય જાતક	**(૧૬) વર્તકાપોતક જાતક**
(૧૭) કુમ્ભ જાતક	(૧૮) અપુત્ર જાતક
(૧૯) બિસ જાતક	(૨૦) શ્રેષ્ઠિ જાતક
(૨૧) ચુડ્ડબોધિ જાતક	(૨૨) હંસ જાતક
(૨૩) મહાબોધિ જાતક	**(૨૪) મહાકપિ જાતક**
(૨૫) શરભ જાતક	(૨૬) રુરુ જાતક
(૨૭) મહાકપિ જાતક	(૨૮) ક્ષાન્તિ જાતક
(૨૯) બ્રહ્મ જાતક	(૩૦) હસ્તિ જાતક
(૩૧) સુતસોમ જાતક	(૩૨) અયોગૃહ જાતક
(૩૩) મહિષ જાતક	**(૩૪) શતપત્ર જાતક.**

(આમાંથી ૧, ૧૦, ૧૧, ૧૪, ૧૬, ૨૪, ૨૫ અને ૩૪ નંબરની કુલ આઠ જાતકકથાઓનો આપણે અભ્યાસ કરવાનો છે.)

આ ૩૪ જાતકકથાઓમાંથી સૌથી પહેલી 'વ્યાઘ્રી–જાતક' કથા એ આર્યશૂરે પોતાના ગુરુ પાસેથી સાંભળેલી છે (અને તેમણે પોતે જીવનમાં એ મુજબ આત્મસમર્પણ કરીને એક વાઘણનું અને એનાં બચ્ચાંનું જીવન બચાવી પણ લીધું હતું.) પણ એ એક જાતકકથા સિવાયની બાકીની ૩૩ જાતકકથાઓની આધારસામગ્રી તો તેમને પાલિ–જાતક કથાઓમાંથી મળેલી છે.

આ બધી જ જાતકકથાઓમાં તેના મુખ્ય નાયક પાત્ર તરીકે 'બોધિસત્ત્વ' આવે છે. આ બોધિસત્ત્વ ક્યારેક મનુષ્ય રાજા બનવા ઉપરાંત દેવરાજ ઈન્દ્ર પણ બને છે; અને ક્યારેક પશુ–પંખી પણ બને છે. આથી પંચતન્ત્રની કથાઓ જેમ 'પ્રાણીકથા' (Fables) તરીકે પણ ઓળખાય છે, તેમ જાતકકથાઓનું મુખ્યપાત્ર બોધિસત્ત્વ પણ ઘણે ભાગે હાથી, વાનર, તેતર-પક્ષી કે શતપત્ર-પક્ષી વગેરે પણ બને છે. આથી પ્રાણીકથાઓની સાથે આ જાતકકથાઓ પણ એક રીતનું સામ્ય ધરાવે છે. વળી, જેમ પંચતન્ત્રની કથાઓ કોઈકને કોઈક નીતિબોધ કરાવે છે તેમ આ જાતકકથાઓ પણ સમાજમાં એકબીજાનાં દુઃખ દૂર કરવા, દાન, દયા, સત્ય, સદાચાર, ઉપકાર અને અપકાર ઉપર પણ ઉપકાર કરવો જરૂરી છે. ઈત્યાદિ પ્રકારની બૌદ્ધદર્શનને સમ્મત એવી કરુણાપ્રેરિત નીતિઓનો જ બોધ કરાવે છે. આથી તેને પંચતન્ત્રની જેમ 'ઉપદેશકથા'ઓ પણ કહેવી પડે તેવી છે.

પંચતન્ત્રની સાથે આ 'જાતકકથા'ઓનું એક ત્રીજા પ્રકારનું પણ સામ્ય છે : પંચતન્ત્રમાં જેમ ગદ્યમાં અમુક કથાંશની રજૂઆત થયા બાદ, નીતિબોધ કરાવવા

માટે વચ્ચે વચ્ચે શ્લોકો પણ મૂકવામાં આવે છે; તેમ આર્યશૂરની જાતકકથાઓમાં પણ વચ્ચે વચ્ચે અનેક શ્લોકો આવે છે; અને તે બધા જ ઉપદેશવચનોથી ભરેલાં હોય છે. આથી જેમ ચમ્પૂકાવ્યો ગદ્ય–પદ્ય મિશ્રિત શૈલીમાં રચાયેલાં જોવા મળે છે, તેમ આ 'જાતકમાલા'માં પણ ગદ્યપદ્યથી મિશ્રિત થયેલી રજૂઆત છે.

આર્યશૂરની 'જાતકમાલા'ની પંચતન્ત્રની સાથે એક ચોથા પ્રકારની તુલના કરવી પણ જરૂરી છે : જેમ કે, પંચતન્ત્રની કથાઓ જેમ એક વાર્તાની અંદર બીજી વાર્તા અને બીજી વાર્તામાં ત્રીજી વાર્તા ગૂંથાઈને ચિનાઈ પેટીના જેવી સંકલના ધરાવે છે, તેમ 'જાતકમાલા'માં જોવા મળતું નથી. અહીં તો દરેક કથા સ્વતન્ત્ર–એકમ તરીકે જ રજૂ થાય છે.

વળી, પંચતન્ત્રમાં જેમ એક નીતિના સમર્થન માટે એક વાર્તા કહેવાઈ હોય પછી, એ જ વાર્તાના અનુસંધાનમાં જે બીજી વાર્તા કહેવાય છે, ત્યારે તેના થકી પણ પૂર્વે સૂચવાયેલી નીતિનું જ સમર્થન દઢાવવામાં આવે છે; તેવું અહીં 'જાતકમાલા'માં નથી. અહીં તો દરેક જાતકકથામાં જુદા જુદા દયા, દાન, સત્ય, કરુણા વગેરે સદાચારના પાયામાં રહેલા ગુણોનો ઉપદેશ એકબીજાથી સ્વતન્ત્ર રીતે જ કહેવામાં આવે છે.

આર્યશૂરે પ્રત્યેક જાતકકથાને એક સ્વતંત્ર લઘુકથા રૂપે જ રજૂ કરેલ છે. તેના આરંભ અને અંતનો પણ અભ્યાસ કરવા જેવો છે. જેમ કે, (૧) દરેક કથાની પ્રારંભિક અવતરણપંક્તિમાં એક પ્રતિજ્ઞા-વાક્ય સમું નીતિવચન કે ઉપદેશવચન મૂકવામાં આવે છે; અને પછી એ ઉપદેશવચનનું સમર્થન કરતી બોધિસત્ત્વના કોઈ એક જીવનની કથાને શરૂ કરવાં માટે આર્યશૂર કહે છે કે – तद् यथाऽनुश्रूयते = ''જેમ કે, આ સંદર્ભમાં એક કથા આમ સાંભળવા મળે છે :– "આમ કોઈપણ પ્રકારનો પ્રપંચ કર્યા વિના, કયા ઉપદેશવચનને આકારિત કરવા આ વાર્તા કહેવામાં આવી રહી છે ? તે લક્ષ્યને જ સૌથી પહેલું જાહેર કરી દેવામાં આવે છે. (૨) કથાની અવતરણપંક્તિ આપ્યા પછી બીજા તબક્કે આર્યશૂર મૂળ કથા શરૂ કરે છે. તેમાં ગદ્ય–પદ્ય મિશ્રિત એવી લલિત અને ભાવવાહી વાણીમાં કથાને ગૂંથવામાં આવે છે અને છેલ્લે (૩) (દરેક જાતકકથાના અંતિમ પેરેગ્રાફમાં) બોધિસત્ત્વના જીવનની તે કથા શ્રોતાવર્ગને માટે ક્યારે રજૂ કરવી જોઈએ ? કયા ગુણનો મહિમા ઉદ્‌ઘાટિત કરવા માટે બોધિસત્ત્વની અમુક જાતકકથા કહેવી જોઈએ ? તથા આ અમુક જાતક કથા સાંભળ્યા પછી બોધિસત્ત્વનો કયો ગુણ શ્રોતાએ હૃદયમાં ધારણ કરવો જોઈએ ? – એવા ત્રિવિધ દૃષ્ટિકોણને સ્પષ્ટ/વિશદ કરી આપવામાં આવે છે. આર્યશૂરે ક્યારેક એક જ જાતકકથામાંથી જો બે ત્રણ ગુણોનો ઉપદેશ નીકળી શકતો

હોય તો તે પણ ચોખવટપૂર્વક શબ્દબદ્ધ કરી આપ્યો છે. આમ કરવાનું કારણ એ જ છે કે આ કથાઓ મનોરંજનના આશયથી કહેવાઈ જ નથી; તે તો કોઈક કોઈક ધાર્મિક કે આધ્યાત્મિક ગુણને વિકસાવવા માટે જ કહેવાઈ છે. તેથી કથાકાર પોતાને અભીષ્ટ એવા ઉપદેશને સ્પષ્ટ રીતે શ્રોતાને હસ્તગત કરી આપીને, પછી જ કથાની પૂર્ણાહૂતિ કરે છે. – આમ આર્યશૂરની 'જાતકકથા'ઓની ઉપર્યુક્ત પ્રકારની વસ્તુસંકલના સાદી–સરળ જ કહેવાય, છતાંય તે મનોહર છે. વળી, ગ્રન્થકાર પોતાના શ્રોતાને જે કહેવા ધારે છે તે યથાવત્ સ્વરૂપે પહોંચતું થાય એવી પદ્ધતિ જ શ્લાઘનીય ગણાય. તેથી કોઈ પણ બાણ જેમ સીધું જ પોતાના લક્ષ્યસ્થાનમાં જ પહોંચે તેમ આર્યશૂરની 'વિશુદ્ધ ઉક્તિ' શ્રોતાના ચિત્તને બોધિસત્ત્વના તે તે ગુણથી આપ્લાવિત કરીને જ વિરમે છે. કોઈક સાહિત્યરસિકે જુદા જુદા સંસ્કૃત કવિની ખાસ ઉપસી આવતી લાક્ષણિકતા કે વિશિષ્ટતાને ધ્યાનમાં લઈને એક શ્લોક બનાવ્યો છે; જેમાં આર્યશૂરની 'વિશુદ્ધ ઉક્તિ'ને અધોરેખાંકિત કરીને વખાણવામાં આવી છે. જેમ કે,

सुबन्धौ भक्तिर्नः, क इह रघुकारे न रमते
धृतिर्दाक्षीपुत्रे, हरति हरिचन्द्रोऽपि हृदयम् ।
विशुद्धोक्तौ शूरः, प्रकृतिसुभगा भारविगिरः
तथाप्यन्तर्मोदं कमपि भवभूतिर्वितनुते ॥

– सुभाषितरत्नकोषः १६९८

''સુબન્ધુ(ની વાસવદત્તા–કથા)માં અમને ભક્તિ છે, રઘુ(વંશ)કાર (= કાલિદાસની કલમ)થી કોણ રાજી થતું નથી ? (= સૌ રાજી થાય છે.) દાક્ષીપુત્ર (પાણિનિના મહાકાવ્ય)માં ધૃતિ નોંધપાત્ર છે; અને હરિચન્દ્ર પણ (તેમના કાવ્યથી વાચકોના) હૃદયને આકર્ષે છે. [પાણિનિ અને હરિચન્દ્રની કાવ્યકૃતિઓ આજે મળતી નથી.] (આર્ય)શૂરની ('જાતકમાલા'માં વિશુદ્ધ–ઉક્તિ ધ્યાન ખેંચે છે; જ્યારે ભારવિની વાણી તો મૂળ પ્રકૃતિથી જ સુંદર છે. તો પણ ભવભૂતિ તો અંતઃકરણના કોઈક અવર્ણનીય આનંદને જ વિસ્તારનારા છે !''

જે કોઈ તટસ્થ કે નિરપેક્ષ સાહિત્યરસિક છે તેણે અન્ય સંસ્કૃત કવિઓની હરોળમાં ભાવપૂર્વક આર્યશૂરને સ્થાન આપ્યું છે તે ઉપરના શ્લોક દ્વારા જોઈ શકાય છે. પણ બાણભટ્ટ જેવા કવિ કે જેઓ બ્રાહ્મણધર્મના પક્ષપાતી છે, તેમણે 'હર્ષચરિત'ના આરંભે મૂકેલા પ્રાસ્તાવિક શ્લોકોમાં હરિચન્દ્રને અને સુબન્ધુને યાદ કર્યા છે, પણ આર્યશૂરને યાદ કર્યા નથી. તેનું કારણ કદાચ એ હોઈ શકે કે આર્યશૂર બૌદ્ધ મતાવલમ્બી હતા. છતાંય આપણે જોયું છે કે જેવી રીતે 'અલંકૃત મહાકાવ્ય'નો

(કાલિદાસની પણ પૂર્વે) આરંભ કરનાર અશ્વઘોષ (ઇ.સ. ૭૮) છે, તેમ લલિત અલંકૃત સંસ્કૃત **ગદ્યકાવ્યના આદિકવિ** તરીકે, સમયાનુક્રમની દૃષ્ટિએ, આર્યશૂરનું સ્થાન અફર છે !

(૮) 'જાતકમાલા'ની આઠ કથાઓનો પરિચય

મંગલશ્લોકો : આર્યશૂરે 'જાતકમાલા'નો આરંભ કરતાં પૂર્વે કુલ ચાર મંગલશ્લોકો લખ્યા છે. તેમાં તેમણે ગ્રન્થરચનાનો હેતુ સ્પષ્ટ કરતાં લખ્યું છે કે –

(શ્લોક–૧) ''ગૌતમ મુનિનાં–એટલે કે ભગવાન બુદ્ધનાં–પૂર્વજન્મોમાં જે સદ્‌ગુણોથી ભરેલાં મંગલકારી કર્મો છે, તે કર્મોને મારે મારાં કાવ્ય રૂપી કુસુમોની અંજલિ અર્પીને તેની પૂજા કરવી છે, અર્ચના કરવી છે.'' આથી તે અર્ચનાની સામગ્રી રૂપે સૌથી પહેલાં પુષ્પોની એક માળા ગૂંથીને તૈયાર કરવી પડે, તો પોતે આ 'જાતકકથાઓ રૂપી પુષ્પોની માળા' (= जातकमाला) બનાવી છે ! તેનાથી તે ભગવાન બુદ્ધની અર્ચના કરશે.

(શ્લોક–૨) આર્યશૂરે રચેલી 'જાતકમાલા'થી કયું પ્રયોજન સિદ્ધ થશે ? એની સ્પષ્ટતા કરતાં તેમણે લખ્યું છે કે – આ જાતકકથાઓ થકી સુગતત્વ (= બુદ્ધત્વ)ને મેળવવાનો માર્ગ સમજમાં આવશે. બીજું, રુક્ષ મનવાળા (= કોઈના પ્રત્યે દયા નહીં દાખવવી, કોઈને કશુંય આપવાનું મન ન થવું, કોઈનું જીવન લઈ લેવાની ક્રૂરતા આચરવી–ઇત્યાદિ રૂપ રુક્ષ મનવાળા)ને પણ આ જાતકકથાઓ વાંચીને મનમાં ભાવ જાગશે, પ્રસન્નતા ફેલાશે અને જો આવું થશે તો, તેથી આ ધાર્મિક કથાઓ જે છે એના કરતાં પણ વધારે રમણીય બની જશે ! – એ ત્રીજું પ્રયોજન પણ સધાશે.

(શ્લોક–૩) આર્યશૂર પોતાની કાવ્યસર્જનની 'શક્તિ' (પ્રતિભા)ના અભિમાનમાં પણ તણાતા નથી. પોતે આ ગદ્યકાવ્યની રચના કરીને કોઈ મોટો યશ કે ધન પણ કમાઈ લેવાનો ખ્યાલ રાખતા નથી. તેમની ઇચ્છા તો એટલી જ છે કે લોકોત્તમ અને લોકોત્તર એવા બોધિસત્ત્વના જીવનની આ કથાઓ પોતાની વાણીમાં મૂકશે, તો તેમની કવિ તરીકેની પ્રતિભા પોતે ધન્ય થશે ! સામાન્ય રીતે આપણે કોઈ કવિનાં કાવ્યો સાંભળવા જતા નથી, પણ 'અમુક વ્યક્તિ બુદ્ધના પૂર્વાવતારોની કથાઓ કહે છે', એ જોઈને બુદ્ધની વાતો સાંભળવાની લાલચથી આવેલા શ્રોતાને એ બહાને પોતાની કાવ્યપ્રતિભાનો આસ્વાદ કરાવવાનો મોકો મળશે એવો ખ્યાલ આર્યશૂર ધરાવે છે. આમાં તેમની નમ્રતા દેખાય છે. स्वं प्रातिभं श्रुतिवल्लभत्वं गमयितुम् अयं प्रयत्नः करिष्यते । પોતે જો બોધિસત્ત્વની જાતકકથા

કહેશે તો પોતાની કાવ્યસર્જનની પ્રતિભા 'કાને સાંભળવા યોગ્ય બનશે' એમ માનનારા આ કવિ બોધિસત્ત્વના મહિમાને જ અગ્રેસર કરે છે.

(શ્લોક–૪) છેલ્લે આર્યશૂર બૌદ્ધધર્મમાં જેની 'ત્રિરત્ન' રૂપે ખ્યાતિ છે તે (૧) બુદ્ધ, (૨) ધર્મ અને (૩) સંઘને – એ ત્રણને મસ્તક નમાવી પ્રણામ કરે છે અને તેને શરણે જાય છે. સામાન્ય રીતે અજ્ઞાની જનસમુદાય પોતપોતાના સંકુચિત અંગત સ્વાર્થમાં ડૂબેલ હોય છે. તેથી તેઓ કેવળ પરોપકારે જીવન જીવેલા બુદ્ધ અને બોધિસત્ત્વના ગુણોની શોભા જોઈ શકતા નથી અને તેનું અનુસરણ પણ કરતા નથી. પરંતુ પોતે – આર્યશૂર તો તે ''સર્વજ્ઞ બુદ્ધ''ને મસ્તક વડે નમે છે; અને ત્રિરત્નને શરણે જાય છે.

આમ આર્યશૂરે પોતાના ઈષ્ટદેવને નમસ્કાર કરીને, તેમના જીવનચરિતો વિશે ઊંડી શ્રદ્ધા અને ભક્તિ વ્યક્ત કરીને, ''જાતકમાલા'ની રચનાનો આરંભ કર્યો છે.

(૧) વ્યાઘ્રી–જાતકની કથા

બોધિસત્ત્વ, કે જેઓ પાછળથી ભગવાન બુદ્ધ બન્યા હતા તેમણે એકવાર ઊંચા બ્રાહ્મણ કુળમાં જન્મ લીધો, યથાસમયે તેમના જાતકર્માદિ સંસ્કારો કરવામાં આવ્યા. તેઓ સ્વભાવથી જ મેધાવી હતા, જિજ્ઞાસુ હતા અને આળસ વિનાના હતા. તેથી ટૂંક સમયમાં જ તેમણે અઢારેય વિદ્યાસ્થાનોમાં આચાર્યની પદવી પ્રાપ્ત કરી લીધી. તેમનામાં અતિશય ગુણો હોવાને કારણે અને મોટું ભાગ્ય હોવાને કારણે તેમને ઘણી ધનસમ્પત્તિ, માનસમ્માન અને યશ પણ આવી મળ્યો. પરંતુ પ્રવ્રજ્યામાં તેમનું મન લાગેલું હોવાથી તેમને આ ધનસમ્પત્તિ વગેરેથી આનંદ ન થયો. નિર્મળ બુદ્ધિવાળા તેમને કામોપભોગમાં ઘણા દોષ દેખાતા હતા અને ગૃહસ્થીપણું તો રોગ જેવું લાગતું હતું. આથી તેમણે વનમાં જ રહેવાનું પસંદ કર્યું. વનમાં તેમણે પોતાના મૈત્રીબળથી અને શાંત સ્વભાવથી પરસ્પર વૈર ધરાવતાં હિંસક પ્રાણીઓને પણ, વેરભાવ વિના, સાથે ફરતાં કરી દીધાં હતાં.

બોધિસત્ત્વને પ્રવ્રજિત થયેલા સાંભળીને, નગરમાં વસતાં સૌ મનુષ્યો તેમના ગુણોથી આકર્ષાયા અને પોતાનાં સૌ સગાંવહાલાં અને ધનસમ્પત્તિઓ છોડીને તેમના શિષ્ય બનવા લાગ્યા. આમ તેમણે દુરાચારના દ્વાર બંધ કરી દીધાં અને સદાચારના માર્ગોને મોટા રાજમાર્ગો બનાવી દીધા. ત્યાર પછી એકવાર પોતાના શિષ્ય અજિતને જોડે લઈને તેઓ યોગ સાધવામાં અનુકૂળ બની રહે તેવી પર્વતની ગુફાઓને શોધતાં શોધતાં ગાઢ વનમાં ફરવા લાગ્યા, ત્યાં અકસ્માત્ તેમની દૃષ્ટિ ગિરિકન્દરામાં પડી. અહીં તેમણે એક વાઘણને બચ્ચાંઓને જન્મ આપ્યા પછી ભૂખ અને પ્રસૂતિના ક્લેશથી વિહ્વળ બનેલી જોઈ. ભૂખથી તેની બે આંખો ઊંડી

ઉતરી ગઈ હતી અને પેટ કૃશ થઈ ગયું હતું. એક તરફથી એના બચ્ચાં વિશ્વસ્ત બનીને મા તરફ સ્તનપાન કરવા આગળ વધી રહ્યા હતા, તો બીજી તરફ તે વાઘણ ભૂખથી સંત્રસ્ત થઈને, બચ્ચાંઓને જ ખાઈ જવા ઘુરકિયાં કરી રહી હતી. વાઘણ પોતાનાં જ બચ્ચાંઓને શત્રુઓની જેમ જોઈ રહી છે – આ જોઈને બોધિસત્ત્વ ધ્રુજી ઊઠ્યા. ધરતીકંપથી જેમ અચળ પર્વતરાજ પણ હાલી ઊઠે, તેમ બોધિસત્ત્વ મહાન ધૈર્યવાળા હતા છતાંય કરુણાને કારણે કમ્પી ઊઠ્યા. કવિ આર્યશૂર કહે છે કે –

महत्स्वपि स्वदुःखेषु व्यक्तधैर्याः कृपात्मकाः ।
मृदुनाप्यन्यदुःखेन कम्पन्ते यत् तद् अद्भुतम् ॥ १७ ॥

''કૃપાળુ માણસો પોતાનાં મોટાં દુઃખોમાં પણ ધૈર્ય ટકાવી શકે છે, પણ બીજાઓનાં નાના સરખાં દુઃખથી પણ તેઓ કમ્પી ઊઠે છે—એ ખરેખર અદ્‌ભુત કહેવાય.''

કરુણા-ભર્યા સ્વરે બોધિસત્ત્વે પોતાના શિષ્ય અજિતને કહ્યું : ''વત્સ, જો જો ! સંસારની નિર્ગુણતા તું જો, કે ભૂખથી પીડાયેલી આ વાઘણ માતૃસ્નેહની મર્યાદા[1] તોડીને પોતાનાં જ બચ્ચાંઓને ખાઈ જવા ઉદ્યત થઈ છે ! દરેક પ્રાણીને પોતાના શરીરને (સાચવવા, સુખ પહોંચાડવા) માટે કેટલો સ્નેહ હોય છે એ તું જો. શરીરપ્રેમમાંથી જન્મતી આ ક્રૂરતા ધિક્કારવા જેવી છે. આ વાઘણ માતા હોવા છતાંય, પોતાની ભૂખ સંતોષવા પોતાનાં જ બચ્ચાંઓને આહાર બનાવવા તાકૂકી રહી છે ! કયો બુદ્ધિશાળી વ્યક્તિ આ આત્મસ્નેહમય શત્રુને વધારવા ઇચ્છશે ? કેમ કે આત્મસ્નેહ (= શરીરપ્રેમ)માંથી જ વ્યક્તિ પાપી અધમ કૃત્યો કરવા તૈયાર થઈ જાય છે. માટે હે શિષ્ય ! તું જલ્દીથી આ વાઘણના કોઈક આહારને શોધી લાવ. નહીં તો તે એનાં બચ્ચાંને જ હણી કાઢશે અને હું પણ મારાથી બનતાં પ્રયત્નો કરીને, એને આ અપકૃત્યમાંથી નિવારવા કોશિશ કરું છું.''

શિષ્યને કોઈક આહાર શોધી લાવવાના બહાને દૂર મોકલી દઈને, બોધિસત્ત્વે વિચાર્યું કે આ શરીર સારહીન અને ગંદકી ભરેલું છે. વળી, તે એક દિવસ ચોક્કસ જ નષ્ટ થનારું છું. તો એવા મારા શરીર ઉપર સ્નેહ રાખવાની શી જરૂર

---

૧. માતૃસ્નેહની મર્યાદા એ છે કે – कुपुत्रो जायेत, क्वचिदपि कुमाता न भवति। તથા દીકરો માનું કાળજું કાઢીને લઈ જતો હોય અને જો રસ્તામાં તેને ઠોકર પણ વાગે તો માનું તે કાળજું ''ખમ્મા, મારા દીકરા !'' એમ બોલી ઊઠે છે. પરંતુ પ્રાણીસૃષ્ટિમાં ક્યારેક માતૃસ્નેહની મર્યાદા તૂટતી હોય તેવા દાખલા જોવા મળે છે.

છે ? આ દેહ જો બીજાના ઉપયોગમાં આવતો હોય તો એના વિશે પ્રેમ રાખવાની જરૂર નથી.

લોકો પોતાના સુખને ટકાવી રાખવા આસક્ત હોય છે અને ''બીજાને મદદ કરવાથી મારું ધન વપરાઈ જશે.'' એનો એમને ડર હોય છે, તેથી તેઓ બીજાના દુઃખની ઉપેક્ષા કરી શકે છે. પણ બીજાં કોઈ પણ પ્રાણીને દુઃખ હોય ત્યારે મને, બોધિસત્ત્વને તો સુખ હોઈ જ કેવી રીતે શકે ? અને સામાનું દુઃખ દૂર કરવાની શક્તિ કે સાધન મારી પાસે હોય ત્યાં સુધી હું બીજાનાં દુઃખોની ઉપેક્ષા કેવી રીતે કરી શકું ? આ વાઘણનું દુઃખ દૂર કરવા મારી પાસે મારું પોતાનું માંસથી ભરેલું આ શરીર છે જ. તો મારે આ પર્વતની ટોચેથી વાઘણની સામે જ પડતું મેલવું જોઈએ; કે જેથી વાઘણને પુત્રવધના પાપમાંથી બચાવી શકાય અને પુત્રોને મૃત્યુના મુખમાંથી બચાવી શકાય.''

બોધિસત્ત્વને તો એવો મનોરથ ઘણા વખતથી હતો કે પોતાનાં શરીરનાં ગાત્રોથી પણ તે બીજાનું હિત કરે. આજે એ અવસર આવી મળ્યો છે, આ તક જતી કરાય એવી નથી. તેમણે સાચે જ ઊંચી ભેખડ ઉપરથી પડતું મૂક્યું ! શરીરના પડવાનો મોટો અવાજ થતાં, વાઘણ વધારે ગુસ્સે ભરાઈ, પોતાનાં બચ્ચાંની હિંસા કરવાથી અટકીને તે દોડી બોધિસત્ત્વના મૃત શરીર તરફ. શિષ્ય મોડો પડ્યો, એને વાઘણના આહાર માટે કશું હાથ લાગ્યું ન હતું. તે પોતાના ગુરુને એનું નિવેદન કરવા પાછો ફર્યો હતો; પણ તેણે જોયું કે દૂર બેઠેલી પેલી વાઘણ બોધિસત્ત્વના શરીરથી પોતાની ભૂખ મટાડી રહી છે !

જેમ સૂર્યનો ઉદય થતાં જ બે ઘટનાઓ એક સાથે બને છે, એક તો અંધકારનો નાશ થાય છે અને બીજું સર્વત્ર પ્રકાશ ફેલાઈ જાય છે ! તેવી રીતે બોધિસત્ત્વે પણ પોતાના આત્મસમર્પણથી એક તો વાઘણની ભૂખનું દુઃખ દૂર કર્યું; અને બીજું, તેનાં બચ્ચાંને મોતના મોંમાંથી ઉગારી લીધાં ! આ પ્રસંગ દ્વારા, બોધિસત્ત્વે આ જન્મમાં 'કરુણા–પારમિતા' સિદ્ધ કરી. 'કરુણા' એટલે 'જેના થકી પરાનુગ્રહની પ્રવૃત્તિ થાય તે. (परानुग्रहप्रवृत्तिहेतुः करुणा ।)' બોધિસત્ત્વ કે જેઓ બધાં જ (મનુષ્ય અને મનુષ્યેતર) પ્રાણીઓ તરફ અકારણ પરમ વાત્સલ્ય રાખનારા હતા, તેમણે પોતાની જાતનું બલિદાન આપી દઈને વાઘણ અને તેનાં બચ્ચાં તરફ એક સરખી દયા લાવીને કરુણા બતાવવાની પરાકાષ્ઠા સિદ્ધ કરી છે. કથાના અંતે આર્યશૂર કહે છે કે જે બોધિસત્ત્વે આવાં સેંકડો દુષ્કર સત્કૃત્યો કરીને, જગત ઉપર કરુણા વહેવડાવી છે તેમની ઉપર પરમ શ્રદ્ધા અને ભક્તિ રાખવી જોઈએ.

શિષ્ય અજિતે આશ્રમે જઈને પોતાના સબ્રહ્મચારીઓને–સહપાઠી શિષ્યોને–આ અસાધારણ ઘટના કહી સંભળાવી; અને બીજી તરફ સ્વર્ગના સૌ દેવો, ગન્ધર્વો અને યક્ષોએ જ્યાં બોધિસત્ત્વના શરીરનું તૂટ્યું ફૂટ્યું હાડપિંજર પડ્યું હતું, તે જમીન ઉપર પુષ્પમાળા અને ચંદનચૂર્ણનો વરસાદ વર્ષાવ્યો ! બોધિસત્ત્વનો જ્યાં શરીરપાત થયો હતો તે જમીન હવે ખરા અર્થમાં 'વસુન્ધરા' બની !![1]

વિમર્શ : આ 'વ્યાઘ્રી–જાતક' એક નવી રચના છે. આર્યશૂરે આરંભે કહ્યું છે તેમ આ કથા તેમણે પોતાના ગુરુના મુખેથી અનેકવાર સાંભળી હતી. મૂળ જે ૫૪૭ પાલિ જાતકકથાઓ છે, તેમાં આવી કોઈ વ્યાઘ્રી જાતક કથા વાંચવા મળતી નથી. તેથી આપણને પ્રશ્ન થાય કે આર્યશૂરે પરંપરાગત જાતક કથાની બહારથી આ વ્યાઘ્રી જાતકને કેમ પસંદ કરી હશે ? તથા પસંદ કરીને, તેને સૌથી પહેલી જ કેમ મૂકી છે ? આનો ઉત્તર એવો હોઈ શકે કે આ વ્યાઘ્રી જાતક એમના ગુરુને વધુ પસંદ હશે અને તેઓ પોતે પણ એનાથી પૂરેપૂરા આંદોલિત થયા હતા તેવી અનુશ્રુતિ પણ છે. પણ આ જાતકથી પ્રેરાઈને બોધિસત્ત્વની જેમ આર્યશૂર પણ આંદોલિત થઈ ઊઠ્યા હોય એનું શું કારણ હોઈ શકે ? એ પણ વિચારણીય છે. તો આ જાતક કથામાંથી બોધિસત્ત્વના બે સદ્‌ગુણો એકી સાથે વ્યંજિત થઈ રહ્યા છે. જેમ કે, બોધિસત્ત્વે ભૂખી વાઘણને પોતાનું શરીર જ આહાર તરીકે **દાન**માં આપી દીધું. આમાં તેમની દાન–પારમિતા દેખાય છે. સાથે સાથે આમ કરવા પાછળ તેમની વાઘણનાં બચ્ચાં માટેની અતિશય **દયા**ની ભાવના પણ દેખાઈ આવે છે. આ તેમની દયા–પારમિતા છે. મૂળ પાલિભાષામાં ગ્રથિત શશપંડિત–જાતકની કથામાંથી બોધિસત્ત્વની કેવળ 'દાન–પારમિતા' જ ઉદ્‌ઘાટિત થાય છે; જ્યારે આર્યશૂરે 'જાતકમાલા'માં મૂકેલી આ વ્યાઘ્રી–જાતકમાંથી એકી સાથે બે – (૧) દાન–પારમિતા અને (૨) દયા–પારમિતાનાં દર્શન થાય છે. આમ વ્યાઘ્રી જાતક કથા પરંપરાગત ન હોવા છતાંય તેને સૌથી પહેલી મૂકવાનું કારણ આ દૃષ્ટિએ તરત જ સમજાઈ જાય છે.

★ ★ ★

(૧૦) યજ્ઞ–જાતક

કથાની અવતરણ–પંક્તિ : 'કલ્યાણ કરવાનો જ જેમનો આશય હોય છે તેઓ ક્યારેય પણ પાપમાર્ગે લઈ જનારી પ્રતારણાનું અનુસરણ (કે અનુમોદન) કરતા

૧. 'વસુ' એટલે ધન. પૃથિવીના પેટાળમાં સોનું, કોલસો, ક્રુડ ઓઈલ, પેટ્રોલ, ગેસ, આરસપહાણ વગેરે પ્રકારનાં કિમતી પદાર્થો રહેલા હોય છે. તેમને પણ એક પ્રકારનું વસુ = ધન જ કહેવાય. આથી પૃથિવીનો એક પર્યાય 'વસુન્ધરા' છે.

નથી' – એ વાત ધ્યાનમાં રાખીને આશય–શુદ્ધિને વિશે પ્રયત્ન કરવો જોઈએ. આ સંદર્ભમાં એક આવી જાતક–કથા સાંભળવા મળે છે :–.

બોધિસત્ત્વ એકવાર ચક્રવર્તી રાજા બન્યા ત્યારે સૌ સામન્ત રાજાઓ તેમના પ્રભાવ હેઠળ હતા. 'આ પોતાનું રાજ્ય' અને 'પેલું પારકાનું રાજ્ય' એવા ભેદો મટી ગયા હતા. આમ શત્રુરાજાના ઉપદ્રવો પણ શમી ગયા હતા. રાજા તરીકે બોધિસત્ત્વનું બધું ધ્યાન ''પ્રજાનું હિત શેમાં છે, અને તે હિત કેવી રીતે થાય ?'' એના તરફ જ કેન્દ્રિત થયેલું હતું. તેઓ ધર્મના માર્ગે જ હિત છે એમ સમજીને એક મુનિની જેમ રાજ્ય કરતા હતા. તેઓ પોતે એ વાતથી સભાન હતા કે પ્રજા હંમેશા પોતાના રાજાના જ સ્વભાવ અને વર્તનનું અનુસરણ કરનારી હોય છે; આથી તેઓ વિશેષ કરીને ધર્મક્રિયામાં જ આસક્ત રહેતા હતા. જેમ કે, તેઓ ધનનું દાન કરતા, સદાચારપૂર્વક જીવતા, ક્ષમા દાખવતા અને જગતના હિતનું ચિંતન કરતા. આમ બોધિસત્ત્વ મૂર્તિમાન ધર્મ સ્વરૂપ બન્યા હતા.

છતાંય એકવાર તેમના રાજ્યમાં રહેતા સૌ પ્રાણીઓના કર્મવૈગુણ્યને કારણે (= ગત જન્મોનાં કર્મોને કારણે) અને (સિંચાઈ વગેરેનું આયોજન કરવા તરફ) પ્રમાદનું સેવન કરતા હોવાને કારણે વૃષ્ટિ કરનારાં દેવોએ તેમના રાજ્યમાં વૃષ્ટિ ન કરી. આથી દુષ્કાળ પડ્યો અને પ્રજાની હેરાનગતિ શરૂ થઈ. રાજાએ મનમાં વિચાર કર્યો કે ચોક્કસ જ આ મારા કે પ્રજાના કોઈક દુરાચારનું પરિણામ છે. ક્યાંક ધર્મની મર્યાદા તૂટતી હોવી જોઈએ. પણ પ્રજાને પહેલાં આ દુકાળના દુઃખમાંથી બહાર તો કાઢવી જોઈએ. એટલે તેમણે તાત્કાલિક રાજપુરોહિત સહિત બ્રાહ્મણોની એક સભા બોલાવી અને પ્રજાના દુઃખમાંથી ઉદ્ધાર કેવી રીતે કરવો ? – તેનો ઉપાય પૂછ્યો.

રાજપુરોહિત અને બ્રાહ્મણો તો જેમાં અનેક પ્રાણીઓનો બલિ ચઢાવવો પડે તેવા વેદોક્ત યજ્ઞયાગાદિથી જ સુવૃષ્ટિ થાય છે–એમ માનનારા હતા. આથી તેમણે સૌએ તો રાજાને એવાં વેદોક્ત યજ્ઞાદિ કાર્યોનો આરંભ કરવાનું જ સૂચવ્યું. પણ રાજા બનેલા બોધિસત્ત્વ તો હૃદયથી કરુણાશીલ હતા, તેમને જેમાં નિર્દોષ પશુઓની હિંસા થાય એવા યજ્ઞો માન્ય જ ન હતા. આથી તેમણે પુરોહિતની તે વાત કાને ન ધરી. જો કે તરત જ તો તેમણે કઠોર કર્કશ વચનોથી બ્રાહ્મણોની વાત તોડી પણ ન પાડી, પણ તે સભામાં બીજી–ત્રીજી વાતો કાઢીને વેદ–વિહિત યજ્ઞો કરવાની વાતનો પ્રસ્તાવ ટાળી દીધો. પણ પેલા પુરોહિત અને બ્રાહ્મણો એમને છોડે તેવા ન હતા. તેમણે પણ રાજકાર્યો દરમ્યાન વચ્ચે–વચ્ચે પ્રસંગ કાઢીને પણ, રાજાને તે યજ્ઞ કરવાની સલાહ આપવાની ચાલુ રાખી ! પરંતુ બોધિસત્ત્વ પોતાની વાણીથી

પણ કોઈની હિંસા ન થાય એનું ધ્યાન રાખતા હોવાને કારણે તે દરેક વખતે મૌન રાખી લેતા. છેવટે બ્રાહ્મણો ક્યારેક ટોણો પણ મારી લેતા થયા કે તમે તો પ્રજાનું હિત કરવા જ ધનુષ્ય ધારણ કર્યું છે, તો પછી યજ્ઞ રૂપી સુરલોક સુધી પહોંચવાનો સેતુ બાંધવામાં તમે પ્રમાદ રૂપી તન્દ્રામાં કેમ પડ્યા છો ? તમે દાન આપવાની બાબતમાં 'દીક્ષિત' છો, તો પછી વેદપ્રસિદ્ધ યજ્ઞો વડે તમે દેવોનું ઋણ કેમ ચૂકવતા નથી ? (માણસે ઋષિઋણ, પિતૃઋણ અને દેવઋણમાંથી મુક્ત થવાનું હોય છે.) તમે જ્યાં સુધી યજ્ઞો દ્વારા દેવઋણ નહીં ચૂકવો ત્યાં સુધી વૃષ્ટિ નહીં થાય.

આવી બધી માન્યતાઓ સાંભળીને બોધિસત્ત્વ મનમાં બહુ અકળાઈ જતા. એમને થતું કે – અરેરે ! હું કેવા લોકોથી ઘેરાઈ ગયો છું ? આ લોકો તો પારકાના કહેવાથી જ દોરવાઈ જનારા છે, જાતે કશું તર્કબદ્ધ રીતે વિચારી પણ શકતા નથી. આ બ્રાહ્મણોને તો સૌ લોકો શરણે જવા યોગ્ય ગણે છે, પણ તેઓ તો 'ધર્મ'ના નામે હિંસાની પણ પ્રેરણા આપે છે. આવા લોકોનું કહ્યું કરીને બીજા લોકો પણ કુમાર્ગે–હિંસાના માર્ગે–ચાલવા માંડે છે. યજ્ઞમાં પશુહિંસા કરવાથી સ્વર્ગ લોક મળતો હોય કે દેવતાઓ રાજી થતા હોય એવી બધી માન્યતાઓની સાથે સાચા ધર્મનો શો સંબંધ હોઈ શકે ?

બોધિસત્ત્વ વેદોક્ત યજ્ઞોમાં થતી હિંસાની અને તેનાથી પ્રાપ્ત થતાં ફળો વિશેની બ્રાહ્મણોની જે માન્યતાઓ હતી–તેની કડક આલોચના કરે છે :– બ્રાહ્મણો માને છે કે યજ્ઞક્રિયા દરમ્યાન વેદમન્ત્રોના ઉચ્ચારણની સાથે થતી પશુહિંસા એ હિંસા ગણાતી નથી. વળી, યજ્ઞમાં હણાતા પશુને સીધું સ્વર્ગલોક જ મળે છે, કેમ કે એના વધ પ્રસંગે મન્ત્રો બોલાતા હોય છે. આથી આવી હિંસા કરવી એ ધર્મકાર્ય કર્યું ગણાય. તો બોધિસત્ત્વ બ્રાહ્મણોની આ માન્યતાને ખોટી કહે છે. આવી મન્ત્રોચ્ચારણપૂર્વક થતી હિંસા પણ અધર્મ જ છે. યજ્ઞમાં બલિ બનતા પશુને સ્વર્ગ મળવાની વાત પણ ધરાર ખોટી જ છે. કેમ કે યજ્ઞક્રિયા કરવાનું કાર્ય તો એક વ્યક્તિ–બ્રાહ્મણ કરે છે, તો પછી એના ફળ રૂપે પશુને સ્વર્ગ કેવી રીતે મળે ? એકના કર્મનું ફળ બીજાને મળે એવું કેવી રીતે બને ? કર્મનો સિદ્ધાન્ત આવી વિચારણાને માન્ય કરતો નથી.

(૧) પશુને તો સ્વર્ગે જવા માટે, એણે પોતે કરેલું કોઈ સત્કર્મ હોય તે જ એને કામ લાગે. પણ જે પશુ અસત્પ્રવૃત્તિ કરવાથી હજુ અટક્યું નથી; અને તેણે હજુ 'શુભ કર્મો જ કરવાં' એવો દૃઢ નિશ્ચય પણ કર્યો નથી, તે યજ્ઞક્રિયામાં હણાય તો પણ જ્યાં સુધી એની પાસે એણે કરેલાં સત્કર્મોનો આધાર નથી ત્યાં સુધી તે સ્વર્ગે જઈ જ કેવી રીતે શકે ? (શ્લોક–૧૨)

(૨) યજ્ઞમાં હણાવાથી જો સ્વર્ગે જવાતું હોય તો યજ્ઞ કરાવનારા આ બ્રાહ્મણોએ જ યજ્ઞપશુ બનવા માટે પડાપડી કરવી જોઈએ ! પણ ક્યારેય કોઈ બ્રાહ્મણ યજ્ઞમાં પોતાને પશુ તરીકે હોમી દેવા માંગણી કરતો નથી. આથી એમનાં વાક્યોમાં કોણ વિશ્વાસ રાખે ? (શ્લોક–૧૩)

(૩) વળી, સ્વર્ગના જે દેવતાઓને અતિશય સુગંધિત અને સમૃદ્ધ રસથી ભરેલું અમૃત સુંદર અપ્સરાઓના હાથે પીવા મળતું હોય, તે દેવો એવા અમૃતનું પાન કરવાનું છોડીને, શું આ દયાજનક નિર્દોષ પશુઓનું ગંધ મારતું માંસ ખાવા તૈયાર થતા હશે ? અમૃત છોડીને, માંસ ખાવામાં એમને શું આનંદ મળતો હશે ??

માટે, ''યજ્ઞમાં પશુ-હિંસા કરવાથી જ દેવો વરસાદ વરસાવે'' – એ વાતમાં બોધિસત્ત્વને જરીકે ય વિશ્વાસ પડતો નથી. બોધિસત્ત્વને લાગે છે કે પ્રજાને અને આ પુરોહિતો કે બ્રાહ્મણોને યોગ્ય માર્ગે વાળવાનો આ જ યોગ્ય સમય છે. તેથી તેઓ જાણે કે યજ્ઞનો આરંભ કરાવવા ઉત્સુક હોય તેમ કહેવા લાગ્યા કે – મારે પુરુષમેધ–યજ્ઞ કરવો છે; અને તેમાં હું એક હજાર માણસોને જ હોમવા માંગું છું. માટે બધા મન્ત્રીઓ, સૈનિકો અને બ્રાહ્મણો આ યજ્ઞને માટે જરૂરી એવી સામગ્રી એકત્ર કરવામાં લાગી જાય; અને શુભ નક્ષત્ર, મુહૂર્ત, તિથિવાર શોધી કાઢો. આ સાંભળીને રાજપુરોહિત કહે છે કે પહેલાં એક જ યજ્ઞ તમે કરાવો, તે યજ્ઞ પૂરો થતાં એક અવભૃથ સ્નાન કર્યા પછી, બીજો યજ્ઞ શરૂ કરાવજો. કેમ કે એકી સાથે એક હજાર માણસોને પકડીને તેમનો 'પુરુષમેધ–યજ્ઞ' કરાવશો, તો તો લોકોમાં હોબાળો મચી જશે. પણ રાજા બોધિસત્ત્વ કહે છે કે પ્રજાના ગુસ્સે ભરાવાની તમે ચિંતા ના કરશો. હું એવી વ્યવસ્થા કરવાનો છું કે પ્રજામાં કોઈ રીતે રોષ ફેલાશે નહીં.

બોધિસત્ત્વે સૌ પ્રજાજનોને એકઠા કરીને કહ્યું : ''મારે એક હજાર માણસોને યજ્ઞવેદીમાં હોમીને પુરુષમેધ યજ્ઞ કરવો છે. પરંતુ મારે કોઈ ગુન્હેગાર જ ન હોય એવા નિર્દોષ માણસને પણ યજ્ઞપશુ તરીકે હોમવો નથી. માટે આજથી માંડીને જે જે વ્યક્તિને હું ધર્મની મર્યાદા ઓળંગીને, અનાચાર કરતો, દેશને માટે કાંટા રૂપ બનીને વર્તતો જોઈશ; અથવા એવા કોઈ વ્યક્તિને મારા જાસુસો જોઈ જશે તો તેવા પાપી ગુન્હેગારને જ અમે યજ્ઞપશુ રૂપે પકડી લઈશું–એ તમે જાણી લેજો.'' સૌ પ્રજાજનોએ પણ હાથ જોડીને કહ્યું : રાજાને જે પ્રિય હોય,તે જ અમને પણ પ્રિય છે. કેમ કે અમારું હિત કરવા સિવાય બીજું કશુંય તમને પ્રિય નથી–એની અમને ખબર છે. ત્યાર પછી રાજાએ પોતાના રાજ્યનાં નગરોમાં અને ગામડાંઓમાં મન્ત્રીઓ અને સૈનિકો મોકલ્યાં. અનેક જગ્યાએ રાજાની જે ઇચ્છા હતી, તે

મુજબનો ઢંઢેરો વારંવાર પીટાવવામાં આવ્યો. જાસુસો પણ પાપી ગુન્હેગારની જાણકારી એકઠી કરવા ગુપ્તવેશે ફરવા લાગ્યા.

રાજા બોધિસત્ત્વની આ જાહેરાતથી જાણે ચમત્કાર થયો હોય તેમ પ્રજાજનોએ દુરાચાર ત્યજી દીધો, બધા ધર્મની આજ્ઞામાં રહેવા લાગ્યા. વૈરભાવ છોડીને, બધા દયા, દાન અને મૈત્રી ભાવનાથી હળી-મળીને રહેવા લાગ્યા. વડીલોની આજ્ઞા મુજબ જીવનારા અને પરસ્પરમાં વહેંચીને ખાનારા બન્યા ! જાણે કે સત્‌યુગ આવી ગયો હોય તેમ બધે વિનયની–શિસ્તની પ્રતિષ્ઠા થઈ ગઈ.

કવિ આર્યશૂર કહે છે કે મૃત્યુના ભયથી, અકાળે પરલોકમાં પહોંચી જવાની ચિંતાથી, કાં તો પોતે ઊંચા કુળમાં જન્મ્યો છે એ વાત યાદ કરીને, યશની રક્ષા કરવાના હેતુથી, તથા શુદ્ધ ભાવના અને શરમથી પણ પ્રેરાઈને સમસ્ત પ્રજા શીલ રૂપી આભૂષણથી શોભવા લાગી. રાજા આ ફેરફાર જાણીને ખૂશ થયો. આવા શુભ સમાચાર લાવવા બદલ પહેલાં તો તેણે જાસુસોને જ દાન–ભેટ વગેરે આપ્યાં; અને પછી પોતાનાં મન્ત્રીઓને બોલાવીને કહ્યું :–

પ્રજાનું રક્ષણ કરવાની મારી ઘણી ઈચ્છા હતી; હવે આ પ્રજા પૂરેપૂરી ધર્માચરણના જ માર્ગે ચાલી રહી છે – તે જોઈને મને લાગે છે કે, મારે એમને એમના ધર્માચરણના બદલામાં દક્ષિણા આપવી જોઈએ. જે ધન 'પુરુષમેધ–યજ્ઞ' કરવા સંકલ્પિત કરીને જુદું કાઢી રાખ્યું છે તે બધું ધન મારે પ્રજાજનોમાં જ વહેંચી દેવું છે. માટે રાજ્યમાં સર્વત્ર 'દાનશાળા'ઓ ખોલાવો. જેને જેટલું ધન જોઈએ તેટલું દાનમાં આપો. મારે દરિદ્રતાને દેશનિકાલ કરવી છે. હવે વસુધાધિપ પાસેથી વિવિધ વસુ (= ધન) મેળવીને પ્રજા સુંદર અન્નપાન, ભોજન–આચ્છાદન થકી શોભવા લાગી. જાણે બોધિસત્ત્વના રાજમાં ઉત્સવ હોય તેવું વાતાવરણ લાગવા માંડ્યું.

હવે પ્રજા જ્યારે સુનીતિના માર્ગે ચાલવા લાગી, ધર્માચરણમાં જ રત રહેવા લાગી ત્યારે, રાજ્યમાંથી પણ એક પછી એક ઉપદ્રવો શમવા લાગ્યા; અને અનાવૃષ્ટિ રૂપ ઉપદ્રવ પણ દૂર થઈ ગયો. બધી ઋતુઓ કાલ અનુસાર ફળ આપનારી બની, વનસ્પતિઓ અધિક ગુણકારી બની, પવન પણ અનુકૂળ ફુંકાવા લાગ્યો અને ગ્રહનક્ષત્રો પણ વક્રી ભ્રમણ છોડી, શુભ માર્ગી થયા. હવે વૃષ્ટિ થતાં દુષ્કાળ વગેરે ઉપદ્રવો પણ શમી ગયા. પ્રજા બધી રીતે સુખી થઈ, તેથી રાજાનો યશ પણ ઘણો ફેલાયો !

આમ હિંસાથી ભરેલા પશુયાગ કરાવ્યા વિના પણ પ્રજાને સુખી કરી શકાઈ. – એમ જોઈને અમાત્યોએ પણ રાજાની સૂક્ષ્મ દૃષ્ટિની પ્રશંસા કરી. પશુહિંસા

વિનાના આ ધર્મયજ્ઞમાં રાજા બોધિસત્ત્વને શરીર ઉપર કોઈ કૃષ્ણાજિન (કાળિયાર મૃગનું ચામડું) પહેરવું ના પડ્યું, (હિંસક યજ્ઞની) દીક્ષા લીધા પછી, જે નિયમો પાળવા પડે તે પણ નિયમ પાલનની જરૂર ના પડી અને ક્યારેક મૂંડનાદિ કરાવવા પડે તે પણ કરાવવા ના પડ્યા; અને છતાંય શતક્રતુ (= સો યજ્ઞ કરનાર) ઇન્દ્રનો યશ તેમને આવી મળ્યો !

બોધ : કથાના અંતે આર્યશૂરે જે સારાંશ કાઢી બતાવ્યો છે તે આ પ્રમાણે છે :– જે પ્રજા ધર્મકાર્યો કરવાની અભ્યાસી હોય છે તેને સુખ-સમૃદ્ધિ આવી મળે છે. આવાં ધર્મકાર્યોમાં જે યાગમાં પશુઓ બલિ તરીકે હોમાતાં હોય તેમનો સમાવેશ થતો નથી. પશુહિંસાથી ક્યારેય અભ્યુદય થતો નથી; પણ કેવળ દાન, દયા અને સંયમ વગેરેથી જ પ્રજાનો અભ્યુદય થાય છે. આમ બોધિસત્ત્વે મનુષ્ય જન્મમાં રહીને કેવાં કેવાં ચરિતો કર્યાં હતાં ? એની કથા કહેવાના પ્રસંગે આ જાતકકથાને રજૂ કરવી જોઈએ.

★ ★ ★

(૧૧) શક્ર–જાતક

અવતરણ–પંક્તિ : આપત્તિમાં પણ મહાત્માઓની પ્રાણીઓ ઉપરની અનુકમ્પા શિથિલ થતી નથી; એ જ રીતે ઐશ્વર્ય–સમ્પત્તિ આવી મળતાંય તેમની પ્રાણીઓ ઉપરની અનુકમ્પા ઘટતી નથી. આ સંદર્ભમાં નીચેની જાતકકથા સાંભળવા મળે છે :–

કથા : બોધિસત્ત્વે ઘણા લાંબા સમય સુધી પુણ્યજનક કર્મો કરવાનો અભ્યાસ કર્યો; તથા દાન, દયા, સંયમ અને કરુણા જેવા ગુણોને આત્મસાત્ કર્યા; અને પારકાંને માટે હિતકારી કાર્યો પણ કર્યાં. ત્યાર પછી તેઓ કોઈ એક સમયે દેવોના અધિપતિ ઇન્દ્ર બન્યા. ઇન્દ્રનું બીજું એક નામ ‘શક્ર’ (= શક્તિસંપન્ન) પણ છે.

જે લક્ષ્મીને મેળવવાને માટે દૈત્યોએ શત્રુ સેનાના હાથીઓની દંતશૂળોનો સામનો સામી છાતીએ કર્યો; પણ તેમને તે લક્ષ્મી મળી નહીં. એ જ લક્ષ્મી આ દેવરાજ ઇન્દ્રને સહજ પ્રાપ્ત થઈ ગઈ; છતાંય તેમને દર્પ ચઢ્યો નહીં. હવે ઇન્દ્રની કીર્તિ અને લક્ષ્મી દૈત્યોથી સહન થઈ નહીં. તેથી તેઓ હાથી, ઘોડા અને પદાતિ સૈન્ય લઈને દેવોની સામે યુદ્ધ કરવા ચાલી નીકળ્યા. ઇન્દ્ર બનેલા બોધિસત્ત્વ જો કે પૂરા ધર્માત્મા હતા એમને યુદ્ધ પસંદ ન હતું. છતાંય શત્રુ બનેલા દૈત્યોનું અભિમાન જોતાં યુદ્ધ અનિવાર્ય હતું; અને યુદ્ધ થાય તો શાંતિથી જીવતી પ્રજામાં વ્યાકુળતા ઊભી થશે, તેને શત્રુસેના કચડી કાઢશે એનો વિચાર પણ આવવા લાગ્યો. તથા રાજનીતિ પણ કહી રહી હતી કે શત્રુ સામેથી લઢવા આવે તો

તેનો સામનો તો કરવો જ જોઈએ. આથી ઇન્દ્ર અનિચ્છાએ પણ યુદ્ધોન્મુખ બન્યા. ઇન્દ્ર સુવર્ણમય રથમાં બેસી, દેવસૈન્યને લઈને ઉપડ્યા; અને કોઈક સમુદ્રકિનારે જ દૈત્યોની સામે જઈને લઢવા લાગ્યા. તુમુલ યુદ્ધ શરૂ થયું. ધીમે ધીમે કરતાં દૈત્યસૈન્યે કાળોકેર વર્તાવ્યો પરિણામે દેવસેનામાં ભંગાણ પડ્યું, તે વેરવિખેર થઈ અને છેવટે તેણે પીછેહઠ પણ કરી. છતાંય સુરેન્દ્ર એકલા જ રણમાં ઊભા રહીને લડતા રહ્યા. પરંતુ ઇન્દ્રના સારથિ માતલિએ જોયું કે દેવસૈન્ય પીછેહઠ કરીને ભાગી રહ્યું છે અને દૈત્યોનું જોર વધી રહ્યું છે, આથી મારે પણ ઇન્દ્રને લઈને અહીંથી પાછા ફરી જવું તે ઉચિત છે. તેણે ઇન્દ્રના રથને પાછો ફેરવ્યો.

ઇન્દ્રનો રથ પાછો ફરીને, સ્વર્ગ તરફ આગળ વધવા લાગ્યો; ત્યારે રસ્તામાં ઇન્દ્રે જોયું કે શાલ્મલી વૃક્ષની સાથે રથ અથડાવાથી, તે ઝાડની ઉપર બાંધેલા ગરુડ પક્ષીઓના માળાં બચ્ચાંઓ સહિત રસ્તામાં આવીને પડ્યાં છે. ઇન્દ્રના હૃદયમાં કરુણા ઊભરાઈ આવી, તેમણે એકદમ જ માતલિને કહ્યું :– “આ પક્ષીઓનાં બચ્ચાંઓને તો પાંખો જ ફુટી નથી, તે જાતે ઉડીને તો પોતાનું રક્ષણ કરી શકશે નહીં માટે તું રથને એવી ધીમી ગતિએ ચલાવ કે જેથી રથના પૈડાંની નીચે બચ્ચાં આવી ન જાય.” પણ માતલિએ કહ્યું કે જો ધીમે ધીમે આગળ વધીશું તો એટલીવારમાં તો દૈત્ય સૈન્ય આપણી પાસે આવી પહોંચશે. પણ ઇન્દ્રે આજ્ઞા કરી કે કોઈ પણ રીતે આ પક્ષીઓનાં બચ્ચાંઓ બચાવવાનાં જ છે. જરૂર પડે તો રથને પાછો (રણભૂમિ તરફ) વાળી લો.

હવે માતલિ કહે છે કે – જો રથને (રણભૂમિ તરફ) પાછો વાળીશું તો હે ઇન્દ્ર ! કેવળ, પક્ષીઓનું કલ્યાણ થશે. પણ પછી પાછળ આવી રહેલી દૈત્યોની સેના આપણને છોડશે નહીં. આથી બોધિસત્ત્વ ઇન્દ્રે કહ્યું : “તો તું રથ પાછો વાળ, દૈત્યોની ભયંકર ગદાના પ્રહારથી આવનારું મૃત્યુ વધારે સારું છે. પણ આ પક્ષીઓનાં બચ્ચાં, કે જેમનાં મુખ ભયથી દીન-હીન બની ગયાં છે, તેમને મારી નાખીને મારે જીવવું નથી. ધિક્કાર અને અપયશથી ભરેલા જીવન કરતાં મૃત્યુ જ વધારે સારું ગણાય.”

માતલિને હવે રથ પાછો વાળ્યા વિના છુટકો ન હતો. જેવો ઇન્દ્રનો રથ પાછો ફર્યો કે તરત જ એને જોઈને દૈત્યોનું સૈન્ય ડઘાઈ ગયું. તેમણે એકવાર તો રણભૂમિ ઉપર ઇન્દ્રનું પરાક્રમ જોઈ લીધેલું હતું. (તેમણે વિચાર્યું હશે કે ઇન્દ્રને ચોક્કસ કોઈ નવી શક્તિ ક્યાંકથી આવી મળી હશે; નહીં તો એકવાર પીછેહઠ કરી ગયેલો તે પાછો ના આવે.) આથી ગભરાટની મારી જ દૈત્યસેના પાછી ભાગવા માંડી. ઇન્દ્ર પણ (પોતાને સ્વર્ગ તરફ પાછા જવું નથી, માટે) મરણિયો થઈને

લડવા લાગ્યો. ભાગતી સેનાનો એકાદ પણ સૈનિક જો મરણીયો થઈને મેદાને પડે તો તે આખી શત્રુસેનાને ભારે પડે છે. આવો વ્યક્તિ અસંભવિત પરાક્રમ કરી બતાવતો હોય છે. આ ન્યાયે દૈત્યસૈન્ય પરાક્રમ વિનાનું થવા લાગ્યું. હવે અસુર સેના પણ ઓછી થયેલી જોઈને, દેવોનું સૈન્ય પાછું વળ્યું ! પરિણામે ઈન્દ્રનો વિજય થયો !

આથી કહેવાયું છે કે –

पापं समाचरति वीतघृणो जघन्यः
प्राप्यापदं सघृण एव तु मध्यबुद्धिः ।
प्राणात्ययेऽपि तु न साधुजनः स्ववृत्ति
वेलां समुद्र इव लंघयितुं समर्थः ॥ १८ ॥

જે નીચ માણસ દયા વગરનો હોય છે તે તો (સહજ રીતે) પાપનું આચરણ કરી શકે છે. બીજો જે મધ્યમ બુદ્ધિનો દયાળુ હોય છે, તે આપત્તિમાં આવી પડે તો જ પાપ કરે છે. પણ જે સાધુજન હોય છે તેના પોતાના પ્રાણ મુશ્કેલીમાં આવી પડે તો પણ, જેમ સમુદ્ર પોતાના કિનારાની મર્યાદાને ક્યારેય ઓળંગતો નથી, તેમ તે ક્યારેય દયા ત્યજીને પાપ કરી શકતો નથી.

બોધ : આર્યશૂરે આ 'શક્રજાતક'ની કથા પૂરી કરી છેલ્લે એવો ઉપદેશ તારવી આપ્યો છે કે દેવરાજ ઈન્દ્ર બનેલા બોધિસત્ત્વે જો આ રીતે પોતાના પ્રાણોની બાજી લગાવી દઈને પણ સૌ પશુ, પક્ષીઓનાં જીવ બચાવી લીધાં હોય તો, આપણે પ્રાજ્ઞ વ્યક્તિઓએ તે પશુ, પક્ષીઓને કોઈ રીતે આઘાત પહોંચાડવો યોગ્ય નથી; અને તેમને મારી નાખવા તે તો તદ્દન ખરાબ પાપાચરણ છે. એવા પાપી કૃત્યથી તો આપણે દૂર જ રહેવું જોઈએ. જે આર્ય (ઋજુ સરળ સ્વભાવનો) હોય તેણે તો દયાળુ બનવું જ જોઈએ.

બીજું, ઉપરની જાતકકથામાંથી એ વાતનો પણ બોધ નીકળે છે કે – धर्मो ह वै रक्षति धर्मचारिणम् । ધર્મનું આચરણ કરનારનું રક્ષણ તો ધર્મ પોતે જ કરે છે. જેવી રીતે ઈન્દ્રે પક્ષીઓનાં બચ્ચાં બચાવી લેવાનો દયાધર્મ આચર્યો, તો તેની દૈત્યોની સામે હાર થવાની હતી, તેમાંથી જીત થઈ ! આમ જ્યાં ધર્મ ત્યાં વિજય – એ યુગજૂનો અનુભવ અહીં પણ જોઈ શકાય છે.

ત્રીજું, આર્યશૂર કહે છે કે તથાગતનાં ચરિત્રોનું વર્ણન કરતી વખતે કે ધર્મના મહિમાનું વર્ણન કરવું હોય ત્યારે આ જાતક–કથાને રજૂ કરવી જોઈએ.

★ ★ ★

(૧૪) સુપારગ–જાતક

અવતરણ–પંક્તિ : ધર્મનો આશ્રય લઈને બોલાયેલું સત્ય વચન પણ સૌથી પહેલાં આપત્તિને દૂર હડસેલી દે છે; અને ત્યાર પછી તેનું ફળ પણ આવે છે. આ વાત વિચારીને માણસે ધર્મનું અનુસરણ કરનારા બનવું જોઈએ.

કથા : મહાપુરુષ બોધિસત્ત્વ એકવાર નૌકાના સારથિ–નાવિક બન્યા ! તેઓ જન્મથી જ મેધાવી હોવાને કારણે જે જે શાસ્ત્ર કે કલાકારીગરી શીખવા માંગે તે બધું જ તેમને બીજાઓ કરતાં વિશેષ રૂપે જલ્દીથી આવડી જાય છે. તે મહાત્માને આકાશના ગ્રહ–નક્ષત્રોની ગતિનું જ્ઞાન હોવાથી, સમુદ્રમાં નૌકાવિહાર વખતે તેમને દિશાઓને ઓળખવામાં કોઈ તકલીફ ન હતી. વળી, તેઓ સમુદ્રમાં આવનારા તોફાનોને પણ પહેલેથી જાણી લેતા હતા. દરિયાનાં માછલાં, પાણીનો રંગ, ટાપુઓ, પક્ષીઓ અને અમુક પર્વતો કે અમુક રેતીના કિનારાઓ વગેરેને બરાબર ઓળખતા હતા. વળી, શરીરે સુદૃઢ હોવાને કારણે ગરમી, ઠંડી, વરસાદ વગેરેને સહન કરી શકે એવા હતા. તેથી દરિયાઈ વેપારી વણિકોને તેમના ઇચ્છનીય દેશમાં નિર્વિઘ્ને પહોંચાડનારા હતા. આમ તેઓ સમુદ્રી યાત્રામાં સિદ્ધિ અપાવનારા હોવાથી લોકો તેમને ''સુપારગ'' કહેતા હતા, અને તેઓ જે નગરમાં રહેતા હતા, તેને પણ 'સુપારગ' કહેતા હતા. વળી, બધા દરિયાઈ વ્યાપારીઓ તેમને પ્રાર્થના કરી, વિનંતી કરી પોતાની સાથે વહાણમાં લઈ જવા ઇચ્છતા હતા.

એકવાર ભરુકચ્છ (આજના ગુજરાતનું ભરૂચ) બંદરેથી ઉપડનારા કેટલાક વેપારીઓ પોતાની યાત્રાની મંગલમય સિદ્ધિ થાય એવા હેતુથી સુપારગ બોધિસત્ત્વ પાસે આવીને પ્રાર્થના કરે છે કે તમે અમારી સાથે વહાણમાં ચાલો. પણ સુપારગે તેમને કહ્યું : હવે તો હું વૃદ્ધ થઈ ગયો છું અને મારા શરીરશુદ્ધિ વગેરેનાં કાર્યો પણ જાતે કરી શકતો નથી. તો આવી સ્થિતિમાં હું તમને શી મદદ કરી શકીશ એમ તમે વિચારો છો ? પણ વણિકોએ કહ્યું કે આ વાત અમે જાણીએ છીએ; અમારે તમારી પાસે કશું કામ કરાવવું પણ નથી. પરંતુ તમારા ચરણકમળની રજ જો અમારા વહાણમાં પડે તોય અમારું મંગલ થઈ જશે; તમે સાથે હશો તો અમે ભયાનક એવા સમુદ્રમાંથી હેમખેમ પાછા ફરી શકીશું એવી આશાથી તમને વિનંતી કરીએ છીએ.

અનુકંપાશીલ સુપારગે તેમની વિનંતીને માન્ય રાખી અને વહાણ ઉપર ચઢ્યા. આથી રાજી થયેલા વણિકોએ માની લીધું કે આપણી યાત્રા ઉત્તમ સિદ્ધિ અપાવનારી બની રહેશે. વણિકોની એ નાવ ક્રમશઃ ઊંડા ગંભીર, મોજાવાળાં મહાસમુદ્રમાં પ્રવેશી. કોઈ દિશામાંથી હવે કિનારાઓ દેખાતા નથી. ત્યાં એકાએક

પ્રચંડ વાયુ ફુંકાવા લાગ્યો, વિકરાળ મોજાં ઉછળવા લાગ્યા. ધીમે ધીમે દરિયાએ રૌદ્ર રૂપ ધારણ કર્યું. હવે પવન જ નૌકાને ગમે તે દિશામાં ખેંચી જવા લાગ્યો, સૌ વણિકો ગભરાયા પણ સુપારગે તેમને સાંત્વન આપતાં કહ્યું કે સમુદ્રની યાત્રામાં આવાં ઉત્પાતો ક્યારેક જોવા મળે છે, પણ ગભરાવાની જરૂર નથી.

नापत्प्रतीकारविधिः विषादः, तस्माद् अलं दैन्यपरिग्रहेण ।
धैर्यात् तु कार्यप्रतिपत्तिदक्षाः, कृच्छ्राणि अकृच्छ्रेण समुत्तरन्ति ॥

''વિષાદ કર્યા કરવો તે કાંઈ આપત્તિનો પ્રતીકાર કરવાની રીત નથી. માટે દીનતા ધારણ કરવાથી અટકો. જે કાર્ય કરવામાં ચતુર લોકો છે, તેઓ પણ ધૈર્ય રાખવા થકી જ, મુશ્કેલીઓને સહેલાઈથી તરી શકે છે.''

સુપારગથી આશ્વાસન પામેલા તે વણિકો ક્યાંક કિનારો જોવા મળશે એવી આશાથી સમુદ્રનું જ અવલોકન કરવા લાગ્યા.

પણ ત્યાં તો તેમણે એક બીજું આશ્ચર્ય જોયું : માણસના જેવા શરીરવાળી અને ચાંદીના કવચ પહેરેલી હોય તેવી પાણીમાં ઉછળકૂદ કરતી નવી જાતની માછલીઓ જોઈ. તેમણે સુપારગને આની જાણ કરી. સુપારગે કહ્યું આ માણસો નથી કે દૈત્યો નથી, આ તો એક પ્રકારના માછલાં જ છે. પણ એટલું ચોક્કસ કે આપણે ઘણે દૂર આવી ગયા છીએ, આને 'ખુરમાલી' નામનો સમુદ્ર કહે છે. માટે તમે અહીંથી જ પાછા ફરી જવાનો પ્રયત્ન કરો.

વણિકોએ પાછા ફરવાનો પ્રયત્ન કર્યો, પણ તેઓ ફાવ્યા નહીં. પ્રચંડ પવનો તેમની નૌકાને આગળને આગળ ખેંચી જતા હતા. તેમના માર્ગમાં હવે એક પછી એક નવા નવા સમુદ્રો આવવા લાગ્યા. જેમ કે, ખુરમાલી પછી, ક્ષીરસાગરમાં દધિમાલી સમુદ્ર આવ્યો; તે પછી અગ્નિમાલી, કુશમાલી, નલમાલી સમુદ્રો આવ્યા. તે દરેક વખતે સુપારગે તેમને આગળ વધતા રોક્યા, નાવ પાછી વાળવા કહ્યું; પણ તેઓ પવનના વેગમાં એમ કરી શક્યા જ નહીં. છેવટે તેઓ 'વડવામુખ' નામના (સક્રિય જ્વાળામુખી ધરાવતા) સમુદ્રમાં પહોંચ્યા. આ વડવાનલ–સમુદ્ર તો મૃત્યુનું મુખ જ હતો. તેમાં પ્રવેશેલું કોઈ વહાણ ભાગ્યે જ બહાર નીકળી શકે. વણિકો રડવા લાગ્યા, બૂમો પાડવા માંડ્યા. સૌ પોતપોતાના ઈષ્ટ દેવોને પ્રાર્થના કરવા લાગ્યા, પ્રણામ કરવા લાગ્યા. કોઈ આદિત્યને, તો કોઈ રુદ્રને, કોઈ મરુતને, તો કોઈ વસુ દેવતાને યાદ કરે છે; કોઈ સમુદ્ર દેવતાને જ શરણે જવા લાગ્યા. કોઈકે વેદમન્ત્રોનો જપ જપવાનો ચાલુ કર્યો, તો કોઈકે દેવીનું આરાધન શરૂ કર્યું. કેટલાક સુપારગ પાસે જઈને વિલાપ કરવા લાગ્યા.

છેવટે તે વણિકોએ એકઠા મળીને સુપારગને કહ્યું કે બધી મન્ત્રશક્તિ અને દેવીદેવતાઓ નિષ્ફળ ગયા છે. હવે માત્ર તમારા પ્રભાવનો વિનિયોગ કરવાનો સમય આવી પહોંચ્યો છે, બીજાઓ ઉપર અનુકંપા કરવી એ તમારો ગુણધર્મ છે. હે ધીરચિત્તવાળા ! તમે અનાથોને, દુઃખીજનોને અને શરણાગતોને બચાવી લો. પાણીમાં ડૂબી મરતાં અમોને તમે તારો. આ મહાસમુદ્ર તમારી આજ્ઞાને ઉલ્લંઘતો નથી, તમે એને તોફાનમાંથી નિવારો.

આથી કરુણાશીલ સુપારગ ઊઠ્યા, તેમણે એક ખભા ઉપર ચાદર મૂકી અને બીજા પગનો ઘૂંટણ વહાણમાં નીચેના ભાગે ટેકવ્યો, પછી બે હાથ જોડી, પૂર્વેના સૌ તથાગતોને પ્રણામ કર્યા. પછી કહ્યું :– હે સમુદ્રની ઉપર આકાશમાં રહેનારા વિશિષ્ટ દેવો ! તમે સાંભળો :

''જ્યારથી હું સમજણો થયો છું, ત્યારથી માંડીને મેં ક્યારેય કોઈનીય હિંસા કરી હોય એવું મને યાદ નથી આવતું. જો આ વાક્ય સત્ય હોય અને મારું જો કોઈ પુણ્ય હોય તો આ અમારી નૌકા વડવામુખમાં પ્રવેશ્યા વિના જ, કુશળતાપૂર્વક પાછી ફરી જાય.''

બોધિસત્ત્વ સુપારગના આ વચનથી જાણે ચમત્કાર થયો હોય તેમ પવને દિશા બદલી અને નૌકાને વડવામુખ તરફથી પાછી વાળી ! વણિકોએ હર્ષનાદ કર્યો. પણ સુપારગે તેમને રોક્યા અને કહ્યું : ''સ્થિર થાવ, જલ્દીથી શઢ ખોલી કાઢો, જેથી આ નાવ ઈચ્છિત દિશામાં આગળ જલ્દી વધે.'' સૌ વણિકોએ તેમ કર્યું. પછી રસ્તામાં, સુપારગે કહ્યું કે તમે અહીં સુધી આવતાં આવતાં જે જે નલમાલિ વગેરે સમુદ્રો જોયાં છે, તે દરેક જગ્યાએથી ત્યાંની રેતી અને પાષણ વગેરે આ તમારા વહાણમાં, ખમી શકે એટલા ભારના પ્રમાણમાં, ભરી લેજો. આવું કરવાથી રસ્તામાં ફરી કોઈ તોફાનો આવશે તો એની બે બાજુઓનાં ભાગેથી તે ચીરાઈ નહીં જાય. વળી, આ રેતી અને પાષણો મંગલમય ગણાય છે, તેથી તમને લાભ પણ થશે. પછી બોધિસત્ત્વ સુપારગના પ્રભાવથી એ નૌકા એક રાત્રિમાં જ ભરુકચ્છ બંદરે પાછી આવી ગઈ. સવારે વણિકોએ જોયું ત્યારે ખબર પડી કે નલમાલી, અગ્નિમાલી વગેરે સ્થળેથી સુપારગે જે રેતી અને પાષણ વગેરે ભરી લેવાના કહ્યા હતા, તે બધાં તો વૈડૂર્ય વગેરે રત્નો જ હતા. આમ તેમની યાત્રા સુરક્ષિત પણ રહી અને સિદ્ધિદાયક પણ બની ગઈ. સૌ વણિકો પરમ હર્ષ પામ્યા અને તેમણે સુપારગ – અર્થાત્ ''સારી રીતે સામે પાર પહોંચાડનાર''ની અર્ચના કરી.

બોધ : ધર્માશ્રિત સત્ય વચન સૌથી પહેલાં તો આપત્તિને દૂર કરી આપે છે; અને ત્યાર પછી એનું જે ફળ આવે છે, તેનાથી તે સત્યવચન લાભપ્રદાતા

પણ બની રહે છે. (જેવી રીતે સુપારગનું આખી જિંદગી અહિંસા આચરવા રૂપી ધર્મના આશ્રયે બોલાયેલું સત્યવચન સૌથી પહેલાં તો વણિકોને મહાસમુદ્રના વડવામુખમાં પ્રવેશતાં બચાવે છે; અને ત્યાર પછી બીજે તબક્કે તેમને વૈડૂર્યાદિ મણિરત્નોની પ્રાપ્તિ કરાવી આપે છે.) વળી, આ વાત, આ કથા દ્વારા, નોંધવા જેવી છે કે યાત્રામાં કલ્યાણકારી મિત્ર સાથે રાખ્યો હોય તો પણ શ્રેયની પ્રાપ્તિ થતી હોય છે.

★ ★ ★

(૧૬) વર્તકા–પોતક જાતક

(તેતર પક્ષીના બચ્ચાની વાર્તા)

અવતરણ–પંક્તિ : ''સત્યથી પવિત્ર બનેલી વાણીનું અગ્નિ પણ ઉલ્લંઘન કરતો નથી'' – એ નિયમ યાદ રાખીને સત્યવચન જ બોલવાને વિશે આગ્રહ રાખવો જોઈએ. જેમ કે, આ સંદર્ભમાં નીચે મુજબની કથા સાંભળવા મળે છે :–

કથા : કહે છે કે બોધિસત્ત્વ એકવાર કોઈક અરણ્યમાં વર્તક (તેતર) પક્ષીના બચ્ચા રૂપે જન્મ લે છે. એમના જન્મ પછી થોડીક જ રાત્રિઓ પસાર થઈ હતી અને તેમને હજી પાંખો પણ નહોતી ફુટી. તે હજી ઘણા દુર્બળ હતા. તેથી એમનાં અંગ-પ્રત્યંગ પણ બરાબર નહોતાં ઓળખી શકાતાં. તેઓ તેમના માત-પિતાએ એક વૃક્ષલતાથી આચ્છાદિત એવા સ્થાનમાં પ્રયત્નથી બનાવેલા ઘાસના માળામાં રહેતા હતા. ત્યાં તેમની સાથે તેમનાં બીજા ભાઈઓ પણ ઉછરતાં હતા. પરંતુ આ વર્તક રૂપે જન્મેલા બોધિસત્ત્વની પ્રજ્ઞા તો ધર્મમર્યાદા જાળવવાને વિશે બહુ જાગૃત હતી. તેથી એમના આહાર અર્થે માતપિતા જે જીવજંતુને મારીને એમને ખવડાવવા લઈ આવતા હતા, તેને તેઓ ખાવા નહોતા ઈચ્છતા. તેઓ તો કેવળ ઘાસનાં બીજ કે વડના ટેટાંનાં બીજ જો લાવી આપવામાં આવે તો તેને જ ખાતાં હતા. પણ આવા અલ્પ અને રુક્ષ આહારથી તેમનું શરીર-પોષણ બરાબર નહોતું થતું. જ્યારે એમની સાથે ઉછરતાં અન્ય બચ્ચાંઓ તો જે કાંઈ આહાર તરીકે જીવજંતુ કે બીજ લાવી આપવામાં આવે તે બધું જ ખાતાં હતાં. તેથી જલ્દીથી પુષ્ટ થઈ ગયાં. પણ બોધિસત્ત્વની તો પાંખો પણ ન ફુટી અને શરીર પણ પુષ્ટ ના થયું. આથી કહેવાયું છે કે –

''ધર્મ અને અધર્મની શંકા કર્યા વિના જે પ્રાણી બધું જ ખાય છે તે સુખપૂર્વક વધે છે. પણ ધર્મની મર્યાદામાં રહીને જે ખાનારો હોય છે, જે વિવેકથી વિચારીને ખાનારો હોય છે તે દુ:ખપૂર્વક ઉછરે છે.''

ત્યાં એક દિવસ દાવાગ્નિ પ્રગટ્યો. તે અવાજ કરતો, જ્વાળાઓ ફેલાવતો, તણખાં ઉડાડતો ચારે બાજુએ ફેલાયો. આથી વનચર પશુપક્ષીઓ નાસભાગ કરવા લાગ્યા; અને જંગલનાં વૃક્ષો અને લતાઓ પણ ત્રાસ પામવા મંડ્યા. હવે એ અગ્નિ ધીમે ધીમે બોધિસત્ત્વના માળા સુધી આવી પહોંચ્યો. મોટાં પક્ષીઓ તો બધાં ક્યારનાય ઉડી ગયા હતા, પણ અગ્નિ જ્યારે માળાઓ સુધી પહોંચ્યો ત્યારે વર્તક પક્ષીનાં બીજાં બચ્ચાંઓ પણ ચીચીયારીઓ પાડતાં, પ્રયત્ન કરીને ઉડી ગયાં. ઉડતી વખતે સૌ પોતાની જાત બચાવવામાં જ ધ્યાનસ્થ હતા, એટલે તેમને ગભરાટમાં એકબીજાની અપેક્ષા (દરકાર) પણ ન હતી. પરંતુ વર્તક બનેલા બોધિસત્ત્વ તો દુર્બળ હોવાને કારણે અને પાંખો પણ નહોતી ફુટી માટે, તેમણે તો ઉડવાનો પ્રયત્ન જ ના કર્યો; તેઓ માળામાં જ રહ્યા. પણ એ મહાસત્ત્વ પોતાના પ્રભાવને જાણતા હતા, તેથી ગભરાયા વિના, ઉતાવળે નજીક આવી રહેલા અગ્નિને ઉદ્દેશીને કહે છે :–

''હે અગ્નિ ! મારાં 'ચરણ' (= જે ચાલે તે 'ચરણ') તો નામના (કહેવા પૂરતા) જ છે [અર્થાત્ તે ચાલી શકતા જ નથી.] અને પાંખો તો હજી ફુટી જ નથી. વળી, તમારાથી ડરીને મારા માતપિતા તો ક્યારનાય ઉડી ગયા છે અને આંગણે આવી ઊભેલો તમારો અતિથિસત્કાર કરવા મારી પાસે કશુંય નથી. માટે હે અગ્નિ ! અહીંથી તમારે પાછા ફરી જવું જ યોગ્ય છે.''

આમ સત્યથી પવિત્ર થયેલી વાણી વડે જ જેમ નદીના જલપ્રવાહ સુધી પહોંચીને અગ્નિ શમી જાય તેમ, તે વર્તકપક્ષીના બચ્ચાના માળા સુધી પહોંચી ગયેલો અગ્નિ પણ એકદમ જ ત્યાં શમી ગયો !

બોધ : સમુદ્ર જેમ પોતાની મર્યાદાને ઓળંગતો નથી (કિનારા તોડીને પૃથિવીના જમીન ભાગ ઉપર આક્રમણ કરતો નથી); જેમ સત્યકામ શિષ્ય પોતાના મુનીન્દ્ર ગુરુના ઉપદેશવચનને ઉલ્લંઘતો નથી, તેમ જે સત્યનિષ્ઠ વ્યક્તિઓ હોય છે તેમની વાણીને અગ્નિ પણ ઓળંગતો નથી. એ આ કથાને આધારે જાણવું જોઈએ; અને સત્ય બોલવાને વિશે આગ્રહ સેવવો જોઈએ તથા તથાગત બુદ્ધનો મહિમા ગાવા માટે પણ આ જાતકકથાનું પારાયણ કરવું જોઈએ.

★ ★ ★

(૨૪) મહાકપિ–જાતક

અવતરણ–પંક્તિ : પોતાનાં દુ:ખથી સજ્જનો એટલાં દુ:ખી નથી થતાં, જેટલા તેઓ અપકારીના કુશળ પક્ષની હાનિ થતી જોઈને દુ:ખી થાય છે. આ સંદર્ભમાં એક કથા સાંભળવા મળે છે :–

કથા : એકવાર બોધિસત્ત્વ હિમાલયના અતિશય સુંદર જંગલોમાં મોટી કાયાવાળા કપિ બનીને એકાકી ફરતા હતા. તેઓ વાનર સ્વરૂપમાં હતા છતાંય તેમનું ધર્મજ્ઞાન લુપ્ત નહોતું થયું; તેમનામાં કૃતજ્ઞતા હતી, વિશાળ દિલ હતું અને સૌ પ્રાણીઓ તરફ તેમને કૃતજ્ઞતા હતી. વળી, એથી પણ વધારે એમના ચિત્તમાં સૌના પ્રત્યે કરુણા વહેતી હતી.

ક્યારેક એવું બન્યું કે કોઈ એક માણસ પોતાની ગાયને શોધતો શોધતો હિમાલયના આ વનપ્રદેશમાં ભૂલો પડ્યો. ભૂખ, તરસ અને થાકથી નંખાઈ ગયેલો તે દુઃખી થઈને એક ઝાડના મૂળિયાં પાસે બેસી ગયો. એણે એની આસપાસ પાકીને પડી ગયેલાં તિન્દુકીનાં ફળો જોયાં; જે એણે ખાધાં તો ભૂખને કારણે ઘણાં મીઠાં લાગ્યાં. આથી બીજાં વધુ ફળ ખાવાની લાલચમાં તે ઝાડ ઉપર ચઢ્યો. હવે જે ડાળ ઉપર તે ફળો હતાં, તેને મેળવવા તે ધીમે ધીમે એ ડાળીના છેક આગળના ભાગ સુધી પહોંચી ગયો. આ ડાળ એક ઊંડા પ્રપાત તરફ ઝૂકેલી હતી, જે એના ભારથી એકાએક તૂટી પડી. હવે આ માણસ જાણે કૂવામાં પડ્યો હોય તેમ પર્વતની ઊંચી મોટી શિલાઓથી ઘેરાયેલા પાણી ભરેલા એક સ્થાનમાં જઈ પડ્યો. પાણીમાં પડ્યો તેથી તેનાં હાડકાં તો ભાંગ્યા નહીં, પણ પાણીમાંથી તરીને બહાર નીકળ્યા પછીય તેને ક્યાંય આગળ વધવાનો માર્ગ તેને દેખાયો નહીં. તે એટલી ઊંડી ખાઈમાં હતો કે જ્યાંથી ક્યાંય જઈ શકાય જ નહીં. એને લાગ્યું કે અહીં મને કોઈ મદદ કરનાર મળે એમ નથી, હવે અહીં જ ભૂખે તરફડીને મરવું પડશે. એને ઘોર નિરાશા વ્યાપી વળી. આમને આમ બે–ત્રણ દિવસ વીત્યા પછી ત્યાં આહારની શોધમાં ફરતાં ફરતાં મહાકપિ બનેલા બોધિસત્ત્વ આવી પહોંચ્યા. તિન્દુકી વૃક્ષની ડાળ ઉપરથી તેમણે જોયું કે કોઈક માણસ એક ઊંડી ખાઈમાં જઈ પડ્યો છે; અને ભૂખે દીન-હીન થઈ ગયો છે. એમના મનમાં કરુણા જાગી. એમણે એની પાસે જઈને મનુષ્ય વાણીમાં વાતચીત કરી, અને આશ્વાસન આપીને તેને માટે જરૂરી બાન્ધવકૃત્ય કરવાનું વચન આપ્યું. ગર્તમાં પડેલા એ માણસને એનો કોઈ સ્વજન બચાવવા અહીં આવી શકે તેમ ન હતો, પણ બોધિસત્ત્વ એનો બાન્ધવ બનવા તૈયાર થયા.

બોધિસત્ત્વે એ પુરુષને પોતાની પીઠ ઉપર ચઢાવ્યો અને ખાઇમાંથી ઊંચકીને ધીમે ધીમે ભારે આયાસપૂર્વક બહાર કાઢ્યો. બોધિસત્ત્વ તો એવું વિચારનારા છે કે–

> असारस्य शरीरस्य सारो ह्येष मतः सताम् ।
> यत्परेषां हितार्थेषु साधनीक्रियते बुधैः ॥ १२ ॥

"સજ્જનોના મતે શરીર અસાર જ છે. જો અસાર શરીરનો કોઈ સાર હોય તો તે જ હોઈ શકે કે એને પારકાનું હિત કરવા માટે સાધન બનાવવામાં આવે."

બોધિસત્ત્વે ભારે શક્તિ ખર્ચીને મહામુશ્કેલીએ એ પુરુષને ખાઈમાંથી બહાર કાઢ્યો, પણ પોતે ઘણા થાકી ગયા. આથી તેમને એક શિલાતલ ઉપર આરામ લેવા થોડીવાર ઊંઘી જવાની ઇચ્છા થઈ. આ પુરુષ ઉપર તેમણે મોટો ઉપકાર કર્યો હતો, તેથી એના તરફથી કોઈ નુકસાન કે હુમલો થવાની તેમને ભીતિ ન હતી, એમણે માણસને ઉદ્દેશીને કહ્યું—આ સ્થાન ઉપર ગમે ત્યાંથી હિંસક પ્રાણી આવી શકે તેમ છે. મને થાકને કારણે થોડીવાર સૂવાની જરૂર છે. તું મારું અને તારું રક્ષણ કરતો અહીં સાવધાન થઈને બેસજે, પેલા માણસે પણ મિથ્યા વિનય બતાવતાં કહ્યું : "હા હા, તમે તમારે નિરાંતે સૂઈ જાવ; હું તમારું ધ્યાન રાખીશ."

બોધિસત્ત્વ તો નિર્મળ હૃદયના હતા, તેથી સૂઈ ગયા. પણ પેલા માણસે વિચાર કર્યો કે ફળ—ફુલ ખાઈને મને કેટલી શક્તિ મળશે ? બળહીન એવો હું આ જંગલની બહાર પણ કેવી રીતે જઈ શકીશ ? પણ જો આ વાનરને મારી નાખું તો તેનું માંસ ખાઈને હું પરિપુષ્ટ થઈ શકીશ. આ જ્યાં સુધી સૂતો છે ત્યાં સુધી જ આ શક્ય છે. તે જાગૃત અવસ્થામાં તો સિંહથી પણ હણી શકાય એવો નથી. આમ વિચારીને તે દુરાત્મા અકૃતજ્ઞ માણસે એક મોટી શિલા ઉપાડી; અને તે મહાકપિના મસ્તક ઉપર ફેંકી. પણ સંભ્રમમાં ઉતાવળે ફેંકાયેલી એ શિલા કપિના મસ્તક ઉપર ન પડી, પણ શિલાના પડવાના અવાજથી તે કપિ બનેલા બોધિસત્ત્વ ઊંઘમાંથી જાગી જાય છે. ત્યાં એ માણસ સિવાય બીજું તો કોઈ હતું નહીં, તેથી આ શિલા નાખનાર માણસ જ છે એમ નક્કી થતાં, તે મહાકપિ અતિશય દુ:ખી થઈ જાય છે, એમને આ માણસ ઉપર ગુસ્સો આવતો નથી, પણ "આણે પોતાની જાતનું કલ્યાણ શેમાં છે ? એનો પણ વિચાર કર્યા વિના જે દુષ્કૃત્ય આચર્યું અને તે પાપમાં પડ્યો" – એવા વિચારથી તે ખિન્ન થઈ જાય છે, મહાકપિ બોધિસત્ત્વ એ માણસને પ્રશ્ન કરે છે :—

मानुषेण सता भद्र, त्वयेदं कृतमीदृशम् ।
कथं नाम व्यवसितं, प्रारब्धं कथमेव वा ॥ २५ ॥

"હે ભદ્ર ! તેં માણસ હોવા છતાંય આવું કૃત્ય કર્યું જ કેવી રીતે ? તેં આવું વિચાર્યું પણ શી રીતે ? અને વિચાર્યું, તો ભલે વિચાર્યું; પણ તું આવું આચરી કેવી રીતે શક્યો ? – મને આ સમજાતું જ નથી."

બોધિસત્ત્વ ઉમેરે છે કે – મેં તને ઊંડી ખાઈમાંથી બહાર કાઢ્યો, પછી મને એમ લાગતું હતું કે મેં કોઈ દુષ્કર કાર્ય કર્યું છે. મને આ વિશે થોડુંક અભિમાન

થયું હતું. પણ તેં તો મારા કરતાંય અતિશય દુષ્કર કાર્ય કરી બતાવ્યું છે. (= તેં ઉપકાર ઉપર અપકાર કરવાનું જે કાર્ય કર્યું છે, તે તો અતિદુષ્કર છે.) અને આ રીતે તેં મારા અભિમાનને તોડી પાડ્યું છે.

પણ મને (બોધિસત્ત્વને) લાગે છે કે મેં તને મૃત્યુના મુખ સમી આ ઊંડી ખાઈમાંથી બહાર કાઢ્યો; પણ આખરે તેં એથી પણ વધારે ઊંડી (પાપની) ખીણમાં તારી જાતને નાખી દીધી છે, (હવે તને એમાંથી શી રીતે બહાર કાઢવો ? તે મોટો પ્રશ્ન છે !)

બોધિસત્ત્વ ઊંડા અફસોસ સાથે બોલી ઊઠે છે કે –

धिग् अहो बत दुर्वृत्तम् अज्ञानम् अतिदारुणम् ।
यत्पातयति दुःखेषु सुखाशाकृपणं जगत् ॥ २९ ॥

"અહો ! આ અત્યંત દારુણ મિથ્યા અજ્ઞાનને ધિક્કાર હજો, કે જે સુખ મળવાની આશાથી વ્યાકુળ થયેલા જગતને એક યા બીજા દુઃખમાં (કે પાપમાં) પાડ્યા કરે છે."

હે માણસ ! તેં તારી જાતને તો પાપ રૂપી દુર્ગતિમાં તો પાડી જ છે, પણ મારી ઉપર પણ તેં શોકાનલ ફેંક્યો છે. તારી યશ રૂપી લક્ષ્મીને ઢાંકી દીધી છે; કેમ કે તેં ગુણ જોડેની મૈત્રીનો વિરોધ કર્યો છે. ("ઉપકારનો બદલો પ્રતિઉપકારથી વાળવો જોઈએ." આવા ગુણ થકી મૈત્રીનું જોડાણ થતું હોય છે. પણ તેં ઉપકાર ઉપર અપકાર કરીને–એ ગુણ દાખવ્યો નથી.) મને હજુ વધારે અફસોસ થઈ રહ્યો છે કે મારા શરીરના નિમિત્તે તું પાપ કરવા પ્રેરાયો, અને હવે હું તને આ પાપમાંથી ઉગારી શકતો નથી. (૩૨)

માણસે ફેંકેલા પથ્થરથી મહાકપિને થોડુંક ઘણું વાગ્યું તો હતું–પણ એ ઘાનું દર્દ એમને એટલું સતાવતું નથી કે જેટલું દર્દ એમને આ માણસને પાપ લાગવાથી થઈ રહ્યું છે ! नात्मदुःखेन तथा सन्तः सन्तप्यन्ते, यथापकारिणां कुशलपक्षहान्या ॥ હવે મહાકપિ બોધિસત્ત્વ કહે છે કે – હે માણસ ! તું હવે બરાબર મારી જોડે જ ચાલ, (= મારી પાછળ-પાછળ નહીં) કેમ કે તું હવે શંકા કરવા લાયક બની ગયો છું, તારા ઉપર ભરોસો મૂકી શકાય એવો તું નથી. આ જંગલમાં બીજા ઘણા હિંસક પ્રાણીઓ પણ રહે છે, એટલે એ કોઈ તને મારી નાખે નહીં માટે, મારે તને તારા ગામ પહોંચાડનારા રસ્તે મૂકી આવવો પડશે. તું મારી સાથે ચાલવા લાગ. જો તને બીજું કોઈક હિંસક પ્રાણી મારી નાખશે, તો તને ખાઈમાંથી બહાર કાઢવાનો પરિશ્રમ વ્યર્થ થઈ જશે. (તું ઉપકાર ઉપર અપકાર કરનારો છું, છતાંય તારી હિંસા થઈ જાય એ મને ગમશે નહીં.)

બોધિસત્ત્વ તે માણસને પોતાની સાથે ને સાથે ચલાવીને, જનાન્ત–ભાગ સુધી (ગામમાં પ્રવેશવાના સીમાડા સુધી) લઈ આવે છે; અને પછી સલાહ આપે છે :– "તું તારા ગામ સુધી આવી ગયો છું, હવે તું જંગલનો ડર રાખીશ નહીં. વળી, પાપ-કર્મ કરવાનું તું છોડી દેજે; પાપથી દૂર રહેવા પ્રયત્ન કરજે; કેમ કે એ કર્મોનાં ફળનો જ્યારે વિપાકકાલ (= ભોગવવાનો સમય) આવે છે ત્યારે તે ભારે દુઃખદાયક હોય છે." આમ મહાકપિએ તે પુરુષને શિષ્યની જેમ સલાહ આપીને, પોતે પાછા જંગલ તરફ પ્રયાણ કર્યું.

* * *

હવે તે માણસ પણ મોટું પાપ કરીને પશ્ચાત્તાપ રૂપી અગ્નિમાં બળવા લાગ્યો અને તેને એકાએક જ કુષ્ઠરોગ (કોઢ) થઈ આવતાં તે સાવ કદરૂપો થઈ ગયો. વળી, તેના શરીર ઉપર ફોલ્લા ઊઠ્યા, તે ફુટતાં તેમાંથી દુર્ગન્ધ મારવા લાગી. એ જે જે ગામમાં ગયો ત્યાં તેની બીભત્સ આકૃતિ જોઈને "આ માણસ હશે કે કેમ ?" એવી શંકા કરીને, "આ તો સાક્ષાત્ પાપ લાગે છે." એમ સમજી તેને લોકો પથ્થરો મારવા લાગ્યા. લોકોએ તેની સામે લાકડીઓ ઉગામી અને કર્કશ વચનો કહેવા લાગ્યા. છેવટે લોકોએ તેને ગામમાંથી હાંકી કાઢ્યો.

હવે જંગલમાં ભટકતા એ માણસને એક દિવસ શિકારે નીકળેલો રાજા મળી જાય છે. તેણે પણ આને જોઈને આશ્ચર્ય અનુભવ્યું. એને પૂછ્યું કે તું પ્રેત છું, પિશાચ છું કે સાક્ષાત્ પાપ છું ? અનેક રોગથી તારું શરીર ભરાઈ ગયું છે. આમ તું કોણ છું ? – એ તો કહે. ત્યારે તે કોઢિયા માણસે કહ્યું :–

मित्रद्रोहस्य तस्येदं पुष्पं तावदुपस्थितम् ।
अतः कष्टतरं व्यक्तं फलम् अन्यद् भविष्यति ॥

"મેં મિત્રનો દ્રોહ કરવાનું જે પાપ કર્યું છે, તેનું તો આ પુષ્પ ઉગ્યું છે; હજી આનાથી વધારે કષ્ટદાયક ફળ આવવાનું બાકી છે. એટલે કે વધારે દુઃખ ઊભું થવાનું બાકી છે."

એ પુરુષને હવે બરાબર સમજાઈ ગયું છે કે ઉપકાર ઉપર અપકાર કરવાનું તેણે જે પાપ કર્યું છે, તેનું ફળ મળી રહ્યું છે. કર્મનો સિદ્ધાન્ત કોઈનેય છોડતો નથી.

આર્યશૂરે આ દૃષ્ટાન્ત–કથા દ્વારા જે ઉપદેશ તારવી બતાવ્યો છે તે નોંધપાત્ર છે :–

મિત્રોની ઉપર દ્રોહ કરવો, વિશ્વાસઘાત કરવો એને શત્રુની જેમ જ જોવો જોઈએ. ખરેખર તો સ્નેહભાવ રાખનાર મિત્ર ઉપર આપણે પણ સ્નેહભાવ જ દાખવવો જોઈએ.

ઉપકાર કરનાર મિત્રોના પ્રત્યે જે અમિત્રતાભર્યું (= અપકાર કરવાનું) કૃત્ય કરે છે તેમની આ લોકમાં આવી જ દશા થતી હોય છે. લોભ વગેરે દોષથી મલિન થયેલા ચિત્તવાળા મિત્રદ્રોહીઓની દશા આ લોકમાં જ આવી થતી હોય તો પરલોકમાં ગયા પછી તો કેવી થતી હશે ? એનું અનુમાન જ કરવું જોઈએ.

ઉપકાર કરનાર મિત્ર પ્રત્યે ભલું વર્તન કરનારની સદ્ગતિ થાય છે; અને મિત્ર પ્રત્યે અપકાર કરનાર વિશ્વાસઘાતીની દુર્ગતિ થાય છે.

બોધ : આ કથાનો છેલ્લે સારાંશ કાઢતાં આર્યશૂરે બે વાતનો નિષ્કર્ષ કાઢી આપ્યો છે : (क) પોતાના દુઃખે સજ્જનો એટલાં દુઃખી નથી થતાં, કે જેટલા તેઓ પોતાની ઉપર અપકાર કરનારના કુશળપક્ષની હાનિ થવાથી દુઃખી થયા છે. [બોધિસત્ત્વને પોતાને પથ્થરો વાગ્યાનું દુઃખ એટલું નથી લાગતું, પણ પેલા માણસને ઉપકાર ઉપર અપકાર કરવાનું જે પાપ લાગ્યું; અને હવે તેણે તે પાપનું જે ફળ ભોગવવું પડશે—એના વિચારથી જે દુઃખ થઈ રહ્યું છે તે વધારે છે.] (ख) ઉપકાર કરનાર મિત્ર પ્રત્યે દ્રોહ (વિશ્વાસઘાત) ન કરવો જોઈએ; તથા જો તે કરશો તો તે પાપકર્મનું ફળ તરત જ મળવાનું શરૂ થાય છે.[1] આ દ્વિવિધ ઉપદેશને પ્રદર્શિત કરવા આ જાતકકથા કહેવી જોઈએ.

★ ★ ★

(૨૫) શરભ–જાતક

અવતરણ–પંક્તિ : "પોતાને હણવા આવેલી વ્યક્તિ ઉપર પણ, તે જ્યારે આપત્તિમાં આવી પડે છે ત્યારે મહાકારુણિકો એમની ઉપર અનુકંપા બતાવે છે; પણ એમની ઉપેક્ષા કરતા નથી." આ સંદર્ભમાં એક જાતક કથા આ પ્રમાણે સાંભળવા મળે છે :–

કથા : એકવાર બોધિસત્ત્વ કોઈક જંગલમાં 'શરભ' નામનું આઠ પગવાળું પ્રાણી બન્યા.[2] જંગલ બહુ ભયાનક હતું, તેમાં અનેક બીજાં પ્રાણીઓ, વૃક્ષો,

---

૧. ઉપકાર ઉપર અપકાર કરવાનું તરત ફળ મળે છે – એ બતાવવા વાર્તાનો જે ઉત્તરાર્ધ રજૂ થયો છે તે સંભવતઃ પ્રક્ષિપ્ત હશે એમ લાગે છે. કેમ કે સમગ્ર જાતકકથામાં બોધિસત્ત્વનો જ મહિમા ગાવાનું લક્ષ્ય છે. તે ઉપરાંતની વાતો મૌલિક હોવા વિશે શંકા જન્મે છે.

૨. કોશગ્રન્થોમાં 'શરભ' શબ્દના બે અર્થ આપ્યા છે : (૧) હાથીનું બચ્ચું અને (૨) આઠ પગવાળું એક પ્રાણી કે જે સિંહ કરતાં પણ બળવાન હોય છે. આખ્યાયિકાઓમાં અને 'ઋતુસંહાર' (૧–૨૩)માં પણ તેનો ઉલ્લેખ વાંચવા મળે છે. અહીં 'જાતકકથા'માં બીજો અર્થ જ બંધ બેસે છે.

ઘાસના ઢગલા, સાપના રાફડા, તળાવડાં અને અનેક ખાડા–ટેકરાઓ પણ હતા. શરભ બનેલા બોધિસત્ત્વ બળ, વેગ અને રૂપમાં તેજસ્વી હતા. પણ અનેક પૂર્વજન્મોમાં તેમણે કરુણાને અભ્યાસ કરેલો હતો, તેથી તેમને બીજાં પ્રાણીઓ તરફ વૈરભાવ ન હતો. પોતે પણ ઘાસ, પાંદડા, ફળ વગેરે ખાઈને જ જીવનનિર્વાહ ચલાવતા હતા. એ જ રીતે તેઓ સંતોષી અને વિવેકી પણ હતા. તેથી જાણે કોઈ યોગીએ જંગલને અલંકૃત કર્યું હોય તેમ તેઓ એકાન્ત–પ્રિય બનીને રહેતા હતા.

હવે એકવાર એ પ્રદેશનો એક રાજા પ્રાણીઓને વીંધવામાં પોતાનું અસ્ત્રકૌશલ કેટલું છે ? એ જાણવા માટે શિકારે નીકળ્યો. ઘોડે ચઢી, હાથમાં ધનુષ્યબાણ લઈને વેગથી વનમાં ફરી વળ્યો; એના પોતાના હાથી, ઘોડા, રથ વગેરે પાછળ રહી ગયા. ત્યાં એની નજર આ શરભ બનેલા બોધિસત્ત્વ ઉપર પડી. એ શિકારી રાજાએ શરભને લક્ષ્ય બનાવી, એના તરફ ઘોડાને દોડાવ્યો. શરભ પોતે બળવાન હતું, તે શિકારીનો સામનો કરી શકે તેમ હતું; છતાંય પોતે હિંસા અને ક્રોધ ત્યજી દીધા હોવાથી એ શિકારી પાસેથી દૂર પલાયન કરી જવાનું જ પસંદ કર્યું. શરભ તીવ્ર વેગે દોડવા લાગે છે; આગળ વધતાં રસ્તામાં એક મોટો ઊંડો ખાઈ/ખાડો આવે છે. પણ તેને એક ગાયના ડગલા જેટલું જ ગણીને, તેને કૂદી જાય છે. હવે પાછળ રાજાનો ઘોડો પણ દોડતો દોડતો આવી રહ્યો હોય છે. તેણે રસ્તામાં વચ્ચે આવેલ. મોટા ખાડાને જોયો, અને નહીં કૂદવાના આશયથી એકાએક જ ખાડાની કિન.ર ઉપર જ ઊભો રહી ગયો. પણ વેગમાં એકાએક જ રુકાવટ આવતાં, ઘોડા ઉપર બેઠેલો રાજા ઉછળી પડ્યો અને સીધો જ તે ઊંડા ખાડામાં જઈ પડ્યો ! રાજાનું ધ્યાન તો શરભ ઉપર કેન્દ્રિત થયેલું હતું, એથી એણે ખાડાને જોયો જ નહતો. એક જ ક્ષણમાં શું બની ગયું એની એને ખબર પણ ના પડી !!

આગળ નીકળી ગયેલા શરભે ઘણે દૂર ગયા પછી જોયું કે પાછળથી ઘોડાના આવવાનો અવાજ બંધ થઈ ગયો છે. ‘તો શું રાજા પાછો ફરી ગયો હશે ?’ એવી શંકા સાથે તેણે પાછા ફરીને જોયું. શરભને દૂર દૂર પેલા મોટા ખાડાના સામા કિનારે ઊભેલો ઘોડો જોવા મળ્યો, તેની ઉપર રાજાને બેઠેલો તેણે ન જોયો. આરોહક વિનાના એકલા ઘોડાને જોઈને શરભને ખાતરી થઈ ગઈ કે રાજા તે ઊંડા ખાડામાં જઈને પડ્યો છે. કેમ કે આજુબાજુમાં વિશ્રામ કરવાનું કોઈ સ્થાન કે કોઈ વૃક્ષમૂલ તો હતું નહીં; કે જ્યાં બેસીને રાજા આરામ કરતો હોય. હવે શરભના મનમાં તે શિકારી માટે પણ પરમ કરુણા ઉપજી, એમણે વિચાર કર્યો કે જે રાજા હમણાં બે ક્ષણ પહેલાં રાજછત્ર નીચે, સૈન્ય સાથે ચાલતો હતો તે મોટા ખાડામાં પડીને બેહોશ થઈ ગયો છે, તે ક્લેશ પામી રહ્યો છે, નાના માણસોને તો દુઃખ સહન કરવાની ટેવ હોય છે, તેથી તેમની ઉપર મોટાં દુઃખો આવી પડે

તોય તે સહન કરી જાણે છે. પણ જેમણે જીવનમાં ક્યારેય દુઃખ જોયું જ નથી, તેમને નાનું સરખું દુઃખ પણ ભારે અસહ્ય લાગે છે. આ રાજા બહાર નીકળી શકવાનો નથી. આથી મારે તેની ઉપેક્ષા કરવી જોઈએ નહીં.

શરભ પોતાનો જ શિકાર કરવા ઇચ્છનાર તે રાજાની પાસે જાય છે. એમના ચિત્તમાં એટલી કૃપા હતી કે તેમણે રાજાને પોતાના શત્રુ તરીકે જોયો નહીં; બલ્કે એ રાજાના દુઃખે પોતે પણ દુઃખી થવા લાગ્યા. (પારકાનાં દુઃખની સમાન અનુભૂતિ થવી, પારકાના દુઃખે દુઃખી થઈ જવાની જે મનોવૃત્તિ તેને **अनुक्रोश** કહે છે. બોધિસત્ત્વ આવા 'અનુક્રોશ'થી વિચારવા લાગ્યા છે.)

બોધિસત્ત્વ પહેલાં તો તે રાજાને વાણીથી આશ્વાસન આપે છે : "હે મહારાજ ! આ ઊંડા ખાડામાં ગબડી પડવાથી તમને વાગ્યું તો નથી ને ? તમને કોઈ મોટી પીડા તો નથી થતી ને ?

જો કે હું મનુષ્ય નથી, પણ તમારા જ રાજ્યના ઘાસ–પાણી ખાઈને ઉછર્યો છું, મોટો થયો છું. માટે તમે મારી ઉપર વિશ્વાસ મૂકો. હું તમને આ ખાડામાંથી બહાર કાઢીશ."

આ સાંભળીને રાજા થોડોક શરમીંદો થઈ જાય છે. તે વિચારવા લાગે છે કે દ્વેષ કરનારા મારા જેવા શિકારી ઉપર આને દયા કેવી રીતે ઉપજી હશે ? અને હું પણ કેટલો ખરાબ છું કે આ નિર્દોષ શરભને હણવાનો મને વિચાર આવ્યો. આ શરભે મારા ઉપર દયા બતાવીને, મને (એક શિકારીને) બહાર કાઢવાની વાત કરી છે. તો શરભની આકૃતિમાં રહેલ આ વ્યક્તિ પશુ છે કે પછી મનુષ્યની આકૃતિમાં રહેલો હું પશુ છું ? – માટે મારે આની વાત આદરપૂર્વક સ્વીકારવી જોઈએ. હવે રાજાએ શરભને ઉદ્દેશીને કહ્યું :– "મેં શરીરે બખ્તર પહેરેલું હતું, તેથી મને ઓછું વાગ્યું છે. આ ઊંડી ખાઈમાં પડી જવાથી મને એટલી પીડા નથી થતી, જેટલી પીડા તમારા જેવા નિર્દોષને હણી કાઢવાની મેં જે પ્રવૃત્તિ હાથ ધરી હતી, તેનાથી હવે થઈ રહી છે. મેં તમને આકૃતિથી પશુ માની લીધા, પણ તમારા આવા કૃપાળુ સ્વભાવને તો ઓળખ્યો જ નહીં."

રાજાની વાણી સાભળીને શરભે નક્કી કરી લીધું કે આને ઊંડી ખાઈમાંથી બહાર કાઢવાની અનુમતિ મળી ગઈ છે. (આથી તેમણે પહેલા એક મોટી શિલા ઊંચકી જોઈને, તેને ઉપાડવાનો અભ્યાસ કરી જોયો.) પછી તે ઊંડી ખાઈમાં જઈને શરભે રાજાને કહ્યું : થોડીકવાર માટે મારા શરીરના સ્પર્શને ચલાવી લેજો. તમને બહાર કાઢીને મારે તમારું હસતું મુખ જોવું છે. તો તમે મારી પીઠ ઉપર ચઢી જાવ. રાજા જેમ ઘોડા ઉપર આરોહણ કરે તેમ તે શરભ ઉપર ચઢ્યા ! શરભે

એમને ઊંચકીને બહાર લાવીને મૂક્યા અને એમના ઘોડાની પાસે પહોંચાડ્યા ! પછી રાજાને એમના નગરમાં જવાનો રસ્તો બતાવીને, શરભ પોતાના વન તરફ પાછું ફરી ગયું.

પરંતુ રાજા 'કૃતજ્ઞી' હતો. એક ક્રૂર શિકારી બનીને પોતે જે નિર્દોષ પશુને હણવા ઈચ્છતો હતો, તેણે જ પોતાને ઊંચકીને ઊંડી ખાઈ/ખાડામાંથી બહાર કાઢ્યો છે – એ ઘટના અનુભવીને તે ગદ્‌ગદિત થઈ ગયો. અપકાર કરનાર ઉપર પણ, એક પશુએ ઉપકાર કર્યો ! તેથી રાજા તે શરભને ભેટી પડે છે. તેમણે કહ્યું : હે શરભ ! તમે મારા પ્રાણ બચાવ્યા છે, તેથી આ પ્રાણ હવે તમારા છે, મારા અધિકાર હેઠળનું રાજ્ય પણ તમારું છે. તમે મારા નગરમાં આવીને તમે રહો. શિકારીઓથી વારેવારે ઊભરાતા આ વનમાં તમને એકલા છોડીને, મારે નગરમાં જવું યોગ્ય નથી, તો ચાલો તમે મારે ઘરે."

આ સાંભળી બોધિસત્ત્વ કહે છે :– કૃતજ્ઞી એવા તમને આવું કહેવું શોભે છે. પણ વનમાં રહેનારા પશુઓનું સુખ જુદું છે, અને નગરમાં રહેનાર માણસનું સુખ જુદું છે. તેથી મને નગરમાં લઈ જવાની વાત રહેવા દો. પણ જો તમે (રાજા) મારું પ્રિય કરવા ઈચ્છતા હો તો આજથી આ વ્યાધવ્રત (શિકારી બનવાની ઈચ્છા)નો ત્યાગ કરો. પશુપક્ષી તરીકે જન્મેલા જીવોમાં મંદબુદ્ધિ હોય છે, તેથી તેમની હિંસા નહીં કરતાં, દયા જ કરવી જોઈએ. અહીં બોધિસત્ત્વ એક ખૂબ જ માર્મિક વાત કહે છે :–

सुखाश्रये दुःखविनोदने च
समानचित्तान् अवगच्छ सत्त्वान् ।
इत्यात्मनः स्याद् अनभीप्सितं यत्
न तत्परेष्वाचरितुं क्षमं ते ॥ २६ ॥

"સુખને આશ્રયે રહેવામાં; અને દુઃખને દૂર હડસેલવાની બાબતમાં બધા જ જીવો (= પશુ–પક્ષી કે મનુષ્યો) એક સરખાં જ હોય છે. આ વાત ધ્યાનમાં રાખીને પોતાને જે ન ગમતું હોય, તે બીજાઓ ઉપર આચરવું જોઈએ નહીં."

હે રાજા ! તું જે પુણ્યો કરીને રાજત્વ પામ્યો છું, તે પુણ્યોને જ વધારવા માટે પ્રયત્ન કર. તારા ઉપકારી–પક્ષનો ક્ષય ના થવા દઈશ. – આવાં વચનો કહી શરભે રાજાને પારલૌકિક કલ્યાણને વિશે સભાન કર્યો; અને પછી પોતે વનમાં જતું રહ્યું.

બોધ : જે મહાકારુણિકો હોય છે તે પોતાને મારવા આવનાર વ્યક્તિને પણ આપત્તિમાં આવી પડેલો જોઈને તેની ઉપર અનુકંપા દાખવે છે; પણ તેની ઉપેક્ષા કરતા નથી. આ જાતકકથા 'કરુણા કેવી હોય' એનું વર્ણન કરવા માટે કહેવી જોઈએ.

વળી, અવૈરથી વૈરભાવ શમે છે, એ વાત કહેવા માટે; તથા ક્ષાન્તિ (= માફી) કોને કહેવાય ? એનું નિરૂપણ કરવા માટે પણ આ વાર્તા કહેવી જોઈએ.

તિર્યગ્ યોનિમાં (પશુ બન્યા) હોય તો પણ મહાત્માઓ, પોતાનો વધ કરવા ઉદ્યત થયેલાઓ ઉપર પણ 'સાનુક્રોશ' બુદ્ધિવાળા હોય છે. આથી કવિ આર્યશૂર પૂછે છે કે – મનુષ્ય રૂપે જન્મેલો કે પ્રવ્રજ્યા લેવાની પ્રતિજ્ઞાવાળો કયો વ્યક્તિ પ્રાણી ઉપર અનુક્રોશ વગરનો હોય તો શોભે ? માટે જે કોઈ આર્ય હોય તેણે સાનુક્રોશ બનવું જોઈએ. પરદુઃખદુઃખિતાને અનુક્રોશ કહે છે. શરભ પોતાનો શિકાર કરવા ઉદ્યત થયેલા રાજા ઉપર જેવો સાનુક્રોશ બને છે, એને ખાઈમાં પડેલો જોઈ દુઃખી થઈ તેને મદદ કરવા દોડી જાય છે તેમ આપણે પણ 'સાનુક્રોશ' થવું જોઈએ.

★ ★ ★

(૩૪) શતપત્ર–જાતક

અવતરણ–પંક્તિ : પાપ કરવા માટે પ્રોત્સાહિત કરવામાં આવે તો પણ સજ્જન વ્યક્તિ પાપ કરતી નથી; કેમ કે તેને તેમ કરવાનો અભ્યાસ નથી હોતો.

કથા : એકવાર બોધિસત્ત્વ કોઈક વનપ્રદેશમાં વિવિધ રંગનાં પીંછાવાળા 'શતપત્ર' નામના પક્ષી બન્યા. અનેક જન્મોથી તેમણે કરુણાનો અભ્યાસ કર્યો હતો, તેથી તેઓ કોઈપણ જીવજંતુને માર્યા વિના પોતાની જીવનયાત્રા વીતાવી રહ્યા હતા. વળી, બીજાને તેઓ ધર્મનો ઉપદેશ કરતા, દુઃખિયાંને યથાશક્તિ મદદ કરતા; અને દુરાચારથી અટકાવતા હતા. આથી આ વનપ્રદેશમાં જાણે કોઈ આચાર્ય રહેતા હોય, વૈદ્ય રહેતા હોય, રાજા રહેતા હોય તેમ સૌ સુખેથી રહેતા હતા.

આ શતપત્ર–પક્ષી બનેલા બોધિસત્ત્વે એકવાર વનમાં જમીન ઉપર આળોટતા, પીડા અનુભવી રહેલા સિંહને જોયો. કરુણાથી પ્રેરાઈને તે સિંહની પાસે જઈને પૂછે છે : ''હે મૃગરાજ ! તમે અસ્વસ્થ જેવા કેમ દેખાવ છો ? શું તમને હાથીઓને હણતાં કે મૃગલાં પાછળ દોડતાં થાક લાગ્યો છે કે પછી કોઈ શિકારીનું બાણ વાગ્યું છે ? મને તમારું દુઃખ કહેવું યોગ્ય લાગતું હોય તો કહો. મારે જે મિત્ર તરીકે કરવા જેવું હશે તે હું કરીશ; અને તમને સુખ પહોંચાડીશ.''

સિંહ કહે છે : ''હે પક્ષિરાજ ! મને થાકને કારણે કે બાણ વાગવાથી આ વ્યાકુળતા નથી પ્રાપ્ત થઈ. પણ મારા ગળામાં એક હાડકું આડું ભરાઈ ગયું છે, તે બહાર પણ નીકળતું નથી અને અંદર પણ જતું નથી. તેથી મને અતિશય વેદના થઈ રહી છે. જો તમારામાં શક્તિ હોય તો મિત્રકર્મ કરીને મને સુખી કરો.''

બોધિસત્ત્વ તો ચતુર બુદ્ધિના હતા. તેથી સિંહના ગળામાં આડા ભરાઈ ગયેલા હાડકાને બહાર કેમ ખેંચી કાઢવું ? તેનો ઉપાય તેમણે વિચારી લીધો. સિંહને

તેમણે કહ્યું : 'હોય એટલી શક્તિ એકઠી કરીને તમે મોં પહોળું કરો'. સિંહે તેમ કર્યું ત્યારે શતપત્રે તરત જ એક લાકડું લઈને સિંહની દાઢની અંદર એ લાકડું ઊભું ગોઠવી દીધું કે જેથી સિંહનું મોં એકદમ બંધ ના થઈ જાય. ત્યાર પછી શતપત્ર પક્ષીએ સિંહના મોંઢામાં પેસીને, પોતાની લાંબી ચાંચથી કંઠમાં ભરાયેલા પેલા હાડકાને એક તરફથી હલાવીને ઢીલું કર્યું, અને પછી બીજી બાજુએથી ખેંચી કાઢ્યું ! હવે પોતે સિંહના મુખમાંથી બહાર નીકળતી વખતે જ, દંતપંક્તિની વચ્ચે ઊભા ગોઠવેલા પેલા લાકડાને પણ નીચે પાડી દીધું ! આમ પોતે સલામત રીતે સિંહના મુખમાંથી નીકળી પણ જાય છે, અને સિંહને શલ્યની જેમ ગળામાં ભરાયેલા હાડકાના દર્દથી છુટકારો પણ અપાવે છે. હવે શલ્ય દૂર થતાં સિંહ જેટલો રાજી થયો, એટલું જ રાજી શતપત્ર પક્ષી પણ થાય છે.

સજ્જનોની ધર્મતા શેમાં રહેલી છે ? તો કહ્યું છે કે – પારકાનું દુઃખ દૂર કરીને, અથવા બીજાને સુખ પહોંચાડીને સજ્જન જેટલો સુખી થાય છે, એટલો સુખી તે અનાયાસે કોઈ સમ્પત્તિ મળી આવે તો પણ થતો નથી.

સિંહને રાજી કરી, તેની રજા લઈને શતપત્ર પક્ષી ત્યાંથી ઊડી જાય છે.

* * *

હવે ક્યારેક વનમાં ફરતાં ફરતાં શતપત્રને એકવાર કોઈ આહાર જ ન મળ્યો. ભૂખથી તે પીડાવા લાગ્યા. આહારની શોધમાં તે પેલા જ સિંહ પાસે પહોંચ્યા, કે જેને તેમણે દુઃખમાંથી બહાર કાઢ્યો હતો. સિંહે તે વખતે તાજા જ એક તરુણ મૃગનો શિકાર કર્યો હતો. શતપક્ષે જો કે સિંહ ઉપર પહેલા ઉપકાર કર્યો હતો, પણ શરમના માર્યા, તે સિંહ પાસે થોડાક આહારને માંગી પણ ન શક્યા. તે સિંહની આસપાસ ફર્યા જ કરે છે. પરંતુ સિંહ તો કૃતજ્ઞી ન હતો, તે તો કૃતઘ્ની હતો. તેથી જેમ પથ્થરમાં વાવેલું બીજ અંકુરિત થતું નથી અને રાખોડીમાં હોમેલી આહુતિ બળતી નથી તેમ કૃતઘ્નીને કરેલો ઉપકાર વિફળ જાય છે.

હવે શતપત્રે 'આ કદાચ મને ભૂલી ગયો લાગે છે, મને ઓળખી શકતો નથી' એમ વિચારીને થોડાક આહારનો ભાગ માંગે છે. શતપત્રે સિંહને પહેલા આશીર્વાદ વચનો કહ્યાં હતાં અને પછી યાચકનો સત્કાર કરવાનું કહ્યું હતું. પણ સિંહને તો સતત ક્રૂરતા અને માત્સર્યનો જ પરિચય હતો, તેથી ક્રોધે ભરાઈને તીરછી આંખે કહે છે : ખબરદાર ! જો વચમાં ચડ્યો છું તો. ''તરફડિયાં મારતા મૃગને ખાતો જે સિંહ દયા રૂપી કાયરતાને ઓળખતો નથી, એના મોંમાં પ્રવેશ્યા પછીય તું હજી જીવતો છું, તે શું ઓછું છે ? મારી પાસે ખોરાકની યાચના કરીને, મને તું પજવી રહ્યો છું; મને લાગે છે કે તને જીવન ભાર રૂપ બની ગયું છે; અને તું પરલોક જવા ઇચ્છી રહ્યો છું.''

સિંહનાં આવાં કર્કશ અને તિરસ્કારભર્યાં વચનો સાંભળીને શતપત્ર શરમીંદુ થઈને આકાશમાં ઊડી ગયું.

પણ, ત્યાં વસતી એક વનદેવતાએ જોયું કે સિંહે ઉપકારનો બદલો પ્રત્યુપકારથી વાળવાને બદલે કર્કશ વચનો કીધાં છે. તે શતપત્રને કહે છે કે તારામાં એની આંખો ફોડી નાખવાની શક્તિ છે તો પછી શા માટે તું એને (સિંહને) જતો કરે છે ? તું ધારે તો એની દાઢમાંથી પણ માંસખંડ ખેંચી લેવા શક્તિમાન છું, તો તું એના દર્પનું ખંડન કેમ કરતું નથી ?

આમ સિંહને સીધો કરી દેવા વનદેવતા શતપત્રને પ્રોત્સાહિત કરે છે. પણ તે તેમ કરવાની સ્પષ્ટ ના કહી દે છે. હવે, શતપત્ર બનેલા બોધિસત્ત્વ આખી ઘટનાની મીમાંસા પોતાની રીતે કરે છે :—

દુ:ખી વ્યક્તિને મદદ કરવા સજ્જનો કૃપાથી પ્રેરાયા હોય છે; કશું મેળવવાની લાલચથી નહીં. સામી વ્યક્તિ ઉપકારને ન યાદ રાખે તો તેમાં ક્રોધ કરવાની કોઈ જરૂર નથી, (૧૬) ઉપકાર કરનારને તો ધર્મ કર્યાનું પુણ્ય મળે જ છે, જે એને પરલોકમાં ફળે છે; અહીં આ લોકમાં તેને યશ મળે છે.

વળી, 'આ ધર્મ છે' એમ સમજીને જો ઉપકાર કર્યો હોય તો પ્રત્યુપકાર ન મળતાં પશ્ચાત્તાપ કરવાની કોઈ જરૂર જ નથી. કેમ કે જો પ્રત્યુપકાર મેળવવા ઉપકાર કર્યો હોય તો, તેને 'ઉપકાર કર્યો હતો' એમ કહેવાય જ નહીં. એને તો 'ઋણ રૂપે આપેલું દાન' જ કહેવાય. (જે પાછું લેવાની ગણતરીએ કે શરતે અપાય તેને તો 'ઋણદાન' કહેવાય; ઉપકાર નહીં.)

વળી, શતપત્ર ઉમેરે છે કે – "આ સિંહે કરેલા ઉપકારને યાદ રાખ્યો નહીં, તો લાવ, વનદેવતાના કહેવા મુજબ હું તેની આંખો ફોડી નાખીને, તેની ઉપર બદલો લઉં, તેની ઉપર અપકાર કરું." એમ વિચારી જો હું સિંહને નુકસાન કરવાની કોઈ ચેષ્ટા કરું તો એને તો "દ્વિરદવૃત્તિ" આચરી એમ કહેવાય. ['દ્વિરદવૃત્તિ' એટલે હાથી જેમ પહેલાં પાણીથી સ્નાન કરી લીધા પછી, નદીની બહાર નીકળી, પોતાના શરીર ઉપર રેતી ઉડાડે છે અને ફરી મલિન થઈ જાય છે; તેમ કોઈના ઉપર ઉપકાર કરીને જે પુણ્ય કમાયા હોઈએ, તે તેની ઉપર અપકાર કરીને નષ્ટ કરી દેવાની પ્રવૃત્તિને 'દ્વિરદવૃત્તિ' કહેવાય.]

માટે મારે શતપત્રે સિંહને માફ જ કરી દેવો જોઈએ. ઉપકાર કર્યા પછી જો મિત્રધર્મનો ઉદય ન થાય તો, સજ્જને નમ્રતાપૂર્વક ત્યાંથી ખસી જવું જોઈએ. શતપત્રની વાત સાંભળી વનદેવતા પ્રસન્ન થાય છે, અને સાધુવાદ આપીને ઉમેરે છે કે તમે પક્ષીના રૂપમાં રહેલા મુનિ જ છો.

બોધ : પાપ કરવા પ્રોત્સાહિત કરવામાં (= ઉશ્કેરવામાં) આવે તો પણ સજ્જન તે કરી શકતા નથી; કેમ કે તેમને તો કેવળ ઉપકાર કરવાની જ ટેવ હોય છે. સજ્જનોની પ્રશંસામાં આ કથા કહેવી જોઈએ. વળી, માફ કરવાની દૃષ્ટાન્ત કથા રૂપે–ક્ષાન્તિકથા રૂપે–પણ આ જાતક કહેવું જોઈએ. એ જ પ્રમાણે, જો ભદ્રપ્રકૃતિનો અભ્યાસ કર્યો હોય, તો પશુપક્ષીની યોનિમાં જન્મ થાય તો પણ, તે જીવની સારી ટેવો નષ્ટ થતી નથી.

★ ★ ★

(૯) 'જાતકમાલા'નું મૂલ્યાંકન
(નિયત–કથાઓના સંદર્ભમાં)

(૧) વસ્તુસંકલના :

ભગવાન્ બુદ્ધ (ઇ.સ. પૂર્વે ૬૦૦)ના પૂર્વ અવતારો સાથે સંકળાયેલી કથાઓને 'જાતકકથા' કહેવામાં આવે છે. બુદ્ધ પોતાના પૂર્વાવતારોમાં 'બોધિસત્ત્વ'ના નામે ઓળખાય છે. આમ બધી જાતકકથાઓનો એક જ મુખ્ય નાયક છે; અને તે છે : 'બોધિસત્ત્વ'. વળી, આ જાતકકથાઓ મૂળ ત્રિપિટકોમાં કેવળ ગાથા (શ્લોક) સ્વરૂપ જ છે; અને તે બધી ભગવાન્ બુદ્ધના મુખેથી ઉચ્ચારાયેલી છે. કાલક્રમે (ઇ.સ. પૂર્વે ૨જી–૩જી સદીમાં) તે ગાથાઓને સુબોધ બનાવવા માટે તેની ઉપર 'જાતકટ્ઠકથાઓ' (= જાતક અર્થકથાઓ) રચવામાં આવી; જે બધી પાલિભાષામાં ઉપનિબદ્ધ છે. આવી પાલિ–જાતકકથાઓ ૫૪૭ છે. તેમાંથી અમુક અમુક જાતકકથાઓ પસંદ કરીને, આર્યશૂર નામના ગદ્યકવિએ (ઇ.સ. ૩૫૦–૪૦૦) સંસ્કૃત ભાષામાં એક "जातकमाला" નામના સંસ્કૃત ગદ્યકથા–કાવ્યની રચના કરી છે. આમાં નાયક બોધિસત્ત્વની એક સળંગ કથા નથી, પણ નાની નાની 'લઘુકથા'ના સ્વરૂપની પરસ્પરથી સ્વતન્ત્ર એવી કુલ ૩૪ જાતકકથાઓ મૂકવામાં આવી છે. આ બધી જ કથાઓ સ્વતન્ત્ર હોવા છતાંય, તેમાં નાયક બોધિસત્ત્વના નામનું સૂત્ર (દોરી) એક સમાન છે. અર્થાત્ નાયક 'બોધિસત્ત્વ' નામના સૂત્રથી ગૂંથેલી ૩૪ જાતકકથાઓ રૂપી ૩૪ પુષ્પોની આ માળા છે; તેથી આર્યશૂરે તેનું નામ जातकमाला આપ્યું છે.

કથા-ગૂંથણી બાબતે બીજું એ નોંધપાત્ર છે કે મૂળ પાલિભાષામાં ઉપનિબદ્ધ જાતકકથાઓ (= જાતકટ્ઠકથાઓ)ની જે પ્રકારની[1] ગૂંથણી છે, તેના કરતાં

૧. પાલિ જાતકકથામાં ચાર અંશ હોય છે : (૧) વર્તમાનકથા, (૨) અતીત કથા, (૩) ગાથા અને (૪) સમાધાન. આનો પરિચય અગાઉ 'ત્રિપિટકોમાં જાતકકથાનું સ્થાન અને સ્વરૂપ' ચોથા મુદ્દામાં કરાવ્યો છે.

આર્યશૂરની જે 'જાતકમાલા' છે, તેમાં આવેલી ૩૪ જાતકકથાઓની ગૂંથણી સાવ જુદા પ્રકારની છે. જેમ કે, (૧) આ ૩૪ જાતકકથાઓમાંથી પહેલી વ્યાઘ્રી–જાતક કથાને બાદ કરતાં, બાકીની ૩૩ જાતકકથાઓની આધારસામગ્રી મૂળ પાલિજાતક કથામાંથી જ લેવામાં આવેલ છે. પાલિ જાતકકથાઓની ઘણી 'ગાથા'ઓનું આર્યશૂરે સીધું સંસ્કૃતમાં ભાષાન્તર જ કર્યું છે. કેવળ 'વ્યાઘ્રી–જાતક' એ એમને એમના ગુરુના મુખેથી સાંભળવા મળેલી નવી જાતકકથા છે. (૨) આર્યશૂરે બધી કથાઓને પરસ્પરથી સ્વતન્ત્ર એવા એકમ તરીકે રચી છે; અને તે બધી જ જાતકકથાઓને મુખ્યત્વે ત્રણ અંશમાં રજૂ કરી છે : (ક) કોઈ પણ જાતકકથાની શરૂઆતમાં તેમણે એક 'અવતરણ–પંક્તિ' કહી શકાય એવી બે લાઈનો લખી હોય છે. જેમાં તેઓ જે નીતિબોધ ઉપદેશવા માંગતા હોય છે તેને સ્પષ્ટ અને ટૂંકા (સૂત્રાત્મક) શબ્દોમાં રજૂ કરે છે અને ત્યાર પછી तद् यथा अनुश्रूयते । શબ્દો મૂકે છે અને એ દ્વારા કહે છે કે આ નીતિવાક્યનું દૃઢીકરણ કરતી એક કથા પરમ્પરાથી, ''આમ સાંભળવા મળે છે.'' (ખ) પછી કથાનો મુખ્ય અંશ શરૂ થાય છે. જેમાં તેઓ સંસ્કૃત ભાષામાં અને પોતાની અલંકૃત કાવ્યશૈલીમાં કથા કહેવાની શરૂ કરે છે. અહીં પહેલા જ વાક્યમાં એમ કહેવામાં આવે છે કે બોધિસત્ત્વ કોઈ એકવાર (=કોઈ એક જન્મમાં) કોઈક વનમાં, (કે કોઈક નગરમાં) અમુક પક્ષી તરીકે જન્મ્યા. એ પછી જે તે વન કે નગરનું સુંદર સંસ્કૃતમાં, પણ ટૂંકમાં, વર્ણન કરવામાં આવે છે. પછી બોધિસત્ત્વના ગુણ, સ્વભાવ અને શીલનું ટૂંકું નિરૂપણ કરીને, ઘટનાચક્ર તરફ કવિ આગળ વધે છે. આમાં ઘટના (કથાપ્રવાહ)ની રજૂઆત ગદ્યમાં કરવામાં આવે છે; અને એ દરમ્યાન જે વિચારણા કે પરિસ્થિતિની મીમાંસા કરવામાં આવે છે તેને પદ્યમાં મૂકવામાં આવે છે. એટલે કે 'પંચતન્ત્ર' અને 'હિતોપદેશ'માં જેવી રીતે વાર્તાનો અંશ ગદ્યમાં અને નીતિનો ઉપદેશ સુભાષિત જેવા પદ્યબદ્ધ શ્લોકોમાં કરવામાં આવે છે, તેવી જ રીતે આ 'જાતકમાલા'માં પણ ગદ્ય–પદ્યથી મિશ્રિત એવી જ શૈલી અજમાવાઈ છે. (ગ) દરેક વાર્તાના ત્રીજા અંશમાં, એટલે કે સૌથી છેલ્લે આખી જાતકકથામાંથી જે જે સારભૂત ઉપદેશ તારવવા જેવા હોય તે આર્યશૂર પોતે જ કાઢી આપે છે. આ તબક્કે તેમણે વાર્તાની અવતરણપંક્તિમાં જે 'નીતિવાક્ય' મૂક્યું હોય તેનું પુનઃસ્મરણ કરાવવામાં આવે છે. આમ आदौ च अन्ते च यद् बद्धम्, तद् सुबद्धम् भवति । ન્યાયે પોતાના શ્રોતાને જે ઉપદેશ કે નીતિ દૃઢાવવા માંગતા હોય છે તે કવિ સરસ રીતે આદિમાં અને અંતમાં ગોઠવી આપે છે. સાહિત્ય સમીક્ષકોના મતે પુનરુક્તિને દોષ ગણાતી હોય તો, તે દોષ વ્હોરીને પણ આર્યશૂર પોતાનું લક્ષ્ય સિદ્ધ કરે છે, પણ એક ભાવક તરીકે જો કહીએ તો આવી પુનરુક્તિ મનોહારિણી પણ છે.

(૨) જાતકકથાઓનો નાયક : બોધિસત્ત્વ :

ઈતિહાસ કહે છે કે કપિલવસ્તુ નગરના રાજા શુદ્ધોદનને ઘરે રાજકુમાર તરીકે જન્મેલ સિદ્ધાર્થ ગૌતમ ૨૯ વર્ષે ગૃહત્યાગ કરીને સંસારના દુઃખનું કારણ અને ઉપાય શોધવા તપશ્ચર્યા આદરે છે. સાત વર્ષની તપશ્ચર્યા પછી ૩૬ વર્ષે તેમને બુદ્ધત્વની પ્રાપ્તિ થાય છે. તે ભગવાન્ બુદ્ધ બને છે. પરંતુ બૌદ્ધ મતાવલંબીઓનું માનવું છે કે સિદ્ધાર્થ ગૌતમ કાંઈ એક જ જન્મના પ્રયત્નોથી પ્રબુદ્ધ બન્યા નથી. બુદ્ધત્વ પ્રાપ્ત કરવા માટે તેમણે અનેક જન્મો સુધી સાધના કરી છે, પ્રયત્નો કર્યા છે. આ બુદ્ધને તેમના પૂર્વાવતારોમાં 'બોધિસત્ત્વ' કહેવામાં આવે છે. આ શબ્દનો અર્થ, અગાઉ જણાવ્યું છે તેમ – (૧) ''બુદ્ધત્વ મેળવવાને માટે જેનું મન અભિલાષા રાખે છે તે વ્યક્તિ.''

બધી જ જાતકકથાઓમાં, ભગવાન બુદ્ધે પોતાના પૂર્વાવતારમાં, જે એક બોધિસત્ત્વ તરીકે જન્મ લીધો હોય, અને તેમાં તેમણે કેવી કેવી દયા, કરુણા, મૈત્રી, ઉપકાર વગેરેની ભાવનાથી પશુ–પંખી, મનુષ્યોનાં જુદા જુદા દુઃખ દૂર કર્યાં હોય એનું નિરૂપણ આવે છે. આ બોધિસત્ત્વ ક્યારેક કોઈક કથામાં દેવરાજ ઈન્દ્ર પણ બને છે, તો બીજી કોઈ કથામાં તે મહાકપિ (એક વાનર) પણ બને છે. આમ જુદી જુદી જાતકકથા તપાસીએ તો બધી વખતે તે મનુષ્ય તરીકે જ જન્મ્યા હોય એવું હોતું નથી, તેઓ ઈન્દ્ર, બ્રાહ્મણ, રાજા, કપિ, તેતર-પક્ષી, નાવિક, આઠ પગવાળું 'શરભ' પ્રાણી કે રંગબેરંગી પીંછાવાળું 'શતપત્ર' નામક પક્ષી પણ બન્યા છે. પરંતુ ખાસ નોંધપાત્ર વાત એ છે કે પશુ–પંખી, મનુષ્ય, રાજા કે બીજી કોઈપણ યોનિમાં જન્મ્યા હોય તોય તે બોધિસત્ત્વ સદાચારી અને કરુણાથી યુક્ત હોય છે. વળી, તેઓ અહિંસાનું સભાનપણે પાલન કરતા હોય છે અને આસપાસના અન્ય જીવોનું દુઃખ દૂર સતત પ્રયત્નશીલ રહેતા હોય છે.

બૌદ્ધ સાહિત્યમાં એવી પણ માન્યતા છે કે બોધિસત્ત્વે અર્થાત્ ભવિષ્યમાં જે બુદ્ધ તરીકે જન્મવાના છે, તેમણે પોતાના એક એક પૂર્વજન્મની અંદર દયાની પરાકાષ્ઠા, દાનની પરાકાષ્ઠા, મૈત્રીની અને કરુણાની પરાકાષ્ઠા સિદ્ધ કરી હતી. આવી પરાકાષ્ઠાને તેમણે 'પારમિતા' નામ આપ્યું છે; અને તે પારમિતાઓ દશ છે. બોધિસત્ત્વે ક્રમશઃ આવી દશ પારમિતાઓ હાંસલ કર્યા પછી જ – દયાનો, કરુણાનો, અહિંસાનો, ક્ષમાનો અને દાન વગેરેને ઘેરો અભ્યાસ કર્યા પછી જ– તે બુદ્ધ થવાને, પ્રબુદ્ધ થવાને લાયક બન્યા છે. આ બુદ્ધત્વની પૂર્વતૈયારી રૂપે જે જે જીવન જીવાયાં તે દરેકને એક એક 'જાતકકથા' કહે છે; અને આવી દરેક જાતકકથાનો એક માત્ર મુખ્ય નાયક તે 'બોધિસત્ત્વ' છે; અને દશવિધ પારમિતાઓ

મેળવવી તે તેમના જીવનનું લક્ષ્ય છે. કાલક્રમે બૌદ્ધ ધર્મમાં બે સમ્પ્રદાયો ઊભા થયા છે : **(૧) હીનયાન** (જેમાં સાધક અંગત રીતે પોતાના એકલાની જ દુઃખ-નિવૃત્તિ અને નિર્વાણનો માર્ગ શોધવા પ્રયત્ન કરે છે.) અને **(૨) મહાયાન.** (જેમાં બોધિસત્ત્વ પોતે પોતાની દુઃખનિવૃત્તિ કરતાં અન્યની, બલ્કે વિશ્વસમસ્તની દુઃખનિવૃત્તિને માટે પ્રયત્નશીલ રહે છે.) બૌદ્ધ ધર્મના આ બે સમ્પ્રદાયોમાંથી જે મહાયાની બૌદ્ધધર્મ છે તેમાં બોધિસત્ત્વની કલ્પનાનો ઉદય થયો છે; અને તે પુરાકલ્પન(Myth)ની આસપાસ જ આ જાતકકથાઓનો સમૂહ ગૂંથાયો છે.

[આર્યશૂરે ૩૪ જાતકકથાઓની 'જાતકમાલા' બનાવી છે; પણ તેમાં કઈ જાતકકથાથી, બોધિસત્ત્વ (દશમાંની) કઈ 'પારમિતા' પ્રાપ્ત કરે છે ? એનું સ્પષ્ટીકરણ કર્યું નથી. અલબત્ત, તે આપણે આપણી રીતે વિચારી તો શકીએ છીએ. જેમ કે, સૌથી પહેલી જ 'વ્યાઘ્રી–જાતક' કથા દ્વારા બોધિસત્ત્વની 'દાન–પારમિતા' અને 'દયા–પારમિતા' સિદ્ધ થયાનું અનુમાની શકાય છે. શરભ–જાતક કે જેમાં ''અવૈરથી વેર શમે છે અને મૈત્રીનો ઉદય થાય છે'' – એનો ઉપદેશ અપાયો છે, તેમાં બોધિસત્ત્વની 'મૈત્રી પારમિતા' છતી થાય છે વગેરે.]

(૩) નિયત આઠ જાતકકથાઓનો તુલનાત્મક અભ્યાસ :

પ્રસ્તુત પુસ્તકમાં, 'જાતકમાલા'માંથી પસંદ કરેલી જે આઠ જાતકકથાઓ રજૂ થઈ છે તેનો તુલનાત્મક અભ્યાસ કરીશું. આ આઠેય કથાઓ પોતપોતાની રીતે સ્વતન્ત્ર એકમ ધરાવે છે. અલબત્ત, તે દરેક કથાનો મુખ્ય નાયક 'બોધિસત્ત્વ' એકલો જ છે. પણ તે દરેક કથામાં તેમણે જુદી જુદી યોનિમાં જન્મ લીધો છે અને તે દરેક જન્મમાં તેમણે પોતાની દયા, દાન, કરુણા, મૈત્રી, સત્યનિષ્ઠા, અહિંસા વગેરેની લાગણી અને ગુણોથી અપૂર્વ કર્મો કરી બતાવ્યાં છે; જે મનુષ્યજાતને માટે યુગો–યુગો સુધી સદ્ધર્મ–પ્રેરિત જીવન જીવવાની પ્રેરણા આપી શકે તેમ છે.

(૧) વ્યાઘ્રી–જાતક : આ કથા 'જાતકમાલા'માં સૌથી પહેલી મૂકવામાં આવી છે; અને વળી, તે પરંપરાગત ૫૪૭ પાલિજાતક કથાઓમાંથી લેવામાં આવેલી નથી. આ બે કારણસર તે મહત્ત્વની બની જાય છે. આર્યશૂરે પોતાના ગુરુના મુખેથી સાંભળેલી આ કથાને પહેલી એટલા માટે મૂકી છે કે તેમાંથી બોધિસત્ત્વે એકી સાથે બે પારમિતાઓ સિદ્ધ કર્યાનો નિર્દેશ મળે છે. જેમ કે, ભૂખી વાઘણને તૃપ્ત કરવા તેમણે પોતાના શરીરને જ આહાર તરીકે સમર્પિત કરી દીધું. બોધિસત્ત્વની આ 'દાન–પારમિતા' ગણાય. (આજના જમાનામાં રક્તદાન, નેત્રદાન કે કીડનીનું દાન વગેરેનો મહિમા સ્વીકૃત છે. પણ બોધિસત્ત્વે પોતાનું

આખું શરીર જ આપી દઈને તો દાનની પરાકાષ્ઠા જ હાંસલ કરી કહેવાય.) મૂળ પાલિ જાતકકથાઓમાં શશ (= સસલું) બનેલા બોધિસત્ત્વે પણ દેવરાજ ઈન્દ્રને પોતાનું શરીર આહાર તરીકે ધરી દેવા અગ્નિમાં કૂદકો મારી દીધો હતો; અને એ રીતે 'દાન પારમિતા' સિદ્ધ કરી હતી. પરંતુ એની તુલનામાં આર્યશૂરની આ નવી 'વ્યાઘ્રીજાતક' કથા એ રીતે ચઢી જાય છે કે એમાં બોધિસત્ત્વે 'પોતાનું શરીર ભૂખી વાઘણના આહાર તરીકે ધરી દીધું.' એટલો જ સંદર્ભ નથી. આમાં તો ભૂખથી ઉદ્વિગ્ન થયેલી માતા વાઘણ પોતાનાં જ નવજાત બચ્ચાંઓને ખાઈ જવા તત્પર થઈ હતી. એટલે વાઘણનાં બચ્ચાંઓને બચાવી લેવા એમના ઉપર દયા લાવીને પણ બોધિસત્ત્વે પોતાનું શરીર વાઘણને હવાલે કરી દેવું જરૂરી હતું. આમ, બોધિસત્ત્વે એકી સાથે બે વાત ધ્યાનમાં લીધી છે. એક તરફ વાઘણનું ભૂખનું દુઃખ હતું અને બીજી તરફ નવા જન્મેલાં બચ્ચાંઓનાં પ્રાણ બચાવી લેવાનો પણ સવાલ હતો. આમ બચ્ચાંઓ ઉપર દયા લાવવી પણ જરૂરી હતી. બોધિસત્ત્વે એક ક્ષણનો પણ જો વિલંબ કર્યો હોત[૧] તો કાર્ય બગડી જાત. આથી આ 'વ્યાઘ્રી–જાતક'માં બોધિસત્ત્વે 'દાન–પારમિતા'ની સાથોસાથ પોતાની 'દયા–પારમિતા' પણ પ્રકટ કરી છે. આમ આમાં બે પારમિતાઓનો નિદર્શ છુપાયેલો હોઈને, આર્યશૂરે તેને 'જાતકમાલા'ના પહેલા પુષ્પ તરીકે ગૂંથેલ છે.

(૨) યજ્ઞ–જાતક : આ કથામાં બોધિસત્ત્વ એકવાર રાજા બન્યા હોય છે. એમના રાજ્યમાં દુષ્કાળ પડ્યો છે, પ્રજા દુઃખી છે. એટલે પ્રચલિત આસ્થા મુજબ રાજપુરોહિત અને બ્રાહ્મણો વૃષ્ટિના દેવતા ઈન્દ્રને પ્રસન્ન કરવા પશુયાગ કરવાની સલાહ આપે છે. પણ અહિંસાને વરેલા રાજા તેવો યાગ કરવા તૈયાર નથી. અલબત્ત, એ સમયગાળામાં એવી માન્યતા જરૂર પ્રચલિત હતી કે યજ્ઞમાં થતી હિંસા એ હિંસા ગણાતી નથી. કેમ કે આવા યજ્ઞમાં જે નિર્દોષ પશુઓને હોમવામાં આવે છે, તેમને તો તરત સ્વર્ગ મળે છે ! રાજા બનેલા બોધિસત્ત્વ આવા હિંસા ભરેલા વેદોક્ત યજ્ઞયાગાદિનો પહેલાં મૌન રાખીને વિરોધ કરે છે; અને પછીથી યુક્તિપૂર્વક પ્રતિકાર કરે છે. તેમણે જાહેર કરાવડાવ્યું કે મારે ૧૦૦૦ મનુષ્યોને જેમાં હોમવા પડે તેવો પુરુષમેધ યજ્ઞ કરવો છે ! આથી મારા રાજ્યમાં જે દુરાચારી, પાપી હશે તેને પકડી લેવામાં આવશે. આવી વ્યક્તિઓને યજ્ઞપશુ બનાવી દેવાશે.

---

૧. કોઈ પણ પ્રકારે વિલંબ ન થાય, તે માટે તેમણે પોતે જ પહેલેથી શિષ્યને આહાર શોધવાના બહાને દૂર મોકલી દીધો હતો. જો શિષ્ય ત્યાં હાજર હોત તો એણે પોતાના ગુરુને–બોધિસત્ત્વને–રોકવા થોડીવાર પ્રયત્ન પણ કર્યો હોત; અને એટલી વારમાં કામ બગડી પણ શક્યું હોત.

તેમણે આચરેલી આ યુક્તિ દ્વિવિધ રીતે ફળદાયી બને છે : (૧) પ્રજા પરસ્પર વૈરભાવ ભૂલી, સંપીને રહેવા લાગી, સદાચાર અને ધર્મનું જ અનુસરણ કરવા લાગી. દાન અને અતિથિસત્કારને વિશે ઉન્મુખ થઈ ગઈ. (૨) પરિણામે અન્ય ઉપદ્રવોની સાથે અનાવૃષ્ટિ વગેરે પણ દૂર થઈ ગયાં. પ્રજાએ દુરાચાર, અનાચાર વગેરે ત્યજવાની સાથે આળસ–પ્રમાદ પણ ત્યજ્યાં હતાં. તેથી સિંચાઈ વગેરેની વ્યવસ્થા પણ તેમણે કરી લીધી. આમ તેઓ સર્વથા સુખી થયાં.

રાજા બોધિસત્ત્વને તો એવા વૈદિક યજ્ઞ–યાગો કે જેમાં પશુહિંસા થતી હોય તે માન્ય જ ન હતા. તેઓ મનમાં સતત એમ જ વિચારતા હતા કે – પશુહિંસાની સાથે ધર્મને કેવી રીતે સંબંધ હોય ? વળી, યજ્ઞમાં પશુ હોમવાથી દેવલોક મળે કે દેવતા રાજી થઈને વૃષ્ટિ વરસાવે એ તો બને જ કેવી રીતે ? એ જ પ્રમાણે, યજ્ઞનિમિત્તે હણાવાથી પશુને સ્વર્ગ મળે છે – એવી વેદપંડિત બ્રાહ્મણોની વાત પણ અશ્રદ્ધેય છે. પશુ પોતે જ્યાં સુધી સારા માર્ગે જીવન ના જીવે, કે પુણ્યકાર્ય ન કરે ત્યાં સુધી તેને સ્વર્ગ મળે જ કેવી રીતે ? છતાંય જો યજ્ઞમાં હણાવા માત્રથી ખરેખર સ્વર્ગ મળતું હોય તો તો આ યજ્ઞ કરાવનારા બ્રાહ્મણો જ પશુ બનવા પડાપડી કરવા જોઈએ ! પણ બ્રાહ્મણોએ એવી સ્પર્ધા કરી હોય એવું ક્યારેય બન્યું નથી ! ત્રીજું, જે દેવોને સમૃદ્ધ સુગંધીયુક્ત અમૃતપાન અપ્સરાઓના હાથે કરવા મળતું હોય, તેઓ એ અમૃતને છોડીને નિર્દોષ યજ્ઞપશુનું માંસ ખાવાની શું ઇચ્છા રાખે ખરા ? – માટે વેદોક્ત હિંસક યાગો એ તો તે સમયના બ્રાહ્મણોની છેતરામણી જ છે – એ વાત બોધિસત્ત્વે બરાબર ખુલ્લી પાડી દીધી છે. બોધિસત્ત્વે (બુદ્ધે) પોતાના સમયમાં અ–હિંસા ને પ્રતિષ્ઠિત કરવા માટે જે કટાક્ષોક્તિ (Satire) નો પ્રયોગ કર્યો છે તે ચિરસ્મરણીય છે. 'સેટાયર' (કે જે ક્યારેક કટુવ્યંગ = Sarcasm, વક્રવેણ = Cynicism કે નાટ્યવક્રતા–કટાક્ષ–Irony નું રૂપ ધારણ કરીને પ્રગટે છે) તે સામાજિક અથવા રાજકીય કક્ષાએ રૂઢ થઈ ગયેલાં વલણોના વિરોધમાંથી; અથવા તો ધાર્મિક અને નૈતિક અધઃપતન સામેના આક્રોશમાંથી જન્મે છે. હિંસક વેદોક્ત યાગોનો વિરોધ કરવા બુદ્ધની વાણીમાં આવો 'સેટાયર' અનેકવાર જોવા મળે છે, તો આ 'યજ્ઞ–જાતક'ની કથા એવા 'સેટાયર'નો એક ઉત્તમ નમૂનો પૂરો પાડે છે. તથા અહિંસાની પ્રતિષ્ઠા કરવાની સાથોસાથ પ્રજાનું હિત કેવી રીતે કરી શકાય ? તેનો બોધ સર્વકાળના રાજાઓને પૂરો પાડે છે. [હિંસાથી ભરેલા વેદોક્ત યજ્ઞોની સામે ભગવાન બુદ્ધે કરેલા કટુવ્યંગ પછી જ, મહાભારતકારે ભગવદ્ગીતામાં 'યજ્ઞ'ની વિભાવના બદલી છે, વિશાળ કરી છે. આ ઐતિહાસિક પરિબળ ધ્યાનાસ્પદ છે.]

(૩) શક્ર–જાતક : આ કથામાં દયા રૂપી ધર્મ પણ વિજય અપાવી શકે છે એનું એક સુંદર ઉદાહરણ મળી રહે છે. બોધિસત્ત્વ એકવાર દેવરાજ ઇન્દ્ર 'શક્ર'

બને છે. અસુરો જોડે યુદ્ધ થતાં સમુદ્ર કિનારે શક્ર બરાબર ટક્કર ઝીલે છે. પણ એક તબક્કે અસુરસેનાનું જોર વધે છે અને દેવસેના પાછી પડે છે. તેથી ન છુટકે તેમનો સારથિ 'માતલિ' ઇન્દ્રને બચાવી લેવા રથ પાછો વાળે છે. પણ દયાળુ ઇન્દ્ર રસ્તામાં ગરુડ પક્ષીઓના માળા અને એમાં રહેલા બચ્ચાંને બચાવી લેવા સારથિને આજ્ઞા કરે છે. સારથિ જો બચ્ચાંની કાળજી લેવા રથ ધીમો હાંકે ને લાંબો રસ્તો પકડે તો પાછળથી અસુરસેના આવી પહોંચે. પણ દયાથી ભરેલું ઇન્દ્રનું ચિત્ત પક્ષીઓનાં બચ્ચાંઓને બચાવી લેવા કૃતનિશ્ચયી છે. ઇન્દ્ર બચ્ચાંને મરવા દઈને, પોતે બચી જવા માંગતા નથી. એમને તો અસુરોના હાથે પરાજય મળે કે મોત થાય તો તે ગ્રાહ્ય છે. આમ કોઈપણ હિસાબે એમને દયા-ધર્મ છોડવો નથી.

આથી પીછેહઠ કરવાની છોડી દઈને, માતલિ દ્વારા ફરી પાછો ઇન્દ્રનો રથ રણસંગ્રામ તરફ વાળવામાં આવે છે. અસુરોને ઇન્દ્રના પાછા ફરવાની પ્રવૃત્તિ રહસ્યાત્મક લાગે છે. તેઓ વિચારે છે કે ઇન્દ્ર કોઈક નવી ગુપ્ત શક્તિ લઈને પાછો ફર્યો હશે. તેથી અસુરોમાં નાસભાગ મચી ગઈ, જેના પરિણામે ઇન્દ્રની જીત થઈ !

જીવનમાં, આમ ક્યારેક દયાધર્મનું પરિપાલન કરવાનો આગ્રહ પણ અકસ્માતે વિજય અપાવે—એ ઘટના રોમાંચક છે, (મહાભારતના યુદ્ધમાં પણ ''જ્યાં ધર્મ ત્યાં વિજય'' – એનું પ્રદર્શન હોવા છતાંય કૃષ્ણે અનેકવાર નાના—મોટા કપટનો આશ્રય લઈને પાંડવોને જીત અપાવી હતી તે હકીકત છે. એની સામે ઇન્દ્ર બનેલા આ બોધિસત્ત્વની જીત જો ધર્માશ્રિત હોય તો આર્યશૂર કહે છે તેમ કહેવું રહ્યું કે – धर्मो रक्षति धर्मचारिणम् । ''(દયા) ધર્મનું આચરણ કરનારની રક્ષા તો ધર્મ જ કરે છે; અને રક્ષણ ઉપરાંત જીત અને સમૃદ્ધિ પણ અપાવે છે.''

(૪) સુપારગ—જાતક : એકવાર બોધિસત્ત્વ દરિયા-ખેડુ નાવિક બને છે. તેઓ જે નૌકામાં વિહાર કરે તેને કોઈ નુકસાનકર્તા હાનિ થાય નહીં, અને છેવટે સિદ્ધિ પણ મળે. આથી દરિયાઈ—માર્ગે જઈને વેપાર કરનારાઓ સૌ તેમને 'સુપારગ'ના નામે ઓળખતા. ('સુપારગ' એટલે સારી રીતે, દરિયાની સામે પાર સુધી જનાર, પહોંચાડનાર). ભરુકચ્છ બંદરેથી કેટલાક વેપારીઓ તેમને લઈને એકવાર યાત્રાએ નીકળે છે. વંટોળમાં નૌકા બેકાબુ બને છે અને પહોંચે છે દૂર દૂરના અપાર—અનંત સમુદ્રમાં ! સુપારગ અનેકવાર પાછા ફરી જવાની સલાહ આપે છે, પણ તે વણિકોને વહાણને પાછું વાળવામાં સફળતા મળતી નથી, તેઓ નલમાલી, અગ્નિમાલી, કુશમાલી ઇત્યાદિ નામના જુદા જુદા ભયાનક સમુદ્રોને ઓળંગીને છેવટે 'વડવામુખ' નામના સમુદ્રમાં પેસી જાય છે. આ સ્થાન તો સાક્ષાત્ મૃત્યુનું જ મુખ હતું. સૌ

વણિકો વિલાપ કરે છે, પોતપોતાના દેવી–દેવતાને પ્રાર્થે છે, અર્ચના કરે છે. પણ બધું નિષ્ફળ જાય છે. આથી તેઓ સુપારગને શરણે જાય છે. સૌ વણિકોને આપત્તિગ્રસ્ત જોઈ, એમનું હૃદય દ્રવી ઊઠે છે. કરુણાશીલ સુપારગ હવે પોતાના પુણ્યને બાજી ઉપર લગાવે છે, સૌ તથાગતોને–બુદ્ધોને–પ્રણામ કરીને તે બોલે છે :

"જ્યારથી હું સમજણો થયો છું, ત્યારથી માંડીને આજદિન સુધી એક પણ જીવ–જંતુ, પ્રાણીની ક્યારેય હિંસા કરી નથી. અર્થાત્ એકધારુ અહિંસાવ્રત આચર્યું છે. જો આ મારું વાક્ય સત્ય હોય તો અમારી આ નૌકા વડવામુખમાં પ્રવેશ્યા વિના જ પાછી ફરી જાય."

આ શપથવાક્યના પ્રભાવથી તરત જ ચમત્કાર થયો; અને સાચે જ દરિયાઈ તોફાન શમી ગયું; અને વણિકોની નાવ પાછી ફરી ગઈ ! પછી રસ્તામાંથી તેમણે જુદા જુદા સમુદ્રના કિનારામાંથી પાષાણ અને રેતી સમજીને ભરેલા પદાર્થો ય અંતે વૈદૂર્ય મણિ અને રત્નો રૂપે હાથ લાગ્યાં !

આમ અહિંસા વ્રતના પુણ્યબળથી બોલાયેલા સત્યવચનની આણ સમુદ્રે પણ સ્વીકારી એમ કહી શકાય. આથી જીવનમાં બુદ્ધિચાતુરી હોય કે કપટનીતિ કે કૂટનીતિ હોય તો જ બચી શકાય કે સિદ્ધિ મેળવી શકાય–એવું એકાંગીપણે માનવું ઉચિત નથી. સુપારગ બોધિસત્ત્વના જીવનની ઉપર્યુક્ત ઘટનાં વાંચ્યા/જાણ્યા પછી એમ માનવું રહ્યું કે જીવનમાં અહિંસા અને સત્ય પણ આપણને ઇષ્ટસિદ્ધિ કરાવી આપવામાં પૂરેપૂરાં સમર્થ છે. [મહાત્મા ગાંધીજીને પણ જીવનના અમુક અનુભવો પછી સત્ય અને અહિંસા જેવા જીવનમૂલ્યોમાં અપાર શ્રદ્ધા હતી. તેનું પણ અત્રે સ્મરણ કરવું જોઈએ.]

(૫) વર્તકા–પોતક જાતક : વર્તક–પક્ષી એટલે તેતરપક્ષી. તેના બચ્ચા રૂપે, એકવાર બોધિસત્ત્વ જન્મ લે છે. બોધિસત્ત્વને અનેક જન્મોના અભ્યાસને કારણે પ્રાણીમાત્ર ઉપર દયા, પ્રેમ, કરુણાનો અખૂટ ભાવ હોય છે. આથી વર્તકપક્ષી રૂપે જન્મેલા આ બોધિસત્ત્વને એમના માતપિતા જો જીવજંતુ મારીને આહાર તરીકે લાવી આપે છે, તો તેનો આહાર કરતા નથી. કેવળ અનાજનાં દાણાં કે વડના ટેટાંનો આહાર કરીને ઉછરી રહ્યા છે, પણ આમાંથી શરીરને પૂરતું પોષણ મળતું નથી. તેથી તે દુર્બળ છે, અને તેમને હજી પાંખો પણ ફુટી નથી. જ્યારે બીજાં પક્ષીનાં બચ્ચાંઓ તો બધા પ્રકારનો આહાર કરતા હતા, તેથી પરિપુષ્ટ થઈ ગયાં હતાં. હવે ક્યારેક એ જંગલમાં ભારે દાવાગ્નિ ચાલુ થયો. ચારે તરફથી તે બધું જ ભસ્મીભૂત કરતો કરતો, આ વર્તકપક્ષીના માળા સુધી આવી પહોંચે છે. વર્તક પક્ષીના પડોશી માળામાંથી પુષ્ટ થયેલાં બીજાં બચ્ચાં ઉડી જાય છે, અરે ! આ વર્તકપક્ષીના માતપિતા પણ ગભરાટમાં પહેલાં ઉડી જાય છે. તેથી નિરાધાર અને

એકાકી બનેલા વર્તક બોધિસત્ત્વ આંગણે આવી ઊભેલા અગ્નિદેવને જ સીધી પ્રાર્થના કરે છે :

''મારી પાસે કહેવાના જ 'ચરણ' છે, તેનાથી હું ચાલી પણ શકતો નથી. પાંખો પણ હજી ફુટી નથી. તથા તમારો–અગ્નિદેવનો–સત્કાર કરવાય મારી પાસે કશુંય નથી. તો તમે અહીંથી જ પાછા ફરી જાવ તેવી મારી વિનંતી છે.'' – વર્તકપક્ષીની આ વિનંતી–પ્રાર્થના–અગ્નિદેવ સ્વીકારે છે અને જેમ નદીના પાણીને સ્પર્શીને અગ્નિ શમી જાય, તેમ વર્તકની સત્યનિષ્ઠ વાણીથી અહીં પણ અગ્નિદેવ શમી જાય છે.

આ જાતકકથા પણ 'સુપારગ–જાતક'ની સાથે તાત્ત્વિક રીતે મળથી આવે છે. અહીં પણ નિરાધારના સત્યવચનથી કે શુદ્ધ હૃદયની પ્રાર્થનાથી અનિષ્ટની નિવૃત્તિ થઈ જાય છે.

(ઉપકાર અને અપકારની મીમાંસા કરતી ત્રણ જાતકકથાઓ)

(૯) મહાકપિ–જાતક : કોઈ વ્યક્તિ 'ઉપકાર ઉપર અપકાર' કરે તો શું ફળ આવે ? એ મુદ્દાને લઈને આ મહાકપિની જાતકકથા કહેવામાં આવી છે.

બોધિસત્ત્વ એકવાર હિમાલયના જંગલોમાં મહાકપિ બનીને ફરી રહ્યા હોય છે. ત્યાં ભૂખ અને થાકથી વ્યાકુળ બનેલો એક માણસ તિન્દુકી વૃક્ષનાં ફળ ખાવા માટે તેના ઝાડ ઉપર ચઢે છે, પણ ડાળના છેડાનો ભાગ પાતળો હતો તેથી તૂટી પડ્યો; અને માણસ જઈ પડ્યો એક ઊંડી ખીણમાં. તે પોતાના જીવનને વિશે સાવ નિરાશ થઈ ગયો અને રડવા લાગ્યો. આથી મહાકપિ કરુણાથી પ્રેરાઈને એની નજીક જાય છે. એને ઊંચકીને તે બહાર પણ કાઢે છે. પરંતુ આ મહાકપિ થાકી ગયા હોવાને કારણે થોડીકવાર એક શિલાતલ ઉપર સૂઈ જાય છે. આ સમયે કોઈ હિંસક પ્રાણી ક્યાંકથી આવી ન ચઢે એનું ધ્યાન રાખવાનું કામ પેલા માણસને સોંપવામાં આવેલું. પણ આ વિશ્વાસઘાતી માણસે જ મહાકપિની ઉપર એક મોટી શિલાનો પ્રહાર કરી મારી નાખવાનો નિષ્ફળ પ્રયાસ કર્યો. મહાકપિએ કરેલા ઉપકારનો બદલો માણસે અપકાર કરીને વાળ્યો.

પરંતુ મહાકપિને આથી ગુસ્સો આવતો નથી, બલ્કે ઊંડો અફસોસ થાય છે, તેમણે વિચાર્યું કે મેં આને એક (સ્થૂળ) ખાડામાંથી બહાર કાઢ્યો, પણ એણે પોતે જ પોતાની જાતને બીજા (પાપના) ખાડામાં પોતાને ફેંકી દીધો છે. હવે આ પાપના ગર્તમાંથી માણસને કેવી રીતે બહાર કાઢી શકાશે ? – એ વિચારે તેઓ ભારે દુઃખી થઈ જાય છે. આર્યશૂર કહે છે કે – नात्मदुःखेन तथा सन्तः सन्तप्यन्ते यथापकारिणां कुशलपक्षहान्या ॥ મહાકપિને પથ્થર વાગવાથી એટલું દુઃખ નહોતું

થતું; જેટલું દુઃખ તેમને તેમના ઉપર અપકાર કરનાર માણસના કુશળપક્ષની હાનિ થવાથી થઈ રહ્યું હતું. મહાકપિને એ વાતનું દુઃખ થતું હતું કે હવે આ માણસને વિશ્વાસઘાત કરીને અપકાર કરવાનું જે કર્મબંધન લાગ્યું છે, તેનાં કેવાં માઠાં ફળ તેણે ભોગવવા પડશે ?

આ જાતકકથાના ઉત્તરાર્ધમાં આર્યશૂરે એવું બતાવ્યું છે કે મહાકપિ જ્યારે માણસને પોતાની સાથે ચલાવીને એના ગામ પાસે મૂકી આવે છે ત્યારે તરત જ એ અપકારી માણસનું શરીર કોઢવાળું થઈ જાય છે અને વળી તેમાં ફોલ્લા ઊઠે છે; જેમાંથી દુર્ગન્ધ નીકળવા લાગે છે. આમ બૌદ્ધ ધર્મની માન્યતા મુજબ દુષ્કૃત્ય કર્યાના પાપકર્મનું ફળ દરેકે ભોગવવું જ પડે છે. (જૈનધર્મ અને હિન્દુધર્મ પણ આવી માન્યતા ધરાવે છે). પરંતુ અહીં તો આર્યશૂરે એવું પણ બતાવ્યું છે કે દુષ્કૃત્યનું કર્મફળ તરત જ મળે છે. (પેલા માણસને તરત જ કુષ્ઠરોગ થઈ આવે છે.) તો આ વાત આપણા અનુભવ બહારની છે. કેમ કે દરેક પાપીને વાસ્તવિક જીવનમાં તરત જ એની શિક્ષા રૂપે કોઈ ફળ મળતું હોય એવું જોવા મળતું નથી. વળી, કુષ્ઠરોગ એ કોઈ પાપકર્મનું ફળ છે એમ પણ આજનું વિજ્ઞાન સ્વીકારતું નથી. એ ચામડીના અમુક રંગકણોની ખામીનું પરિણામ ગણાય છે. એટલે આજના વિજ્ઞાનથી જુદા પ્રકારની, તે સમયની માન્યતા ઉપર આ જાતકકથાનો ઉત્તરાર્ધ રચાયો લાગે છે. સંભવતઃ આ અંશ પ્રક્ષિપ્ત પણ હોઈ શકે એવુંય લાગે છે.

(૭) શરભ–જાતક : આ કથામાં અપકાર કરનાર ઉપર અનુક્રોશથી પ્રેરાઈને ઉપકાર જ કરવો જોઈએ – એની રજૂઆત થઈ છે. કોઈ વનમાં, બોધિસત્ત્વ એકવાર આઠ પગવાળું 'શરભ' નામનું પ્રાણી બને છે. શિકારે નીકળેલો કોઈક રાજા એમને વીંધી નાખવા ઉદ્યત થાય છે; પણ શરભ જો કે તે રાજાનો પ્રતિકાર કરવા પૂરેપૂરા શક્તિમાન હોવા છતાંય, પોતે હિંસાથી ઉપરત થયા હોઈને ત્યાંથી વેગપૂર્વક નાસી જવાનું જ પસંદ કરે છે. આથી શિકારી રાજા પોતાના ઘોડાને શરભની પાછળ દોડાવે છે, માર્ગમાં એક મોટો ઊંડો ખાડો આવી ચઢે છે. શરભ તો એને આસાની કૂદી જાય છે, પણ રાજાના ઘોડાને માટે એ શક્ય ન હતું. આથી તે ખાડાના કિનારે પહોંચતાની સાથે જ, એકાએક જ ત્યાં સ્થગિત થઈ જાય છે. રાજાનું ધ્યાન તો શરભની ઉપર શરસંધાન કરવામાં જ હતું, તેથી ઘોડાની ગતિવિધિ ઉપર તેમનું ધ્યાન હતું નહીં. આથી ઘોડો એકાએક અટકતાં તેઓ ઘોડા ઉપરથી ઉથલી પડ્યા અને જઈ પહોંચ્યા પેલા ઊંડા ખાડામાં ! આગળ નીકળી ગયેલા શરભે જ્યારે જાણ્યું કે પાછળથી ઘોડાના આવવાનો અવાજ આવતો એકદમ જ બંધ થઈ ગયો છે; તેથી તેમણે પાછા ફરીને જોયું તો, પેલા ઊંડા મોટા ખાડાની સામી બાજુએ એકલો ઘોડો ઊભો રહ્યો છે. આજુબાજુમાં ક્યાંય પેલો શિકારી

રાજા જોવા મળતો નથી. તેમણે તરત જ અનુમાન કર્યું કે નક્કી રાજા એ ઊંડા ખાડામાં ગબડી પડ્યા હશે. આ ક્ષણે કરુણાથી છલકાતું તેમનું હૃદય, ''હાય.....હાય.....એ શિકારી રાજાનું શું થયું હશે ? ઘડી પહેલાં જે રાજછત્ર નીચે ફરતો રાજા હતો તે એક ક્ષણમાં જ ધૂળ ચાટતો થઈ ગયો ! તેમનામાં 'અનુક્રોશ' જાગ્યો. (અનુક્રોશ એટલે 'પરદુ:ખ-દુ:ખિતા' પારકાના દુ:ખનો અંદાજ આવતાં, પોતે દુ:ખી થઈ ઊઠવું, એને મદદ કરવા દોડી જવું—તેને 'અનુ-ક્રોશ' કહે છે.) અહીં બોધિસત્ત્વ એ વાત ભૂલી જાય છે કે આ શિકારી તરીકે આવેલો રાજા તો પોતાનો વધ કરવા ઉદ્યત થયો હતો. આમ રાજાના અપકારને ભૂલીને, કેવળ અનુક્રોશથી પ્રેરાઈને તે રાજાને મદદ કરવા, ઊંડા ખાડામાંથી બહાર કાઢવા ત્યાં દોડી જાય છે. તે સાચે જ પોતાની પીઠ ઉપર રાજાને બેસાડીને, ઊંચકીને બહાર કાઢી લાવે છે. રાજા પણ દુ:ખ દૂર થતાં ખૂશી થયા છે; અને સાથોસાથ પોતે જેને શરભની આકૃતિમાં રહેલ પશુ માનતો હતો, તેનો આવો અનુકંપાશીલ સ્વભાવ ન ઓળખ્યો—એ વિચારે સંતપ્ત પણ થયા છે. રાજા સદ્ગુણી છે, કૃતજ્ઞી છે. આથી તે શરભને પોતાના રાજ્યમાં આવીને નિવાસ કરવાનો પ્રસ્તાવ મૂકે છે, પણ શરભ પોતાની વન્યજીવ તરીકેની મર્યાદા સમજાવી, નમ્રતાપૂર્વક તેનો અસ્વીકાર કરે છે.

આમ અગાઉના 'મહાકપિજાતક'માં એક પ્રાણી (કપિ) દ્વારા કરવામાં આવેલા ઉપકારની ઉપર, માણસે વિશ્વાસઘાત કરીને કેવો અપકાર કર્યો તેનું ચિત્ર છે; તો અહીં, 'શરભ—જાતક'માં શિકારી માણસે કરેલા અપકાર ઉપર, વનનું એક (આઠપગું) બળવાન શરભ પ્રાણી કેવો ઉપકાર કરે છે તેનું મનોહર ચિત્ર આપ્યું છે.

(૮) શતપત્ર—જાતક : 'ઉપકાર' અને 'અપકાર' બાબતે ચાલતી વિચારણાનો સર્વાંગી અભ્યાસ પૂરો પાડવા માટે આર્યશૂરે પોતાની 'જાતકમાલા'માં સૌથી છેલ્લે (૩૪ ક્રમાંકે) એક 'શતપત્ર—જાતક'ની કથા આપી છે. આ કથામાં ''ઉપકારનો બદલો ભવિષ્યમાં પ્રત્યુપકારથી મળે એવી ઇચ્છા પણ ન રાખવી.'' એ મુદ્દો કહેવામાં આવ્યો છે.

વાત કંઈક આમ છે : બોધિસત્ત્વ એકવાર રંગબેરંગી પીંછાવાળું શતપત્ર—પક્ષી બને છે. તેણે વનમાં ફરતાં ફરતાં એક સિંહને જમીન ઉપર આળોટતો, આકુળ—વ્યાકુળ થતો જોયો. શતપત્રની કરુણા જાગી ઊઠી અને તે સિંહને જઈને તેની તકલીફનું કારણ પૂછે છે. શિકાર કરીને કોઈ પ્રાણીનો માંસાહાર કરતાં કરતાં સિંહ વડે એક હાડકું પણ ખવાઈ ગયું હોય છે. એ હાડકું ગળામાં આડું થઈને ભરાઈ ગયું છે, એ બહાર પણ કાઢી શકાતું નથી અને અંદર ગળી પણ શકાતું

નથી. તેથી સિંહની વ્યાકુળતા વધી ગઈ છે. સિંહના દુઃખે શતપત્રપક્ષી પણ દુઃખી થઈ જાય છે. એને દુઃખોદ્ધારનો રસ્તો સૂઝે છે. શતપત્ર સિંહની પાસે મોં ખોલાવે છે અને તેમાં પહેલાં બે દાંતની વચ્ચે ઊભું એક લાકડું ટેકવી દે છે, જેથી સિંહનું મોં એકદમ બંધ ના થઈ જાય, પછી પોતે સિંહના મુખમાં પ્રવેશી, ઊંડે કંઠમાં ભરાયેલા હાડકાને ચાંચ વડે બહાર ખેંચી કાઢે છે, અને પોતે બહાર નીકળતી વખતે બે દાંત વચ્ચે મૂકેલું ઊભું લાકડું પણ આડું પાડી દે છે. આમ શતપત્રે ઉપકાર કરીને સિંહને અસાધ્ય તકલીફમાંથી ઉગાર્યો.

પરંતુ એ જ સિંહ એકવાર જ્યારે મૃગનો શિકાર કરીને તેનો આહાર કરી રહ્યો હતો ત્યારે શતપત્ર પક્ષી એની સામે આવીને બેસે છે. શતપત્રને આજે ક્યાંયથી કશોય આહાર મળ્યો નથી. તે શરમથી સિંહ પાસે થોડીવાર સુધી તો કાંઈ માંગી પણ શકતું નથી, છેવટે ભૂખ અસહ્ય થતાં તેણે અતિથિ બનીને માંગવું પડે છે, ત્યારે ક્રોધે ભરાયેલો સિંહ સામે તાડૂકે છે અને કહે છે કે તે દિવસે તને મારા મુખમાં પેસવા દીધો અને જીવતો બહાર પણ નીકળવા દીધો તે શું ઓછું છે ? ખબરદાર....., જો કંઈ મારી પાસે માંગ્યું છે તો.

આ સાંભળીને શતપત્ર તો કંઈ કહેતું નથી. પણ ત્યાં વનમાં નિવાસ કરતી વનદેવતાથી મૌન રહેવાતું નથી, તે શતપત્ર પક્ષીને ઉશ્કેરે છે : ''આ સિંહની ઉપર તો તેં ઉપકાર કરેલો છે અને તું શક્તિશાળી પણ છે. તું ધારે તો એની બે આંખો ફોડી શકે છે. અથવા એની દંષ્ટ્રામાંથી માંસનો ટૂકડો પણ ચીલઝડપે ખેંચી જઈ શકે છે. આવા ઉપકાર ભૂલી જનારને તો તારે સીધો દોર કરી જ દેવો જોઈએ.'' ત્યારે શતપત્ર–પક્ષી બનેલા બોધિસત્ત્વ કહે છે કે મેં પ્રત્યુપકાર મેળવવા માટે તો, તે દિવસે મદદ નહોતી કરી. એ મદદ તો કેવળ દયાથી પ્રેરાઈને કરી હતી. માટે અત્યારે દુઃખથી ત્રસ્ત થઈને અવશપણે મારે તેની પાસે માંગવું પડ્યું છે. પણ તે આપતો નથી, તો તેથી મને એના ઉપર ક્રોધ ચઢતો નથી. કેમ કે ઉપકારનો બદલો મળે એમ જો ઇચ્છવામાં આવે તો તો તેને 'ઋણદાન' આપ્યું કહેવાય. (ઋણદાન = ઋણ તરીકે આપેલું દાન, જે પાછું આપવું પડે. અંગ્રેજીમાં જેને Loan–લોન કહે છે) માટે સાચો ઉપકાર કર્યો તો એને જ કહેવાય કે જેમાં પ્રત્યુપકાર મેળવવાની ઇચ્છા ન હોય. હવે જો પ્રત્યુપકાર મેળવવાની ઇચ્છા પણ ન જ રાખવાની હોય તો, તે મેળવવાનો દુરાગ્રહ તો રાખી જ કેવી રીતે શકાય ? આથી શતપત્ર–પક્ષીને વનદેવતા ઉશ્કેરે છે તેમ તે સિંહની આંખ ફોડી નાખવા તૈયાર નથી.

આ સંદર્ભમાં બોધિસત્ત્વની એક બીજી વિશેષ વિચારણા પણ ધ્યાનાસ્પદ છે. જેમ કે સામાન્ય રીતે માણસને કોઈની ઉપર ઉપકાર કર્યા પછી, જો પ્રત્યુપકાર

મળતો નથી; અથવા 'ઉપકારની ઉપર અપકાર પણ' કરવામાં આવે છે ત્યારે ઉપકાર કરનારના મનમાં ગુસ્સો આવે છે, વૈરભાવ પણ જાગે છે; અને તે ઉશ્કેરાઈ જઈને ઉપકૃત વ્યક્તિની ઉપર – તેને સીધો કરી નાખવા – કોઈ પાપભર્યું આચરણ કરી બેસે છે. પણ શતપત્ર–પક્ષી બનેલા બોધિસત્ત્વ આવું વર્તન કરવા તૈયાર નથી. તેઓ આવી 'વળતો હુમલો કરવા'ની વૃત્તિને 'દ્વિરદવૃત્તિ' (= હાથીની પ્રવૃત્તિ) એવું નામ આપે છે. હાથી નદીમાં સ્નાન કર્યા પછી, બહાર રેતીના પટમાં આવીને, સૂંઢથી રેતી ઊંચકી ઊંચકીને ચારેકોર પોતાના શરીર ઉપર ઉછાળે છે; (કોરા થઈ જવા માટે) ! આમ નાહીને શુદ્ધ થયેલો વ્યક્તિ, જાતે જ પોતાને મલિન કરી દે તેને 'દ્વિરદવૃત્તિ' કહે છે. આથી બોધિસત્ત્વ કહે છે કે – (૧) ઉપકાર કરતી વખતે પ્રત્યુપકાર મેળવવાની ઇચ્છા રાખવાની નથી અને (૨) પ્રત્યુપકાર ન મળે, તેથી ઉશ્કેરાઈને અથવા (૩) ઉપકાર ઉપર અપકાર પણ કદાચ કરવામાં આવે તો પણ કોઈપણ વ્યક્તિએ 'દ્વિરદવૃત્તિ'નું આશ્રયણ કરવું જોઈએ નહીં.

આમ છેલ્લી ત્રણેય જાતકકથાઓનું ઝૂમખું ઉપકાર, પ્રત્યુપકાર અને અપકારની સાથે સંકળાયેલી સર્વતોમુખી વિચારણા રજૂ કરે છે; અને સદ્ધર્મ શેમાં રહેલો છે તેનો ઉપદેશ આપે છે.

(૪) 'પંચતન્ત્ર' અને 'જાતકમાલા'ના નીતિબોધની તુલના :

'જાતકમાલા'માંથી પસંદ કરેલી આઠ વાર્તાઓનો તુલનાત્મક અભ્યાસ કર્યા પછી, તેનો 'પંચતન્ત્ર'ની પ્રાણીકથાઓ સાથે તુલનાત્મક અભ્યાસ કરવો પણ જરૂરી છે. 'જાતકમાલા'ની પસંદ કરેલી આઠ કથાઓમાંથી પહેલી ચાર કથાઓમાં બોધિસત્ત્વ અનુક્રમે (૧) એક શિષ્યના ગુરુ, (૨) દેવરાજ શક્ર, (૩) હિંસક યજ્ઞ નહીં કરનાર રાજા અને (૪) 'સુપારગ' નાવિક બન્યા છે. પણ પછીની ચારેય કથામાં તેઓ અનુક્રમે (૫) વર્તક (તેતર) પક્ષીનું બચ્ચું, (૬) મહાકપિ, (૭) આઠ પગવાળું 'શરભ' નામનું પ્રાણી અને (૮) શતપત્ર પક્ષી બન્યા છે. આમ જાતકકથાઓમાંની ઘણી જાતકકથાઓમાં બોધિસત્ત્વ મનુષ્યેતર યોનિઓમાં પણ જન્મ્યા છે અને પોતાના દયા, કરુણા વગેરેના સદ્ગુણોના દર્શન કરાવ્યાં છે. બીજું, 'પંચતન્ત્ર'માં પણ નીતિબોધ કરાવવા માટે પ્રાણીઓને વાર્તાનાં પાત્રો બનાવીને રજૂઆત કરી છે. આથી 'પ્રાણીકથા' તરીકે આ બે – 'પંચતન્ત્ર' અને 'જાતકમાલા'નો તુલનાત્મક અભ્યાસ કરવા જેવો છે.

મૂળ 'પંચતન્ત્ર'ના આરંભે કહ્યું છે તેમ–કોઈક રાજાના રાજકુમારોને બુદ્ધિમાં ચતુર બનાવવા અને કૂટનીતિ કે કપટનીતિ આચરવામાં નિપુણ કરવા માટે જુદી

જુદી પ્રાણીકથાઓ કહેવામાં આવી છે. પંચતન્ત્રની બધી વાર્તાઓ વાંચ્યા પછી લાગે છે કે, તેના રચયિતા શઠં પ્રતિ શાઠ્યમ્ । 'જેવાની સાથે તેવા'ની નીતિ આચરવી જોઈએ એમ માનનારા છે. જીવનમાં ચતુરાઈ, લુચ્ચાઈ અને કપટ થકી સફળતા મેળવી લેવી કે સુખી થઈને જ ઝંપવું એને પંચતન્ત્રની વાર્તાઓ કહેવા પાછળનું લક્ષ્ય બનાવાયું છે.

પંચતન્ત્રમાં ભેદનીતિ કે કૂટ/કપટનીતિનો ઉપદેશ આપતી કથાઓ પાછળ વાર્તાકારનું શું જીવનદર્શન હશે ? એનો વિચાર કરતાં બીજો મુદ્દો એવો જણાય છે કે જીવનમાં સફળતા મેળવવી કે સુખી થવું એ તો પછીના તબક્કે આવતી જરૂરિયાત છે; પહેલા તબક્કે તો કોઈપણ જીવને પોતાનું અસ્તિત્વ ટકાવી રાખવું એ પહેલો મુખ્ય મુદ્દો છે. એટલે કે જંગલમાં પરસ્પર વિરોધી વૃત્તિ અને શક્તિવાળાં પ્રાણીઓનો સહવાસ કેવી રીતે શક્ય બને ? એ સમસ્યાભર્યો પ્રશ્ન છે, તો એના ઉત્તર તરીકે 'કપટનીતિનો આશ્રય લેવો' એવી નીતિ જ સિંહ અને સસલાની વાર્તા દ્વારા કહેવામાં આવે છે. (એક નાનું સરખું સસલું પણ કપટનીતિ આચરીને, શક્તિશાળી સિંહને કૂવામાં એનું પ્રતિબિંબ બતાવીને, તેને કૂવામાં પાડીને મરાવી નાખે છે !) આ રીતે મોટાં શક્તિશાળી હિંસક પ્રાણીઓની વચ્ચે પણ નાનાં પ્રાણીઓ પોતાનું અસ્તિત્વ ટકાવી રાખી શકે છે એનું શિક્ષણ પંચતન્ત્ર આપે છે. બીજા શબ્દોમાં સાર રૂપે કહીએ તો ''જેવાની સાથે તેવા થઈને, સૌની વચ્ચે રહીએ.'' એ જીવનસંદેશ પંચતન્ત્રની વાર્તાઓ આપે છે.

પણ, 'જાતકમાલા'ની પ્રાણીકથાઓ સુખી થવાનો કીમિયો કે વિરોધી પ્રાણીઓનો સહવાસ કેવી રીતે ઊભો કરવો ? એ સમસ્યાનું સમાધાન જુદી રીતે – કદાચ વધારે સારી રીતે કરી આપે છે. જેમ કે, જાતકકથાના રચયિતાના મતે પશુપંખીઓમાં પણ ક્યાંક અને ક્યારેક (માણસો કરતાંય) વધારે સારા ગુણ જોવા મળે છે, જે મનુષ્યોને માટે અનુકરણીય છે. દા.ત. 'શરભ' નામનું અષ્ટાપદ પશુ પોતાના શિકારીને પણ મદદ કરવા પાછું ફરે છે, એ જોઈને રાજાના મનમાંથી વેરની ભાવના નષ્ટ થઈ જાય છે, અને તે શરભને પોતાની સાથે નગરમાં રહેવા આવવાનું આમંત્રણ પણ આપે છે. આમ ''વેરથી વેર શમતું નથી, અવૈરથી વેર શમે છે.'' એ સંદેશ મનુષ્યને એક પશુ આપે છે ! અને જો આમ થાય તો વિરોધી વૃત્તિવાળા પ્રાણીઓનું સહજીવન શક્ય બને જ. એવી જ રીતે, બીજો એક દાખલો પણ અત્રે સ્મરણીય છે; શતપત્ર—નામનું પક્ષી સિંહ જેવા બળવાનને પણ ઉપકૃત કરીને, તેના દુઃખમાંથી બહાર કાઢે છે તથા એ ઉપકારના બદલામાં પોતાને એક નિયમ તરીકે પ્રત્યુપકાર પણ મળવો જોઈએ—એમ પણ માનતું નથી અને પરિણામે

દ્વેષના, ક્રોધના અભાવમાં પણ વનની શાંતિ જળવાઈ રહે છે. અન્યથા જો વનદેવતાની ઉશ્કેરણીથી પ્રેરાઈને શતપત્રે સિંહની આંખ ફોડી નાખી હોત તો ચોક્કસ જ સિંહનો ઉપદ્રવ વધી જાત. વન વધારે મોટી હાનિ અને બરબાદી તરફ ધકેલાઈ ગયું હોત. આમ બોધિસત્ત્વના માધ્યમથી પશુ–પંખીની સૃષ્ટિમાં પણ સ્નેહભાવ, દયા, દાન, મૈત્રી, કરુણા, અનુક્રોશ વગેરેની ભાવના કેળવાયેલી જોવા મળે છે; અને તે રીતે પણ સૃષ્ટિનું સંતુલન ઊભું થઈ શકે છે—એમ 'જાતકમાલા'કાર દર્શાવી રહ્યા છે.

શઠં પ્રતિ શાઠ્યમ્ । 'જેવાની સાથે તેવા' થવાની પંચતન્ત્રકારે કહેલી નીતિ કદાચ ક્ષણિક સફળતા જરૂર અપાવી શકતી હશે, પણ તે નવા વૈરને જન્મ આપ્યા વગર પણ ન જ રહી શકે. આથી પંચતન્ત્રકારે ઉપદેશેલી નીતિઓથી તો સૃષ્ટિમાં સામસામા દાવપેચ અને ષડ્યંત્રો રચવાની પ્રવૃત્તિ સતત દ્વિગુણિત—ત્રિગુણિત થતી રહે એવું પણ બને. જ્યારે 'જાતકમાલા'ના માધ્યમથી જે કરુણાર્દ્ર ચિત્તવાળા પ્રાણીઓની કથાઓ વાંચવા મળે છે, તે જ જીવનમાં સાચી અને કાયમી શાંતિ અને સુખ મેળવવાનો ઉપાય હોઈ શકે એમ વ્યંજિત કરે છે.

બૌદ્ધ ધર્મનું ધ્યેય દુઃખમુક્તિ છે. આ દુઃખમુક્તિ મેળવવા રાગ અને દ્વેષથી મલિન થયેલા ચિત્તનું શોધન કરવું જરૂરી છે. હવે ચિત્તમાંથી જો રાગ અને દ્વેષને ધોઈ કાઢવા હોય તો બોધિસત્ત્વ કહે છે તેમ આપણે સૌએ આપણાં ચિત્તને મૈત્રી અને કરુણાથી ભરી દેવાં જોઈએ. જો આપણામાં મૈત્રી અને કરુણા હશે તો અહિંસા આપોઆપ જન્મશે. આમ જાતકકથાઓના માધ્યમથી જે નીતિનો ઉપદેશ આપણા સુધી પહોંચી રહ્યો છે તેનાથી એવું સૂચવાય છે કે શરભના જેવા અનુક્રોશની જરૂર છે, ગુરુના જેટલી દયાની અને આત્મબલિદાન આપવા સુધીની તત્પરતા જરૂરી છે; મૈત્રીની ભાવનાથી સૌને ઉપકૃત કરવાની શતપત્રની આવડત (ચતુરાઈ) કેળવવાની જરૂર છે. મહાકપિના ચિત્તમાં રહેલા દયાભાવની જરૂર છે. જો આમાંનું થોડુંક પણ ભાવનાત્મક રીતે સિદ્ધ કરી શકાશે તો આપણા અંદરોઅંદરના રાગદ્વેષ ઘટશે; અને તજ્જન્ય દુઃખો પણ ઘટશે તથા પરસ્પરથી વિરુદ્ધ શક્તિઓ અને વૃત્તિઓવાળાં હોઈશું તો પણ આપણો **સહવાસ** પણ શક્ય બનશે જ.

★ ★ ★

आर्यशूर–विरचिता

जातकमाला

ॐ नमः श्रीसर्वबुद्धबोधिसत्त्वेभ्यः ॥

श्रीमन्ति सद्गुणपरिग्रहमङ्गलानि
कीर्त्यास्पदान्यनवगीतमनोहराणि ।
पूर्वप्रजन्मसु मुनेश्चरिताद्भुतानि
भक्त्या स्वकाव्यकुसुमाञ्जलिनाऽर्चयिष्ये ॥ १ ॥

ॐ

બધા જ બુદ્ધો અને બધા જ બોધિસત્ત્વોને પ્રણામ.

અન્વય : सद्गुणपरिग्रहमङ्गलानि, कीर्त्यास्पदानि, अनवगीतमनोहराणि, श्रीमन्ति, चरिताद्भुतानि मुनेः (गौतमबुद्धस्य) पूर्वप्रजन्मसु (भूतानि सन्ति), तानि भक्त्या स्वकाव्यकुसुमाञ्जलिना (अहम् आर्यशूरः) अर्चयिष्ये ॥

અનુવાદ : સદ્ગુણોથી ભરેલાં મંગલકારી, કીર્તિથી ભરેલાં, પ્રશંસનીય અને મનોહર એવાં શોભાયુક્ત આ મુનિ (ગૌતમબુદ્ધ)ના અદ્ભુત ચરિતો, કે જે એમનાં અનેક પૂર્વજન્મોમાં થયેલાં છે, તે (ચરિતો)ને ભક્તિથી મારા (**"જાતકમાલા"** નામનાં) કાવ્ય–પુષ્પોની અંજલિ વડે (હું = આર્યશૂર) અર્ચીશ. (૧)

સમજૂતી : આર્યશૂર (ઇ.સ. ૩૫૦–૪૦૦) નામના એક બૌદ્ધ અનુયાયીએ 'જાતકમાલા' નામના વાર્તાસંગ્રહની રચના કરી છે. તેમણે આ ગ્રન્થમાં ભગવાન્ બુદ્ધના પૂર્વજન્મોમાં બનેલી ઘટનાઓને આધારે એક–એક વાર્તા રચી છે. આ વાર્તાઓને 'જાતક–કથા' કહે છે. આર્યશૂરે આવી ૩૪ જાતકકથાઓ રૂપી પુષ્પોની એક 'માળા' રચી છે; તેને 'જાતકમાલા' એવું નામ આપ્યું છે. માણસ જેમ પુષ્પોની માળાથી ભગવાન્ની પૂજા કરે છે તેમ, કથાકાર આર્યશૂર પણ આ 'જાતકમાલા'થી ભગવાન્ બુદ્ધની અર્ચના કરવા માંગે છે.

ગૌતમ–મુનિના પૂર્વજન્મોની આ કથાઓ છે. ગૌતમ મુનિને તે પૂર્વજન્મોમાં 'બોધિસત્ત્વ'ના નામે ઓળખવામાં આવતા હતા. એટલે કે અતીતમાં (ભૂતકાળમાં) થઈ ગયેલા બુદ્ધને 'બોધિસત્ત્વ' કહે છે. [ક્યારેક ભવિષ્યમાં થનારા, હવે પછી થનારા નવા બુદ્ધના અવતારને પણ 'બોધિસત્ત્વ'ના નામે જ ઓળખવામાં આવે છે.]

આ બોધિસત્ત્વનાં જીવનચરિતો અનેક છે. તે બધાં જ અદ્ભુત છે, મંગલકારી છે, મનોહર છે. એમાં બોધિસત્ત્વના દયા, કરુણા, દાન વગેરે સદ્ગુણોની વાતોને રજૂ કરવામાં આવી છે. બુદ્ધના પૂર્વજન્મની આ વાતો બુદ્ધની કીર્તિ વધારનારી છે; અને લોકોનું કલ્યાણ કરનારી છે. કેમ કે આ જાતક–કથાઓ વાંચવાથી માણસમાં પ્રાણીમાત્ર પ્રત્યે દયા, સ્નેહ, કરુણા જેવા ભાવ પ્રકટે છે. માણસ રાગ–દ્વેષના પ્રબળ આવેગો અને તનાવમાંથી મુક્ત થાય છે. આપણને મળેલું મનુષ્યજીવન કોઈ સ્વાર્થની સિદ્ધિ કરવા માટે નથી, તે જીવન તો પરોપકાર કરવા માટે છે. આ સંસાર ક્ષણિક (નશ્વર) છે અને અપરંપાર દુઃખથી ભરેલો છે. તેથી આપણે દયા અને પરોપકારનાં કર્મો થકી, અહિંસા અને મૈત્રી તથા કરુણા થકી લોકોનાં દુઃખ દૂર કરવાં, અથવા કમસે કમ ઓછાં કરવાં મદદરૂપ થવાનું છે. જીવનનું આ જ સાચું કર્તવ્ય છે. ગૌતમ બુદ્ધ આને 'સદ્ધર્મ' કહે છે. બુદ્ધના આ સદ્ધર્મનો ફેલાવો કરવામાં જાતક-કથાઓનો બહુ મોટો ફાળો છે.

श्लाघ्यैरमीभिरभिलक्षितचिह्नभूतै-
राদेशितो भवति यत्सुगतत्वमार्गः ।
स्यादेव रूक्षमनसामपि च प्रसादो,
धर्म्याः कथाश्च रमणीयतरत्वमीयुः ॥ २ ॥

અન્વય : अमीभिः (આ), श्लाघ्यैः (પ્રશંસનીય) अभिलक्षितचिह्नभूतैः (પ્રસંગૈ:) यत् (= यः) सुगतत्व–मार्गः आदेशितो (= उपदिष्टो) भवति, [तेन] रूक्षमनसाम् (जनानाम्) अपि प्रसादः स्याद् एव; [तथा च] (एताः) धर्म्याः कथाः च रमणीयतरत्वम् ईयुः ॥

અનુવાદ : આ પ્રશંસનીય અને (જીવનનો સાચો રાહ) લક્ષિત કરનારાં ચિહ્નવાળાં (બોધિસત્ત્વના જીવનનાં આ પ્રસંગો)થી, જે સુગતત્ત્વ (= બુદ્ધત્વ)નો માર્ગ ઉપદેશાય છે તેના વડે તો રુક્ષ મનવાળાં માણસોને પણ પ્રસન્નતા થશે જ; તથા આ ધર્મયુક્ત કથાઓ (પોતે પણ) વધારે રમણીયતાને પ્રાપ્ત કરશે [એવી મને, આર્યશૂરને ખાતરી છે.]

સમજૂતી : 'જાતકમાલા'ના રચયિતા આર્યશૂર આ જાતક-કથાઓનું પ્રયોજન સ્પષ્ટ કરતાં કહે છે કે આ કથાઓથી જીવન જીવવાનો સાચો માર્ગ અભિલક્ષિત થાય છે. કથાઓએ ચીંધેલા માર્ગે ચાલવાથી 'સુગતત્વ' (બુદ્ધત્વ)રૂપી પરમ લક્ષ્યની પ્રાપ્તિ થાય છે. માણસ જીવનના ભોગવિલાસોથી વિરત થવો જોઈએ, અનેક તૃષ્ણાઓથી મુક્ત થવો જોઈએ. જીવનની અનિત્યતા અને દુઃખમયતા જોઈને તે

જાગી જવો જોઈએ. આ 'જાગી જવાની' સ્થિતિ તે જ બુદ્ધત્વની પ્રાપ્તિ છે. આવો પ્રબુદ્ધ થયેલો વ્યક્તિ જ દયા, મૈત્રી અને કરુણાથી પ્રેરાઈને બીજાને મદદ કરવા દોડી જશે; પોતાને લુંટાવી દેશે; પોતાનું બલિદાન આપી દેશે. બુદ્ધના પૂર્વજીવનની આ જાતકકથાઓ સાંભળીને, આર્યશૂરને ખાતરી છે કે રુક્ષ–ભાવહીન–માણસોનાં મન પણ ધીમે ધીમે ભાવભીનાં થશે ! અને જો આવું થાય તો આર્યશૂર કહે છે કે આ ધાર્મિકકથાઓ જે છે એથી વધારે રમણીયતર બની રહેશે ! એટલે કે પોતાની આ 'જાતકમાલા' ગ્રન્થ લખવાની પ્રવૃત્તિ સફળ થઈ ગણાશે. ટૂંકમાં, આ શ્લોકમાં આર્યશૂરે જાતકમાલા રચવાના બે લક્ષ્યાંકો ઉપર ભાર મૂક્યો છે : (૧) આ કથાઓથી રુક્ષ માણસોનાં મન દયા, કરુણા વગેરે સાત્ત્વિક ભાવોથી ભીનાં થવાં જોઈએ; અને પછી તેમને જીવન જીવવાનો સાચો રાહ મળવો જોઈએ. તથા (૨) આ મૂળ પાલિમાં લખાયેલી જાતકકથાઓ, આર્યશૂર જ્યારે સંસ્કૃત ભાષામાં લખી રહ્યા છે ત્યારે તેમની આ લેખનીથી મૂળની (પાલિ) જાતકકથાઓ (સંસ્કૃતમાં આવીને) રમણીયતર બની રહેવી જોઈએ.

लोकार्थमित्यभिसमीक्ष्य करिष्यतेऽयं
श्रुत्यार्षयुक्त्यविगुणेन पथा प्रयत्नः ।
लोकोत्तमस्य चरितातिशयप्रदेशैः
स्वं प्रातिभं गमयितुं श्रुतिवल्लभत्वम् ॥ ३ ॥

અન્વય : अयं प्रयत्नः 'लोकार्थम्' इति अभिसमीक्ष्य; श्रुत्यार्षयुक्त्यविगुणेन पथा करिष्यते । लोकोत्तमस्य (बोधिसत्त्वस्य) चरितातिशय प्रदेशैः स्वं (= मदीयं) प्रातिभं श्रुतिवल्लभत्वं गमयितुम् (च) [अयं प्रयत्नः करिष्यते ।]

અનુવાદ : ['જાતકમાલા' લખવાનો] આ પ્રયત્ન લોકો(ના કલ્યાણ) માટે છે એ વાત ધ્યાનમાં રાખીને; શ્રુતિ, શાસ્ત્ર અને યુક્તિ (= તર્ક)થી વિરુદ્ધ નહિ તેવા માર્ગે કરવામાં આવશે. તથા લોકોત્તમ (એવા બોધિસત્ત્વ)ના ઉત્કૃષ્ટ જીવનચરિતોના નિરૂપણ વડે મારી (કાવ્ય)પ્રતિભાને પણ કર્ણપ્રિય બનાવવા માટે [આ ('જાતકમાલા' રચવાનો) પ્રયત્ન કરવામાં આવશે.]

સમજૂતી : આ શ્લોકમાં આર્યશૂર કહે છે કે – (૧) આ 'જાતકમાલા'ની રચના લોકોને માટે (જનસમુદાયના કલ્યાણને માટે) કરવામાં આવી રહી છે. (૨) અને તેથી, બોધિસત્ત્વના જીવનપ્રસંગો કે જે શ્રુતિ, શાસ્ત્ર અને યુક્તિ (એટલે કે તર્ક)થી પ્રમાણિત થયેલ છે તેને જ આધાર બનાવીને, તેના જ માર્ગ ઉપર ચાલીને આ 'જાતકમાલા'ની રચના કરવામાં આવશે. અહીં 'શ્રુતિ' અને 'શાસ્ત્ર'

એટલે બૌદ્ધ સાહિત્યમાં જે અત્યંત પ્રામાણિક ગણાયા છે, તે પાલિભાષામાં લખાયેલા 'ત્રિપિટકો'[1] સમજવાના છે. આર્યશૂરે સંસ્કૃતમાં લખેલી આ 'જાતકમાલા'નો આધાર તે આ પાલિભાષામાં લખાયેલી જાતકકથાઓ છે. (૩) 'જાતકમાલા'ની રચના કરવા પાછળ ગ્રન્થકારનો પોતાનો અંગત સ્વાર્થ એ છે કે તેને પોતાની કાવ્ય રચવાની પ્રતિભાને પણ શ્રુતિવલ્લભ (= કાને સાંભળવી ગમે તેવી) બનાવવી છે ! આર્યશૂર આ દ્વારા એમ સૂચવી રહ્યા છે કે મારી કાવ્યબાનીમાં કશી ચમત્કૃતિ હોય કે ન હોય, પણ બોધિસત્ત્વના જીવનચરિતો જ એટલા સર્વોત્કૃષ્ટ છે કે જે કોઈને પણ, કોઈની પણ ભાષામાં સાંભળવા ગમે. [જેમ રામરાવણની યુદ્ધ કથા પોતે જ એટલી રમણીય છે કે તે કોઈ કુશળ કલાકાર નટના મુખે સાંભળો, કે ગામના કથાકારના મુખે સાંભળો કે અભણ દાદીમાના મુખે સાંભળો – તો તે કોઈપણ સ્વરૂપે કર્ણપ્રિય જ હોય છે; તેમ બોધિસત્ત્વના જીવનપ્રસંગો પણ સામાન્ય જનજીવનનું અતિક્રમણ કરીને રહેલાં છે, તેથી તે કોઈની પણ વાણીમાં સાંભળવા ગમે તેવાં છે.]

स्वार्थोद्यतैरपि परार्थचरस्य यस्य
नैवान्वगम्यत गुणप्रतिपत्तिशोभा ।
सर्वज्ञ इत्यवितथाक्षरदीप्तकीर्तिं
मूर्ध्ना नमे तमसमं सहधर्मसंघम् ॥ ४ ॥

અન્વય : परार्थचरस्य यस्य गुणप्रतिपत्तिशोभा अपि स्वार्थोद्यतैः (जनैः) न अन्वगम्यत एव । ''सर्वज्ञ'' इति अवितथाक्षरदीप्तकीर्तिं तम् असमं सहधर्मसंघम् (अहम् आर्यशूरः) नमे (= नमामि) ॥

અનુવાદ : પરાર્થે જીવન જીવનાર જે (બોધિસત્ત્વ)ની ગુણસમૃદ્ધિની શોભા સ્વાર્થમાં ઉદ્યત થયેલા (= ડૂબેલા સામાન્ય માણસો) વડે અનુસરાતી નથી. પણ જે (બોધિસત્ત્વ) 'સર્વજ્ઞ' એવા યથાર્થ શબ્દથી દેદીપ્યમાન કીર્તિવાળા છે, તે અદ્વિતીય (બોધિસત્ત્વ)ને, [તેમના] ધર્મ અને સંઘની સાથે [હું આર્યશૂર] નમસ્કાર કરું છું.

---

૧. પાલિભાષામાં સંગૃહીત "(તિપિટક)" ત્રિપિટક (૧) સુત્તપિટક, (૨) વિનયપિટક અને (૩) અભિધમ્મપિટક છે. આમાંથી સુત્તપિટકના પાંચમા (છેલ્લા) 'ખુદ્દનિકાય'માં જે ૧૫ ગ્રન્થોનો સમાવેશ થાય છે, તેમાંના એક ગ્રન્થમાં મૂળ પાલિ જાતકકથાઓ આવેલી છે. તેને આધારે આર્યશૂરે આ 'જાતકમાલા'ની સંસ્કૃતમાં રચના કરી છે.

સમજૂતી : આ શ્લોકમાં ગ્રન્થકર્તા આર્યશૂરે બે વાત કહી છે : (૧) બોધિસત્ત્વે અગાઉ જેટલા જેટલા જન્મો લીધા છે, તે બધા તેમણે પરોપકારાર્થે વીતાવેલાં છે, આવા પરાર્થે જીવાયેલા જીવનની ગુણસમૃદ્ધિ અત્યંત શોભાસ્પદ છે, આકર્ષક છે. પરંતુ પામર મનુષ્યોનો આ સમાજ તે બોધિસત્ત્વના જીવનનું અનુસરણ કે અનુકરણ કરતો નથી. કેમ કે તે સૌ મનુષ્યો સ્વાર્થ સાધવામાં ડૂબેલા છે. પ્રથમ પંક્તિમાં આર્યશૂરે આવો એક અફસોસ વ્યક્ત કર્યો છે. (૨) હવે બીજી પંક્તિમાં તેઓ કહે છે કે જે બોધિસત્ત્વને માટે વપરાતો 'સર્વજ્ઞ' એવો શબ્દ તે વિતથ (= અનર્થક) નથી; પણ અવિતથ છે; એટલે કે યથાર્થ છે. ત્રણેય ભુવનમાં બોધિસત્ત્વ 'સર્વજ્ઞ' એવા શબ્દથી કીર્તિમંત બનેલા છે. તેમને હું આર્યશૂર, તેમના ધર્મ અને સંઘની સાથે પ્રણામ કરું છું.

બૌદ્ધધર્મમાં (૧) બુદ્ધ, (૨) ધર્મ અને (૩) સંઘ—આ ત્રણને ''ત્રિરત્ન'' તરીકે ઓળખવામાં આવે છે. 'જાતકમાલા'ના રચયિતા આર્યશૂર બોધિસત્ત્વ (=બુદ્ધ)ને પ્રણામ કરવાની સાથે સાથે તેમના 'ધર્મ' અને 'સંઘ'ને પણ પ્રણામ કરે છે. આમ ઈષ્ટદેવતાને નમસ્કાર કરીને ગ્રન્થરચના શરૂ કરવી—એવી પરિપાટીને આ આર્યશૂર પણ અનુસરી રહ્યા છે.

★ ★ ★

(१) व्याघ्री–जातकम्

सर्वसत्त्वेषु अकारणपरमवत्सलस्वभावः सर्वभूतात्मभूतः पूर्वजन्मसु अपि स भगवान् इति बुद्धे भगवति परः प्रसादः कार्यः ॥

तद्यथानुश्रूयते–रत्नत्रयगुरुभिः प्रतिपत्तिगुणाभिराधितगुरुभिः गुणप्रविचय-गुरुभि अस्मद्गुरुभिः परिकीर्त्यमानम् इदं भगवतः पूर्वजन्मावदानम् ।

बोधिसत्त्वः किलायं भगवान्भूतः प्रतिज्ञातिशयसदृशैर्दानप्रियवचनार्थ-चर्याप्रभृतिभिः प्रज्ञापरिग्रहनिरवद्यैः कारुण्यनिस्यन्दैर्लोकमभिगृह्णन् स्वधर्मा-भिरत्युपनतशुचिवृत्तिन्युदितोदिते महति ब्राह्मणकुले जन्मपरिग्रहं चकार ॥ स कृतसंस्कारक्रमो जातकर्मादिभिरभिवर्धमानः प्रकृतिमेधावित्वात्सानाथ्य-विशेषाज्ज्ञानकौतूहलादकौसीद्याच्च नचिरेणैवाष्टादशसु विद्यास्थानेषु स्वकुलक्रमाविरुद्धासु च सकलासु कलास्वाचार्यकं पदमवाप ।

स ब्रह्मवद् ब्रह्मविदां बभूव, राजेव राज्ञां बहुमानपात्रम् ।
साक्षात्सहस्त्राक्ष इव प्रजानां, ज्ञानार्थिनामर्थचरः पितेव ॥ ५ ॥

तस्य भाग्यगुणातिशयसमावर्जितो महाँल्लाभसत्कारयशोविशेषः प्रादुरभूत् । धर्माभ्यासभावितमतिः कृतप्रव्रज्यापरिचयस्तु बोधिसत्त्वो न तेनाभिरेमे ।

(૧) વ્યાઘ્રી–જાતક

ભગવાન બુદ્ધ પૂર્વજન્મોમાં પણ બધા પ્રાણીઓ ઉપર અકારણ પરમ વાત્સલ્ય દર્શાવતા સ્વભાવવાળા હતા અને તે બધાની સાથે તેઓ એકાત્મભાવને પણ પામ્યા હતા. આથી (આપણા મનમાં) તે ભગવાન બુદ્ધની ઉપર ઊંડી શ્રદ્ધા હોવી જોઈએ. [એમના પૂર્વજીવન અંગે] આ પ્રમાણે સાંભળવા મળે છે :– રત્ન-ત્રય (= બુદ્ધ, ધર્મ અને સંઘ)ને ગુરુ માનનારા, સદ્‌ગુણોના સંચયથી ગૌરવશાળી બનેલા, સદ્‌ગુણોનો અભ્યાસ કરવાને કારણે મોટા બનેલા અમારા ગુરુવર્ય વડે તે ભગવાન (બુદ્ધ)ના પૂર્વજન્મમાં બનેલ ઉદાર સત્કૃત્ય (= અવદાન)નું આ પ્રમાણે સંકીર્તન કરવામાં આવતું હતું :– એવું મનાય છે કે તે બોધિસત્ત્વ, કે જે આ જન્મે (બુદ્ધ) ભગવાન બન્યા છે તેઓ જ્યારે (વારંવાર જન્મ લઈને) પોતાની અસાધારણ પ્રતિજ્ઞાને અનુરૂપ દાન, પ્રિયવચન, ઉપકાર વગેરે બુદ્ધિમત્તાપૂર્ણ નિર્દોષ કાર્યો કરીને; અને દયાની વૃષ્ટિ કરીને આ સંસાર ઉપર અનુગ્રહ કરી રહ્યા હતા ત્યારે; (એકવાર) સ્વધર્માનુરાગને કારણે પવિત્ર–શીલવાળા કોઈક ઉન્નત અને મહાન એવા બ્રાહ્મણકુળમાં તેમણે જન્મ લીધો. તેમના જાતકર્મ વગેરે સંસ્કાર ક્રમશઃ પૂરાં થયા. તે (ધીરે ધીરે) ઉછરવા લાગ્યા. તેઓ સ્વભાવથી મેધાવી, ઉત્તમ સહાયતાથી યુક્ત, જ્ઞાનને વિશે કુતૂહલતા રાખનાર અને આળસ વિનાના હોવાને કારણે તેમણે ટૂંક સમયમાં જ અઢારેય વિદ્યાસ્થાનોમાં અને પોતાની કુળપરંપરાની અવિરુદ્ધ એવી સકળ કળાઓમાં 'આચાર્ય' પદ પ્રાપ્ત કરી લીધું હતું !

તે બ્રહ્મવેત્તાઓમાં બ્રહ્મ સમાન હતા, રાજાઓમાં બહુમાનને પાત્ર એવા (સર્વોચ્ચ) રાજાના જેવા હતા. પ્રજાને માટે સાક્ષાત્ સહસ્રાક્ષ (ઇન્દ્ર) જેવા હતા, અને વિદ્યાર્થીઓને માટે અનુકૂળતા કરી આપનારા ઉપકારક પિતા જેવા હતા. (૫)

તેમના મોટા ભાગ્યના ગુણો થકી તેમને વિશેષ મોટી સંપત્તિ, માનસમ્માન અને યશ પ્રાપ્ત થયા હતા. પરંતુ ધર્મશાસ્ત્રના અભ્યાસને કારણે જેમની બુદ્ધિ પવિત્ર થઈ હતી; અને પ્રવ્રજ્યા (= સંન્યાસ)ની સાથે જેમને પરિચય બંધાઈ ગયો હતો તેવા એ બોધિસત્ત્વને એ (સંપત્તિ વગેરે)ના લાભથી આનંદ નહોતો થયો.

स पूर्वचर्यापरिशुद्धबुद्धिः कामेषु दृष्ट्वा बहुदोषजातम् ।
गार्हस्थ्यमस्वास्थ्यमिवावधूय कंचिद्वनप्रस्थमलंचकार ॥ ६ ॥

स तत्र निःसङ्गतया तया (च) प्रज्ञावदातेन शमेन चैव ।
प्रत्यादिदेशेव कुकार्यसङ्गाद्विश्लिष्टशिष्टोपशमं नृलोकम् ॥ ७ ॥

मैत्रीमयेन प्रशमेन तस्य विस्यन्दिनेवानुपरीतचित्ताः ।
परस्परद्रोहनिवृत्तभावास्तपस्विवद् व्याडमृगा विचेरुः ॥ ८ ॥

आचारशुद्ध्या निभृतेन्द्रियत्वा-
त्संतोषयोगात्करुणागुणाच्च ।
असंस्तुतस्यापि जनस्य लोके
सोऽभूत् प्रियस्तस्य यथैव लोकः ॥ ९ ॥

अल्पेच्छभावात्कुहनानभिज्ञस्त्यक्तस्पृहो लाभयशःसुखेषु ।
स देवतानामपि मानसानि प्रसादभक्तिप्रवणानि चक्रे ॥ १० ॥

श्रुत्वाथ तं प्रव्रजितं मनुष्या गुणैस्तदीयैरवबद्धचित्ताः ।
विहाय बन्धूंश्च परिग्रहांश्च तच्छिष्यतां सिद्धिमिवोपजग्मुः ॥ ११ ॥

शीले शुचाविन्द्रियभावनायां
स्मृत्यप्रमोषे प्रविविक्ततायाम् ।
मैत्र्यादिके चैव मनःसमाधौ
यथाबलं सोऽनुशशास शिष्यान् ॥ १२ ॥

अथ कदाचित्स महात्मा परिनिष्पन्नभूयिष्ठे पृथूभूते शिष्यगणे प्रतिष्ठापितेऽस्मिन्कल्याणे वर्त्मन्यवतारिते नैष्क्रम्यसत्पथं लोके संवृतेष्विवापायद्वारेषु राजमार्गीकृतेष्विव सुगतिमार्गेषु दृष्टधर्मसुखविहारार्थं तत्कालशिष्येणाजितेनानुगम्यमानो योगानुकूलान् पर्वतदरीनिकुञ्जाननुविचचार ॥

પૂર્વના આચરણથી એમની બુદ્ધિ શુદ્ધ થઈ ગઈ હતી. ભોગવિલાસમાં તેમણે અનેક દોષ દેખીને, (તથા) ગૃહસ્થીપણાને રોગ સ્વરૂપ જોઈને તેને ત્યજી દઈને, (તેમણે) વનગિરિને અલંકૃત કર્યું. (૬)

ત્યાં તેમણે પોતાની અનાસક્તિ અને પ્રજ્ઞાથી વિશુદ્ધ થયેલ શાન્તિ દ્વારા આ મનુષ્યલોકને, કે જે કુકર્મોમાં આસક્ત હોવાને કારણે સજ્જનોની શાન્તિથી વિખુટો પડેલ હતો, તેને (તેમણે) જાકારો આપ્યો હતો. (૭)

તેમના (તે બોધિસત્ત્વના) વહી રહેલા મૈત્રીભર્યા પ્રશમ વડે જાણે કે, જે (હિંસક પ્રાણી)ઓના ચિત્ત ભરાઈ ગયા હતા; અને તેને પરિણામે જેમણે પરસ્પરનો દ્રોહ કરવાનો ભાવ ત્યજી દીધો હતો તેવા હિંસક પ્રાણીઓ (વ્યાડમૃગો) તપસ્વીઓની જેમ ફરવા લાગ્યા હતા ! (૮)

(પોતાના) આચરણની શુદ્ધિ વડે, તથા સંયમિત ઇન્દ્રિયો, સંતોષ અને કરુણાનો ગુણ હોવાને કારણે અપરિચિત જનસમુદાયની અંદર પણ તે (બોધિસત્ત્વ) એટલા પ્રિય બની રહ્યા કે જેટલો એમને (સમગ્ર જીવ)લોક પ્રિય હતો. (૯)

ઇચ્છાઓ જ અલ્પ હોવાને કારણે, તે વંચના કરવાની વૃત્તિથી અજાણ હતા; તથા (કોઈ પણ પ્રકારના) લાભ, યશ અને સુખને વિશે તેઓ સ્પૃહા વગરના હતા. તેથી, તેમણે દેવતાઓનાં પણ મનને શ્રદ્ધા અને ભક્તિથી નમાવી દીધાં હતાં. (૧૦)

'તેઓ સંન્યાસી થઈ ગયા છે' એમ સાંભળીને મનુષ્યો તેમના ગુણોથી બંધાઈ ગયેલા ચિત્તવાળા બન્યા હતા. (લોકો તો) પોતાનાં સ્વજનો અને નોકરચાકર વગેરેને ત્યજીને, કોઈ મોટી સિદ્ધિ મળી ગઈ હોય તેમ તેમની શિષ્યતાને સ્વીકારવા લાગ્યા ! (૧૧)

ચારિત્ર્ય, પવિત્રતા, ઇન્દ્રિય (સંયમની) – ભાવના, સ્મૃતિની જાગૃતતા, અત્યંત એકાંત અને મૈત્રી વગેરે તથા મનની સમાધિની બાબતમાં તેમણે પોતાના શિષ્યોને યથાશક્તિ અનુશાસનમાં આણ્યા. (૧૨)

હવે જ્યારે તેમનો શિષ્યસમુદાય ચારેય તરફથી ઘણો વધી ગયો અને તેને તેમણે કલ્યાણકારક માર્ગ ઉપર પ્રતિષ્ઠાપિત કરી દીધો, અને સમગ્ર લોકને નૈષ્ક્રમ્ય રૂપી સત્પથ ઉપર ચાલતો કરી દીધો; વળી દુર્ગતિના દ્વારો બંધ કરી દેવાયા તથા સુગતિના માર્ગોને રાજમાર્ગ જેવડા મોટા બનાવી દેવાયા ત્યારે, કોઈ એક સમયે તે મહાત્મા (બોધિસત્ત્વ) તે જન્મમાં સુખપૂર્વક વિહાર કરવાને માટે, તે સમયના તેમના 'અજિત' નામના શિષ્ય વડે અનુસરાતા યોગ (સાધવા)ને માટે અનુકૂળ એવી પર્વતની ગુફાઓ અને નિકુંજોમાં વિચરવા લાગ્યા.

अथात्र व्याघ्रवनितां ददर्श गिरिगह्वरे ।
प्रसूतिक्लेशदोषेण गतां निस्पन्दमन्दताम् ॥ १३ ॥

परिक्षामेक्षणयुगां क्षुधा छाततरोदरीम् ।
आहारमिव पश्यन्तीं बालान्स्वतनयानपि ॥ १४ ॥

स्तन्यतर्षादुपसृतान्मातृविस्रम्भनिर्व्यथान् ।
रोरूयितरवैः क्रूरैर्भर्त्सयन्तीं परानिव ॥ १५ ॥

बोधिसत्त्वस्तु तां दृष्ट्वा धीरोऽपि करुणावशात् ।
चकम्पे परदुःखेन महीकम्पादिवाद्रिराट् ॥ १६ ॥

महत्स्वपि स्वदुःखेषु व्यक्तधैर्या कृपात्मकाः ।
मृदुनाप्यन्यदुःखेन कम्पन्ते यत्तदद्भुतम् ॥ १७ ॥

अथ स बोधिसत्त्वः ससंभ्रमाम्रेडितपदं स्वभावातिशयव्यञ्जकं करुणाबलसमाहिताक्षरं शिष्यमुवाच । वत्स वत्स !

पश्य संसारनैर्गुण्यं मृग्येषा स्वसुतानपि ।
लङ्घितस्नेहमर्यादा भोक्तुमन्विच्छति क्षुधा ॥ १८ ॥

अहो बतातिकष्टेयमात्मस्नेहस्य रौद्रता ।
येन मातापि तनयानाहारयितुमिच्छति ॥ १९ ॥

आत्मस्नेहमयं शत्रुं को वर्धयितुमर्हति ।
येन कुर्यात् पदन्यासमीदृशेष्वपि कर्मसु ॥ २० ॥

तच्छीघ्रमन्विष्यतां तावत्कुतश्चिदस्याः क्षुद्दुःखप्रतीकारहेतुर्यावन्न तनयानात्मानं चोपहन्ति । अहमपि चैनां प्रयतिष्ये साहसादस्मान्निवारयितुम् । स तथेत्यस्मै प्रतिश्रुत्य प्रक्रान्तस्तदाहारान्वेषणपरो बभूव ॥ अथ बोधिसत्त्वस्तं शिष्यं सव्यपदेशमतिवाह्य चिन्तामापेदे ।

હવે આ ગિરિ–ગુફામાં તેમણે એક વાઘણને જોઈ; તે પ્રસવકાળની પીડાને કારણે હલનચલન વિનાની મન્દ પડી ગઈ હતી. (૧૩)

ભૂખને કારણે તેની બે આંખો અંદર ઊંડી ઉતરી ગઈ હતી અને તેનું પેટ સંકોચાઈ ગયું હતું. તે પોતાના (નવજાત) બચ્ચાંઓને પણ પોતાનો આહાર હોય તેમ જોઈ રહી હતી. (૧૪)

સ્તનપાન કરવાની ઇચ્છાથી નજીક આવેલા અને માતા ઉપરના વિશ્વાસથી વ્યથા વગરના બનેલા તે બચ્ચાંઓને તે શત્રુઓની જેમ ક્રૂરતાભરી ગર્જનાઓના અવાજોથી આઘા રાખતી હતી. (૧૫)

તે (વાઘણ)ને જોઈને, બોધિસત્ત્વ પણ ધીર હોવા છતાંય કરુણાવશ બની ગયા. તેઓ પારકાના દુઃખે એટલા કંપવા લાગ્યા કે જાણે ભૂકંપને કારણે હિમાલય કંપવા લાગ્યો હોય ! (૧૬)

કૃપાળુ લોકો પોતાના દુઃખો મોટાં હોય તો પણ ધૈર્યને પ્રકટ કરતા હોય છે; પણ બીજાઓના નાનાં સરખાં દુઃખોથી પણ તેઓ કંપી ઊઠે છે તે ખરેખર આશ્ચર્ય ઉપજાવે છે. (૧૭)

હવે, આ સમયે તે બોધિસત્ત્વે સંભ્રમપૂર્વક પુનરુક્ત થતા પદોવાળા અને તેમના સ્વભાવની કોમળતાને વ્યક્ત કરનારા એવા કરુણાના બળથી ભરેલા અક્ષરો (પોતાના) શિષ્યને કહ્યા :– "વત્સ.....વત્સ.....

આ સંસારની નિર્ગુણતાને (તું) જો.....ભૂખથી (પીડાયેલી) આ વાઘણ (માતૃ)સ્નેહની મર્યાદાને પણ તોડી નાંખીને, પોતાનાં બચ્ચાંઓને પણ ખાઈ જવા ઇચ્છે છે ! (૧૮)

પોતાની જાતને (શરીરને) જ પ્રેમ કરવાની આ ભયંકરતા ખરેખર ભારે કષ્ટકારક છે; જેને કારણે એક માતા પણ (પોતાનાં) બચ્ચાંઓને પણ કોળિયો કરી જવા ચાહે છે ! (૧૯)

પોતાની જાતને જ ચાહવાની ઇચ્છા રૂપ શત્રુને વધારવો તે કોને માટે યોગ્ય છે ? જેનાથી [= જે આવા શત્રુ થકી] આવાં કુકર્મોમાં પણ (પ્રાણીઓ) ડગલાં માંડવા શરૂ કરી દે છે. (૨૦)

તો જ્યાં સુધીમાં આ પોતાનાં બચ્ચાંને અને પોતાને હણી કાઢે નહીં ત્યાં સુધીમાં, (તું) જલ્દીથી આની ભૂખ રૂપી પીડાને દૂર કરવાને માટે કંઈક (ખાદ્ય) ક્યાંકથી શોધી લાવ. હું પણ આ (વાઘણ)ને આવા દુઃસાહસમાંથી અટકાવવા માટે પ્રયત્ન કરીશ. તે (શિષ્ય) પણ "બહુ સારું" એમ કહીને, ચાલી નીકળ્યો, અને તેના આહારને શોધવા લાગ્યો. હવે તે બોધિસત્ત્વે પેલા શિષ્યને આ બહાના હેઠળ ત્યાંથી મોકલી દઈને વિચારવાનું શરૂ કર્યું :–

सविद्यमाने सकले शरीरे
कस्मात्परस्मान्मृगयामि मांसम् ।
याद‍ृच्छिकी तस्य हि लाभसंपत्
कार्यात्ययः स्याच्च तथा ममायम् ॥ २१ ॥

अपि च

निरात्मके भेदिनि सारहीने दुःखे कृतघ्ने सतताशुचौ च ।
देहे परस्मायुपयुज्यमाने न प्रीतिमान् यो न विचक्षणः सः ॥ २२ ॥

स्वसौख्यसङ्गेन परस्य दुःख-
मुपेक्ष्यते शक्तिपरिक्षयाद्वा ।
न चान्यदुःखे सति मेऽस्ति सौख्यं
सत्यां च शक्तौ किमुपेक्षकः स्याम् ॥ २३ ॥

सत्यां च शक्तौ मम यद्युपेक्षा स्यादाततायिन्यपि दुःखमग्ने ।
कृत्वेव पापं मम तेन चित्तं दह्येत कक्षं महताग्निनेव ॥ २४ ॥

तस्मात्करिष्यामि शरीरकेण तटप्रपातोद्गतजीवितेन ।
संरक्षणं पुत्रवधाच्च मृग्या मृग्याः सकाशाच्च तदात्मजानाम् ॥ २५ ॥

किं च भूयः

सदर्शनं लोकहितोत्सुकानामुत्तेजनं मन्दपराक्रमाणाम् ।
संहर्षणं त्यागविशारदानामाकर्षणं सज्जनमानसानाम् ॥ २६ ॥

विषादनं मारमहाचमूनां प्रसादनं बुद्धगुणप्रियाणाम् ।
व्रीडोदयं स्वार्थपरायणानां मात्सर्यलोभोपहतात्मनां च ॥ २७ ॥

श्रद्धापनं यानवराश्रितानां विस्मापनं त्यागकृतस्मयानाम् ।
विशोधनं स्वर्गमहापथस्य त्यागप्रियाणामनुमोदि नृणाम् ॥ २८ ॥

મારી પાસે જ્યારે આ આખું શરીર છે, ત્યારે બીજા કોઈ (પ્રાણી) પાસેથી માંસ શા માટે શોધું ? તે (શિષ્ય)ને (માંસની) પ્રાપ્તિ થાય પણ ખરી અને ન પણ થાય, અને કદાચ (બચ્ચાંને બચાવવાનું) મારું આ કાર્ય બગડે પણ ખરું. (૨૧)

અને વળી,

અનાત્મ, વિનાશી, સારહીન, દુઃખથી ભરેલ, કૃતઘ્ન અને હંમેશા અપવિત્ર રહેનારો આ દેહ પારકાના ઉપયોગમાં આવતાં, જે માણસ રાજી થતો નથી, તે બુદ્ધિમાન ગણાતો નથી. (૨૨)

પોતાના જ સુખમાં આસક્તિ રાખવાથી; અથવા પોતાની શક્તિ ક્ષીણ થઈ જતાં પારકાંનાં દુઃખની તો ઉપેક્ષા જ કરવામાં આવે છે, પરંતુ [તે સમયે માણસે વિચારવું જોઈએ કે] બીજાંને દુઃખ હોતાં, મને સુખ નથી; અને મારામાં (એમનાં દુઃખ દૂર કરવાની) શક્તિ હોવા છતાંય (હું) તેમની ઉપેક્ષા કરનારો શા માટે બનું ? (૨૩)

એક અત્યાચારી વ્યક્તિ પણ જો દુઃખમાં આવી પડ્યો હોય અને મારામાં શક્તિ હોવા છતાંય, જો (મારા મનમાં તેના માટે) ઉપેક્ષાનો ભાવ હોય તો હું જાણે એક પ્રકારનું પાપ કરું છું. (પછી) તે (પાપ) વડે મારું ચિત્ત જ સળગી ઊઠે, જેવી રીતે ભારે મોટા અગ્નિથી એક તણખલું સળગી ઊઠે તેમ. (૨૪)

આથી (પહાડ ઉપરથી) પડતું મૂકીને પ્રાણ નીકળી ગયેલા શરીર વડે, પુત્રવધ(ના પાપ)માંથી આ વાઘણનું રક્ષણ કરીશ તથા વાઘણની પાસેથી એનાં જ બચ્ચાંઓનું પણ રક્ષણ કરીશ. (૨૫)

અને, આના થકી –

(આજે) લોકહિત કરવા માટે ઉત્સુક હોય એવાને રસ્તો બતાવીશ, પરાક્રમને વિશે મંદ (આળસુ) લોકોને ઉત્તેજિત કરીશ, ત્યાગ કરવામાં વિશારદ હોય એવા લોકોને હર્ષિત કરીશ અને સજ્જનોના મનને આકર્ષિત કરીશ. (૨૬)

'માર'ની મહાસેનાને વિષાદગ્રસ્ત કરીશ, બુદ્ધના ગુણો જેમને પ્રિય છે તેવાઓને પ્રસન્ન કરીશ; તથા સ્વાર્થમાં રચ્યા પચ્યા રહેનારને, દ્વેષીલાઓને અને લોભીઓને (મારા આત્મબલિદાનથી) શરમાવીશ. (૨૭)

બુદ્ધયાન (કે મહાયાન)ને આશ્રયે રહેનારની શ્રદ્ધા વધારીશ, ત્યાગ ઉપર હસનારાને ચકિત કરી દઈશ. સ્વર્ગપ્રાપ્તિના માર્ગને ચોખ્ખો કરીશ; અને ત્યાગપ્રિય માણસોને આનંદિત કરીશ. (૨૮)

कदा नु गात्रैरपि नाम कुर्यां हितं परेषामिति यश्च मेऽभूत् ।
मनोरथस्तत्सफलीक्रियां च संबोधिमग्र्यामपि चाविदूरे ॥ २९ ॥

अपि च ।

न स्पर्धया नैव यशोऽभिलाषान्न स्वर्गलाभान्न च राज्यहेतोः ।
नात्यन्तिकेऽप्यात्मसुखे यथायं ममादरोऽन्यत्र परार्थसिद्धेः ॥ ३० ॥

तथा ममानेन समानकालं
लोकस्य दुःखं च सुखोदयं च ।
हर्तुं च कर्तुं च सदास्तु शक्ति-
स्तमः प्रकाशं च यथैव मानोः ॥ ३१ ॥

दृष्टे गुणेऽनुस्मृतिमागतो ता स्पष्टः कथायोगमुपागतो वा ।
सर्वप्रकारं जगतो हितानि कुर्यामजस्त्रं सुखसंहितानि ॥ ३२ ॥

एवं स निश्चित्य परार्थसिद्ध्यै प्राणात्ययेऽप्यापतितप्रमोदः ।
मनांसि धीराण्यपि देवतानां विस्मापयन्स्वां तनुमुत्ससर्ज ॥ ३३ ॥

अथ सा व्याघ्री तेन बोधिसत्त्वस्य शरीरनिपातशब्देन समुत्थापित-कौतूहलामर्षा विरम्य स्वतनयवैशसोद्यमात्ततो नयने विचिक्षेप । दृष्ट्वैव च बोधिसत्त्वशरीरमुद्गतप्राणं सहसाभिसृत्य भक्षयितुमुपचक्रमे ॥

अथ स तस्य शिष्यो मांसमनासाद्यैव प्रतिनिवृत्तः 'कुत्रोपाध्याय' इति विलोकयंस्तद्बोधिसत्त्वशरीरमुद्गतप्राणं, तया व्याघ्रयुवत्या भक्ष्यमाणं ददर्श । स तत्कर्मातिशयविस्मयात्प्रतिव्यूढशोकदुःखावेगस्तद्गुणाश्रयबहुमानमिवो-द्गिरन्निदमात्मगतं ब्रुवाणः शोभेत ।

"હું મારા (શરીરનાં) અવયવો વડે ક્યારે બીજાઓનું હિત કરીશ ?" એવો જે મનોરથ મને થયો છે, તેને હવે હું સફળ કરીશ; અને ટૂંક સમયમાં જ શ્રેષ્ઠ એવી સંબોધિને (બુદ્ધત્વને) પ્રાપ્ત કરીશ. (૨૯)

અને વળી,

મને બીજાનું હિત કરવાની ભાવનાને વિશે જે આદર જન્મ્યો છે તે (કોઈના તરફની) સ્પર્ધાના ભાવથી નથી, કે નથી તેની પાછળ કોઈ યશ મેળવવાનો અભિલાષ. એનાથી સ્વર્ગ–પ્રાપ્તિનો કે રાજ્યપ્રાપ્તિનો પણ હેતુ (મારા મનમાં) નથી. અરે ! આત્યંતિક આત્મસુખ (= મોક્ષાવસ્થા) મેળવવા માટે પણ (દેહદાનનો આ ઉપક્રમ) નથી. (૩૦)

આ (દેહદાન) દ્વારા એકી સાથે આ લોકનું દુઃખ દૂર કરવાની અને તેના સુખનો ઉદય કરવાની મને હંમેશા શક્તિ પ્રાપ્ત થાય એમ ઇચ્છું છું; જેવી રીતે સૂર્યમાં લોકનો અંધકાર દૂર કરવાની અને પ્રકાશ ફેલાવવાની શક્તિ એકી સાથે હોય છે તેમ. (૩૧)

સદ્‌ગુણોની ચર્ચા થાય ત્યારે (લોકોને) હું યાદ આવું, કે કોઈક વાત નીકળે ત્યારે ઉદાહરણ રૂપ બનું એમ મારે આ જગત્‌નું બધી રીતે સતત હિત જ સાધવું છે; અને તેને સુખ જ પહોંચાડવું છે. (૩૨)

આ પ્રમાણે નિશ્ચય કરીને, પરોપકાર કરવા માટે ય પ્રાણ છોડતી વખતે તે (બોધિસત્ત્વ) આનંદિત થઈ ઊઠે છે. દેવતાઓનાં મન જોકે અત્યંત ધીર હોય છે, પણ તેમને ય વિસ્મય ઉત્પન્ન કરતાં બોધિસત્ત્વે પોતાના શરીરને ત્યજી દીધું. (૩૩)

હવે, બોધિસત્ત્વના શરીરનો પડવાનો અવાજ સાંભળીને, તેનાથી તે વાઘણને કુતૂહલ અને ક્રોધ ઉત્પન્ન થયો. પોતાનાં બચ્ચાંને મારી નાખવાના ઉદ્યમથી અટકીને, તેણે (બોધિસત્ત્વના શરીર ઉપર) આંખો માંડી. બોધિસત્ત્વનું શરીર, કે જેમાંથી પ્રાણ નીકળી ગયા હતા તેને જોઈને જ, તે એકદમ જ તેના તરફ ધસી ગઈ અને તેને ખાવા લાગી.

પેલી તરફ તેમનો (= બોધિસત્ત્વનો) શિષ્ય માંસ મેળવ્યા વિના જ પાછો ફર્યો. "ઉપાધ્યાય ક્યાં ગયા ?" એની તપાસ કરતાં કરતાં તેણે પ્રાણ નીકળી ગયેલા બોધિસત્ત્વના શરીરને, તે વ્યાઘ્રયુવતી (વાઘણ) વડે ખવાતું જોયું. તેમના આ અતિશય મહાન કાર્યથી વિસ્મિત થવાને કારણે તેના શોક અને દુઃખનો આવેગ શમી ગયો. તેમના (= બોધિસત્ત્વના) સદ્‌ગુણો પ્રત્યેના બહુમાનને પ્રકટ કરતો હોય તેમ મનમાં ને મનમાં આમ બોલતો શોભવા લાગ્યો :–

अहो दयास्य व्यसनातुरे जने
स्वसौख्यनैःसङ्ग्यमहो महात्मनः ।
अहो प्रकर्षं गमिता स्थितिः
सतामहो परेषां मृदिता यशःश्रियः ॥ ३४ ॥

अहो पराक्रान्तमपेतसाध्वसं गुणाश्रयं प्रेम परं प्रदर्शितम् ।
अहो नमस्कारविशेषपात्रतां प्रसह्य नीतास्य गुणातनुस्तनुः ॥ ३५ ॥

निसर्गसौम्यस्य वसुंधराधृतेरहो परेषां व्यसनेष्वमर्षिता ।
अहो मदीया गमिता प्रकाशतां खटुङ्कता विक्रमसंपदानया ॥ ३६ ॥

अनेन नाथेन सनाथतां गतं न शोचितव्यं खलु सांप्रतं जगत् ।
पराजयाशङ्कितजातसंभ्रमो ध्रुवं विनिश्वासपरोऽद्य मन्मथः ॥ ३७ ॥

सर्वथा नमोऽस्त्वस्मै महाभागाय सर्वभूतशरण्यायातिविपुलकारुण्यायाप्रमेयसत्त्वाय भूतार्थबोधिसत्त्वाय महासत्त्वायेति ॥ अथ स तमर्थं सब्रह्मचारिभ्यो निवेदयामास ।

तत्कर्मविस्मितमुखैरथ तस्य शिष्यै-
र्गन्धर्वयक्षभुजगैस्त्रिदशाधिपैश्च ।
माल्याम्बराभरणचन्दनचूर्णवर्षैश्छन्ना
तदस्थिवसुधा वसुधा बभूव ॥ ३८ ॥

तदेव सर्वसत्त्वेष्वकारणपरमवत्सलस्वभावः सर्वभूतात्मभूतः पूर्वजन्मस्वपि स भगवानिति बुद्धे भगवति परः प्रसादः कार्यः जातप्रसादैश्च बुद्धे भगवति परा प्रतिरुत्पादयितव्या । एवमायतनगतो नः प्रसाद इत्येवमप्युन्नेयम् । तथा सत्कृत्य धर्मः श्रोतव्यः । एवं दुष्करशतसमुदानीतत्वात् करुणावर्णेऽपि वाच्यमेवं स्वभावातिशयस्य निष्पादिका परानुग्रहप्रवृत्तिहेतुः करुणेति ॥

इति व्याघ्रीजातकं प्रथमम्

* * *

"અહો ! આપત્તિમાં સપડાયેલા વ્યક્તિની ઉપર દયા દાખવવા માટેની આ મહાત્મા (= બોધિસત્ત્વ)ની તત્પરતા આશ્ચર્ય ઉપજાવે તેવી છે ! તથા પોતાના સુખ પ્રત્યેની નિઃસંગતા પણ આશ્ચર્યજનક છે, સજ્જનોની પ્રતિષ્ઠાને પણ તેમણે પ્રકર્ષે પહોંચાડી છે અને દુર્જનોની કીર્તિ—લક્ષ્મીને માટીમાં મેળવી દીધી. (૩૪)

આશ્ચર્ય એ પણ છે કે તેમણે કોઈપણ પ્રકારના ભય વિના પરાક્રમ કરી બતાવ્યું છે; તથા ગુણોના આશ્રય રૂપ શ્રેષ્ઠ પ્રેમનું પ્રદર્શન કર્યું છે. ગુણોથી પરિપૂર્ણ ભરેલું એમનું શરીર હવે (= આ પરોપકારી કાર્ય કર્યા પછી) વિશેષ રૂપે નમસ્કાર કરવાને યોગ્ય બન્યું છે. (૩૫)

સ્વભાવથી જ શાન્ત મનવાળા અને પૃથ્વીના જેટલા ધૈર્યવાન હોવા છતાંય, આશ્ચર્ય છે કે તે (બોધિસત્ત્વ) પારકાનાં દુઃખોને સહન કરી શકતા નથી. તેમની આ પરાક્રમ કરવાની સંપત્તિ વડે મારી કાયરતા તો ઉઘાડી પડી ગઈ છે. (૩૬)

આવા (પરોપકારી) સ્વામી વડે તો આ (જગત્) સનાથ બની ગયું છે; હવે આ જગતની ચિંતા કરવા જેવું નથી. આજે પરાજય પામવાની શંકાથી ગભરાયેલો કામદેવ નિશ્ચિત લાંબા ઉચ્છ્વાસો કાઢતો હશે. (૩૭)

બધા જ પ્રાણીઓને માટે શરણે જવા યોગ્ય, અતિ વિશાળ કરુણાથી ભરેલા, ન માપી શકાય એવા બળવાળા, લોકોપકારી બોધિસત્ત્વકોને બધી રીતે નમસ્કાર હજો. ત્યાર પછી તેણે (શિષ્યે) આ આખી ઘટનાને પોતાના સહાધ્યાયીઓને કહી સંભળાવી.

તેમના (= બોધિસત્ત્વના પરોપકારી) કર્મને સાંભળીને વિસ્મિત થયેલા મુખવાળા શિષ્યો, ગન્ધર્વો, યક્ષો, નાગો અને સ્વર્ગના દેવોએ, તે (બોધિસત્ત્વ)નાં હાડકાં રૂપી રત્નોવાળી જમીન માળા, વસ્ત્રો, આભૂષણો અને ચંદનના ચૂર્ણની વર્ષા કરીને ઢાંકી દીધી. (૩૮)

આ રીતે ભગવાન્ બુદ્ધ પૂર્વજન્મોમાં પણ બધાં પ્રાણીઓની ઉપર અકારણ પરમ વાત્સલ્ય દર્શાવવાના સ્વભાવવાળા હતા અને બધાં જ પ્રાણીઓને પોતાનાથી જુદાં નહોતા સમજતા—આવા ભગવાન બુદ્ધ ઉપર ખૂબ ભાવ (શ્રદ્ધા) રાખવો જોઈએ. ભાવપૂર્ણ (શ્રદ્ધાળુ) થયેલાઓએ ભગવાન બુદ્ધની ઉપર પરમ પ્રીતિ ઉત્પન્ન કરવી જોઈએ. આમ થતાં આપણામાં શ્રદ્ધા પણ સ્થિર થશે એમ જાણી લેવું. વળી, આદર કરીને ધર્મ સાંભળવો જોઈએ. કેમ કે સેંકડો દુષ્કર કાર્યો કરીને આ [(બીજા ઉપર દયા કરવાનો આ ધર્મ)] લાવવામાં આવ્યો છે. કરુણાની પ્રાર્થના કરતી વખતે પણ આવી ભાવનાં કરવી જોઈએ કે કરુણા જ ઉત્તમ સ્વભાવને નિષ્પન્ન કરે છે; તથા આ કરુણા જ બીજાઓ ઉપર કૃપા કરવામાં કારણભૂત બને છે.

અહીં વ્યાઘ્રી—જાતક પૂર્ણ થાય છે.

★ ★ ★

(१०) यज्ञ–जातकम्

न कल्याणाशयाः पापप्रतारणामनुविधीयन्त इत्याशयशुद्धौ प्रयतितव्यम्। तद्यथानुश्रूयते –

बोधिसत्त्वः किल स्वपुण्यप्रभावोपनतामानतसर्वसामन्तां प्रशान्त-स्वपरचक्राद्युपद्रवत्वादकण्टकामसपत्नामेकातपत्रां दायाद्यक्रमागतां पृथिवीं पालयामास ।

नाथः पृथिव्याः स जितेन्द्रियारिर्भुक्तावगीतेषु फलेष्वसक्तः ।
प्रजाहितेष्वाहितसर्वभावो धर्मैककार्यो मुनिवद् बभूव ॥ १ ॥

विवेद लोकस्य हि स स्वभाव प्रधानचर्यानुकृतिप्रधानम् ।
श्रेयः समाधित्सुरतः प्रजासु विशेषतो धर्मविधौ ससञ्जे ॥ २ ॥

ददौ धनं, शीलविधिं समाददे, क्षमां निषेवे, जगदर्थमैहत ।
प्रजाहिताध्याशयसौम्यदर्शनः स मूर्तिमान् धर्म इव व्यरोचत ॥ ३ ॥

अथ कदाचित्तद्भुजाभिगुप्तमपि तं विषयं सत्त्वानां कर्मवैगुण्यात्प्रमाद-वशगत्वाच्च वर्षकर्माधिकृतानां देवपुत्राणां दुर्वृष्टिपर्याकुलता क्वचित्क्वचिद-भिदुद्राव। अथ स राजा व्यक्तमयं मम प्रजानां वा धर्मापचारात्समुपनतोऽनर्थ इति निश्चितमति संरूढहिताध्याशयत्वात्प्रजासु तद्दुःखममृष्यमाणो धर्मतत्त्वज्ञसंमतान्पुरोहितप्रमुखान्ब्राह्मवृद्धान्मतिसचिवांश्च तदुद्धरणोपायं पप्रच्छ।

(૧૦) યજ્ઞ-જાતક

(બધાના પ્રત્યે) કલ્યાણ કરવાના આશયવાળા ક્યારેય પણ પાપીઓ દ્વારા કરવામાં આવતી પ્રતારણામાં ફસાતા જ નથી; આમ આશયની શુદ્ધિ કેળવવાને માટે પ્રયત્ન કરવો જોઈએ. તો એવી કથા સાંભળવા મળે છે કે –

એકવાર બોધિસત્ત્વ પોતાના પુણ્યના પ્રભાવથી આવી મળેલી, જેમાં બધા સામન્ત રાજાઓ નમી પડ્યા છે તેવી, 'આ પોતાનું રાજ્ય' અને 'પેલું પારકાનું રાજ્ય' એવા ઉપદ્રવો જેમાં શમી ગયા છે એવી, કંટક વિનાની, શત્રુ વિનાની એક છત્રવાળી અને વારસામાં ક્રમથી પ્રાપ્ત થયેલી પૃથિવીનું પાલન કરતા હતા.

ઇન્દ્રિયો રૂપી શત્રુઓને જિતી લેનારા તે (બોધિસત્ત્વ) પૃથિવીના સ્વામી હતા. ભોગવાયેલા (= ઉચ્છિષ્ટ) અને નિન્દિત ભોગફળોને વિશે અનાસક્ત હતા. પ્રજાના હિતકારી કાર્યોમાં દત્તચિત્ત હતા. વળી, તેઓ કેવળ ધાર્મિક કાર્યો જ કરતા હતા તેથી મુનિ સમાન બની ગયા હતા. (૧)

તેમણે લોકોનો એ સ્વભાવ જાણી લીધો હતો કે લોકો તો પ્રધાન (મુખ્ય) વ્યક્તિનાં કાર્યોનું જ અનુકરણ કરવા ટેવાયેલા હોય છે. આથી પ્રજાઓનું શ્રેય કરવાની ઇચ્છાથી તેઓ પોતે જ વિશેષ રૂપથી ધર્માચરણમાં આસક્ત બન્યા હતા. (૨)

તેમણે ધનનું દાન કર્યું, સદાચારનું આશ્રયણ લીધું; ક્ષમાનું સેવન કર્યું અને જગતના હિતની ભાવના કરી. પ્રજાઓના કલ્યાણ ઉપર સતત ચિંતન કરવાને કારણે સૌમ્ય-દર્શન બનેલા તે મૂર્તિમાન ધર્મ હોય તેમ શોભવા લાગ્યા. (૩)

હવે ક્યારેક, તેમની ભુજાઓના બળથી રક્ષાયેલ હોવા છતાંય, તેમના રાજ્યમાં પ્રાણીઓમાં કર્મનું વૈગુણ્ય આવી જવાને કારણે અને (બીજી તરફ) જલ-વર્ષણની ક્રિયામાં નિયુક્ત થયેલા દેવપુત્રો (ઇન્દ્રાદિ દેવો) પ્રમાદી બની જવાને કારણે, ક્યાંક ક્યાંક અનાવૃષ્ટિ (કે અલ્પવૃષ્ટિ)ને કારણે વ્યાકુળતા વ્યાપી ગઈ હતી, ત્યારે તે રાજાએ (બોધિસત્ત્વે) ''ચોક્કસ જ મારા કે મારી પ્રજાના કોઈક અધર્માચરણથી આ અનર્થ ઊભો થયો છે.'' એવો નિશ્ચય કરીને, પ્રજાઓ ઉપર પોતાની કલ્યાણ કરવાની ભાવના રૂઢ થયેલી હોવાને કારણે, તેમના (પ્રજાના) દુ:ખને સહન નહીં કરી શકતા તેમણે ધર્મના તત્ત્વને જાણનારા અને સૌને સમ્મત એવા મુખ્ય પુરોહિતો, વૃદ્ધ બ્રાહ્મણો અને બુદ્ધિશાળી સચિવોને (એકત્ર કરીને) તે દુ:ખમાંથી બહાર નીકળવાનો ઉપાય પૂછ્યો.

अथ ते वेदविहितमनेकप्राणिशतवधारम्भभीषणं यज्ञविधिं सुवृष्टिहेतुं मन्यमानास्तस्मै संवर्णयामासुः । विदितवृत्तान्तस्तु स राजा यज्ञविहितानां प्राणिवैशसानां करुणात्मकत्वान्न तेषां तद्वचनं भावेनाभ्यनन्दत् । विनयानुवृत्त्या चैनान्प्रत्याख्यानरूक्षाक्षरमनुक्त्वा प्रस्तावान्तरेणैषां तां कथां तिरश्चकार । ते पुनरपि तं राजानं धर्मसंकथाप्रस्तावलब्धावसरा गाम्भीर्यावगूढं तस्य भावमजानाना यज्ञप्रवृत्तये समनुशशासुः ।

कार्याणि राज्ञां नियतानि यानि
लाभे पृथिव्याः परिपालने च ।
नात्येति कालस्तव तानि नित्यं
तेषां क्रमो धर्मसुखानि यद्वत् ॥ ४ ॥

त्रिवर्गसेवानिपुणस्य तस्य प्रजाहितार्थं धृतकार्मुकस्य ।
यज्ञाभिधाने सुरलोकसेतौ प्रमादतन्द्रेव कथं मतिस्ते ॥ ५ ॥

भृत्यैरिवाज्ञा बहु मन्यते ते साक्षादियं सिद्धिरिति क्षितीशैः ।
श्रेयांसि कीर्तिज्वलितानि चेतुं यज्ञैरयं ते रिपुकाल कालः ॥ ६ ॥

कामं सदा दीक्षित एव च त्वं दानप्रज्ञान्नियमादराच्च ।
वेदप्रसिद्धैः क्रतुभिस्तथापि युक्तं भवेन्मोक्तुमृणं सुराणाम् ॥ ७ ॥

स्विष्ट्याभितुष्टानि हि दैवतानि भूतानि वृष्ट्या प्रतिमानयन्ति ।
इति प्रजानां हितमात्मनश्च यशस्करं यज्ञविधिं जुषस्व ॥ ८ ॥

तस्य चिन्ता प्रादुरभवत्, अतिदुर्न्यस्तो बतायं परप्रत्ययहार्यपेलवमतिरमीमांसकोऽधर्मप्रियः श्रद्दधानो जनो यत्र हि नाम

હવે તેમણે (પુરોહિત વગેરેએ) વેદવિહિત યજ્ઞવિધિ કે જેમાં અનેક સેંકડો પ્રાણીઓનો વધ થતો હોવાને કારણે ભયંકર હતી, તો પણ તેઓ તેને (= યજ્ઞ-વિધિને) સારી વૃષ્ટિ થવાનું કારણ માનતા હોવાથી તેમની (= બોધિસત્ત્વની) સમક્ષ (યજ્ઞોનું) વર્ણન કર્યું. યજ્ઞને ઉદ્દેશીને થનારી પ્રાણી-હિંસાનો આખો વૃત્તાન્ત જાણી લીધા પછી તે રાજાએ (બોધિસત્ત્વે) પોતે કરુણાથી ભરેલા હોવાને કારણે તેમનાં (= પુરોહિત વગેરેનાં) વચનોને મનથી અભિનંદ્યા નહીં. પણ પોતે વિનયી વૃત્તિવાળા હોવાને કારણે, તેમની વાતનું ખંડન કરવા માટે રુક્ષ અક્ષરો નહીં સંભળાવીને, બીજી કોઈક વાત કાઢીને એ (પુરોહિત) લોકોની (યજ્ઞની) વાતને દૂર ખસેડી દીધી.

પરંતુ તેઓએ તે (રાજા)ના ગંભીર અને ગૂઢભાવને નહીં જાણતા, બીજા કોઈક ધર્મકથાના પ્રસંગે અવકાશ મળતાં યજ્ઞપ્રવૃત્તિ કરવાને માટે તે રાજાને (બોધિસત્ત્વને) ઉપદેશ આપ્યો :–

''પૃથિવીની (રાજ્યની) પ્રાપ્તિ અને પાલનને વિશે રાજાનાં જે આવશ્યક કર્તવ્યો હોય છે, તેને આપ હંમેશા કાલભંગ કર્યા વિના કરતા જ રહો છો અને આપનાં તે કાર્યક્રમો થકી જ ધર્મસુખો મળતાં રહે છે. (૪)

ત્રિવર્ગ (= ધર્મ, અર્થ અને કામ)ની સેવામાં નિપુણ એવા તમે પ્રજાના હિતને માટે ધનુષ્યને ધારણ કર્યું છે. તો પછી, સ્વર્ગલોકે પહોંચાડનાર 'યજ્ઞ' નામના સેતુને વિશે તમારી બુદ્ધિ પ્રમાદરૂપી તન્દ્રાથી ઘેરાયેલી કેમ છે ? (૫)

(ખંડિયા) રાજાઓ (પોતાની જાતને તમારા) સેવકો હોય તેમ સમજીને, તથા (તમારી) આજ્ઞા (મળે તો તે)ને સાક્ષાત્ સિદ્ધિ પ્રાપ્ત થઈ હોય તેમ તેનો આદર કરે છે. હે શત્રુઓના કાળ સ્વરૂપ (રાજન્) ! યજ્ઞો વડે કીર્તિથી ઉજ્જ્વળ એવાં કલ્યાણો ભેગાં કરવાનો આ સમય આવી પહોંચ્યો છે. (૬)

જો કે તમે દાનના વિવિધ પ્રસંગોને (ઉજવતા હોવાને) કારણે, તથા અન્ય નિયમો(નું પાલન કરતા હોવા)ને કારણે સદાય એક પ્રકારે 'દીક્ષિત' જ હો છો; તો પણ તમારે વેદમાં પ્રસિદ્ધ એવા ક્રતુઓ વડે (જ) દેવો પ્રત્યેના ઋણને ચૂકવવું જોઈએ. (૭)

''(યજ્ઞ)વિધિપૂર્વક સ્તવાયેલા દેવતાઓ (જ) વૃષ્ટિ વડે પ્રજાઓને રાજી કરે છે'' એમ [સમજી લઈને] આ પ્રજાનું અને તમારું પોતાનું કલ્યાણ વિચારીને, યશ અપાવનારી યજ્ઞવિધિનું (તમે) સેવન કરો.'' (૮)

[આ સાંભળી] તેના (= બોધિસત્ત્વના) મનમાં ચિન્તા ઉપજી :– પારકાની બુદ્ધિથી દોરવાઈ જનારા લોકો દુર્બલ મતિવાળા હોય છે, અને અધર્મપ્રિય એવા તે લોકો જાતે મીમાંસા પણ કરી શકતા નથી; આવા આ (અંધ)શ્રદ્ધાળુ લોકો છે; [અને] તેમની વચ્ચે આ (= હું) વ્યક્તિ આવી પડ્યો છે. જ્યાં –

य एव लोकेषु शरण्यसम्मतास्त एव हिंसामपि धर्मतो गताः ।
विवर्तते कष्टमपायसङ्कटे जनस्तदादेशितकापथानुगः ॥ ९ ॥

को हि नामाभिसम्बन्धो धर्मस्य पशुहिंसया ।
सुरलोकाधिवासस्य दैवतप्रीणनस्य वा ॥ १० ॥

विशस्यमानः किल मन्त्रशक्तिभिः पशुर्दिवं गच्छति तेन तद्वधः ।
उपैति धर्मत्वमितीदमप्यसत्, परैः कृतं को हि परत्र लप्स्यते ॥ ११ ॥

असत्प्रवृत्तेरनिवृत्तमानसः शुभेषु
कर्मस्वविरूढनिश्चयः ।
पशुर्दिवं यास्यति केन हेतुना
हतोऽपि यज्ञे स्वकृताश्रयाद्विना ॥ १२ ॥

हतश्च यज्ञे त्रिदिवं यदि व्रजेन्ननु
व्रजेयुः पशुतां स्वयं द्विजाः ।
यतस्तु नायं विधिरीक्ष्यते क्वचिद्
वचस्तदेषां क इव ग्रहीष्यति ॥ १३ ॥

अतुल्यगन्धर्द्धिरसौजसं शुभां
सुधां किलोत्सृज्य वराप्सरोधृताम् ।
मुदं प्रयास्यन्ति वपादिकारणाद्
वधेन शोच्यस्य पशोर्दिवौकसः ॥ १४ ॥

तदिदमत्र प्राप्तकालमिति विनिश्चित्य स राजा यज्ञारम्भसमुत्सुक इव नाम तत्तेषां वचनं प्रतिगृह्यावोचदेनान्—सनाथः खल्वहमनुग्रहवांश्च यदेवं मे हितावहितमनसोऽत्रभवन्तः । तदिच्छामि पुरुषमेधसहस्रेण यष्टुम् । अन्विष्यतां तदुपयोग्यसम्भारसमुदा-नयनार्थं यथाधिकारममात्यैः । परीक्ष्यतां सत्रागार-निवेशनयोग्यो भूमिप्रदेशस्तदनुगुणश्च तिथि-करण-मुहूर्त-नक्षत्र-योग इति ।

આ લોકની અંદર જે વ્યક્તિઓ શરણે જવા યોગ્ય છે અને સહુને સમ્મત પણ છે, તે જ વ્યક્તિઓ ધર્મના નામે હિંસા પણ કરે છે/કરાવે છે. હવે, આવા વ્યક્તિઓના આદેશથી કુમાર્ગ ઉપર ચાલનારો જે માણસ હોય છે તે પણ અપાયો (દુઃખો)થી ભરેલા (માર્ગ ઉપર) આવી પડે છે. (૯)

[કોઈ કહો તો ખરા કે –] પશુ-હિંસાની સાથે ધર્મનો, કે દેવલોકમાં નિવાસ મળવાનો, કે દેવતાઓને ખૂશ કરવાનો શો સંબંધ હોઈ શકે ? (૧૦)

(બ્રાહ્મણ લોકો) કહે છે કે – ''(યજ્ઞમાં) કપાતાં પશુ મન્ત્રશક્તિ વડે સ્વર્ગમાં પહોંચી જાય છે, તેથી તેમનો (યજ્ઞમાં) વધ કરવામાં આવે છે; અને તે રીતે આ (હિંસા) પણ ધર્મયુક્ત બની રહે છે.'' – પણ આવું કહેવું ય અસત્ થી ભરેલું છે. પારકાઓએ કરેલાં કર્મો(નું ફળ) બીજો કોઈ (પશુ) કેવી રીતે પરલોકમાં મેળવી શકે ? (૧૧)

જેનું ચિત્ત અસત્ તરફથી પાછું વળ્યું નથી, શુભ કર્મો કરવા માટે (જેના મનમાં) નિશ્ચય ઊઠ્યો નથી એવું કોઈ પશુ ભલેને યજ્ઞમાં હણાયું હોય તો પણ, તેણે પોતે કરેલાં કર્મોના આશ્રય વિના તો, તે કયા કારણથી સ્વર્ગે જઈ શકવાનું છે ? (૧૨)

યજ્ઞમાં હણાવામાત્રથી જો તે (પશુ) સ્વર્ગે જતું હોય; તો આ બ્રાહ્મણો જ પોતે પશુ બનવા તૈયાર થઈ જાય ! પરંતુ આવી સ્થિતિ તો ક્યાંય જોવા મળતી નથી; તો પછી કોણ આમની (= બ્રાહ્મણોની) વાત માનવા તૈયાર થશે ? (૧૩)

વળી, શ્રેષ્ઠ અપ્સરાઓ જેમને માટે અતુલનીય સુગન્ધિદાર સ્વાદ અને ઓજસ્વિતાથી ભરેલ શુભકારી અમૃત લઈને ઊભી રહેતી હોય, તેને છોડીને આ સ્વર્ગલોકના દેવો શા માટે માંસ–ચરબી–વગેરેને ખાતર દયા-પાત્ર એવા પશુના વધ થકી આનંદ પામે ? (૧૪)

''તો હવે આ (કંઈક કહેવાનો) સમય આવી પહોંચ્યો છે'' એમ નિશ્ચય કરીને, તે રાજા જાણે કે યજ્ઞનો આરંભ કરવા માટે ઉત્સુક થઈ ગયો હોય તેમ, તેમની (= મંત્રી–બ્રાહ્મણ વગેરેની) વાત સ્વીકારી લઈને, તેમને કહેવા લાગ્યો : ''હું (તમારાથી) સુરક્ષિત અને અનુગૃહીત છું, કેમ કે આપ સૌ મારા હિતમાં મન લગાડનારા છો. તો હું એક હજાર પુરુષો જેમાં હોમવા પડે તેવો (પુરુષ–મેધ) યજ્ઞ કરવા ઇચ્છું છું ! તો અમાત્યો વડે પોતપોતાના અધિકાર મુજબ (યજ્ઞના કામમાં) ઉપયોગમાં આવનારી વસ્તુઓને એકઠી કરવા માટે શોધ ચલાવે. યજ્ઞ–શાળા બંધાવવા યોગ્ય એવી ભૂમિનો પ્રદેશ તપાસવામાં આવે; તથા યજ્ઞને અનુરૂપ તિથિ, કરણ, મુહૂર્ત અને નક્ષત્રોનો યોગ–એ બધાની પણ વિચારણા કરવામાં આવે.''

अथैनं पुरोहित उवाच—ईप्सितार्थसिद्धये स्नातुं तावन्महाराज एकस्य यज्ञस्य समाप्तावभृथे। अथोत्तरेषामारम्भः करिष्यते क्रमेण। युगपत्पुरुषपशवः सहस्रशो हि परिगृह्यमाणा व्यक्तमुद्वेगदोषाय प्रजानां ते स्युरिति। अस्त्येतदिति ब्राह्मणैरक्तः स राजा तानुवाच—अलमत्रभवतां प्रकृतिकोपाशङ्कया। तथा हि सविधास्ये यथोद्वेगं मे प्रजा न यास्यन्तीति। अथ स राजा पौरजानपदान्संनिपात्याब्रवीत्—इच्छामि पुरुषमेधसहस्रेण यष्टुम्। न च मयार्हः कश्चिदकामः पुरुषः पशुत्वे नियोक्तुमुद्दिष्टः। तद्यं यमतः प्रभृति वो द्रक्ष्यामि व्यवधूतप्रमादनिद्रेण विमलेन चारचक्षुषा शीलमर्यादातिवर्तिनमस्मदाज्ञां परिभवन्तं तं तं स्वकुलपांसुनं देशकण्टकमहं यज्ञपशुनिमित्तमादास्य इत्येतद्वो विदितमस्त्विति। अथ तेषां मुख्यतमाः प्राञ्जलयो भूत्वैनमूचुः —

सर्वाः क्रियास्तव हितप्रवणाः प्रजानां
तत्रावमानविधेर्नरदेव कोऽर्थः।
ब्रह्मापि ते चरितमभ्यनुमन्तुमर्हः
साधुप्रमाण परमत्र भवान् प्रमाणम् ॥ १५ ॥

प्रियं यदेव देवस्य तदस्माकमपि प्रियम्।
अस्मत्प्रियहितादन्यद् दृश्यते नहि ते प्रियम् ॥ १६ ॥

इति प्रतिगृहीतवचनः पौरजानपदैः स राजा जनप्रकाशेनाडम्बरेण प्रत्ययितानमात्यान्पापजनोपग्रहणार्थं जनपदं नगराणि च प्रेषयामास समन्ततश्च प्रत्यहमिति घोषणाः कारयामास।

अभयमभयदो ददाति राजा स्थिरशुचिशीलधनाय सज्जनाय।
अविनयनिरतैः प्रजाहितार्थं नरपशुभिस्तु सहस्रशो यियक्षुः ॥ १७ ॥

હવે પુરોહિતે આ (રાજા)ને કહ્યું : અભીષ્ટ લક્ષ્યની સિદ્ધિને માટે આપ મહારાજ (પહેલા) એક યજ્ઞને સમાપ્ત કરીને પછી અવભૃથ સ્નાન કરો. ત્યાર પછી બીજા–બીજા યજ્ઞો ક્રમશઃ કરી શકાશે. એકી સાથે એક હજાર પુરુષ રૂપી પશુઓને પકડવામાં આવશે તો, સ્પષ્ટ છે કે તે તમારી પ્રજાને ઉદ્વિગ્ન કરવા માટેનું કારણ બનશે. (અન્ય) બ્રાહ્મણોએ પણ કહ્યું : ''આ વાત સાચી છે.'' આથી તે રાજાએ એમને કહ્યું :– ''તમે લોકો પ્રજા ઉદ્વિગ્ન થઈ જશે' એવી શંકા કરવાથી અટકો. કેમ કે, હું એવી વ્યવસ્થા કરીશ કે જેથી મારી પ્રજાને ઉદ્વેગ પહોંચશે નહીં.''

હવે તે રાજાએ પુરવાસીઓ અને ગ્રામવાસીઓને એકઠા કરીને કહ્યું : ''હું એક હજાર પુરુષો જેમાં હોમવા પડે તેવો યજ્ઞ કરવા ઈચ્છું છું. પરંતુ મારે કોઈ નિષ્કામ (=નિષ્પાપ) વ્યક્તિને યજ્ઞના પશુ તરીકે પકડવો ઉદિષ્ટ નથી. આથી આપ સૌને વિદિત થાય કે અત્યારથી માંડીને, હું પ્રમાદ અને નિદ્રા વગરના નિર્મળ જાસુસો રૂપી નેત્રથી, તમારામાંથી જેને જેને ચારિત્ર્યની મર્યાદાનું ઉલ્લંઘન કરતો, કે અમારી આજ્ઞાને તિરસ્કારતો જોઈશ, તે તે કુલાંગારને અને દેશને માટે કાંટા સમાન બનેલાને યજ્ઞમાં હોમવાના પશુ તરીકે પકડીશ.'' હવે તેમાંના (= પ્રજાજનોમાંના) જે મુખ્ય મુખ્ય વ્યક્તિઓ હતા, તે હાથ જોડીને રાજાને કહેવા લાગ્યા :–

તમારી બધી જ ક્રિયાઓ પ્રજાનું હિત કરવા તરફ ઢળેલી હોય છે. હે નરદેવ ! (તમારી આજ્ઞાની) અવમાનના કરવાથી શો ફાયદો થવાનો છે ? અરે ! બ્રહ્માજીએ પણ તમારા ચરિતનું તો અનુમોદન જ કરવું જોઈએ. સાધુઓને માટે પણ પ્રમાણભૂત એવા હે (બોધિસત્ત્વ) ! તમે જ આ વાતમાં સૌથી મોટું પ્રમાણ છો. (૧૫)

અમારા દેવને જે પ્રિય છે, તે જ અમને પણ પ્રિય છે. અમારું જેનાથી પ્રિયહિત થાય, તે સિવાયનું બીજું કશું તમને પ્રિય દેખાતું નથી. (૧૬)

પુરવાસીઓ અને ગ્રામવાસીઓએ જ્યારે (રાજાનું) આ વાક્ય સ્વીકારી લીધું ત્ય.રે તેણે લોકોની વચ્ચે મોટા આડમ્બર સાથે "રાજાએ (પોતાના) વિશ્વાસુ અમાત્યોને મોટા જનપદો (રાજ્યો) અને નગરોમાં(થી) પાપી માણસોને પકડી લેવા માટે મોકલ્યા છે.'' એવી ચારે તરફ રોજે રોજ મોટેથી ઉદ્‌ઘોષણા કરાવડાવી.

''જેની ચારિત્ર્ય રૂપી સંપત્તિ સ્થિર અને પવિત્ર છે તેવા સજ્જનને અભય આપનારો આ રાજા અભય આપે છે. પરંતુ જેઓ અવિનયમાં (= દુરાચારમાં) રચ્યા–પચ્યા રહે છે તેવા એક હજાર પુરુષ રૂપી પશુઓ વડે, (આ રાજા) પ્રજાના કલ્યાણ માટે યજ્ઞ કરવા ઈચ્છે છે.'' (૧૭)

तद्यः कश्चिदतः प्रभृत्यविनयश्लाघानुवृत्त्युद्धवात्
सामन्तक्षितिपार्चितामपि नृपस्याज्ञामवज्ञास्यति ।
स्व स्वैरेव विषह्य यज्ञपशुतामापादितः कर्मभि–
र्यूपाबद्धतनुर्विषादकृपणः शुष्यज्जनैर्द्रक्ष्यते ॥ १८ ॥

अथ तद्विषयनिवासिनः पुरुषा यज्ञपशुनिमित्तं दुःशीलपुरुषान्वेषणादरं तमन्ववेक्ष्य राज्ञस्तां च घोषणामतिभीषणां प्रत्यहमुपश्रृण्वन्तः पापजनोपग्रहावहितांश्च राजपुरुषान्समन्ततः समापततोऽभिवीक्ष्य त्यक्तदौःशील्यानुरागाः शीलसंवरसमादानपरा वैरप्रसङ्गपराङ्मुखाः परस्परप्रेमगौरवसुमुखाः प्रशान्तविग्रहविवादा गुरुजनवचनानुवर्तिनः संविभागविशारदाः प्रियातिथयो विनयनैभृत्यश्लाघिनः कृत इव युगे बभूवुः ।

भयेन मृत्योः, परलोकचिन्तया,
कुलाभिमानेन, यशोऽनुरक्षया ।
सुशुक्लभावाच्च, विरूढया ह्रिया,
जनः स शीलामलभूषणोऽभवत् ॥ १९ ॥

यथा यथा धर्मपरोऽभवज्जनस्तथा तथा रक्षिजनो विशेषतः ।
चकार दुःशीलजनाभिमार्गणामतश्च धर्मान्न चचाल कश्चन ॥ २० ॥

स्वदेशवृत्तान्तमथोपशुश्रुवानिमं
नृपः प्रीतिविशेषभूषणः ।
चरान् प्रियाख्यानकदानविस्तरैः
सन्तर्पयित्वा, सचिवान्समन्वशात् ॥ २१ ॥

परा मनीषा मम रक्षितुं प्रजा
गताश्च ताः सम्प्रति दक्षिणीयताम् ।
इदं च यज्ञाय धनं प्रतर्कितं
यियक्षुरस्मीति यथा प्रतर्कितम् ॥ २२ ॥

यदीप्सितं यस्य सुखेन्धनं धनं प्रकाममाप्नोतु स तन्मदन्तिकात् ।
इतीयमस्मद्विषयोपतापिनी दरिद्रता निर्विषया यथा भवेत् ॥ २३ ॥

તેથી હવે પછી જે કોઈ પોતાની અવિનયશીલતાને કારણે રાજાની આજ્ઞાને, કે જે (આજ્ઞા તો) સામન્તો અને રાજાઓ વડે પણ પૂજાય છે તેને અવમાનશે (= અવજ્ઞા કરશે) તે પોતાનાં કરેલાં કર્મો થકી યજ્ઞ–પશુના સ્થાને નિયુક્ત થઈને યજ્ઞસ્તંભની સાથે શરીરથી બંધાશે પછી વિષાદથી દીન બનેલા અને શોક કરી રહેલા તે વ્યક્તિને બીજા લોકો જોશે. (૧૮)

હવે તે (રાજા)ના રાજ્યમાં રહેતા પુરુષોએ તે રાજાનો યજ્ઞ(માં હોમવાના) પશુ તરીકે દુરાચારીઓને શોધવાનો આદર (= ઉત્સાહ) જોઈને, અને તે ભયંકર ઉદ્‌ઘોષણાને રોજેરોજ સાંભળતા રહીને; તથા પાપીઓને પકડવામાં સાવધાન એવા રાજપુરુષોને ચારે તરફથી આવતા જોઈને દુષ્ટ ચારિત્ર્ય તરફનો અનુરાગ છોડી દીધો. તેઓ શીલ–સંવર (= સદાચાર)ને કેળવવા લાગ્યા, (પરસ્પર) વૈરભાવ થાય એવી ઘટનાઓથી દૂર રહેવા લાગ્યા, પરસ્પર પ્રેમ અને ગૌરવપૂર્વક મળવા લાગ્યા, બધા જ લડાઈ–ઝઘડા શમાવી દેનારા બન્યા, ગુરુજનોના વચનને વશ વર્તનારા, સરખે ભાગે બધી વહેંચણી કરનારા, અતિથિઓને પ્રેમ કરનારા અને વિનયને કારણે નોકરોથી પણ પ્રશંસાતા બન્યા. આથી જાણે તે લોકો સતયુગમાં જીવવા લાગ્યા હોય એવું બન્યું !

મૃત્યુના ભયથી, પરલોકની ચિંતાથી, કુળના અભિમાનથી, યશની રક્ષા કરવાના વિચારથી, પવિત્ર ભાવ જાગવાથી અને લજ્જા ઉત્પન્ન થવાથી લોકો તો ચારિત્ર્ય રૂપી નિર્મળ આભૂષણોવાળા બની ગયા ! (૧૯)

જેમ જેમ લોકો ધર્મ-પરાયણ થતા ગયા તેમ તેમ રક્ષકો (પોલીસો) વિશેષ રૂપથી દુષ્ટ ચરિત્રવાળા માણસને શોધવા લાગ્યા. આથી ધર્મ(ના માર્ગ)માંથી કોઈ પણ વ્યક્તિ વિચલિત ના થઈ. (૨૦)

જ્યારે રાજાએ પોતાના દેશનો આ વૃત્તાન્ત સાંભળ્યો ત્યારે તે પ્રીતિ રૂપી વિશેષ આભૂષણવાળો બન્યો (=પ્રસન્ન થયો). આ પ્રિય–આખ્યાનક સંભળાવવા બદલ જાસુસોને, (તેણે) વિવિધ દાનોના વિસ્તારથી સંતૃપ્ત કર્યા. તથા સચિવોને આદેશ કર્યો કે – (૨૧)

"પ્રજાનું રક્ષણ કરવાની મને બહુ મોટી અભિલાષા છે. આ (મારી) પ્રજા હવે તો દક્ષિણા મેળવવા લાયક બની ગઈ છે ! (મેં) યજ્ઞ કરવાને માટે આ ધન (ખર્ચવાનું) નક્કી કરેલું છે; કેમ કે "હું યજ્ઞ કરવાની ઈચ્છાવાળો છું." એમ પહેલાં નક્કી (જાહેર) કરેલું જ છે. (૨૨)

જે કોઈ વ્યક્તિ સુખનાં ઇંધણાં સમું ધન ઈચ્છતું હોય, તો તે મારી પાસેથી પુષ્કળ (ધન) ભલે મેળવતો; કે જેથી અમારા રાજ્યને સંતાપ આપનારી દરિદ્રતા ભલે નિવાસ વગરની બની જાય ! (૨૩)

मयि प्रजारक्षणनिश्चयस्थिते सहायसम्पत्परिवृद्धसाधने ।
इयं जनार्तिमदमर्षदीपनी मुहुर्मुहुर्मे ज्वलतीव चेतसि ॥ २४ ॥

अथ ते तस्य राज्ञः सचिवाः परममिति प्रतिगृह्य तद्वचनं सर्वेषु ग्रामनगरनिगमेषु मार्गविश्रामप्रदेशेषु च दानशालाः कारयित्वा यथासन्दिष्टं राज्ञा प्रत्यहमर्थिजनमभिलषितैरर्थविसर्गैः सन्तर्पयामासुः ।

अथ विहाय जनः स दरिद्रतां सममवाप्तवसुर्वसुधाधिपात् ।
विविधचित्रपरिच्छदभूषणः प्रविततोत्सवशोभ इवाभवत् ॥ २५ ॥

प्रमुदितार्थिजनस्तुतिसञ्चितं प्रविततान नृपस्य दिशो यशः ।
तनुतरङ्गविवर्धितविस्तरं सर इवाम्बुजकेशरज रजः ॥ २६ ॥

इति नृपस्य सुनीतिगुणाश्रयात्सुचरिताभिमुखे निखिले जने ।
समभिभूतबलाः कुशलोच्छ्रयैर्विलयमीयुरसङ्गमुपद्रवाः ॥ २७ ॥

अविषमत्वसुखा ऋतवोऽभवन्नवनृपा इव धर्मपरायणाः ।
विविधसस्यधरा च वसुन्धरा सकमलामलनीलजलाशयाः ॥ २८ ॥

न जनमभ्यरुजन्प्रबला रुजः पटुतरं गुणमोषधयो दधुः ।
ऋतुवशेन ववौ नियतोऽनिलः परिययुश्च शुभेन पथा ग्रहाः ॥ २९ ॥

न परचक्रकृतं समभूद्भयं, न च परस्परजं, न च दैविकम् ।
नियमधर्मपरे निभृते जने, कृतमिवात्र युगं समपद्यत ॥ ३० ॥

પ્રજાનું રક્ષણ કરવાના નિશ્ચયવાળો હું જ્યારે બેઠો છું, અને આપ જેવા યોગ્ય સહાયકો, તથા સઘળાં સાધનો ઉપલબ્ધ છે ત્યારે લોકોને પહોંચતી આ પીડા મારા ક્રોધને વારંવાર ઉદ્દીપિત કરે છે; અને જાણે મારા ચિત્તને બાળે છે. (૨૪)

હવે આ રાજાના સચિવોએ ''બહુ સરસ !'' એમ બોલીને, તેની આજ્ઞા માથે ચઢાવીને, બધાં જ ગામડાં, નગરો અને નિગમોમાં, તથા (લાંબા) રસ્તાઓ ઉપરના વિશ્રામ-સ્થાનોમાં દાન-શાળાઓ ખોલાવડાવીને, રાજાએ જેવી આજ્ઞા કરી હતી તેમ, રોજે રોજ યાચકોને એમણે ઇચ્છેલા ધન વગેરે આપીને સંતૃપ્ત કર્યા.

હવે લોકોએ તે રાજા પાસેથી એકી સાથે (ઘણું) ધન મેળવીને દરિદ્રતાને ત્યજી દઈને, તેઓ વિવિધ સુંદર વસ્ત્રો અને આભૂષણોવાળા બન્યા અને તેથી જાણે તેમણે ઉત્સવની શોભા ચારે તરફ ફેલાવી હોય તેવા બન્યા. (૨૫)

જેવી રીતે કમળપુષ્પની પરાગરજ નાના—નાના તરંગોના વિસ્તારવાળા સરોવરમાં ફેલાઈ જાય તેમ પ્રમુદિત થયેલા યાચકોએ કરેલી સ્તુતિથી એકઠો થયેલો રાજાનો યશ ચારે બાજુએ ફેલાઈ ગયો. (૨૬)

આ પ્રમાણે, રાજાની સુનીતિના ગુણોનું આશ્રયણ કરવાથી સુચરિત તરફ બધા જ માણસો અભિમુખ થઈ ગયા ત્યારે, કુશળની (= પુણ્યની) વૃદ્ધિ થવાથી, પરાસ્ત થઈ ગયેલા બળવાળા [અનાવૃષ્ટિ વગેરે પ્રકારના] ઉપદ્રવો પણ સર્વથા વિલય પામ્યા ! (૨૭)

જેમ નવા રાજાઓ ધર્મપરાયણ હોય તેમ બધી ઋતુઓ વિષમતા વિનાની સુખપ્રદ બની; વસુન્ધરા પણ વિવિધ પ્રકારના અનાજને ધારણ કરનારી બની. તથા નીલ જળાશયો પણ કમળો અને નિર્મળ જળથી ભરાઈ ગયા. (૨૮)

પ્રબળ (અસાધ્ય) રોગોએ લોકોને પીડા ન આપી, વનસ્પતિઓ પણ વધારે ગુણવાળી બની. ઋતુ મુજબનો સંયમિત પવન પણ વાવા લાગ્યો. ગ્રહ (નક્ષત્રો) પણ શુભ માર્ગે ચાલવા લાગ્યા. (૨૯)

પારકા રાષ્ટ્ર તરફથી કોઈ ભય રહ્યો નહીં, એ જ રીતે પરસ્પરથી ઊભો થનારો કે દેવો તરફથી ઊભો થનારો ભય રહ્યો નહીં. હવે જ્યારે લોકો નિયમપૂર્વક ધાર્મિક અને વિનમ્ર થયા ત્યારે કૃતયુગનો આરંભ થયો હોય તેમ લાગ્યું. (૩૦)

* * *

अथैवं प्रवृत्तेन धर्मयज्ञेन राज्ञा प्रशमितेष्वर्थिजनदुःखेषु सार्धमुपद्रवैः प्रमुदितजनसम्बाधायामभ्युदयरम्यदर्शनायां वसुन्धरायां नृपतेराशीर्वचनाध्ययन-सव्यापारे लोके वितन्यमाने समन्ततो राजयशसि प्रसादावर्जितमतिः कश्चिदमात्यमुख्यो राजानमित्युवाच—सुष्ठु खल्विदमुच्यते

उत्तमाधममध्यानां कार्याणां नित्यदर्शनात् ।
उपर्युपरि बुद्धीनां चरन्तीश्वरबुद्धयः ॥ ३१ ॥

इति। देवेन पशुवैशसवाच्यदोषविरहितेन धर्मयज्ञेन प्रजानामुभयलोकहितं सम्पादितमुपद्रवाश्च प्रशमं नीता दारिद्र्यदुःखानि च शीले प्रतिष्ठापितानाम्। किं बहुना । सभाग्यास्ताः प्रजाः ।

लक्ष्मेव क्षणदाकरस्य विततं गात्रे न कृष्णाजिनं
दीक्षायन्त्रणया निसर्गललिता चेष्टा न मन्दोद्यमा ।
मूर्ध्नश्छत्रनिभस्य केशरचना शोभा तथैवाथ च
त्यागैस्ते शतयज्वनोऽप्यपहृतः कीर्त्याश्रयो विस्मयः ॥ ३२ ॥

हिंसाविषक्तः कृपणः फलेप्सोः प्रायेण लोकस्य नयज्ञ यज्ञः ।
यज्ञस्तु कीर्त्याभरणः समस्ते शीलस्य निर्दोषमनोहरस्य ॥ ३३ ॥

अहो प्रजानां भाग्यानि यासां गोपायिता भवान् ।
प्रजानामपि हि व्यक्तं नैवं स्याद् गोपिता पिता ॥ ३४ ॥

अपर उवाच –

दानं नाम धनोदये सति जनो दत्ते तदाशावशः
स्याच्छीलेऽपि च लोकपंक्त्यभिमुखः स्वर्गे च जातस्पृहः ।
या त्वेषा परकार्यदक्षिणतया तद्वत्प्रवृत्तिस्तयो-
र्नाविद्वत्सु न सत्त्वयोगविधुरेष्वेषा समालक्ष्यते ॥ ३५ ॥

આ પ્રકારે, (રાજ્યમાં) રાજા વડે ધર્માચરણ રૂપ યજ્ઞ શરૂ થયો (ત્યારે, અને) યાચક વ્યક્તિઓનાં દુઃખો અન્ય ઉપદ્રવોની સાથે શમી ગયા ત્યારે રાજી થઈ ઊઠેલા લોકોવાળી વસુન્ધરા અનેક પ્રકારના અભ્યુદયોથી રમ્ય દર્શનવાળી બની. લોકો રાજાને આશીર્વાદ આપવા લાગ્યા અને ચારે તરફથી રાજાનો યશ ફેલાવા લાગ્યો ત્યારે જેની બુદ્ધિ રાજી થઈ ગઈ છે તેવો કોઈ એક મુખ્ય અમાત્ય રાજાને કહેવા લાગ્યો :— સાચું જ કહ્યું છે કે,

ઉત્તમ, મધ્યમ અને અધમ (મનુષ્યો)નાં કાર્યોનું નિત્ય પરીક્ષણ કરવાથી, રાજાની બુદ્ધિ (બીજા સામાન્ય માણસોની બુદ્ધિ કરતાં) ઘણું ઊંચું વિચારતી હોય છે. (૩૧)

દેવે (= રાજાએ) પશુની હિંસા કરવા રૂપ દોષથી રહિત એવા ધર્માચરણ રૂપ યજ્ઞથી (જ) પ્રજાનું બન્ને લોકમાં હિત કરી બતાવ્યું છે; અને સઘળા (= અવર્ષા વગેરે રૂપ) ઉપદ્રવોને શમાવી દીધા છે. વળી, ચારિત્ર્યમાં પ્રતિષ્ઠિત કરેલી પ્રજાના દારિદ્ર્ય રૂપી દુઃખોને પણ શમાવી દીધાં છે. વધારે તો શું કહેવું ? આ પ્રજા તો ભાગ્યવાળી છે.

રાત્રિ આણનાર (ચન્દ્રમા)ના ચિહ્ન જેવું કાળિયાર મૃગનું ચર્મ શરીર ઉપર તમે (રાજાએ) વીંટાળ્યું નથી. (યજ્ઞીય) દીક્ષાની (મૌન, ઉપવાસ વગેરે રૂપ) યંત્રણાઓ વડે તમે તમારી સ્વભાવ–સુંદર (સંભાષણાદિની) ચેષ્ટાઓ ધીમી પાડી દીધી નથી. એક છત્રના જેવી કાંતિવાળી મસ્તક ઉપરની કેશરચનાની શોભા પણ તમે જેમની તેમ ચાલુ રાખી છે. તમે તમારા (દાનરૂપી)ત્યાગથી સેંકડો યજ્ઞ કરનાર ઈન્દ્રનું અભિમાન (= વિસ્મય); અને તેની કીર્તિનો આશ્રય ખૂંચવી લીધો છે. (૩૨)

હે નયજ્ઞ (= નીતિને જાણનારા) ! ફળની ઇચ્છાવાળા લોકોનો જે યજ્ઞ હોય છે તે હિંસાથી ખરડાયેલો અને હીણપતભર્યો હોય છે, પરંતુ નિર્દોષ અને મનોહર ચારિત્ર્યવાળા તમારો આ યજ્ઞ તો કીર્તિનું પણ આભરણ બને એવો છે ! (૩૩)

અહો ! પ્રજાનું આ મહાભાગ્ય છે કે જેના તમે રક્ષણહાર બન્યા છો, પ્રજાના પોતાના (જન્મદાતા) પિતા પણ, ચોક્કસ જ, આવા (= તમારા જેવા) રક્ષક ના બની શકે ! (૩૪)

બીજા (અમાત્ય) બોલ્યા –

ધન ભેગું થતાં લોકો તે (ધન વધવા)ની આશાને વશવર્તીને દાન આપે છે. (મોટા) લોકોની પંક્તિમાં બેસવા મળે અને (મર્યા પછી) સ્વર્ગ મળે તે વાત નજર સામે રાખીને લોકો ચારિત્ર્યને વિશે સ્પૃહા ધરાવે છે. પરંતુ પારકાંના કામો કરવાની તમારી કુશળતાને કારણે અને તે બે (દાન અને શીલ)ને વિશે તમારી જે પ્રવૃત્તિ છે, તે અજ્ઞાનીઓમાં અને જેમનામાં સાત્ત્વિકતાનો યોગ નથી તેમાં તે જોવા મળતાં નથી. (૩૫)

तदेवं कल्याणाशया न पापप्रतारणामनुविधीयन्त इत्याशयशुद्धौ प्रयतितव्यम् ।

इति प्रजाहितोद्योगः श्रेयःकीर्तिसुखावहः ।
यन्नृपाणामतो नालं तमनादृत्य वर्तितुम् ॥ ३६ ॥

एवं राजापवादेऽपि वाच्यम् । धर्माभ्यासः प्रजानां भूतिमावहतीति भूतिकामेन धर्मानुवर्तिना भवितव्यमित्येवमप्युन्नेयम् । न पशुहिंसा कदाचिदभ्युदयाय दानदमसंयमादयस्त्वभ्युदयायेति तदर्थिना दानादिपरेण भवितव्यमित्येवमपि वाच्यम् । लोकार्थचर्याप्रवणमतिरेवं पूर्वजन्मस्वपि भगवानिति तथागतवर्णेऽपि वाच्यम् ॥

इति यज्ञ—जातकं दशमम् ।

★ ★ ★

આ પ્રમાણે, (પ્રજાનું) કલ્યાણ કરવાના આશયવાળા [(બોધિસત્ત્વ જેવા રાજાઓ)] પાપીઓ દ્વારા કરવામાં આવતી પ્રતારણામાં ફસાતા નથી; [અને તેથી તેઓ હિંસકયાગો પણ કરતા નથી] આ જાણીને અંતઃકરણની શુદ્ધિ કરવાને વિશે પ્રયત્ન કરવો જોઈએ.

આ રીતે પ્રજાનું હિત કરવાનો ઉદ્યોગ શ્રેય કરે છે, કીર્તિ વધારે છે અને (સૌને) સુખ પહોંચાડે છે. આથી આ (ધર્માચરણ)નો અનાદર કરીને રાજાઓએ (રાજશાસનનું) પ્રવર્તન ના કરવું જોઈએ. (૩૬)

આમ, રાજાઓને ઉપદેશ આપવા કહેવું જોઈએ. વળી, 'ધર્મનો અભ્યાસ પ્રજાના ઐશ્વર્યને વધારે છે.' – તે જોઈને ઐશ્વર્યની ઇચ્છાવાળા (રાજા)એ ધર્મનું અનુસરણ કરનાર બનવું જોઈએ—એમ સાર કાઢવો જોઈએ.

પશુની હિંસા ક્યારેય અભ્યુદય કરાવતી નથી; પણ (કેવળ) દાન, (ઇન્દ્રિય-) દમન અને સંયમ વગેરે (ગુણો) જ અભ્યુદય કરાવી શકે છે—આથી તે(અભ્યુદય)ની કામનાવાળાએ દાનપરાયણ બનવું જોઈએ; એમ પણ કહેવું જોઈએ.

તથાગત (બુદ્ધ)ના વર્ણનમાં પણ એમ કહેવું જોઈએ કે તે ભગવાન પોતાના પૂર્વજન્મોમાં પણ લોકો ઉપર સતત ઉપકાર કરવાની બુદ્ધિવાળા હતા.

આમ દશમું યજ્ઞ–જાતક સમાપ્ત થયું.

★ ★ ★

(११) शक्र-जातकम्

आपदपि महात्मनामैश्वर्यसम्पद्वा सत्त्वेष्वनुकम्पां न शिथिलीकरोति । तद्यथानुश्रूयते –

बोधिसत्त्वः किलानकल्पकालस्वभ्यस्तपुण्यकर्मा सात्मीभूतप्रदानदम-संयमकरुणः परहितनियतक्रियातिशयः कदाचिच्छक्रो देवानामिन्द्रो बभूव ।

सुरेन्द्रलक्ष्मीरधिकं रराज तत्संश्रयात्स्फीततरप्रभावा ।
हर्म्ये सुधासेक-नवाङ्गरागे निषक्तरूपा शशिनः प्रभेव ॥ १ ॥

यस्याः कृते दितिसुता रभसागतानि
दिङ्नागदन्तमुसलान्युरसाभिजग्मुः ।
सौभाग्यविस्तरसुखोपनतापि तस्य
लक्ष्मीर्न दर्पमलिनं हृदयं चकार ॥ २ ॥

तस्य दिवस्पृथिव्योः सम्यक्परिपालनोपार्जितां सर्वलोकानुव्यापिनीं कीर्तिसम्पदं तां च लक्ष्मीमत्यद्भुताममृष्यमाणा दैत्यगणाः कल्पनाटोपभीषण-तरद्विरदरथतुरगपदातिना क्षुभितसागरघोरनिर्घोषेण जाज्वल्यमानविविधप्रहरणा-वरणदुर्निरीक्ष्येण महता बलकायेन युद्धायैनमभिजग्मुः ।

धर्मात्मनोऽपि तु स तस्य परावलेपः
क्रीडाविघातविरसं च भयं जनस्य ।
तेजस्विता नयपथोपनतः क्रमश्च
युद्धोद्धवाभिमुखतां हृदयस्य चक्रुः ॥ ३ ॥

(૧૧) શક્ર—જાતક

આપત્તિ (આવી પડી) હોય, કે ભારે ઐશ્વર્ય—સમ્પત્તિ (પ્રાપ્ત થઈ) હોય, પણ તે [બન્નેમાંથી એકેય], પ્રાણીઓ ઉપરની મહાત્માઓના મનમાં જે અનુકમ્પા રહેલી હોય છે તેને શિથિલ કરી શકતી નથી. આ સંદર્ભમાં નીચે મુજબ સાંભળવા મળે છે :—

કહેવાય છે કે બોધિસત્ત્વે લાંબા સમય દરમ્યાન પુણ્યકાર્યો કરવાનો અભ્યાસ કર્યો; દાન, દમન, સંયમ અને કરુણા જેવા સદ્ગુણો આત્મસાત્ કરી લીધા અને બીજાનું હિત કરવા માટે અનેક કાર્યો કરવાનું નિયત કરી લીધું ત્યારે એકવાર તેઓ (= બોધિસત્ત્વ) શક્ર, એટલે કે દેવોના અધિપતિ ઇન્દ્ર બન્યા !

હવે, તેમનો આશ્રય મળવાને કારણે, તે દેવેન્દ્રની લક્ષ્મી પણ વધુ વિશાળ પ્રભાવવાળી બની, અને અધિક શોભવા લાગી. જેવી રીતે ચૂનાથી ધોળાવાને કારણે નવી સફેદીથી યુક્ત કોઈ મહેલ ઉપર ચમકતી ચન્દ્રમાની પ્રભા હોય તેમ. (૧)

જે (લક્ષ્મી)ને માટે દિતિના પુત્રો (= દૈત્યો) ઝડપથી આવતા દિગ્ગજોના દાંત રૂપી મૂશળોની સામે છાતી કાઢીને ઊભા રહી ગયા. તે લક્ષ્મી કેવળ સૌભાગ્યને કારણે વિસ્તારપૂર્વક અને સુખપૂર્વક (= સહેલાઈથી) તેમ(શક્ર)ને આવી મળી, તો પણ તેમ(શક્ર = બોધિસત્ત્વ)ના હૃદયને દર્પ ચઢાવીને મલિન ના કરી શકી ! (૨)

તેમણે (બોધિસત્ત્વે) દ્યુલોક અને પૃથિવીલોકનું સમ્યક્ પરિપાલન કરીને ઉપાર્જિત કરેલી તથા સઘળા લોકોમાં વ્યાપી જનારી એવી કીર્તિ રૂપી સમ્પત્તિ; અને પેલી અદ્ભુત લક્ષ્મીને (બોધિસત્ત્વના હાથમાં આવેલી જોઈને) સહન નહીં કરી શકતા દૈત્યગણોએ કલ્પના બહારના અત્યંત ભયંકર એવા હાથીઓ, રથો, ઘોડાઓ અને પાયદળવાળા; સાગરને ક્ષોભ પમાડનારા ઘોર અવાજવાળા, તથા જાજ્વલ્યમાન એવા વિવિધ પ્રહાર કરનારા શસ્ત્ર—અસ્ત્રો અને આચ્છાદક છત્રો વગેરેથી જોવામાં બિહામણા એવા મોટા સૈન્ય સાથે યુદ્ધને માટે એમની (બોધિસત્ત્વ ઇન્દ્રની) તરફ ચાલી નીકળ્યા.

[જો કે બોધિસત્ત્વ તો] ધર્માત્મા હતા, તો પણ પારકાઓ (= શત્રુઓ)ના અવલેપે (= અભિમાને); લોકોની ક્રીડા (= વ્યવહાર)માં રુકાવટ આવવાના ભયે; તેમની તેજસ્વીતાએ અને (રાજ)નીતિના પથ ઉપર આવી ચઢેલ (કાર્યના) ક્રમે તેમના હૃદયને યુદ્ધ તરફ અભિમુખ કરી દીધું. (૩)

अथ स महासत्त्वंस्तुरगवरसहस्त्रयुक्तमभ्युच्छ्रितार्हद्वसनचिह्नरुचिरध्वजं विविधमणिरत्नदीप्तिव्यवभासितमतिज्वलद्वपुषं कल्पनाविभागोपनियतनिशितज्वलितविविधायुधविराजितोभयपार्श्वं पाण्डुकम्बलिनं हैमं रथवरमभिरुह्य महता हस्त्यश्वरथपदातिविचित्रेण देवानीकेन परिवृतस्तदसुरसैन्यं समुद्रतीरान्त एव प्रत्युज्जगाम ।

अथ प्रववृते तत्र भीरूणां धृतिदारुणः ।
अन्योन्यायुधनिष्पेषजर्जरावरणो रणः ॥ ४ ॥

तिष्ठ नैवमितः पश्य क्वेदानीं मन्न मोक्ष्यसे ।
प्रहरायं न भवसीत्येवं तेऽन्योन्यमार्दयन् ॥ ५ ॥

ततः प्रवृत्ते तुमुले स्फूर्जत्प्रहरणे रणे ।
पटहध्वनिनोत्क्रुष्टैः स्फुटतीव नभस्तलम् ॥ ६ ॥

दानगन्धोद्धतामर्षेष्वापतत्सु परस्परम् ।
युगान्तवाताकलितशैलभीमेषु दन्तिषु ॥ ७ ॥

विद्युल्लोलपताकेषु प्रसृतेषु समन्ततः ।
रथेषु पटुनिर्घोषेषूत्पाताम्बुधरेष्विव ॥ ८ ॥

पात्यमानध्वजच्छत्रशस्त्रावरणमौलिषु ।
देवदानववीरेषु शितैरन्योन्यसायकैः ॥ ९ ॥

अथ प्रतप्तासुर-शस्त्रसायकै र्भयात्प्रदुद्राव सुरेन्द्रवाहिनी ।
रथेन विष्टभ्य बलं तु विद्विषां सुरेन्द्र एकः समरे व्यतिष्ठत ॥ १० ॥

अभ्युदीर्णं त्वासुरं बलमतिहर्षात्पटुतरोत्क्रुष्टक्ष्वेडितसिंहनादमभिपतितमभिसमीक्ष्य मातलिर्देवेन्द्रसारथिः स्वं च बलं पलायनपरमवेत्यापयानमत्र प्राप्तकालमिति मत्वा देवाधिपतेः स्यन्दनमावर्तयामास । अथ शक्रो देवेन्द्रः समुत्पततो रथस्याग्राभिमुखान्यभिघातपथागतानि शाल्मलीवृक्षे गरुडनीडान्यपश्यत् । दृष्ट्वैव च करुणया समालम्ब्यमानहृदयो मातलिं संग्राहकमित्युवाच –

હવે તે મહાસત્ત્વ (બોધિસત્ત્વ) એક હજાર શ્રેષ્ઠ ઘોડાઓ જોડેલા, ચિહ્નવિશેષથી વિભૂષિત એવી ઊંચી પતાકાથી યુક્ત, વિવિધ મણિઓ અને રત્નોની દીપ્તિથી ચમકતા, અત્યંત ઉજ્જ્વલ શરીરવાળા, જેની બન્ને પાર્શ્વ (બગલો)માં કલ્પનાથી વહેંચાયેલ જાતજાતના તીક્ષ્ણ અને ચમકતા આયુધોથી સુશોભિત, સફેદ ચાદરથી યુક્ત અને સોનાના બનેલા, એવા ઉત્કૃષ્ટ રથ ઉપર ચઢીને, મોટા હાથી, ઘોડા, રથો અને પાયદળથી ચિત્ર–વિચિત્ર એવી દેવસેનાથી વીંટળાયેલા તે અસુરોના સૈન્યની સામે, સમુદ્રના કિનારે જ પહોંચી ગયા.

ત્યાં ડરપોક વ્યક્તિઓનાં ધૈર્યને વિદીર્ણ કરનાર, અન્યોન્યના આયુધ ઘસાવાથી (યોદ્ધાઓના) બખ્તરો જર્જરિત થઈ જતા હતા તેવો રણસંગ્રામ શરૂ થઈ ગયો. (૪)

'ઊભો રહે', 'એવું ના કરીશ, (નહીં તો)', 'અહીં જો', 'હવે ક્યાં જઈશ ?', 'મારાથી તું છુટવાનો નથી', 'કર પ્રહાર', 'આ હવે તું હતો ન હતો થયો સમજ' – આમ બોલતાં તેઓ પરસ્પરને મારતા હતા. (૫)

જેમાં આયુધો ઉછળતાં હતા તેવો તુમુલ રણસંગ્રામ શરૂ થયો ત્યારે ઊંચે સુધી ખેંચાયેલાં નગારાઓનાં ધ્વનિઓથી આકાશ જાણે ભેદાઈ જતું હતું. (૬)

યુગનો અંત લાવનારા પવનો દ્વારા વિચલિત કરવામાં આવેલા ભયંકર પર્વતોના જેવાં દંતશૂળવાળા હાથીઓ (તેમના ગંડસ્થળમાંથી નીકળતા) મદજળની ગન્ધથી અત્યંત ક્રુદ્ધ થઈને પરસ્પર ઉપર તૂટી પડ્યા. (૭)

વીજળી જેવી ચંચળ ધજાપતાકાઓવાળા રથ ઉપદ્રવકારી વાદળોની જેમ અત્યંત ઘોર ગર્જનાઓ કરતાં કરતાં ચારે તરફ ફેલાઈ ગયા. (૮)

દેવો અને દાનવોના વીરસૈનિકો પોતપોતાના તીક્ષ્ણ બાણોથી એકબીજાના ધ્વજ, છત્રો, શસ્ત્રો, કવચો અને મુકુટોને નીચે પાડી રહ્યા હતા. (૯)

ત્યારે ગુસ્સે ભરાયેલા રાક્ષસોની તલવારો અને બાણોથી ડરી જવાને કારણે સુરેન્દ્રની સેના વેરવિખેર થઈ ગઈ. શત્રુઓનું સૈન્ય રથની ચારે તરફ વીંટળાઈ ગયું તો પણ સુરેન્દ્ર (બોધિસત્ત્વ) એકલા જ યુદ્ધભૂમિમાં ઊભા રહ્યા ! (૧૦)

અતિ હર્ષને કારણે મોટી ગર્જનાઓ કરતું અને સિંહનાદ કરતું અસુરોનું વિશાળ સૈન્ય નજીક આવી પહોંચ્યું છે એમ જોઈને; અને પોતાનું (= દેવોનું) સૈન્ય પણ પલાયન કરી રહ્યું છે તેમ જોઈને દેવેન્દ્ર (બોધિસત્ત્વ)ના 'માતલિ' નામના સારથિએ; "(યુદ્ધમાંથી) પાછા ફરી જવાનો આ યોગ્ય સમય છે." એમ માનીને, દેવાધિપતિના રથને પાછો વાળ્યો. હવે દેવેન્દ્ર શક્રે દોડતા (પોતાના) રથની આગળ, (બીજા કોઈના રથના) અથડાવાથી માર્ગ ઉપર આવી પડેલા, શાલ્મલી વૃક્ષની અંદર ગરુડ પક્ષીઓનાં માળા જોયાં. (તેમને) જોઈને જ કરુણાથી ઊભરાઈ આવેલા હૃદયવાળા તેમણે (= ઇન્દ્રે) માતલિને "આ (માળાઓ) બચાવવા યોગ્ય છે." એમ કહ્યું :

अजातपक्षद्विजपोतसङ्कुला द्विजालयाः शाल्मलिपादपाश्रयाः ।
अमी पतेयुर्न यथा रथेषया विचूर्णिता वाहय मे रथं तथा ॥ ११ ॥

मातलिरुवाच–अमी तावन्मार्ष समभियान्ति नो दैत्यसंघा इति । शक्र उवाच–ततः किम्, परिहरैतानि सम्यग्गरुडनीडानीति । अथैनं मातलिः पुनरुवाच –

निवर्तनादस्य रथस्य केवलं शिवं भवेदम्बुरुहाक्ष पक्षिणाम् ।
चिरस्य लब्धप्रसरा सुरेष्वसावभिद्रवत्येव तु नो द्विषच्चमूः ॥ १२ ॥

अथ शक्रो देवेन्द्रः स्वमध्याशयातिशयं सत्त्वविशेषं च कारुण्यविशेषात् प्रकाशयन्नुवाच –

तस्मान्निवर्तय रथं वरमेव मृत्यु-
दैत्याधिप-प्रहितभीमगदाभिघातैः ।
धिग्वाददग्धयशसो न तु जीवितं मे
सत्त्वान्यमूनि भयदीनमुखानि हत्वा ॥ १३ ॥

अथ मातलिस्तथेति प्रतिश्रुत्य तुरगसहस्रयुक्तं स्यन्दनमस्य निवर्तयामास ।

दृष्टावदाना रिपवस्तु तस्य युद्धे समालोक्य रथं निवृत्तम् ।
भयद्रुताः प्रस्खलिताः प्रणेमुर्वाताभिनुन्ना इव कालमेघाः ॥ १४ ॥

भग्ने स्वसैन्ये विनिवर्तमानः पन्थानमावृत्य रिपुध्वजिन्याः ।
सङ्कोचयत्येव मदावलेपमेकोऽप्यसम्भाव्यपराक्रमत्वात् ॥ १५ ॥

निरीक्ष्य भग्नं तु तदासुरं बलं सुरेन्द्रसेनाप्यथ सा न्यवर्तत ।
बभूव नैव प्रणयः सुरद्विषां भयद्रुतानां विनिवर्तितुं यतः ॥ १६ ॥

જેમને હજી પાંખો પણ ફુટી નથી એવા, પક્ષીઓનાં બચ્ચાંઓથી ભરેલાં આ પક્ષીઓના માળાઓ શાલ્મલિ વૃક્ષના આશ્રયે રહેલા છે, તેથી તું મારા રથને એવી રીતે ચલાવ કે જેથી રથની ટક્કર વાગવાથી તે માળાઓના ફુરચા, બોલી ના જાય." (૧૧)

માતલિ બોલ્યો :– "હે માલિક ! એટલી વારમાં તો દૈત્યોનાં ટોળાં આપણી પાસે આવી પહોંચશે."

ઈન્દ્ર કહે છે : "તેનાથી શું ? ગરુડોના આ માળાઓને તારે સાચવી લેવાના જ છે." હવે ઈન્દ્રને માતલિએ ફરી કહ્યું :– હે કમલ-પત્રાક્ષ (ઈન્દ્ર) ! (આ માર્ગથી)

રથને પાછો વાળવાથી તો કેવળ પક્ષીઓનું જ કલ્યાણ થશે. લાંબા સમય (સુધી યુદ્ધ કર્યા) પછી દેવતાઓ ઉપર વિજય મેળવનારી આપણા દુશ્મનોની પેલી સેના આપણા તરફ આવી જ રહી છે. [(જે આપણો નાશ કરશે)] (૧૨)

હવે દેવોના ઈન્દ્ર શક્રે વિશેષ કારુણ્યને કારણે પોતાના ઉચ્ચ આશય અને ઉત્કૃષ્ટ ધૈર્યને પ્રકાશિત કરતાં કહ્યું કે –

તમે રથને પાછો વાળો જ; કેમ કે દૈત્યોના રાજા વડે કરવામાં આવેલા ભયંકર ગદાના પ્રહારો વડે મળનારું મૃત્યુ જ ઉત્કૃષ્ટ હશે. પણ ભયથી દુઃખી થયેલાં મુખવાળાં આ બચ્ચાંઓને હણીને; (યુદ્ધમાં પીછેહઠ કર્યા પછી, મળનારી) ધિક્કારપૂર્ણ વાણીથી જેનો યશ બળી ગયો હશે તેવું જીવિત (મને) પ્રિય નહીં હોય. (૧૩)

(આથી), માતલિએ "સારું" એમ કહીને, એક હજાર ઘોડાઓ જોડેલા રથને (યુદ્ધભૂમિ તરફ) પાછો વળ્યો.

હવે, યુદ્ધમાં તે (ઇન્દ્ર)નું જેમણે પરાક્રમ જોઈ લીધું હતું તે શત્રુઓ (દૈત્યો)એ (ઈન્દ્રનો) રથ પાછો વળ્યો છે એમ જોઈને; જેમ પવનથી કાળ મેઘો છિન્ન-ભિન્ન થઈ જાય તેમ, તે (દૈત્યો) ભયથી પાછા પડીને વેરવિખેર થઈ ગયા. (૧૪)

પોતાનું સૈન્ય પીછેહઠ કરી, ભાગી ગયું હોય ત્યારે પાછો ફરેલો એક સૈનિક પણ જો ધજાપતાકાવાળી શત્રુસેનાનો માર્ગ રોકીને ઊભો રહી જાય તો, તે એકલો હોય તો પણ, પોતાના અસંભાવ્ય (= અકલ્પ્ય) પરાક્રમને કારણે (શત્રુઓના) અભિમાનને શોષી જ લે છે. (૧૫)

આ સમયે, અસુરોનું સૈન્ય વેરવિખેર થઈ રહ્યું છે એમ જોઈને, સુરેન્દ્રની સેના પણ પાછી ફરી આવી ! પણ હવે તો ભયથી ડરી ગયેલા દેવોના દુશ્મનોને (= અસુરોને) (યુદ્ધમાં) પાછા વળી આવવાની ઇચ્છા ન થઈ. (૧૬)

सहर्षलज्जैस्त्रिदशैः सुराधिपः सभाज्यमानोऽथ रणाजिराच्छनैः ।
अभिज्वलच्चारुवपुर्जयश्रिया समुत्सुकान्तःपुरमागमत् पुरम् ॥ १७ ॥

एवं स एव तस्य संग्रामस्य विजयो बभूव । तस्मादुच्यते –

पापं समाचरति वीतघृणो जघन्यः
प्राप्यापदं सघृण एव तु मध्यबुद्धिः ।
प्राणात्ययेऽपि तु न साधुजनः स्ववृत्तिं
वेलां समुद्र इव लङ्घयितुं समर्थः ॥ १८ ॥

तदेवं देवराज्यं प्राणानपि परित्यज्य दीर्घरात्रं परिपालितानि भगवता सत्त्वानि । तेष्विह प्राज्ञस्याऽऽघातो न युक्तरूपः, प्रागेव विप्रतिपत्तिरिति । प्राणिषु दयायत्तेनार्येण भवितव्यम् । तथा हि धर्मो ह वै रक्षति धर्मचारिणमित्यत्राप्युन्नेयम् । तथागतवर्णे सत्कृत्य धर्मश्रवणे चेति ॥

इति शक्र-जातकम् एकादशम् ।

★ ★ ★

રણસંગ્રામના ચિહ્નો વડે (વિજયથી) ખૂશ થયેલા અને (ઘડીભર પીછેહઠ કરી હતી, તેથી) લજ્જિત પણ થયેલા દેવો વડે સમ્માનિત થતા, અને વિજયની લક્ષ્મીથી જેમનું સુંદર શરીર સવિશેષ ચમકી રહ્યું હતું, તેવા દેવોના રાજા ઇન્દ્ર (તેમને મળવા) ઉત્સુક એવા અન્તઃપુરવાળા નગરમાં આવી પહોંચ્યા. (૧૭)

આ રીતે, તેમનો સંગ્રામમમાં વિજય થયો. માટે કહેવાય છે કે –

જેણે દયા ત્યજી દીધી છે તેવો નીચ માણસ તો પાપ આચરે છે; પણ જે દયાવાળો મધ્યમ બુદ્ધિનો માણસ હોય છે તે આપત્તિમાં આવી પડતાં (ક્યારેક જ) પાપ આચરે છે; પણ જે સાધુપુરુષ હોય છે તે પ્રાણ નીકળી જાય તો પણ પોતાની (દયા)વૃત્તિને ત્યજતો નથી; જેવી રીતે સમુદ્ર પોતાના કિનારાની મર્યાદાને ઓળંગવા (ક્યારેય) સમર્થ થતો નથી. (૧૮)

આ રીતે, ભગવાન બોધિસત્ત્વે દેવોનું રાજ્ય અને પ્રાણોને પણ ત્યજીને, ઘણા દિવસો અને રાત્રિઓ સુધી પ્રાણીઓનું પરિપાલન કર્યું. પ્રાજ્ઞ વ્યક્તિને માટે આ (બોધિસત્ત્વ)ને વિશે આઘાત પહોંચાડવો ઉચિત નથી; અને તેમના પ્રત્યે વિરુદ્ધ વર્તન કરવું તે તો સાવ અનુચિત જ છે. માટે (આપણે) સૌ આર્યોએ પ્રાણીઓ પ્રત્યે દયાથી પરિપૂર્ણ બનવું જોઈએ. જેમ કે (કહ્યું છે :) ''ધર્મ જ ધર્મચારી વ્યક્તિનું રક્ષણ કરે છે.'' એવો બોધ પણ આ કથામાંથી તારવવો જોઈએ.

આદરસત્કારપૂર્વક તથાગતના વર્ણનમાં અને તેમના ધર્મનું શ્રવણ કરવાના પ્રસંગે (આ કથા કહેવી જોઈએ).

અગિયારમું શક્ર–જાતક પૂર્ણ થયું.

★ ★ ★

(१४) सुपारग-जातकम्

धर्माश्रयं सत्यवचनमप्यापदं नुदति, प्रागेव तत्फलमिति धर्मानुवर्तिना भवितव्यम् । तद्यथानुश्रूयते –

बोधिसत्त्वभूतः किल महासत्त्वः परमनिपुणमतिर्नौसारथिर्बभूव । धर्मता ह्येषा बोधिसत्त्वानां प्रकृतिमेधावित्वाद्यदुत यं यं शास्त्रातिशयं जिज्ञासन्ते कलाविशेषं वा तस्मिंस्तस्मिन्नधिकतरा भवन्ति मेधाविनो जगतः । अथ स महात्मा विदितज्योतिर्गतित्वाद्दिग्विभागेष्वसम्मूढमतिः, परिविदितनियतागन्तुकौत्पातिकनिमित्तः कालाकालक्रमकुशलो, मीनतोयवर्णभौमप्रकारशकुनिपर्वतादिभिश्चिह्नैः सूपलक्षितसमुद्रदेशः, स्मृतिमान्विजिततन्द्रीनिन्द्रः, शीतोष्णवर्षादिपरिखेदसहिष्णुरप्रमादी धृतिमानाहरणापहरणकुशलत्वादीप्सितं देशं प्रापयिता वणिजामासीत् । तस्य परमसिद्धयात्रत्वात्सुपारग इत्येव नाम बभूव । तदध्युषितं च पत्तनं सुपारगमित्येवाख्यातमासीत् । यदेतर्हि सूपारगमिति ज्ञायते । सोऽपि मङ्गलसम्मतत्वाद् वृद्धत्वेऽपि सांयात्रिकैर्यात्रासिद्धिकामैर्वहनमभ्यर्थनसत्कारपुरःसरमारोप्यते स्म ।

अथ कदाचिद्भरुकच्छादभिप्रयाताः सुवर्णभूमिवणिजो यात्रासिद्धिकामाः सुपारगं पत्तनमुपेत्य तं महासत्त्वं वहनारोहणार्थमभ्यर्थयामासुः । स तानुवाच –

(૧૪) સુપારગ–જાતક

ધર્મનો આશ્રય લઈને બોલવામાં આવેલું સત્ય વચન પણ (મોટી) આપત્તિને દૂર કરી દે છે; (ભવિષ્યમાં) એ ધર્માચરણનું ફળ જે કાંઈ આવવાનું હોય, પણ તે પહેલાં જ [તે આટલું તો કરે જ છે.] આ સંદર્ભમાં (નીચેની કથા) સાંભળવા મળે છે :–

કહેવાય છે કે એકવાર બોધિસત્ત્વ પરમ નિપુણ મતિવાળા મહાસત્ત્વશીલ સ્વભાવવાળા નૌકાના સારથિ બન્યા ! મૂળ પ્રકૃતિથી જ મેધાવી હોવાને કારણે બધા બોધિસત્ત્વોનો એ સ્વભાવ હોય છે કે તેઓ જે જે શાસ્ત્રોને કે વિશેષ કળાઓને જાણવાની ઈચ્છા કરે છે, તે તે (શાસ્ત્ર)માં અને તે તે (કળા)માં, જગતના (બીજા માણસો) કરતાં વધુ મેધાવીઓ બને છે. હવે તે મહાત્મા (ગ્રહ–નક્ષત્રાદિ રૂપ) જ્યોતિઓની ગતિ–વિધિ જાણતા હોઈને, દિશાઓના વિભાગીકરણને વિશે પ્રબુદ્ધ મતિવાળા હતા. તેઓ નિશ્ચિતપણે આવનારા ઉત્પાતોના નિમિત્તોને બધી રીતે જાણી લેતા હતા; અને તેથી સુકાળ અને દુષ્કાળના ક્રમને પણ જાણી જવામાં કુશળ હતા. વળી, તેઓ માછલી, પાણીનો રંગ, ભૂમિનો પ્રકાર, (અમુક) પક્ષીઓ અને પર્વત વગેરેનાં ચિહ્નો વડે જ સમુદ્ર–પ્રદેશ(ના સારા–નરસા પ્રકાર)ને જાણી લેતા હતા. તેઓ ભારે યાદદાસ્ત ધરાવતા હતા, અને તેમણે તન્દ્રા (આળસ) અને નિદ્રાને જીતી લીધી હતી. શિયાળો, ઉનાળો કે વર્ષાઋતુ વગેરેથી પડનારી તકલીફોને સહી લેનારા, અપ્રમાદી અને ધૈર્યવાન્ હતા. આહરણ અને અપહરણમાં (= શું વસ્તુ સંગ્રહવી અને શું વસ્તુ ત્યજી દેવી ? – એ બાબતમાં) કુશળ હોવાને કારણે તેઓ વણિકોને તેમના ઈચ્છનીય પ્રદેશમાં પહોંચાડી શકતા હતા. આમ તેમણે (સમુદ્રની) યાત્રા (કરવા–કરાવવા)માં પરમ સિદ્ધિ પ્રાપ્ત કરી હતી. તેથી તેમનું નામ જ ''સૂપારગ'' (સારી રીતે પાર પહોંચાડનાર) એવું પડ્યું હતું ! તેઓ જે નગરમાં રહેતા હતા, તે પણ 'સૂપારગ' એવા જ નામે ઓળખાતું થયું હતું. આજકાલ 'સુપારગ' એવા નામે જે પ્રસિદ્ધ નગર છે, તે આ જ હતું. તેઓ એક મંગળ કરનાર વ્યક્તિ તરીકે સર્વસમ્મત હોવાને કારણે, ઘરડા થઈ ગયા છતાંય, (સમુદ્રની) યાત્રામાં જનારા અને તે યાત્રામાં સિદ્ધિ પ્રાપ્ત કરવા ઈચ્છતા વ્યક્તિઓ (= નાવિકો) વડે તેમને (= બોધિસત્ત્વને) વહાણમાં પ્રાર્થના કરીને સત્કારપૂર્વક ચઢાવી દેવામાં આવતા હતા.

હવે એકવાર સુવર્ણભૂમિની શોધમાં નીકળેલા વણિકોએ ભરુકચ્છ (= ભરૂચ)થી પ્રસ્થાન કર્યું; તેઓ (સમુદ્ર)યાત્રાની સફળતા ઈચ્છતા હતા, તેથી 'સુપારગ' નામના એ નગરમાં જઈને, તે મહાસત્ત્વશીલ વ્યક્તિને, પોતાના વહાણમાં ચઢવા અભ્યર્થના કરવા લાગ્યા. તેમણે આમને (વણિકોને) કહ્યું :–

जराज्ञया संह्रियमाणदर्शने
श्रमाभिपातैः प्रतनूकृतस्मृतौ ।
स्वदेहकृत्येऽप्यवसन्नविक्रमे
सहायता का परिशङ्क्यते मयि ॥ १ ॥

वणिज ऊचुः—विदितेयमस्माकं युष्मच्छरीरावस्था । सत्यपि च वः पराक्रमासहत्वे, नैवं वयं कर्मविनियोगेन युष्मानायासयितुमिच्छामः । किं तर्हि ?

त्वत्पादपङ्कजसमाश्रयसत्कृतेन
मङ्गल्यतामुपगता रजसा त्वियं नौः ।
दुर्गे महत्यपि च तोयनिधावमुष्मिन्
स्वस्ति व्रजेदिति भवन्तमुपागताः स्मः ॥ २ ॥

अथ स महात्मा तेषामनुकम्पया जराशिथिलशरीरोऽपि तद्वहनमारुरोह। तदधिरोहणाच्च प्रमुदितमनसः सर्व एव ते वणिजो बभूवुर्नियतमस्माकमुत्तमा यात्रासिद्धिरिति । क्रमेण चावजगाहिरे विविधमीनकुलविचरितमनिभृतजल-कलकक्षारावमनिलबलविलासप्रविचलिततरङ्गं बहुविधरत्नैर्भूमिविशेषैरर्पितरङ्गं फेनावलीकुसुमदामविचित्रमसुरबलभुजगभवनं दुरापपातालमप्रमेयतोयं महासमुद्रम् ।

अथेन्द्रनीलप्रकराभिनीलं सूर्यांशुतापादिव खं विलीनम् ।
समन्ततोऽन्तर्हिततीरलेखमगाधमम्भोनिधिमध्यमीयुः ॥ ३ ॥

तेषां तत्रानुप्राप्तानां सायाह्नसमये मृद्भूतकिरणचक्रप्रभावे सवितरि महदौत्पातिकं परमभीषणं प्रादुरभूत् ।

विभिद्यमानोर्मिविकीर्णफेनश्चण्डानिलास्फालनभीमनादः ।
नैभृत्यनिर्मुक्तसमग्रतोयः क्षणेन रौद्रः समभूत् समुद्रः ॥ ४ ॥

"વૃદ્ધાવસ્થાની આજ્ઞાથી (મારી) દૃષ્ટિ ઝાંખી પડી ગઈ છે, અતિશય થાકને કારણે (મારી) સ્મૃતિ પણ ક્ષીણ થઈ ગઈ છે અને જ્યારે, મારા પોતાના શરીરને માટે કરવાનાં કામો માટે પણ મારામાં શક્તિ રહી નથી; ત્યારે (તમે) મારી પાસેથી કઈ મદદ મળવાની આશા રાખો છો ?" (૧)

વણિકો બોલ્યા :– તમારા શરીરની અવસ્થા તો અમે જાણીએ જ છીએ. તમે તમારું (શરીરશુદ્ધિ આદિનું) કાર્ય કરવા પણ સમર્થ નથી–એ પણ સાચું. પરંતુ અમે તમને એવા કોઈ મોટા કાર્યમાં જોડીને, આયાસ આપવા પણ ઈચ્છતા નથી. તો પછી શું ?

તમારા ચરણકમળને સ્પર્શવાથી સત્કારાયેલી રજકણ વડે માંગલ્યને પામેલી આ અમારી નૌકા વિશાળ અને દુર્ગમ એવા સમુદ્રમાં કલ્યાણને પામે એટલે [= એવી ઈચ્છાથી પ્રેરાઈને] અમે આપની પાસે આવ્યા છીએ. (૨)

હવે તે મહાત્મા (બોધિસત્ત્વ) વૃદ્ધાવસ્થાને કારણે શરીરે શિથિલ થઈ ગયા હતા તો પણ, તેમની (= વણિકોની) ઉપર દયા આવવાથી તેમના વહાણમાં ચઢી ગયા. (નૌકામાં) ચઢવાથી તે બધા જ વણિકો પ્રસન્ન થયેલા મનવાળા બન્યા; [અને માનવા લાગ્યા] કે હવે ચોક્કસ જ આપણી યાત્રામાં ઉત્તમ સિદ્ધિ પ્રાપ્ત થશે. પછી તેમણે ક્રમશઃ, જેમાં વિવિધ પ્રકારના કુળવાળી માછલીઓ ફરતી હતી, જેમાં શાન્ત નહીં તેવો પાણીનો કલકલ અવાજ થતો હતો, જેમાં પવનના બળના પરાક્રમથી (પાણીના) તરંગો પ્રચલિત થઈ ઊઠ્યા હતા, અનેક પ્રકારના રત્નોથી ભરેલા વિશિષ્ટ ભૂમિખંડો રંગાયેલા હતા, જેમાં ફેનાવલી રૂપી પુષ્પમાળાથી સુંદર બનેલ અસુર સૈન્યનું નાગ-ભવન હતું અને જેમાં પાતાળલોક મેળવવું મુશ્કેલ હતું; તથા જેમાં અપરિમેય જળ હતું તેવા મહાસમુદ્રમાં અવગાહન કર્યું.

હવે તેઓ 'ઇન્દ્રનીલ' નામક મણિઓના જેવી નીલ આભાવાળા, જાણે કે સૂર્યકિરણોના તાપથી ઓગળેલું આકાશ હોય તેવા, અને જેમાં ચારે તરફથી સામા પારની કિનારી અદૃશ્ય થઈ ગઈ હતી તેવા અગાધ સમુદ્રની મધ્યમાં પહોંચ્યા. (૩)

ત્યાં પહોંચેલા તેમને માટે સાંજના સમયે, જેના કિરણોના સમૂહનો પ્રભાવ કોમળ થયો છે તેવો સૂર્ય થયો ત્યારે, પરમ ભીષણ એવો મોટો ઉત્પાત મચી જશે એવું લક્ષણ પ્રકટ્યું.

જેમાં મોજાંઓ (પરસ્પર અથડાઈને) તૂટવાને કારણે ફીણ ચારે તરફ ફેલાઈ જતું હતું, જેમાં પ્રચંડ પવનો અથડાવાથી ભયંકર અવાજ પેદા થતો હતો, શાંત–સ્થિરતા ત્યજેલા સમગ્ર જળસમૂહવાળા સમુદ્રે એક ક્ષણમાં જ રુદ્ર રૂપ ધારણ કર્યું. (૪)

उत्पातवाताकलितैर्महद्भिस्तोयस्थलैर्भीमरयैर्भ्रमद्भिः ।
युगान्तकालप्रचलाचलेव भूमिर्बभूवोग्रवपुः समुद्रः ॥ ५ ॥

विद्युल्लतोद्भासुरलोलजिह्वा नीला भुजङ्गा इव नैकशीर्षाः ।
आवव्रुरादित्यपथं पयोदाः प्रसक्तभीमस्तनितानुनादाः ॥ ६ ॥

घनैर्घनैरावृतरश्मिजालः सूर्यः क्रमेणास्तमुपारुरोह ।
दिनान्तलब्धप्रसरं समन्तात्तमो घनीभावमिवाजगाम ॥ ७ ॥

धाराशरैराच्छुरितोर्मिचक्रे महोदधावुत्पततीव रोषात् ।
भीतेव नौरभ्यधिकं चकम्पे विषादयन्ती हृदयानि तेषाम् ॥ ८ ॥

ते त्रासदीनाश्च विषादमूका धीराः प्रतीकार-ससम्भ्रमाश्च ।
स्वदेवता-याचनतत्पराश्च भावान्यथा सत्त्वगुणं विवव्रुः ॥ ९ ॥

अथ ते सांयात्रिकाः पवनबलचलितसलिलवेगवशगया नावा परिभ्रम्यमाणा, बहुभिरप्यहोभिर्नैव कुतश्चित्तीरं ददृशुर्न च यथेप्सितानि समुद्रचिह्नानि । अपूर्वैरेव तु समुद्रचिह्नैरभिवर्धमानवैमनस्या भयविषाद-व्याकुलतामुपजग्मुः । अथैतान् सुपारगो बोधिसत्त्वो व्यवस्थापयन्नुवाच–अनाश्चर्यं खलु महासमुद्रमध्यमवगाढानामौत्पातिकक्षोभपरिक्लेशः । तदलमत्रभवतां विषादानुवृत्त्या । कुतः ?

नापत्प्रतीकारविधिर्विषादस्तस्मादलं दैन्यपरिग्रहेण ।
धैर्यात्तु कार्यप्रतिपत्तिदक्षाः कृच्छ्राण्यकृच्छ्रेण समुत्तरन्ति ॥ १० ॥

જેમ અચળ રહેનારી ભૂમિ પણ યુગાન્ત–કાળે ચલાયમાન થઈ ઊઠી હોય તેમ આ સમુદ્ર ઉત્પાતના પવનોથી આંદોલિત થયેલા મોટા, ભયંકર અવાજવાળા, ચારે તરફ ભમતા એવા જળ-વિભાગો વડે ઉગ્ર સ્વરૂપવાળો બની ગયો હતો. (૫)

વીજળીની જેમ ચમકતાં, ચંચળ જીભ જેવા કાળાં, અનેક ફણાઓવાળા સર્પોના જેવાં અને ઘોર ગર્જનાઓનો અનુનાદ કરતાં વાદળોએ સૂર્યના માર્ગને પણ અવરુદ્ધ કરી દીધો. (૬)

ગાઢ વાદળો વડે જેના કિરણોનો સમૂહ આચ્છાદિત થઈ ગયો છે તેવો સૂર્ય ક્રમશઃ અસ્તાચળ ઉપર આરૂઢ થયો. દિવસના અંત ભાગે જેને ફેલાવાનો અવસર મળ્યો છે તેવો અંધકાર પણ ચારે તરફ જાણે ગાઢ બન્યો અથવા વાદળ રૂપ બની ગયો. (૭)

જળધારાઓ રૂપી બાણોથી જેનાં મોજાંઓ વીંધાઈ ગયા છે તેવો સમુદ્ર પણ જાણે રોષથી સામે (ઊંચે) ઉછાળા મારવા લાગ્યો. (વણિકોની) નૌકા પણ જાણે ડરી ગઈ હોય તેમ, તેમના (= વણિકોના) હૃદયોને વિષાદ પહોંચાડતી કંઈક વધારે ધ્રુજવા લાગી. (૮)

ત્રાસથી દીન અને વિષાદથી મૂંગા બની ગયેલા તેઓ (વણિકો) ધીર હતા છતાં (પરિસ્થિતિનો) પ્રતીકાર કરવાની બાબતમાં ગભરાઈ ગયા હતા. પરિણામે તેઓ પોતપોતાના (ઇષ્ટ)દેવતાની પાસે યાચના કરવામાં તત્પર બનીને, તેમનામાં રહેલા સત્ત્વગુણ અનુસાર ભાવોને પ્રકટ કરવા લાગ્યા. (૯)

હવે સાથે યાત્રા કરી રહેલા તેઓ પવનના બળથી ચલાયમાન થયેલા જળના વેગની અંદર વશમાં આવી ગયેલી (= ફસાઈ ગયેલી) નૌકા વડે ચકરાવે ચઢી ગયા; અને ઘણા દિવસો સુધી તેમણે ક્યાંય કિનારો જોયો નહીં; તથા તેમને ઇચ્છનીય હોય તેવાં સમુદ્રનાં ચિહ્નો પણ ન જોયાં. તે સમુદ્રના અપૂર્વ એવા ચિહ્નો વડે તેમની ઉદાસી વધતી જ ગઈ; અને ભય તથા વિષાદથી વ્યાકુળતાને પણ પામ્યા. હવે આમને (= વણિકોને) સુપારગ બોધિસત્ત્વે સ્થિરતા આપતાં કહ્યું :– “આમાં કશું આશ્ચર્ય નથી કે મહાસમુદ્રની અંદર અવગાહન કરનારને મોટા ઉત્પાતોથી પેદા થનાર ગભરાટનો કલેશ સહન કરવો પડે છે. માટે તમે સૌ વિષાદ કરવાથી અટકી જાવ. કેમ કે –

વિષાદ કરવો એ કાંઈ આપત્તિનો પ્રતીકાર કરવાનો (સાચો) રસ્તો નથી. માટે તમે દીનતાને પકડી રાખવાનું બંધ કરો. (કેવળ) ધૈર્ય થકી જ કાર્ય કરવામાં દક્ષ માણસો અનાયાસ જ તકલીફોને તરી જાય છે. (૧૦)

विषाददैन्यं व्यवधूय तस्मात्कार्यावकाशं क्रियया भजध्वम् ।
प्राज्ञस्य धैर्यज्वलितं हि तेजः सर्वार्थसिद्धिग्रहणाग्रहस्तः ॥ ११ ॥

तद्यथाधिकारावहिता भवन्तु भवन्तः । इति ते सांयात्रिकास्तेन महात्मना धीरीकृतमनसः, कूलदर्शनोत्सुकमतयः समुद्रमवलोकयन्तो ददृशुः पुरुष-विग्रहानामुक्तरूप्यकवचानिवोन्मज्जतो निमज्जतश्च । सम्यक् चैषामाकृतिनिमित्तमुपधार्य सविस्मयाः सुपारगाय न्यवेदयन्त—अपूर्वं खल्विदमिह महासमुद्रे चिह्नमुपलभ्यते । एते खलु

आमुक्तरूप्यकवचा इव दैत्ययोधा
घोरेक्षणाः खुरनिकाशविरूपघोणाः ।
उन्मज्जनावतरणस्फुरणप्रसंगात्
क्रीडामिवार्णवजलेऽनुभवन्ति केऽपि ॥ १२ ॥

सुपारग उवाच—नैते मानुषा अमानुषा वा, मीना खल्वेते । यतो न भेतव्यमेभ्यः । किन्तु –

सुदूरमपकृष्टाः स्मः पत्तनद्वितयादपि ।
खुरमाली समुद्रोऽयं तद्यतध्वं निवर्तितुम् ॥ १३ ॥

चण्डवेगवाहिना सलिलनिवहेनैकान्तहरेण च पाश्चात्त्येन वायुना समाक्षिप्तया नावा न ते सांयात्रिकाः शेकुर्विनिवर्तितुम् । अथावगाहमानाः क्रमेण रूप्यप्रभाभासितमनीलफेननिचयपाण्डुरमपरं समुद्रमालोक्य सविस्मयाः सुपारगमूचुः –

स्वफेन-मग्नैरिव कोऽयमम्बुभिर्महार्णवः शुक्लदुकूलवानिव ।
द्रवानिवेन्दोः किरणान्समुद्वहन्समन्ततो हास इव प्रसर्पति ॥ १४ ॥

માટે (તમે) વિષાદ અને દીનતા છોડી દઈને, કંઈ પણ કામ કરવાનો અવકાશ મળે તેને ક્રિયા વડે સેવો (= કામ કરવાની તકને જતી ના કરશો). કારણ કે પ્રાજ્ઞ વ્યક્તિનું ધૈર્યથી ઝળહળતું તેજ (જ) બધી સિદ્ધિઓનું ગ્રહણ કરવામાં આગળ પડતા હાથનું કામ કરે છે. (૧૧)

તેથી આપ સૌ પોતપોતાના અધિકારમાં આવતા કાર્ય પ્રત્યે સાવધાન બની જાવ." આ પ્રમાણે તે મહાત્મા (બોધિસત્ત્વ સુપારગ) વડે (નાવમાં) સાથે યાત્રા કરનારા તેમને (= તે વણિકોને) ધીરજ ધરતા મનવાળા કરવામાં આવ્યા. હવે કિનારો જોવા માટે ઉત્સુક મતિવાળા તેઓ સમુદ્રનું અવલોકન કરી રહ્યા હતા ત્યાં તેમણે પુરુષાકૃતિવાળા કોઈક પ્રાણીઓ કે જેમણે ચાંદીના કવચો પહેર્યા હોય તેમ લાગતું હતું, તેઓ (પાણીમાં) જાણે કે ઉછાળા મારતા કે ડૂબકી મારતા હોય તેમ જોયું. તેમનો આકાર અને લક્ષણ બરાબર ધ્યાંનથી જોઈને તેમણે આશ્ચર્યની સાથે આ (સમાચાર) સુપારગને આપ્યા : "મહાસમુદ્રની અંદર ખરેખર આ કોઈક અપૂર્વ ચિહ્ન જોવા મળી રહ્યું છે ! આ (પ્રાણીઓ) તો –

ચાંદીના કવચો પહેરેલા દૈત્ય–સૈનિકો જેવા છે, તેઓ વિકરાળ દૃષ્ટિવાળા છે અને તેમની નાસિકા તો (ચોપગાં પશુઓની) ખરી જેવી તદ્દન વિરૂપ (બિહામણી) છે. ઉપર ઉછળવા અને અંદર (પાણીમાં) પેસી જવાના પ્રસંગો (વારંવાર) બનવાને કારણે જાણે કે તેઓ સમુદ્રના જળમાં ક્રીડા કરી રહ્યા હોય તેમ લાગે છે. (૧૨)

સુપારગ કહે છે :– આ માણસો પણ નથી અને અમાનુષ (દૈત્યો) પણ નથી; આ તો માછલાં જ છે ! માટે આમનાથી ડરવાની કોઈ જરૂર નથી. પરંતુ –

આપણે (પાણીના તણાવમાં ફસાઈ જવાથી) બન્ને તરફના નગરોથી ઘણે દૂર ખેંચાઈ ગયા છીએ. આ સમુદ્રને "ખુરમાલી" નામે ઓળખવામાં આવે છે; અહીંથી (તમે) પાછા ફરી જવાનો પ્રયત્ન કરો. (૧૩)

પરંતુ પ્રચંડ વેગથી વહેનારા જળસમૂહ વડે અને બલાત્કારે ખેંચી જનારા પશ્ચિમી પવનો વડે તણાઈ જતી નૌકા વડે પાછા ફરવા માટે તે યાત્રિકો શક્તિમાન ન થયા. હવે ક્રમશઃ (સમુદ્રમાં) આગળ અવગાહન કરતાં ચાંદીની પ્રભાથી ચમકતા અને કાળા નહીં તેવા (= શ્વેત) ફીણના સમૂહથી પાંડુવર્ણના બનેલા બીજા એક સમુદ્રને જોઈને આશ્ચર્યચકિત થયેલા તેમણે સુપારગને પૂછ્યું :–

પોતાના જ ફીણથી જેનું પાણી ઢંકાયેલું છે તેવો શ્વેત રેશમી વસ્ત્રવાળો આ કયો મહાસમુદ્ર છે ? ચન્દ્રમાના દ્રવીભૂત થયેલાં કિરણોને જાણે તે વહેવડાતો હોય તેમ લાગે છે; અને જાણે ચારે તરફ હાસ્ય જ પ્રસરી રહ્યું હોય તેમ લાગે છે. (૧૪)

सुपारग उवाच—कष्टम् । अतिदूरं खल्ववगाह्यते ।

क्षीरार्णव इति ख्यात उदधिर्दधिमाल्यसौ ।
क्षमं नातः परं गन्तुं शक्यते चेन्निवर्तितुम् ॥ १५ ॥

वणिज ऊचुः—न खलु शक्यते विलम्बयितुमपि वहनं कुत एव सन्निवर्तयितुमतिशीघ्रवाहित्वाद्वहनस्य प्रतिकूलत्वाच्च मारुतस्येति ।

अथ व्यतीत्य तमपि समुद्रं सुवर्णप्रभानुरञ्जितप्रचलोर्मिमालमग्निज्वाल-कपिलसलिलमपरं समुद्रमालोक्य विस्मयकौतूहलास्ते वणिजः सुपारगं पप्रच्छुः —

बालार्कलक्ष्म्येव कृताङ्गरागैः
समुन्नमद्भिः सलिलैरनीलैः ।
ज्वलन्महानग्निरिवावभाति को
नाम तस्माच्च महार्णवोऽयम् ॥ १६ ॥

सुपारग उवाच —

अग्निमालीति विख्यातः समुद्रोऽयं प्रकाशते ।
अतीव खलु साधु स्यान्निवर्तेमहि यद्यतः ॥ १७ ॥

इति स महात्मा नाममात्रमकथयत्तस्य सरित्पतेर्न तोयवैवर्ण्यकारणं दीर्घदर्शित्वात् । अथ ते सांयात्रिकास्तमपि समुद्रमतीप्य पुष्परागेन्द्रनील-प्रमोद्योतितसलिलं परिपक्वकुशवननिकाशवर्णं समुद्रमालोक्य कौतूहलजाताः सुपारगं पप्रच्छुः—

परिणतकुशपर्णवर्णतोयः सलिलनिधिः कतमो न्वयं विभाति ।
सकुसुम इव फेनभक्तिचित्रैरनिलजवाऽऽकलितैस्तरङ्गभङ्गैः ॥ १८ ॥

सुपारग उवाच—भोः सार्थवाहा, निवर्तनं प्रति यत्नः क्रियताम् । न खल्वतः क्षमते परं गन्तुम् ।

સુપારગ કહે છે :– કષ્ટકારક છે આ વાત. (આપણે તો) બહુ દૂર આવી ગયા છીએ.

ક્ષીર-સાગર તરીકે ઓળખાતો આ સમુદ્ર છે, અને તેને 'દધિમાલી' (= દહીંની માળા ધારણ કરનારો) પણ કહે છે. જો અહીંથી જ પાછા ફરી જવું શક્ય હોય તો; આથી વધારે આગળ જવું ઉચિત નથી. (૧૫)

વણિકોએ કહ્યું :– આ વહાણ અત્યંત ઝડપથી આગળ વધી રહ્યું છે અને પવન પણ પ્રતિકૂળ વહી રહ્યો છે, તેથી તેને (આગળ) વધતું અટકાવી દેવું પણ શક્ય નથી, તો એને પાછું વાળવાની તો વાત જ ક્યાં રહી ?

હવે તે સમુદ્રને પણ ઓળંગીને, જેમાં સુવર્ણપ્રભાથી રંગાયેલ ચંચળ તરંગોની હારમાળા હતી અને જેમાં અગ્નિની જ્વાળાઓ જેવા કપિલ રંગનું પાણી હતું તેવા બીજા એક સમુદ્રને જોઈને, વિસ્મય તથા કુતૂહલથી ભરેલા તે વણિકોએ સુપારગને પૂછ્યું :–

બાલ સૂર્યની શોભાથી જેણે અંગરાગ કર્યો છે તેવા ઊંચે ઉછાળા મારતા અ-નીલ (= શ્વેત) રંગના આ જળ વડે, જાણે સળગતો આ અગ્નિ હોય તેમ ચમકી રહેલો મહાસમુદ્ર કયા નામે ઓળખાય છે ? (૧૬)

સુપારગે કહ્યું :–

'અગ્નિમાલી' (= અગ્નિની જ્વાળાઓ રૂપી માળાઓવાળો) નામે વિખ્યાત એવો આ સમુદ્ર (તમારી સામે) પ્રકાશી રહ્યો છે. જો અહીંથી આપણે પાછા વળી જઈએ તો તે ખૂબ સારું થયું ગણાશે. (૧૭)

આમ તે મહાત્માએ તે સરિત્પતિ (= સમુદ્ર)નું કેવળ નામ જ કહ્યું; પણ તેઓ દીર્ઘદ્રષ્ટા હોવાને કારણે તેમણે (સમુદ્રના) જળનો રંગ બદલાયાનું કારણ કહ્યું નહીં. હવે તે સહયાત્રીઓએ તે (અગ્નિમાલી) સમુદ્રને પણ ઓળંગીને એવો સમુદ્ર જોયો કે જેમાં પુષ્પપરાગ અને ઈન્દ્રનીલ–મણિ જેવી પ્રભાવાળું જળ હતું, તથા પાકી ગયેલા કુશઘાસના વનના રંગ જેવું હતું. આથી કૌતુક ભરેલા તેમણે સુપારગને પૂછ્યું :–

આ જળનિધિ ચમકી રહ્યો છે કે જેમાં પાકી ગયેલાં કુશ ઘાસના પાંદડાંના રંગ જેવું પાણી છે ? અને જે (સમુદ્ર) પવનના વેગથી ઉત્પન્ન થયેલ ફીણથી ચિત્ર-વિચિત્ર તરંગો વડે પુષ્પોથી ભરેલો હોય તેમ લાગે છે ? (૧૮)

સુપારગે કહ્યું :– ''હે વ્યાપારિઓ ! પાછા ફરી જવાને વિશે જ પ્રયત્ન કરો. આનાથી વધારે આગળ જવું યોગ્ય નથી.

कुशमाली समुद्रोऽयमत्यङ्कुश इव द्विपः ।
प्रसह्यासह्यसलिलो हरन् हरति नो रतिम् ॥ १९ ॥

अथ ते वाणिजकाः परेणापि यत्नेन निवर्तयितुमशक्नुवन्तस्तमपि समुद्रमतीत्य वंशरागवैडूर्यप्रभाव्यतिकरहरितसलिलमपरं समुद्रमालोक्य सुपारगमपृच्छन् —

मरकतहरितप्रभैर्जलैर्वहति नवामिव शाद्वलश्रियम् ।
कुमुदरुचिरफेनभूषणः सलिलनिधिः कतमोऽयमीक्ष्यते ॥ २० ॥

अथ स महात्मा तेन वणिग्जनस्य व्यसनोपनिपातेन दह्यमानहृदयो दीर्घमुष्णमभिनिश्वस्य शनैरुवाच —

अतिदूरमुपेताः स्थ दुःखमस्मान्निवर्तितुम् ।
पर्यन्त इव लोकस्य नलमाल्येष सागरः ॥ २१ ॥

तच्छ्रुत्वा ते वाणिजका विषादोपरुध्यमानमनसो विस्रस्यमानगात्रोत्साहा निश्वसितमात्रपरायणास्तत्रैव निषेदुः । व्यतीत्य च तमपि समुद्रं सायाह्नसमये विलम्बमानरश्मिमण्डले सलिलनिधिमिव प्रवेष्टुकामे दिवसकरे समुद्वर्तमानस्येव सलिलनिधेरशनीनामिव च सम्पततां, वेणुवनानामिव चाग्निपरिगतानां विस्फुटतां तुमुलमतिभीषणं श्रुतिहृदयविदारणं समुद्रध्वनिमश्रौषुः । श्रुत्वा च सन्त्रासवशगाः स्फुरन्मनसः सहसैवोत्थाय समन्ततोऽनुविलोकयन्तो ददृशुः प्रपात इव श्वभ्र इव च महति तमुदकौघं निपतन्तं दृष्ट्वा च परमभयविषादविह्वलाः सुपारगमुपेत्योचुः—

निर्भिन्दन्निव नः श्रुतीः प्रतिभयश्चेतांसि मथ्नन्निव
क्रुद्धस्येव सरित्पतेर्ध्वनिरयं दूरादपि श्रूयते ।
भीमे श्वभ्र इवार्णवस्य निपतत्येतत्समग्रं जलं
तत्कोऽसावुदधिः किमत्र च परं कृत्यं भवान्मन्यते ॥ २२ ॥

અંકુશ વગરના હાથી જેવો આ ''કુશમાલી'' નામનો સમુદ્ર છે. સહન ના થઈ શકે તેવા (ઉછાળા મારતા) પાણીવાળો આ (સમુદ્ર) આપણા આનંદને ખૂંચવી લેશે. (૧૯)

હવે તે વાણિયાઓ મહામહેનત કરવા છતાંય પાછા વળવા જ્યારે શક્તિમાન ના થયા, ત્યારે તે (કુશમાલી) સમુદ્રને પણ ઓળંગીને (આગળ વધ્યા). ત્યાં તેમણે જેમાં વંશરાગ અને વૈદૂર્યની કાંતિ મિશ્રિત થવાથી પાણી લીલા રંગનું બની ગયું હતું તેવા બીજા સમુદ્રને જોઈને, સુપારગને પૂછ્યું :–

આ કયો સમુદ્ર છે ? કે જે મરકત મણિના જેવી લીલી કાંતિવાળા જળ વડે નવા ઉગેલા શાદ્વલ (= અમુક પ્રકારનું ઘાસ)ની શોભાને ધારણ કરી રહેલ છે. તથા જે કુમુદ–પુષ્પોના જેવા સુંદર ફીણના આભૂષણવાળો છે. (૨૦)

હવે તે મહાત્મા તે વણિકજનોને આપત્તિથી ઘેરાઈ ગયેલા જોઈને બળતા હૃદયવાળા બન્યા; અને લાંબા ઊના નિસાસા નાખીને, તેઓ ધીમેથી બોલ્યા :–

તમે લોકો અત્યંત દૂર આવી પડ્યા છો; અહીંથી પાછા ફરવું દુઃખદાયી છે. હવે જાણે આ (પૃથિવી) લોકની સીમા આવી ગઈ છે; આને ''નલમાલી'' નામનો સાગર કહે છે. (૨૧)

આ સાંભળીને વણિકજનો વિષાદથી રુંધાઈ જતા મનવાળા અને શરીરમાંથી ઉત્સાહ સરકી પડ્યો હોય તેમ કેવળ શ્વાસોચ્છ્વાસ લેનારા બનીને ત્યાંને ત્યાં બેસી પડ્યા. આ (નલમાલી) સાગરને પણ ઓળંગીને સાંજના સમયે, જ્યારે નીચે લબડતા કિરણસમૂહવાળો સૂર્ય સમુદ્રમાં પ્રવેશવાની ઈચ્છા રાખતો હતો ત્યારે, જાણે કે પલટી ખાતા સમુદ્રનો હોય તેવો, નીચે પડતા વ્રજનો હોય તેવો, અગ્નિથી વીંટળાઈ વળેલા અને (પરિણામે) ફાટતા હોય તેવા વાંસના વનનો હોય તેવો તુમુલ અને અતિભીષણ એવો કાન તથા હૃદયને ચીરી નાખનારો સમુદ્રધ્વનિ તેમણે સાંભળ્યો. આ સાંભળીને, ત્રાસી ઊઠેલા તેમણે ફફડતા મને એકાએક ઊભા થઈને, ચારે બાજુએ દૃષ્ટિ ફેરવતાં જોયું કે (પર્વત ઉપરથી) પડતા હોય તેમ, કે મોટી ખીણમાં ગબડતા હોય તેમ તે જળસમૂહને નીચે પડતો જોઈને, ભારે ડર અને વિષાદથી વિહ્વળ થઈ ઊઠેલા તેઓ (તે વણિકો) સુપારગની પાસે જઈને બોલ્યા :–

જાણે ક્રોધે ભરાયા હોય તેવા આ સરિત્પતિ (સમુદ્ર)નો આ ધ્વનિ દૂરથી જ અમારા કાનને ફાડી નાખતો હોય તેવો અને ભય પેદા કરતો અમારા ચિત્તને મથી નાખતો હોય તેવો સંભળાઈ રહ્યો છે. ભયજનક એવી ઊંડી ખીણમાં આ સમુદ્રનું સમગ્ર જળ જાણે કે પડી રહ્યું છે, તો આ કયો સમુદ્ર છે ? આપના મતે અહીં હવે શું કરવા જેવું છે ? એમ તમે માનો છો. (૨૨)

अथ स महात्मा ससम्भ्रमः कष्टं कष्टमित्युक्त्वा समुद्रमालोकयन्नुवाच—

यत्प्राप्य न निवर्तन्ते मृत्योर्मुखमिवामुखम् ।
अशिवं समुपेताः स्थ तदेतद्वडवामुखम् ॥ २३ ॥

तदुपश्रुत्य ते वाणिजका वडवामुखमुपेता वयमिति त्यक्तजीविताशा मरणभयविक्लवीभूतमनसः ।

सस्वरं रुरुदुः केचिद् विलेपुरथ चुक्रुशुः ।
न किञ्चित्प्रत्यपद्यन्त केचित् त्रासविचेतसः ॥ २४ ॥

विशेषतः केचिदभिप्रणेमुर्देवेन्द्रमार्तिप्रहतैर्मनोभिः ।
आदित्यरुद्रांश्च मरुद् वसूंश्च प्रपेदिरे सागरमेव चान्ये ॥ २५ ॥

जेपुश्च मन्त्रानपरे विचित्रान् अन्ये तु देवीं विधिवत्प्रणेमुः ।
सुपारगं केचिदुपेत्य तत्तद्विचेष्टमानाः करुणं विलेपुः ॥ २६ ॥

आपद्गतत्रासहरस्य नित्यं परानुकम्पागुणसम्भृतस्य ।
अयं प्रभावातिशयस्य तस्य तवाभ्युपेतो विनियोगकालः ॥ २७ ॥

आर्ताननाथञ्छरणागतान्न् स्त्वं त्रातुमावर्जय धीरचेतः ।
अयं हि कोपाद्वडवामुखेन चिकीर्षति ग्रासमिवार्णवोऽस्मान् ॥ २८ ॥

नोपेक्षितुं युक्तग‍यं जनस्ते विपद्यमानः सलिलौघमध्ये ।
नाज्ञां तवात्येति महासमुद्रस्तद्वार्यतामप्रशमोऽयमस्य ॥ २९ ॥

अथ स महात्मा महत्या करुणया समापीड्यमानहृदयस्तान् वाणिजकान् व्यवस्थापयन्नुवाच—अस्त्यत्रापि नः कश्चित्प्रतीकारविधिः प्रतिभाति । तत्तावत्प्रयोक्ष्ये । यतो मुहूर्तं धीरास्तावद् भवन्तु भवन्त इति । अथ ते वाणिजका अस्त्यत्रापि किल प्रतीकारविधिरित्याशया समुपस्तम्भितधैर्यास्तदवहितमनसस्तूष्णीं बभूवुः ।

હવે તે મહાત્માએ ગભરાટ સાથે, ''હા, કષ્ટ.....હા કષ્ટ.....'' એમ બોલીને, સમુદ્રને જોતાં જોતાં કહ્યું :–

જ્યાં પહોંચ્યા પછી પાછા ફરી શકાતું નથી તે મૃત્યુના મુખ સમાન આ અકલ્યાણકારી વડવામુખના પ્રવેશદ્વારે તમે પહોંચી ગયા છો. (૨૩)

આ સાંભળીને તે વણિકજનો ''હાય, અમે તો વડવાનલના મુખમાં પહોંચી ગયા છીએ.'' એમ (વિચારીને), જીવનની આશા છોડી દઈને, મરણના ભયથી આકળ–વિકળ મનવાળા બની ગયા; અને –

તેમાંના કેટલાકે અવાજ સાથે રુદન કર્યું, વિલાપ કર્યો અને બૂમો પાડી, ત્રાસથી બેશુદ્ધ બની ગયેલા બીજા કેટલાક તો કશું જ કરી ન શક્યા ! (૨૪)

કેટલાકે દુઃખથી હણાયેલા મન વડે વિશેષ રૂપે દેવેન્દ્રને ખૂબ પ્રણામ કર્યા. કેટલાકે આદિત્ય, રુદ્ર, મરુતો, વસુઓને વિનવ્યા, તો ત્રીજા કેટલાક સાગરને જ શરણે ગયા. (૨૫)

બીજાઓએ વિચિત્ર મંત્રોનો જાપ કર્યો; તો બીજા કેટલાક વિધિપૂર્વક દેવીને પ્રણામ કરવા લાગ્યા. આવી તેવી ચેષ્ટાઓ કરતાં તે બધા સુપારગની પાસે જઈને કરુણા ઉપજે તેવો વિલાપ કરવા લાગ્યા : (૨૬)

''આપત્તિમાં આવી પડેલાનો ત્રાસ દૂર કરનાર અને હંમેશા પારકાની ઉપર અનુકંપા દર્શાવવાના ગુણથી ભરેલા એવા તમારા અતિશય પ્રભાવનો ઉપયોગ કરવાનો આ યોગ્ય સમય આવી પહોંચ્યો છે. (૨૭)

હે ધીર ચિત્તવાળા ! અમને આર્તોને, અનાથોને, શરણાગતોને બચાવી લેવા માટે તમે સંકલ્પ કરો. ગુસ્સા થકી આ સમુદ્ર પોતાના વડવામુખથી અમને કોળિયો કરી જવા ઇચ્છે છે. (૨૮)

પાણીની મધ્યમાં નાશ પામી રહેલા આ (અમારા) લોકોની ઉપેક્ષા કરવી તમારે માટે યોગ્ય નથી. આ મહાસમુદ્ર પણ તમારી આજ્ઞાને ઠુકરાવી શકતો નથી; માટે તમે આ (સમુદ્ર)નો આ ક્રોધ નિવારો. (૨૯)

ત્યાર પછી તે મહાત્મા કે જેઓ મોટી કરુણાથી હૃદયમાં પીડા અનુભવી રહ્યા હતા તેમણે તે વણિકોને ધીરજ આપતાં કહ્યું :– ''આપણે માટે હજુ પણ (પરિસ્થિતિનો) પ્રતીકાર કરવાનો કોઈક રસ્તો બાકી રહ્યો છે એમ (મને) લાગે છે, તો હું તેનો પ્રયોગ કરી જોઉં. માટે તમે થોડીવાર માટે ધીરજવાળા બનો.'' આથી તે વણિકો 'હજી પણ પ્રતીકારનો કોઈ રસ્તો છે.' એવી આશાથી, ધીરજ ધારણ કરી અને એકાગ્ર મનવાળા થઈને મૂંગા રહ્યા.

अथ सुपारगो बोधिसत्त्व एकांसमुत्तरासङ्गं कृत्वा दक्षिणेन जानुमण्डलेनाधिष्ठाय नावं समावर्जितसर्वभावः प्रणम्य तथागतेभ्यस्तान्सांयात्रिकानामन्त्रयते स्म । शृण्वन्त्वत्र भवन्तः सांयात्रिकाः सलिलनिधिव्योमाश्रयाश्च देवविशेषाः

स्मरामि यत आत्मानं यतः प्राप्तोऽस्मि विज्ञताम् ।
नाभिजानामि सञ्चिन्त्य प्राणिनं हिंसितुं क्वचित् ॥ ३० ॥

अनेन सत्यवाक्येन मम पुण्यबलेन च ।
वडवामुखमप्राप्य स्वस्ति नौर्विनिवर्तताम् ॥ ३१ ॥

अथ तस्य महात्मनः सत्याधिष्ठानबलात्पुण्यतेजसा सह सलिलजवेन स मारुतो व्यावर्तमानस्तां नावं निवर्तयामास । निवृत्तां तु तां नावमभिसमीक्ष्य ते वाणिजकाः परमविस्मयप्रहर्षोद्धतमानसा निवृत्ता नौरिति प्रणामसभाजनपुरःसरं सुपारगाय न्यवेदयन्त । अथ स महात्मा तान्वाणिजकानुवाच—स्थिरीभवन्तु भवन्तः शीघ्रमारोप्यन्तां शीतानि । इति च तेन समादिष्टाः प्रमोदाद् उद्भूतबलोत्साहास्ते तदधिकृतास्तथा चक्रुः ।

अथ मुदितजनप्रहासनादा प्रविततपाण्डुरशीतचारुपक्षा ।
सलिलनिधिगता रराज सा नौर्गतजलदे नभसीव राजहंसीः ॥ ३२ ॥

निवृत्तायां तु तस्यां नाव्यनुकूलसलिलमारुतायां विमानलीलया स्वेच्छयैव चाभिप्रयातायां नातिश्यामीभूतसन्ध्याङ्गरागासु प्रवितन्यमानतमोवितानास्वालक्षितनक्षत्रभूषणासु दिक्षु किञ्चिदवशेषप्रभे दिवसकरमार्गे प्रवृत्तक्षणदाधिकारे सुपारगस्तान्वाणिजकानुवाच—भोः सार्थवाहा नलमालिप्रभृतिभ्यो यथादृष्टेभ्यः समुद्रेभ्यो बालुकाः पाषाणाश्च वहनमारोप्यन्तां यावत्सहते । एवमिदं यानपात्रं निर्घातभराक्रान्तं न च पार्श्वानि दास्यति, मङ्गलसम्मताश्चैते बालुकापाषाणा नियतं लाभसिद्धये वो भविष्यन्तीति । अथ ते सांयात्रिकाः सुपारगप्रेमबहुमानावर्जितमतिभिर्देवताभिरनुप्रदर्शितेभ्यः स्थलेभ्य आदाय बालुकापाषाणबुद्ध्या वैडूर्यादीनि रत्नानि वहनमारोपयामासुः । तेनैव चैकरात्रेण स नौर्भरुकच्छमुपजगाम ।

હવે તે સુપારગ બોધિસત્ત્વે એક ખભા ઉપર ઉત્તરીયં વસ્ત્ર મૂકીને, જમણા ઘુંટણને નાવ ઉપર ટેકવીને; એકત્ર કરેલા સર્વ આદરભાવવાળા થઈને (તેમણે) સૌ તથાગતોને પ્રણામ કરીને, તે સઘળા સહયાત્રીઓને સંબોધન કર્યું :– ''હે સહયાત્રીઓ ! આપ સૌ સાંભળો; તથા સમુદ્રની ઉપર રહેલા આકાશના સૌ દેવતા-ગણો ! તમે પણ સાંભળો !

જ્યારથી માંડીને મારી જાતને હું જાણું છું; જ્યારથી માંડીને હું સમજણો થયો છું ત્યારથી માંડીને યાદ કરી જોઉં છું તો મેં કોઈ પણ પ્રાણીની હિંસા કરી હોય એવું મારા ધ્યાનમાં આવતું નથી. (૩૦)

આ સત્ય–વચન થકી અને મારા પુણ્યના બળથી (કહું છું) કે – વડવામુખમાં પ્રવેશ્યા વિના જ, ક્ષેમકુશળ સાથે આ નૌકા પાછા ફરી જાય.'' (૩૧)

હવે તે મહાત્માના સત્યના બળને કારણે અને પુણ્ય–તેજ થકી પવનના વેગની સાથે જ તે દિશા બદલી રહેલા મારુતે તે નૌકાને પાછી વાળી ! પાછી ફરેલી તે નૌકાને જોઈને, તે વણિકો પરમ વિસ્મય અને હર્ષથી પુલકિત થયેલા મનવાળા બનીને ''નૌકા પાછી ફરી ગઈ છે.'' એમ, પ્રણામ અને આદરસત્કારપૂર્વક સુપારગને જણાવવા લાગ્યા. આથી તે મહાત્માએ તે વણિકોને કહ્યું :– ''આપ સૌ સ્થિર થાવ; અને જલ્દીથી શઢ ચઢાવો (ખોલી નાંખો).'' આ પ્રમાણે આજ્ઞા અપાયેલા અને પ્રમોદને કારણે જેમના બળ અને ઉત્સાહ વધી ગયા છે તેવા તે (નૌકા)ના અધિકારીઓએ તેમ કર્યું.

હવે આનંદિત થયેલા માણસોના હાસ્યથી ગાજી ઊઠેલી, જેની પાંડુવર્ણની શઢ રૂપી પાંખો ચારે તરફ વિસ્તારી દેવામાં આવી છે તેવી સમુદ્રમાં રહેલી તે નૌકા, જેમ વાદળો વીખરાઈ જતાં આકાશમાં એક રાજહંસી શોભે તેમ શોભવા લાગી. (૩૨)

તે નૌકા અનુકૂળ જળ અને પવનમાં એક વિમાનની જેમ લીલાપૂર્વક સ્વેચ્છાએ જ જ્યારે પાછી ફરી ગઈ; અને જેમાં સંધ્યાકાળનો લાલરંગ પૂરો શ્યામ નહોતો થયો, પણ અંધકાર રૂપી ચંદરવો ફેલાઈ રહ્યો હતો તેવી, અને જેના નક્ષત્રો રૂપી આભૂષણો ધીમે ધીમે દેખાવા લાગ્યા હતા તેવી દિશાઓમાં સૂર્યને (આથમણે) માર્ગે જવા કંઈક અજવાળું બાકી રહ્યું હતું ત્યારે રાત્રિની શરૂઆત થતાં સુપારગે તે વણિકોને કહ્યું :– અરે વ્યાપારીઓ ! (રસ્તામાં) જોયેલા 'નલમાલી' વગેરે સમુદ્રોમાંથી રેતી અને પથરાઓને (તમારા) વહાણમાં તે વજનમાં ખમી શકે એટલા, ચઢાવી લો. આમ કરવાથી, (ફરીથી સમુદ્રના) તોફાનમાં ઘેરાઈ જશે તો પણ આ વહાણના બે પડખાંઓ ચીરાઈ જશે નહીં; આ રેતી અને પથરાઓ મંગળમય ગણાય છે, તેથી તે ચોક્કસ જ તમારા લાભને માટે જ પૂરવાર થશે. હવે સુપારગ પ્રત્યેના પ્રેમ અને બહુમાનની લાગણીને કારણે અનુકૂળ મતિવાળા થયેલા દેવતાઓ વડે બતાવેલા સ્થળોએથી, તે,સહયાત્રીઓએ ''આ રેતી અને પાષાણો (જ) છે.'' એવી બુદ્ધિથી વૈડૂર્ય વગેરે રત્નોને પોતાનાં વહાણમાં ચઢાવી લીધાં ! હવે એક જ રાત્રિમાં તે નૌકા ભરુકચ્છના કાંઠે આવી ગઈ.

अथ प्रभाते रजतेन्द्रनीलवैडूर्यहेमप्रतिपूर्णनौकाः ।
स्वदेशतीरान्तमुपागतास्ते प्रीत्या तमानर्चुरुदीर्णहर्षाः ॥ ३३ ॥

तदेवं धर्माश्रयं सत्यवचनमप्यापदं नुदति प्रागेव तत्फलमिति धर्मानुवर्तिना भवितव्यम् । कल्याणमित्राश्रयवर्णेऽपि वाच्यमेवं कल्याणमित्राश्रिताः श्रेयः प्राप्नुवन्तीति ॥

इति सुपारग–जातकं चतुर्दशम् ।

* * *

ત્યાર પછી સવાર થતાં જ, ચાંદી, ઇન્દ્રનીલમણિ, વૈડૂર્ય, સુવર્ણ વગેરેથી પરિપૂર્ણ ભરેલી નૌકાવાળા તે (વણિકો) પોતાના દેશના કિનારે આવી ગયા. અત્યંત હર્ષિત થયેલા તેમણે સૌએ પ્રેમથી તેમ (સુપારગ)ની અર્ચના કરી. (૩૩)

તો આ પ્રમાણે, ધર્માશ્રિત સત્યવચન પણ આપત્તિને ટાળે છે; તે (સંત્ય)નું ફળ આવે તે પહેલાં જ—એમ જાણીને (સૌ કોઈએ) ધર્મનું અનુસરણ કરનાર બનવું જોઈએ. કલ્યાણકારી મિત્રનું (જ) આશ્રયણ કરવું જોઈએ એ વાતનું વર્ણન કરવા માટે પણ આ કથા કહેવી જોઈએ; આથી સિદ્ધ થાય છે કે – જે વ્યક્તિઓ કલ્યાણકારી મિત્રોને આશ્રયે રહે છે તેઓ (ચોક્કસ જ) શ્રેયને પ્રાપ્ત કરે છે.

ચૌદમું સુપારગ–જાતક સમ્પૂર્ણ થયું.

* * *

(१६) वर्तका–पोतक–जातकम्

सत्यपरिभावितां वाचमग्निरपि न प्रसहते लङ्घयितुमिति सत्यवचनेऽभियोगः करणीयः । तद्यथानुश्रूयते –

बोधिसत्त्वः किलान्यतमस्मिन्नरण्यायतने वर्तकापोतको भवति स्म । स कतिपयरात्रोद्भिन्नाण्डकोशः, प्रविरोक्ष्यमाणतरुणपक्षः, परिदुर्बलत्वाद्लक्ष्यमाणाङ्गप्रत्यङ्गप्रदेशः स्वमातापितृप्रयत्नरचिते तृणगहनोपगूढे गुल्मलतासंनिश्रिते नीडे संबहुलैर्भ्रातृभिः सार्धं प्रतिवसति स्म । तदवस्थोऽपि चापरिलुप्तधर्मसंज्ञत्वान्मातापितृभ्यामुपहृतान्प्राणिनो नेच्छति स्माभ्यवहर्तुम् । यदेव त्वस्य तृणबीजन्यग्रोधफलाद्युपजह्रतुर्मातापितरौ तेनैव वर्तयामास । तस्य तया रूक्षाल्पाहारतया न कायः पुष्टिमुपययौ । नापि पक्षौ सम्यक् प्रविरुरोहतुः । इतरे तु वर्तकापोतका यथोपनीतमाहारमभ्यवहरन्तो बलवन्तः सञ्जातपक्षाश्च बभूवुः । धर्मता ह्येषा यदुत –

धर्माधर्मनिराशङ्कः सर्वाशी सुखमेधते ।
धर्म्यां तु वृत्तिमन्विच्छन् विचिताशीह दुःखितः ॥ १ ॥

[अपि चोक्तं भगवता सुजीवितमह्रीकेणेति गाथाद्वयम् ।

सुजीवितम् अह्रीकेण ध्वाङ्क्षेणाशुचिकर्मणा ।
प्रस्कन्दिना प्रगल्भेन, सुसंक्लिष्टं तु जीवितम् ॥ २ ॥

(૧૬) વર્તકા–પોતક જાતક

''સત્યથી સમ્માનિત વાણીને અગ્નિ પણ ઓળંગવા શક્તિમાન થતો નથી.'' – એ નિયમ ધ્યાનમાં રાખીને, (કોઈપણ માણસે) સત્ય–વચન બોલવાને વિશે અભ્યાસ કરવો જોઈએ. જેમ કે, આ સંબંધમાં એક કથા આ પ્રમાણે સાંભળવા મળે છે :–

કહેવાય છે કે બોધિસત્ત્વ કોઈ એક જંગલમાં વર્તક–પક્ષીના★ બચ્ચા બનીને જન્મ્યા હતા. તેઓ કેટલીક રાત્રિઓ પૂરી થતાં ઈંડું ફોડીને બહાર નીકળ્યા હતા. તેમની તાજી પાંખો હજુ તો હમણાં જ ઊગી રહી હતી. તેઓ ઘણા દુર્બળ હોવાને કારણે તેમનાં અંગ–પ્રત્યંગ પણ બરાબર ઓળખી શકાતાં ન હતાં. તેમના પોતાના માત–પિતાએ પ્રયત્નથી રચેલા અને ઘાસથી આચ્છાદિત એવા તથા ઝાડ–વેલના સહારે લટકી રહેલા માળાની અંદર, સાથે રહેતા ઘણા ભાઈઓની સાથે તેઓ નિવાસ કરતા હતા. આવી અવસ્થામાં રહેલા હતા છતાંય, તેમનું ધર્મજ્ઞાન ઢંકાઈ નહોતું ગયું માટે, માતા–પિતા વડે (મારીને) ભેગા કરી લાવવામાં આવેલ જીવ–જંતુઓને તેઓ ખાવા ઈચ્છતા નહતા. પરંતુ તેમના માતપિતા જે ઘાસ, બીજ કે વડના ટેટા રૂપ ફળ વગેરેને લાવી આપતા હતા, તેના વડે જ તે (જીવન) ચલાવતા હતા. આવા રુખા–સૂકા આહારને કારણે તેમનું શરીર પુષ્ટ ન થયું. એ જ પ્રમાણે, તેમની બે પાંખો પણ સારી રીતે બહાર ન નીકળી. જ્યારે વર્તક પક્ષીઓનાં બીજાં બચ્ચાંઓ તો (તેમના માતપિતા દ્વારા) જે કાંઈ પણ આહાર લાવી આપવામાં આવતો, તેને ખાઈને તેઓ બળવાન પણ બન્યા અને સરસ ઉગેલી પાંખોવાળા પણ બન્યા. આ સંદર્ભમાં એ તો સ્વાભાવિક જ છે કે –

ધર્મ–અધર્મની બાબતમાં જે શંકા કરનારો નથી, અને (જે મળ્યું તે) બધું ખાનારો છે તે સુખપૂર્વક સમૃદ્ધ થાય છે. પણ જે ધર્મવૃત્તિ શેમાં રહેલી છે ? એને શોધતો ફરે છે અને જે પસંદ કરી કરીને ખોરાક લેનારો હોય છે તે આ લોકમાં દુઃખી જ થાય છે. (૧)

[અને વળી ભગવાન બુદ્ધે પણ ''सुजीवितमह्रीकेण..... ઈત્યાદિ શબ્દોથી બે ગાથાઓ કહી છે :–

''અપવિત્ર કર્મ કરનારો, લજ્જા વગરનો, પતિત અને પ્રગલ્ભ એવો કાગડો સારી રીતે જીવન વીતાવે છે; પણ ખરેખર તો એનું જીવન (અનેક પાપોથી) સંક્લિષ્ટ (= ઘેરાયેલું) હોય છે. (૨)

★ વર્તક = તેતર પક્ષી.

ह्रीमता त्विह दुर्जीवं नित्यं शुचिगवेषिणा ।
संलीनेनाप्रगल्भेन शुद्धाजीवेन जीवता ॥ ३ ॥

इति गाथाद्वयमेतदार्यस्थाविरीयकनिकाये पठ्यते ।] तेषामेवमवस्थानां नातिदूरे महान्वनदावः प्रतिभयप्रसक्तनिनदो विजृम्भमाणधूमराशिर्विकीर्यमाणज्वालावलीलोलविस्फुलिङ्गः सन्त्रासनो वनचराणामनयोः वनगहनानां प्रादुरभवत् ।

स मारुताघूर्णितविप्रकीर्णैर्ज्वालाभुजैर्नृत्तविशेषचित्रैः ।
वल्गन्निव व्याकुलधूमकेशः सस्वान तेषां धृतिमाददानः ॥ ४ ॥

चण्डानिलास्फालनचञ्चलानि भयद्रुतानीव वने तृणानि ।
सोऽग्निः ससंरम्भ इवाभिपत्य स्फुरत्स्फुलिङ्गप्रकरो ददाह ॥ ५ ॥

भयद्रुतोद्भ्रान्तविहङ्गसार्थं परिभ्रमद्भीतमृगं समन्तात् ।
धूमौघमग्नं पटुवह्निशब्दं वनं तदार्त्येव भृशं ररास ॥ ६ ॥

क्रमेण चोत्पीड्यमान इव स वह्निः पटुना मारुतेन तृणगहनानुसारी तेषां नीडसमीपमुपजगाम । अथ ते वर्तकापोतका भयविरसव्याकुलविरावाः परस्परनिरपेक्षाः सहसा समुत्पेतुः । परिदुर्बलत्वादसञ्जातपक्षत्वाच्च बोधिसत्त्वस्तु नोत्पतितुं प्रयत्नं चकार । विदितात्मप्रभावस्त्वसंभ्रान्त एव स महासत्त्वः सरभसमिवोपसर्पन्तमग्निं सानुनयमित्युवाच –

व्यर्थाभिधानंचरणोऽस्म्यविरूढपक्ष-
स्त्वत्सम्भ्रमाच्च पितरावपि मे प्रडीनौ ।
त्वद्योग्यमस्ति न च किञ्चिदिहातिथेयम्
अस्मान् निवर्तितुमतस्तव युक्तमग्ने ॥ ७ ॥

પરંતુ જે હંમેશા પવિત્રતાની શોધ કરતો હોય છે, જે લજ્જાપૂર્ણ હોય છે, જે સાચવીને અપ્રગલ્ભતાપૂર્વક શુદ્ધ આજીવિકા વડે જીવન જીવે છે તે (વ્યક્તિ) દુઃખપૂર્વક જીવે છે. (૩)''

આ બે ગાથાઓ आर्य–स्थाविरीयक–निकाय માં વાંચવા મળે છે.]

તે વર્તક–પક્ષીઓનાં બચ્ચાંઓની આવી અવસ્થા હતી ત્યારે થોડેક જ દૂર વનમાં મોટો દાવાગ્નિ પ્રકટ્યો; જેમાંથી સતત અવાજ નીકળતો હતો, જેમાંથી ધૂમાડાના ગોટેગોટા નીકળી રહ્યા હતા અને જેમાંથી જ્વાળાઓની હારમાળા અને ચંચળ સ્ફુલિંગો (તણખા) ઉડતા હતા. જે વનમાં ચરનારા પ્રાણીઓને ત્રાસ આપવા લાગ્યો તથા આ વનની વનસ્પતિ ઉપર આપત્તિ આવી પડ્યો.

પવનથી ઘુમાવવામાં આવેલ અને ચારેય બાજુએ ઉડતી જ્વાળાઓ રૂપી ભુજાઓ વડે જાણે વિશેષ પ્રકારના નર્તનો કરતા હોય તેમ, વ્યાકુળ ધૂમાડાઓ રૂપી કેશવાળો તે (દાવાગ્નિ) ઉછળી ઉછળીને આગળ વધતો હોય તેમ, અવાજ કરતો કરતો તે (વર્તકનાં બચ્ચાંઓ અને વનસ્પતિઓ)ના ધૈર્યને અપહરી લેતો હતો. (૪)

વનની અંદર પ્રચંડ પવનના અથડાવાથી હાલી ઊઠેલા અને ભયથી ભાગી જતાં ઘાસના તણખલાંઓને ઝપટમાં લઈ લઈને, ક્રોધે ભરાયેલો ચમકતા તણખાના સમૂહવાળો આ અગ્નિ બાળી મૂકતો હતો. (૫)

ભયથી ગભરાઈને ભાગતાં પક્ષીઓના સમૂહવાળું, ચારે બાજુએ દોડતાં ડરેલાં મૃગલાંઓવાળું, ધૂમાડાના ગોટાઓમાં ડૂબેલું અને તીક્ષ્ણ અગ્નિવાળો અવાજ કરતું આ વન જાણે કે તેની પહોંચતી પીડાથી ચીસો પાડતું હતું. (૬)

ક્રમશઃ જાણે પીડા પહોંચાડતો હોય તેવો તે અગ્નિ ચતુર પવનની સાથે ઘાસના વનના સહારે સહારે તે વર્તક–પક્ષીઓનાં માળાની નજીક પહોંચી ગયો. હવે તે વર્તક–પક્ષીઓના બચ્ચાંઓ ભયના ત્રાસથી વ્યાકુળ થઈને રડવા લાગ્યા; અને એકબીજાનો ખ્યાલ કર્યા વિના એકાએક જ ત્યાંથી ઊડી ગયા. પણ એકલા બોધિસત્ત્વે જ (પોતે) અત્યંત દુર્બળ હોવાને કારણે અને પાંખો બરાબર ફુટી નહીં હોવાને કારણે, ત્યાંથી ઉડવાનો પ્રયત્ન જ ના કર્યો. પણ જેમને પોતાનો પ્રભાવ ખબર જ હતો તેવા તે મહાસત્ત્વે ગભરાયા વિના જ, ઉતાવળે નજીક આવી રહેલા અગ્નિને વિનવણીપૂર્વક આમ કહ્યું :–

મારા પગને 'પગ' કહેવા વ્યર્થ છે; વળી મને પૂરી પાંખોય ફૂટી નથી; અને તમારા ડરથી મારા માતપિતા પણ ઉડી ગયા છે. હે અગ્નિ ! તમારા આતિથ્ય સત્કાર માટે (મારી પાસે) કંઈ છે પણ નહીં; માટે તમારું અહીંથી પાછા ફરી જવું જ યોગ્ય છે. (૭)

इत्युक्ते सत्यपरिभावितवचसा तेन महासत्त्वेन —

उदीर्यमाणोऽप्यनिलेन सोऽग्निर्विशुष्कसंसक्ततृणेऽपि कक्षे ।
नदीमिव प्राप्य विवृद्धतोयां तद्वाचमासाद्य शशाम सद्यः ॥ ८ ॥

अद्यापि तं हिमवति प्रथितं प्रदेशं
दावाग्निरुद्धतशिखोऽपि समीरणेन ।
मन्त्राभिशप्त इव नैकशिरा भुजङ्गः
सङ्कोचमन्दलुलितार्चिरुपैति शान्तिम् ॥ ९ ॥

तत्किमिदमुपनीतमिति ? उच्यते —

वेलामिव प्रचलितोर्मिफणः समुद्रः
शिक्षां मुनीन्द्रविहितामिव सत्यकामः ।
सत्यात्मनामिति न लङ्घयितुं यदाज्ञां
शक्तः कृशानुरपि सत्यमतो न जह्यात् ॥ १० ॥

तदेवं सत्यवचनपरिभावितां वाचमग्निरपि न प्रसहते लङ्घयितुमिति सत्यवचनेऽभियोगः करणीयः । तथागतवर्णेऽपि वाच्यमिति ॥

इति वर्तकापोतक—जातकं षोडशम् ।

* * *

આમ કહેવામાં આવતાં, સત્યથી સમ્માનિત વાક્યો વડે તે મહાસત્ત્વે (= બોધિસત્ત્વે) કહ્યું :–

આ અગ્નિ જો કે વાયુથી આગળ હડસેલાતો હતો અને તદ્દન સૂકાઈ ગયેલા ઘાસની ગંજીમાં સળગી રહ્યો હતો, તો પણ જેમ વિપુલ પાણી ભરેલી નદીને પામીને શાન્ત થઈ જાય તેમ, તેમની (બોધિસત્ત્વની) વાણીથી એકદમ જ શાન્ત થઈ ગયો. (૮)

આજે પણ હિમાલયના તે પ્રસિદ્ધ સ્થળમાં, પવનથી ઊંચી જ્વાળાઓવાળો બનેલો દાવાગ્નિ પણ, જેમ મંત્રથી શાપિત થયેલ અનેક ફણાવાળો સાપ શાન્ત થઈ જાય તેમ સંકોચાઈને મન્દ થઈ ગયેલી જ્વાળાઓવાળો થઈને શાન્તિને પામે છે. (૯)

તો આ કથા અહીં કેમ કહેવામાં આવી છે ? (એવો કોઈ પ્રશ્ન પૂછે) તો કહેવામાં આવે છે કે –

ઉછાળા મારતા મોજાંઓવાળો સમુદ્ર જેમ કિનારાને અતિક્રમતો નથી, સત્યની કામના કરનારો વ્યક્તિ જેમ મુનીન્દ્રએ આપેલી શિક્ષાનું અતિક્રમણ કરતો નથી; તેવી રીતે આ કૃશાનુ (અગ્નિ) પણ ''સત્યાત્માઓની આ આજ્ઞા છે.'' એમ જોઈને તેનું અતિક્રમણ કરતો નથી; માટે (કોઈ પણ માણસે) સત્ય ના છોડવું જોઈએ. (૧૦)

તો આ રીતે, સત્યવચનથી સત્કારાયેલી વાણીને અગ્નિ પણ ઓળંગવા શક્તિમાન થતો નથી – એ સાંભળીને સત્ય વચન બોલવાને વિશે અભ્યાસ કરવો જોઈએ. તથાગત(ની સત્યવાણી)ના વર્ણનમાં પણ આ કથા કહેવી જોઈએ.

સોળમી વર્તક–પક્ષીના બચ્ચાંની જાતકકથા પૂરી થઈ.

★ ★ ★

(२४) महाकपि–जातकम्

नात्मदुःखेन तथा सन्तः संतप्यन्ते यथापकारिणां कुशलपक्षहान्या । तद्यथानुश्रूयते –

बोधिसत्त्वः किल श्रीमति हिमवत्पार्श्वे विविधधातुरुचिरचित्राङ्गरागे, नीलकौशेयप्रावारकृतोत्तरासङ्ग इव, वनगहनलक्ष्म्या, प्रयत्नरचितैरिवा–नेकवर्णसंस्थानविकल्पैर्वैषम्यभक्तिचित्रैर्विभूषिततटान्तदेशे, प्रविसृतनैक–प्रस्रवणजले गम्भीरकन्दरान्तरप्रपातसंकुले पटुतरमधुकरनिनादे मनोज्ञमारुतो–पवीज्यमानविचित्रपुष्पफलपादपे विद्याधराक्रीडभूते महाकायः कपिरेकचरो बभूव । तदवस्थमपि चैनमपरिलुप्तधर्मसंज्ञं कृतज्ञमक्षुद्रस्वभावं धृत्या महत्या समन्वितमनुरागवशादिव करुणा नैव मुमोच ।

सकानना साद्रिवरा ससागरा गता विनाशं शतशो वसुंधरा ।
युगान्तकाले सलिलानलानिलैर्न बोधिसत्त्वस्य महाकृपालुता ॥ १ ॥

अथ स महात्मा तापस इव वनतरुपर्णफलमात्रवृत्तिरनुकम्पमानस्तेन तेन विधिना गोचरपतितान् प्राणिनस्तमरण्यप्रदेशमध्यावसति स्म ॥

अथाऽन्यतमः पुरुषो गां प्रनष्टामन्वेषितुं कृतोद्योगः समन्ततोऽनुविचरन् मार्गात्प्रनष्टो दिग्भागसंमूढमतिः परिभ्रमंस्तं देशमुपजगाम । स क्षुत्पिपासा–धर्मश्रमपरिम्लानतनुर्दौर्मनस्यवह्निना चान्तःप्रदीप्यमानो विषादातिभारादिवान्य–तमस्मिन् वृक्षमूले निषण्णो, ददर्श परिपाकवशाद्विच्युतानि परिपिञ्जराणि

(२४) મહાકપિ–જાતક

પોતાનાં દુઃખથી સજ્જનો એટલો સંતાપ નથી પામતાં, કે જેટલો સંતાપ તેઓને અપકાર કરનારાના કુશળ-પક્ષની હાનિ થવાથી પહોંચે છે. આ સંબંધમાં એક કથા સાંભળવા મળે છે :–

કહેવાય છે કે બોધિસત્ત્વ એકવાર હિમાલયની સુંદર તળેટીમાં, કે જે વિવિધ રંગની ધાતુઓથી મનોહર એવા અંગ-રાગે રંગાયેલી હતી, વનગહનની શોભાથી જે નીલવર્ણી કૌશેય (= રેશમી) ઉપરણાથી આચ્છાદિત હતી, જેના તટપ્રદેશ જાણે કે પ્રયત્નપૂર્વક રચવામાં આવેલા જુદા જુદા રંગના ઊંચા–નીચા રેખાચિત્રોથી વિભૂષિત હતા, જેમાં ઝરતાં અનેક ઝરણાંઓના જળવાળા અને ઊંડી કંદરાઓ (ગુફાઓ) અને ધોધથી ભરેલા પ્રદેશો હતા, જેમાં ભમરાઓના સુંદર ગુંજારવ થતા હતા, મનોહર એવા પવનોથી સુંદર પુષ્પો અને ફળોવાળાં વૃક્ષો હાલી રહ્યાં હતાં, અને જે વિદ્યાધરોની ક્રીડા કરવાની ભૂમિ હતી તેમાં, એકાંતમાં ફરનારા મોટા શરીરવાળા એક કપિ બન્યા ! તેઓ આવી (કપિ) અવસ્થામાં હતા તો પણ જેમની ધર્મબુદ્ધિ લુપ્ત નથી થઈ તેવા, જે કૃતજ્ઞી છે, જે ક્ષુદ્ર નહીં એવા (અર્થાત્ ઉદાર) સ્વભાવવાળા છે અને જે મોટી ધીરજથી યુક્ત હતા તેમને કરુણાએ નહોતા છોડ્યા !

આ વસુન્ધરા (તેની ઉપરનાં) જંગલો સાથે, શ્રેષ્ઠ પર્વતો સાથે, (વિશાળ) સાગરો સાથે સેંકડોવાર વિનાશને પામી છે. પરંતુ યુગાન્તકાળે પણ પાણીથી, કે અગ્નિથી, કે પછી પવનથી ય તે બોધિસત્ત્વની મહાકૃપાળુતા ક્યારેય વિનષ્ટ નથી થઈ ! (૧)

તે મહાત્મા એક તાપસ વ્યક્તિની જેમ, જંગલનાં વૃક્ષોનાં પાંદડાં અને ફળ માત્રથી શરીરયાત્રા ચલાવતા હતા અને નજરે ચઢતાં પ્રાણીઓ ઉપર તે તે રીતે અનુકંપા કરતાં કરતાં તે અરણ્યના પ્રદેશમાં નિવાસ કરતા હતા.

કોઈ એક પુરુષ (પોતાની) ખોવાઈ ગયેલી ગાયને શોધવા માટે પ્રયત્ન કરતો હતો, તે ચારે તરફ ફરતાં ફરતાં (સાચા) માર્ગેથી ભૂલો પડી ગયો. દિશા અને માર્ગની બાબતમાં મૂઢ બનેલી મતિવાળો તે ભટકતો ભટકતો તે દેશમાં જઈ ચઢ્યો. ભૂખ, તરસ, ગરમી અને પરિશ્રમને કારણે નખાઈ ગયેલા શરીરવાળો તે શોકાગ્નિથી અંતઃકરણમાં બળતો હતો, અને વિષાદના અતિભારથી કોઈ એક વૃક્ષના મૂળ પાસે બેસી ગયો; અને તેણે ત્યાં પરિપક્વ થવાને કારણે ખરી પડેલાં અને અતિશય પીળાં પડી ગયેલાં એવાં

कतिचित्तिन्दुकीफलानि । स तान्यास्वाद्य क्षुत्परिक्षामतया परमस्वादूनि मन्यमानस्तत्प्रभवान्वेषणं प्रत्यभिवृद्धोत्साहः समन्ततोऽनुविलोकयन् ददर्श प्रपाततटान्तविरूढं परिपक्वफलानमितपिञ्जराग्रशाखं तिन्दुकीवृक्षम् । स तत्फलतृष्णयाकृष्यमाणस्तं गिरितटमधिरुह्य तस्य तिन्दुकीवृक्षस्य फलिनीं शाखां प्रपाताभिनतामध्यारुरोह फललोभेन चास्याः प्रान्तमुपजगाम ।

शाखाथ सा तस्य महीरुहस्य भारातियोगान्नमिता, कृशत्वात् ।
परश्वधेनेव निकृत्तमूला सशब्दभङ्गं सहसा पपात ॥ २ ॥

स तया सार्धं महति गिरिदुर्गे समन्ततः शैलभित्तिपरिक्षिप्ते कूप इव न्यपतत् । पर्णसंचयगुणात्त्वस्य गाम्भीर्याच्च सलिलस्य न किंचिदङ्गमभज्यत । स तस्मादुत्तीर्य सलिलात्समन्ततः परिसर्पन्न कुतश्चिदुत्तरणमार्गं ददर्श । स निष्प्रतीकारं मर्तव्यमिह मया नचिरादिति विस्रस्यमानजीविताशः शोकाश्रुपरिषिक्तदीनवदनस्तीव्रेण दौर्मनस्यशल्येन प्रतुद्यमानः कातरहृदयस्त-त्तदार्तिवशाद् विललाप ।

कान्तारे दुर्गेऽस्मिञ्जनसंपातरहिते निपतितं माम् ।
यत्नादपि परिमृगयन् मृत्योरन्यः क इव पश्येत् ॥ ३ ॥

बन्धुजनमित्रवर्जितमेकनिपानीकृतं मशकसंघैः ।
अवपातानन-मग्नं मृगमिव कोऽभ्युद्धरिष्यति माम् ॥ ४ ॥

उद्यानकाननविमानसरिद्विचित्रं
ताराविकीर्णमणिरत्नविराजिताभ्रम् ।
तामिस्रपक्षरजनीव घनान्धकारा
कष्टं जगन्मम तिरस्कुरुतेऽन्तरात्रिः ॥ ५ ॥

इति स पुरुषस्तत्तद्विलपंस्तेन सलिलेन तैश्च सहनिपतितैस्तिन्दुक-फलैर्वर्तयमानः कतिचिद्दिनानि तत्रावसत् ॥

કેટલાંક તિન્દુકીનાં ફળો જોયાં. તેણે તે ચાખ્યાં અને ભૂખથી પીડાયેલો હોવાને કારણે તે (ફળો)ને પરમ સ્વાદિષ્ટ માનીને, તેની ઉત્પત્તિનું સ્થળ શોધવા વિશે ઉત્સાહી બની ગયો. ચારે તરફ જોતાં તેણે એક ઊંડી ખીણના કિનારે ઉગેલું, પાકી ગયેલાં ફળોના ભારથી નમી પડેલી, પીળા રંગની આગળ પડતી શાખાવાળું 'તિન્દુકી'નું વૃક્ષ જોયું. તે પેલાં ફળોની તૃષ્ણાથી આકર્ષાયેલો પર્વતની ધાર ઉપર ચઢીને, તે તિન્દુકી વૃક્ષની ફળથી લચેલી શાખા, કે જે ઊંડી ખીણ તરફ નમેલી હતી તેની ઉપર ચઢી ગયો; તથા ફળના લોભથી તે (શાખા)ના છેડાના ભાગ સુધી પહોંચી ગયો.

વૃક્ષની શાખા તેના અતિશય ભારથી નમી પડી; અને (શાખા) પાતળી હોવાને કારણે, જાણે કુહાડીથી તેનાં મૂળિયાં છેદાઈ ગયા હોય તેમ, એકદમ જ અવાજ સાથે ભાંગીને નીચે પડી. (૨)

તે પેલી ડાળીની સાથે જ પર્વતની દુર્ગમ એવી ઊંડી ખાઈ, કે જે ચારે તરફથી પથ્થર રૂપી દિવાલોથી ઘેરાયેલા કૂવા જેવી હતી, તેમાં જઈને પડ્યો. પરંતુ તેમાં (સૂકાં ખરી પડેલાં) પાંદડાંનો ઢગલો હોવાને કારણે અને તેમાં ઊંડે સુધી પાણી હોવાને કારણે તેનું કોઈ અંગ ભાંગ્યું નહીં. આથી તે પાણીમાંથી તરીને, ચારે તરફ ફરતો રહ્યો, પણ તેને બહાર નીકળવાનો કોઈ માર્ગ દેખાયો નહીં. હવે, ''કોઈ પ્રતીકાર (ઉપાય) કર્યા વિના ટૂંક સમયમાં જ મારે અહીં જ મરવું પડશે.'' એમ વિચારતાં તેની જીવન વિશેની આશા સરકી પડી. શોકના આંસુથી સિંચાયેલા દીન ચહેરાવાળો તે તીવ્ર શોકરૂપી શૂળથી પીડા પામતો દુઃખી હૃદયે સંકટવશાત્ વિલાપ કરવા લાગ્યો.

દુર્ગમ એવા આ નિર્જન જંગલમાં (ખીણમાં) પડેલા મને કોઈ પ્રયત્નપૂર્વક શોધવા નીકળે તો પણ મૃત્યુ સિવાય બીજું કોણ મને જોઈ શકે ? (૩)

બન્ધુજન અને મિત્ર વિનાના મને આ મચ્છરોના ઝૂંડે (લોહી ચૂસવાનું) પાત્ર બનાવ્યો છે. જે ખાડામાં મોં સુધી ડૂબેલા પશુની જેમ મને અહીંથી કોણ બહાર કાઢશે ? (૪)

ગાઢ અંધકારવાળી કૃષ્ણપક્ષની રાત્રિની જેમ મારી આ અંતિમ રાત્રિ.....અરેરે.....આ ઉદ્યાન, જંગલ, બગીચાઓ અને સરિતાઓથી ભરેલા; તથા તારાઓ વિખરાવાથી જાણે મણિઓ અને રત્નોથી શોભતું હોય તેવા આ આકાશવાળા જગતને (કાયમ માટે) ડૂબાડી રહી છે. (૫)

આ પ્રમાણે વિલાપ કરી રહેલો તે પુરુષ તે પાણી વડે, અને (ડાળી) સાથે પડેલાં તિન્દુક ફળો વડે જ કેટલાંક દિવસો પસાર કરતાં કરતાં ત્યાં પડ્યો રહ્યો.

अथ स महाकपिराहारहेतोस्तद्वनमनुविचरन्नाहूयमान इव मारुताकम्पिताभिस्तस्य तिन्दुकीवृक्षस्याग्रशाखाभिस्तं प्रदेशमभिजगाम । अभिरुह्य चैनं तत्प्रपातमवलोकयन् ददर्श तं पुरुषं क्षुत्परिक्षामनयनवदनं परिपाण्डुकृशदीनगात्रं पर्युत्सुकं तत्र विचेष्टमानम् । स तस्य परिद्यूनतया समावर्जितानुकम्पो महाकपिर्निक्षिप्ताहारव्यापारस्तं पुरुषं प्रततं वीक्षमाणो मानुषीं वाचमुवाच –

मानुषाणामगम्येऽस्मिन् प्रपाते परिवर्तसे ।
वक्तुमर्हसि तत्साधु को भवानिह वा कुतः ॥ ६ ॥

अथ स पुरुषस्तं महाकपिमार्ततया समभिप्रणम्योद्वीक्षमाणः साञ्जलिरुवाच–

मानुषोऽस्मि महाभाग प्रनष्टो विचरन् वने ।
फलार्थी पादपादस्मादिमामापदमागमम् ॥ ७ ॥

तत्सुहृद्बन्धुहीनस्य प्राप्तस्य व्यसनं महत् ।
नाथ वानरयूथानां ममापि शरणं भव ॥ ८ ॥

तच्छ्रुत्वा स महासत्त्वः परां करुणामुपजगाम ।

आपद्गतो बन्धुसुहृद्विहीनः कृताञ्जलिर्दीनमुदीक्षमाणः ।
करोति शत्रूनपि सानुकम्पानाकम्पयत्येव तु सानुकम्पान् ॥ ९ ॥

अथैनं बोधिसत्त्वः करुणायमाणस्तत्कालदुर्लभेन स्निग्धेन वचसा समाश्वासयामास –

प्रपातसंक्षिप्तपराक्रमोऽहमबान्धवो वेति कृथाः शुचं मा ।
यद्बन्धुकृत्यं तव किंचिदत्र कर्तास्मि तत्सर्वमलं भयेन ॥ १० ॥

इति स महासत्त्वस्तं पुरुषमाश्वास्य ततश्चास्मै तिन्दुकान्यपराणि च फलानि समुपहृत्य तदुद्धरणयोग्यया पुरुषभारगुर्व्या शिलयान्यत्र योग्यां चकार । ततश्चात्मनो बलप्रमाणमवगम्य शक्तोऽहमेनमेतस्मात्प्रपातादुद्धर्तुमिति निश्चितमतिरवतीर्य प्रपातं करुणया परिचोद्यमानस्तं पुरुषमुवाच –

હવે તે મહાકપિ પણ ખોરાકની શોધમાં તે વનમાં ફરતાં ફરતાં, પવન વડે હાલતી તિન્દુકી–વૃક્ષની અગ્ર શાખાઓ વડે જાણે કે બોલાવાતા હોય તેમ, તે પ્રદેશમાં આવી પહોંચ્યા. ઊંડી ખાઈની ઉપર ઊભા રહીને જોઈ રહેલા તેમને ક્ષુધા વડે દુબળી પડી ગયેલી આંખો અને મોંવાળા; તથા અત્યંત પાંડુ વર્ણવાળા સૂકાઈ ગયેલા દીન ગાત્રવાળા ઉત્સુક એવા તે પુરુષને ત્યાં તરફડિયા મારતો જોયો. તેની પીડા જોઈને જેને અનુકમ્પા જન્મી છે તેવા મહાકપિએ પોતાના ખોરાકની શોધ છોડી દઈને, તે પુરુષને જ એકીટશે જોઈ રહેતાં માનુષી વાણીને ઉચ્ચારી :–

મનુષ્યોને માટે અગમ્ય એવી આ ઊંડી ખીણમાં તું પહોંચી ગયો છું. ! તો ''આપ કોણ છો ?'' અને ''ક્યાંથી (તમે) આવ્યા છો ?'' એટલું સાચેસાચું તમારે કહેવું જોઈએ. (૬)

હવે તે પુરુષે દુઃખને કારણે તે મહાકપિને સારી રીતે પ્રણામ કરીને, તેના તરફ જ જોતાં જોતાં હાથ જોડીને કહ્યું :–

''હે મહાભાગ ! હું મનુષ્ય છું, અને વનમાં ફરતાં ભૂલો પડ્યો છું. ફળ લેવાની ઇચ્છાવાળો હું આ ઝાડ ઉપરથી (પડીને) આપત્તિને પામ્યો છું. (૭)

મિત્ર અને ભાઈ વગરનો હું, કે જે મોટી આપત્તિને પ્રાપ્ત થયો છું, તો વાનરોના યૂથના હે નાથ ! તમે મારું પણ શરણું બનો.'' (૮)

આ સાંભળીને તે મહાસત્ત્વ (બોધિસત્ત્વ)ને મોટી કરુણા ઉપજી.

ભાઈ અને મિત્ર વગરનો અને આપત્તિમાં ફસાયેલો; હાથ જોડી રહેલો અને દીનતાપૂર્વક જોઈ રહેલો વ્યક્તિ શત્રુઓને (ના ચિત્તમાં) પણ અનુકંપા જગાડે છે; અને જે અનુકમ્પાવાળા (જ) છે એમને તો જરૂર દયાર્દ્ર કરી જ દે છે. (૯)

હવે આની ઉપર કરુણા કરતાં બોધિસત્ત્વે, આવા સમયે દુર્લભ ગણાય તેવા સ્નેહાળ વાક્યથી તેને આશ્વાસન આપ્યું.

''ઊંડી ખીણમાં પડવાથી હું પરાક્રમ કરી શકતો નથી.'', કે ''હું સ્વજનો વિનાનો બની ગયો છું.'' એવી ચિંતા કરીશ નહીં. તારે માટે અત્યારે અહીં જે કંઈ તારા સ્વજનોએ કરવા જેવું હશે તે બધું જ કરનારો હું છું, (એમ જાણીને) તું ભયથી અટકી જા. (૧૦)

આ પ્રમાણે તે મહાસત્ત્વે તે પુરુષને આશ્વાસન આપીને, તેને માટે તિન્દુકનાં બીજાં ફળો લાવી આપીને, તેને બહાર કાઢવા યોગ્ય એવી, તે પુરુષના ભાર જેટલા ભારવાળી બીજી શિલા વડે (પહેલાં) અભ્યાસ કરી જોયો. ત્યાર પછી પોતાના બળને બરાબર જાણી લઈને; ''આને આ ખીણમાંથી કાઢવા હું શક્તિમાન છું.'' એવી નિશ્ચિત બુદ્ધિવાળા તેમણે તે ખીણમાં ઉતરીને, કરુણાથી પ્રેરાતાં રહીને તે પુરુષને કહ્યું :–

एहि पृष्ठं ममारुह्य सुलग्नोऽस्तु भवान् मयि ।
यावदभ्युद्धरामि त्वां स्वदेहात्सारमेव च ॥ ११ ॥

असारस्य शरीरस्य सारो ह्येष मतः सताम् ।
यत्परेषां हितार्थेषु साधनीक्रियते बुधैः ॥ १२ ॥

स तथेति प्रतिश्रुत्याभिप्रणम्य चैनमध्यारुरोह ॥

अथाभिरूढः स नरेण तेन भारातियोगेन विहन्यमानः ।
सत्त्वप्रकर्षादविपन्नधैर्यः परेण दुःखेन तमुज्जहार ॥ १३ ॥

उद्धृत्य चैनं परमप्रतीतः खेदात्परिव्याकुलखेलगामी ।
शिलातलं तोयधराभिनीलं विश्रामहेतोः शयनीचकार ॥ १४ ॥

अथ बोधिसत्त्वः शुद्धस्वभावतया कृतोपकारत्वाच्च तस्मात्पुरुषादपाय-निराशङ्को विस्रम्भादेनमुवाच –

अव्याहतव्यालमृगप्रवेशे वनप्रदेशेऽत्र समन्तमार्गे ।
खेदप्रसुप्तं सहसा निहन्ति कश्चित्पुरा मां स्वहितोदयं च ॥ १५ ॥

यतो भवान् दिक्षु विकीर्णचक्षुः करोतु रक्षां मम चात्मनश्च ।
दृढं श्रमेणास्मि परीतमूर्तिस्ततस्स्वप्तुमिच्छामि मुहूर्तमात्रम् ॥ १६ ॥

अथ स मिथ्याविनयप्रगल्भः–स्वपितु भवान् यथाकामं सुखप्रबोधाय, स्थितोऽहं त्वत्संरक्षणायेत्यस्मै प्रतिशुश्राव । अथ स पुरुषस्तस्मिन् महासत्त्वे श्रमबलान्निद्रावशमुपगते चिन्तामशिवामापेदे –

मूलैः प्रयत्नातिशयाधिगम्यैर्वन्यैर्यदृच्छाधिगतैः फलैर्वा ।
एवं परिक्षीणतनोः कथं स्याद्यात्रापि तावत्कुत एव पुष्टिः ॥ १७ ॥

''આવ, મારી પીઠ ઉપર ચઢી જઈને, તું મારી ઉપર ત્યાં સુધી સારી રીતે વળગી જા; કે જ્યાં સુધી હું તને અને મારા શરીરમાંથી (મારા) સારને બહાર કાઢું. (૧૧)

સજ્જનોના મતે અસાર એવા આ શરીરનો સાર એ જ છે કે બુદ્ધિશાળીઓ વડે પારકાંઓના હિતને માટે (પોતાના શરીરને) સાધન બનાવવામાં આવે છે. (૧૨)

''સારું'' એમ કહીને, આને પ્રણામ કરીને એની ઉપર તે ચઢી ગયો.

હવે તે માણસના ચઢી જવાથી, અતિશય ભારને કારણે તેના (બોધિસત્ત્વ મહાકપિના) પ્રાણ નીકળી જતા હોય તેમ થવા લાગ્યું. પરંતુ તેનામાં સત્ત્વ (બળ) ઘણું હોવાને કારણે તેણે ધૈર્ય ગુમાવ્યું નહીં; બલ્કે ભારે તકલીફ સાથે તેને બહાર કાઢ્યો. (૧૩)

તેને બહાર કાઢીને તેઓ ભારે ખુશ થયા, પરંતુ થાકને કારણે વ્યાકુળ થઈ ઉઠેલા તે ધીમે ધીમે ચાલતા હતા. પાણી ભરેલા વાદળ જેવા કાળા વર્ણની એક શિલાને તેમણે વિશ્રામ કરવાને માટેનું (પોતાનું) શયનસ્થાન બનાવ્યું. (૧૪)

હવે તે બોધિસત્ત્વ પોતે શુદ્ધ સ્વભાવના હતા તેથી અને તે (પુરુષ)ની ઉપર ઉપકાર કર્યો હોવાને કારણે તે પુરુષ તરફથી કોઈ હાનિ થવાની શંકાથી મુક્ત બનીને, વિશ્વાસપૂર્વક તેને કહે છે :–

આ વનપ્રદેશમાં ચારે તરફના માર્ગ ઉપર ગમે ત્યાંથી હિંસક પ્રાણીઓનો પ્રવેશ નિર્બાધ રીતે થઈ શકે એવો છે. થાકને કારણે સૂઈ ગયેલા મને એકાએક કોઈક (પ્રાણી આવીને) પહેલાં મારીને, પછી તારા પોતાના કલ્યાણનો જે ઉદય થયો છે (= તારું જે જીવન બચી ગયું છે), તેને હણી શકે છે. (૧૫)

માટે આપ (ચારે) દિશાઓમાં નજર નાખતા રહીને, મારી અને તમારી પોતાની રક્ષા કરો. (કેમ કે) હું ભારે પરિશ્રમને કારણે નખાઈ ગયેલા શરીરવાળો બન્યો છું, આથી થોડીકવાર મને સૂવાની ઇચ્છા છે. (૧૬)

આ સમયે મિથ્યા વિનયથી ઉત્સાહી બનેલો તે (પુરુષ બોલ્યો) :– ''આપ શ્રીમાન યથેચ્છ સૂઈ જાવ, અને પછી સૂખેથી ઊઠજો. હું તમારી રક્ષા કરવા માટે (અહીં જ) બેઠો છું.'' આવું તેને પ્રતિજ્ઞાવચન આપ્યું. તે મહાસત્ત્વ (બોધિસત્ત્વ) થાકના બળથી નિદ્રાધીન થઈ ગયા ત્યારે તે પુરુષે અશુભ વિચારણા શરૂ કરી :–

અતિશય પ્રયત્નો પછીથી મળતાં વન(ની વનસ્પતિ)નાં મૂળિયાંથી, કે અનાયાસ મળી આવતાં ફળોથી આ ક્ષીણ થઈ ગયેલા શરીરની યાત્રા કેવી રીતે આગળ વધારવી ? [તે પ્રશ્ન છે.] તો તે (શરીર)ની પુષ્ટિ તો કેવી રીતે થાય જ ? (૧૭)

इदं च कान्तारम् असुप्रतारं कथं तरिष्यामि बलेन हीनः ।
पर्याप्तरूपं त्विदमस्य मांसं कान्तारदुर्गोत्तरणाय मे स्यात् ॥ १८ ॥

कृतोपकारोऽपि च भक्ष्य एव निसर्गयोगः स हि तादृशोऽस्य ।
आपत्प्रसिद्धश्च किलैष धर्मः, पाथेयतामित्युपनेय एषः ॥ १९ ॥

यावच्च विस्रम्भसुखप्रसुप्तः
तावन्मया शक्यमयं निहन्तुम् ।
इमं हि युद्धाभिमुखं समेत्य
सिंहोऽपि संभाव्यपराजयः स्यात् ॥ २० ॥

तन्नायं विलम्बितुं मे काल इति विनिश्चित्य स दुरात्मा लोभदोषव्यामोहितमतिरकृतज्ञो विपन्नधर्मसंज्ञः प्रनष्टकारुण्यसौम्यस्वभावः परिदुर्बलोऽप्यकार्यातिरागान्महतीं शिलामुद्यम्य तस्य महाकपेः शिरसि मुमोच ।

शिलाथ सा दुर्बलविह्वलेन कार्यातिरागात्त्वरितेन तेन ।
अत्यन्तनिद्रोपगमाय मुक्ता, निद्राप्रवासाय कपेर्बभूव ॥ २१ ॥

सर्वात्मना सा न समाससाद मूर्धानमस्मान्न विनिष्पिपेष ।
कोट्येकदेशेन तु तं रुजन्ती शिला तले साशनिवत्पपात ॥ २२ ॥

शिलाभिघातादवभिन्नमूर्धा वेगादवप्लुत्य च बोधिसत्त्वः ।
केनाहतोऽस्मीति ददश नान्यं तमेव तु ह्रीतमुखं ददर्श ॥ २३ ॥

वैलक्ष्यपीतप्रभमप्रगल्भं विषाददैन्यात्परिभिन्नवर्णम् ।
त्रासोदयादागतकण्ठशोषं स्वेदार्द्रमुद्वीक्षितुमप्यशक्तम् ॥ २४ ॥

વળી, આ અરણ્ય ગમે ત્યારે છેતરીને પ્રાણ હરી લે તેવું છે; તો બળથી હીન થઈ ગયેલો હું કેવી રીતે તેમાંથી બહાર નીકળી શકીશ ? પરંતુ આ (કપિ)નું માંસ (જો ખાવા) મળે તો તે મને આ જંગલ રૂપી કિલ્લાને પાર કરવામાં પર્યાપ્ત બની રહે. (૧૮)

(જો કે) આણે (મારી ઉપર) ઉપકાર કર્યો છે તો પણ કુદરતનો યોગ કંઈક આવો જ લાગે છે. આપત્તિમાં (આવી પડેલાને માટે) આ જ ધર્મ છે એમ કહેવાયું છે માટે (હું) આને પાથેય (પંથ ઉપર જતાં કરવાનું ભોજન) બનાવું. (૧૯)

જ્યાં સુધી આ (કપિ) વિશ્વાસ મૂકીને સુખેથી સૂતો છે, ત્યાં સુધી (જ) મારાથી આને હણવો શક્ય છે. કેમ કે જો આ યુદ્ધમાં સામે મળી જાય તો તો સિંહનો પણ પરાજય થવો સંભવિત લાગે છે. (૨૦)

'માટે મારે મોડું કરવાનો હવે સમય નથી.' એમ નક્કી કરીને, તે દુરાત્માએ; કે જેની મતિ લોભના દોષથી મોહિત થયેલી હતી, જે અકૃતજ્ઞ બન્યો હતો, જેનું ધર્મ-જ્ઞાન નષ્ટ થઈ ગયું હતું, જેનો કરુણાભર્યો સૌમ્ય સ્વભાવ પણ નષ્ટ થઈ ગયો હતો અને જે અત્યંત દુર્બળ પણ થઈ ગયો હતો, છતાંય તેણે અકાર્ય કરવાની આસક્તિ થઈ આવવાને કારણે એક મોટી શિલા ઉપાડીને, તે મહાકપિના મસ્તક ઉપર ફેંકી.

(અકાર્ય) કાર્ય કરવાની આસક્તિને કારણે દુર્બળ અને વિહ્વળ બનેલા એવા તેણે ઉતાવળા બનીને તે શિલા ફેંકી તો હતી તે (કપિ)ને કાયમી નિદ્રામાં પોઢાડી દેવા માટે; પણ તે કપિની કેવળ ઊંઘ તોડવા પૂરતી જ રહી ! (૨૧)

તે શિલા પૂરેપૂરી આના મસ્તક ઉપર પડી નહીં, આથી તે (મસ્તક) ફુટી ના ગયું. પણ તે શિલા તે (કપિના મસ્તક)ના એક છેડાના ભાગને પીડા પહોંચાડતી વજ્રાઘાતની જેમ (ખીણના) તળિયે જઈને પડી. (૨૨)

શિલા (મોટો પથ્થર) પડવાથી ઘવાયેલા મસ્તકવાળા તે બોધિસત્ત્વ વેગથી એકદમ કૂદકો મારીને, ''કોણે મને માર્યું ?'' એવું (ચારે તરફ) જોતાં બીજા કોઈને પણ નહીં, પણ આ લજ્જિત–મુખવાળા (પુરુષ)ને જોયો. (૨૩)

લજ્જાથી (મોંની) પીળી પડી ગયેલી પ્રભાવાળો, વિષાદ અને દીનતાથી નિસ્તેજ થઈ ગયેલો, અને ત્રાસ ઊભો થવાથી ગળું સૂકાઈ ગયેલો તે પુરુષ પરસેવાથી ભીનો થઈ ગયો હતો; તથા ઊંચું જોવા માટે પણ અશક્ત બની ગયો હતો. (૨૪)

अथ स महाकपिरस्यैव तत्कर्मेति निश्चितमतिः स्वमभिघात-दुःखमचिन्तयित्वा तेन तस्यात्महितनिरपेक्षेणातिकष्टेन कर्मणा समुपजात-संवेगकारुण्यः परित्यक्तक्रोधसंरम्भदोषः सबाष्पनयनस्तं पुरुषमवेक्ष्य समनुशोचन्नुवाच –

मानुषेण सता भद्र त्वयेदं कृतमीदृशम् ।
कथं नाम व्यवसितं, प्रारब्धं कथमेव वा ॥ २५ ॥

मदभिद्रोहसंरब्धं त्वं नामापतितं परम् ।
विनिवारणशौटीरविक्रमो रोद्धुमर्हसि ॥ २६ ॥

दुष्करं कृतवानस्मीत्यभून्मानोन्नतिर्मम ।
त्वयापविद्धा सा दूरम् अतिदुष्करकारिणा ॥ २७ ॥

परलोकादिवानीतो मृत्योर्वक्त्रान्तरादिव ।
प्रपातादुद्धृतोऽन्यस्मादन्यत्र पतितो ह्यसि ॥ २८ ॥

धिगहो बत दुर्वृत्तम् अज्ञानमतिदारुणम् ।
यत्पातयति दुःखेषु सुखाशाकृपणं जगत् ॥ २९ ॥

पातितो दुर्गतावात्मा क्षिप्तः शोकानलो मयि ।
निमीलिता यशोलक्ष्मीर्गुणमैत्री विरोधिता ॥ ३० ॥

गत्वा धिग्वादलक्षत्वं हता विश्वसनीयता ।
का नु खल्वर्थनिष्पत्तिरेवमाकाङ्क्षिता त्वया ॥ ३१ ॥

હવે તે મહાકપિએ ''આ (પુરુષ)નું જ આ (નીચ) કર્મ છે'' એવું બુદ્ધિથી નક્કી કરી લઈને; પોતાને પડેલા ઘા—ના દુ:ખને ગણકાર્યા વિના, (વિચાર્યું કે) 'આ (પુરુષે) પોતાની જાતના કલ્યાણની અપેક્ષા રાખ્યા વિના આ અતિઘોર કર્મ કર્યું છે' – તેનાથી તેમને પ્રબળ કરુણા ઉપજી; તેથી (પેલા પુરુષ ઉપર) ક્રોધ ચઢી આવવા રૂપ દોષને ત્યજી દીધેલા તેમણે અશ્રુભરી આંખે તે પુરુષને જોઈને એના ઉપર શોક કરતાં બોલ્યા :–

હે ભદ્ર ! તું માણસ હતો છતાંય તે આવું કર્યું ? (પહેલાં તો એ જ કહે કે) – તેં આવું કેવું વિચાર્યું ? અને પછી, તું એને આચરી પણ કેવી રીતે શક્યો ?? (૨૫)

મારી ઉપરના દ્રોહથી ઉતાવળે (મને હણવા) આવતા બીજા કોઈકને રોકી રાખવા તું પૂરતા પરાક્રમવાળો હતો; તેથી ખરેખર તો તારે એને રોકી રાખવાનો હતો. [એને બદલે તેં જ આવું કર્યું ?] (૨૬)

પણ, ''મેં દુષ્કર કાર્ય કર્યું છે [એક માણસને ઊંડી ખીણમાંથી મેં બહાર કાઢ્યો છે]'' એ વિચારીને, મારા મનમાં મારી જાત માટે મને અભિમાન થયું હતું, પણ (હે માણસ !) તેં તો એથી વધારે અતિદુષ્કર ગણાય એવું (= ઉપકાર ઉપર અપકાર કરવાનું) કાર્ય કરી બતાવીને, મારા એ અભિમાનને દૂર કરી દીધું છે. (૨૭)

પરલોકમાંથી જાણે તને પાછો આણ્યો હોય તેમ મૃત્યુના મુખમાંથી, એટલે કે ઊંડી ખીણમાંથી (મેં) તને બહાર કાઢ્યો હતો; પણ તું તો બીજી ઊંડી ખીણમાં જઈને પડ્યો ! (૨૮)

અરેરે.....ધિક્કાર હજો આવા નીચ કર્મને અને અતિદારુણ એવા અજ્ઞાનને પણ ધિક્કાર હજો. (આ અજ્ઞાન જ) સુખની આશાથી કૃપણ બનેલા આ જગતને અનેક દુ:ખોમાં પાડે છે. (૨૯)

તેં તારી જાતને દુર્ગતિમાં પાડી છે; અને મને પણ શોકાગ્નિમાં ફેંકી દીધો છે. તેં (તારી) યશ રૂપી લક્ષ્મીને ઢાંકી દીધી છે, કેમ કે તેં ગુણ જોડેની મૈત્રીનો વિરોધ કર્યો છે. (૩૦)

ધિક્કારનું લક્ષ્યસ્થાન બનીને (તેં) 'વિશ્વસનીયતા' (જેવી એક ચીજ)ને જ હણી કાઢી છે. આવું કૃત્ય કરીને તેં કઈ અભીષ્ટ વસ્તુ મેળવવાની આકાંક્ષા રાખી હતી ? (૩૧)

दुनोति मां नैव तथा त्वियं रुजा
यथैतदेवात्र मनः क्षिणोति माम् ।
गतोऽस्मि पापे तव यन्निमित्ततां
न चाहमेनस्तदपोहितुं प्रभुः ॥ ३२ ॥

संदृश्यमानवपुरेव तु पार्श्वतो मां
तत्साध्वनुव्रज दृढं ह्यसि शङ्कनीयः ।
यावद्बहुप्रतिभयाद्गहनादितस्त्वां
ग्रामान्तपद्धतिमनुप्रतिपादयामि ॥ ३३ ॥

एकाकिनं क्षामशरीरकं त्वां मार्गानभिज्ञं हि वने भ्रमन्तम् ।
कश्चित्समासाद्य पुरा करोति त्वत्पीडनाद्व्यर्थपरिश्रमं माम् ॥ ३४ ॥

इति स महात्मा तं पुरुषमनुशोचञ्जनान्तमानीय, प्रतिपाद्य चैनं तन्मार्ग पुनरुवाच –

प्राप्तो जनान्तमसि कान्तं वनान्तमेतत्
कान्तारदुर्गभयमुत्सृज गच्छ साधु ।
पापं च कर्म परिवर्जयितुं यतेथाः
दुःखो हि तस्य नियमेन विपाककालः ॥ ३५ ॥

इति स महाकपिस्तं पुरुषमनुकम्पया शिष्यमिवानुशिष्य तमेव वनप्रदेशं प्रतिजगाम ॥

अथ स पुरुषस्तदतिकष्टं पापं कृत्वा पश्चात्तापवह्निना संप्रदीप्यमानचेता महता कुष्ठव्याधिना रूपान्तरमुपनीतः किलासचित्रच्छविः, प्रभिद्यमान-व्रणविस्रवार्द्रगात्रः परमदुर्गन्धशरीरः सद्यः समपद्यत । स यं यं देशमभि-जगाम ततस्तत एवैनमतिबीभत्सविकृततरदर्शनं मानुष इत्यश्रद्धेयरूपं

(મને પડેલો) આ ઘા એટલી પીડા નથી આપતો, જેટલી પીડા આ (નીચેના) વિચારે મારા મનને પહોંચી રહી છે : તારા આ પાપમાં હું (= મારું શરીર) નિમિત્ત બની ગયેલ છું; અને હવે હું તારા આ પાપને દૂર કરવા (કોઈ રીતે) સમર્થ નથી. (૩૨)

હવે તો તું ખરેખર શંકા કરવા પાત્ર બની ગયો છું, માટે મને તારું શરીર દેખાય તેમ તું મારી બાજુમાં જ ત્યાં સુધી ચાલ કે જ્યાં સુધી હું તને આ અનેક ભયથી ભરેલા વનમાંથી (બહાર કાઢીને), ગામની નજીકના માર્ગ ઉપર ના ચઢાવી દઉં. (૩૩)

કેમ કે માર્ગને નહીં જાણતા, અને વનમાંથી (જાતે) પસાર થતા તને એકલા અને દુબળા પડેલા શરીરવાળાને મેળવીને કોઈ હેરાન ના કરે; અને તને (કોઈ પ્રકારની પીડા કે) હાનિ પહોંચાડીને, કોઈ મારા પરિશ્રમને* વ્યર્થ ના બનાવી દે, (એ જોવું જરૂરી છે). (૩૪)

આ પ્રમાણે તે મહાત્માએ તે પુરુષને વિશે શોક કરતાં કરતાં તેને માણસો(ના ગામ)ની પાસે લાવીને, તેને (ગામમાં જવાનો) યોગ્ય માર્ગ બતાવી દઈને, ફરીથી કહ્યું :—

હવે તું માણસોની ભૂમિ સુધી આવી પહોંચ્યો છું, બીજી તરફ (સામે) વનનો સુંદર અંત ભાગ છે. તો તું દુર્ગમ જંગલનો ભય છોડીને નિરાંતે (ઘરે) જા. પણ પાપ-કર્મ ત્યજવાને માટે પ્રયત્ન કરજે. કેમ કે તે (પાપ)નો પાકવાનો જે સમય હોય છે તે નિશ્ચિતપણે દુઃખદાયી હોય છે. (૩૫)

આમ આ મહાકપિ અનુકંપાથી પ્રેરાઈને તે પુરુષને શિષ્યની જેમ ઉપદેશ આપીને, તે જ વનપ્રદેશમાં પાછા ફરી ગયા.

* * *

હવે તે પુરુષ અતિકષ્ટકારક પાપ કરીને, પછી પશ્ચાત્તાપ રૂપી અગ્નિ વડે સંતપ્ત થતા ચિત્તવાળો બન્યો; અને મોટા કોઢના રોગથી તેનામાં એકદમ રૂપાંતર થઈ ગયું અને તે કદરૂપો બની ગયો. ફોલ્લાઓ ફુટતાં તેમાંથી નીકળતા રસથી તેનાં ગાત્રો ભીનાં રહેવા લાગ્યા, તે એકદમ જ ભારે દુર્ગન્ધિ મારતા શરીરવાળો બની ગયો. તે જે જે દેશમાં ગયો, ત્યાં ત્યાંથી એનું દર્શન અતિ બીભત્સ અને વિકૃત થયેલું હોવાથી, ''આ માણસ હશે કે નહીં ?'' એવી અશ્રદ્ધા ઉપજે તેવું તેનું રૂપ જોઈને,

---

★ તને ઊંડી ખીણમાંથી બહાર કાઢીને જીવતદાન આપવા માટે મેં જે પરિશ્રમ કર્યો છે, તે વ્યર્થ ના બનવો જોઈએ.

भिन्नदीनस्वरमभिवीक्ष्य पुरुषाः साक्षादयं पाप्मेति मन्यमानाः समुद्यतलोष्टदण्डा निर्भर्त्सन–परुषवचसैः प्रवासयामासुः । अथैनमन्यतमो राजा मृगयामनुविचरन् प्रेतमिवारण्ये परिभ्रमन्तं प्रक्षीणमलिनवसनं नातिप्रच्छन्नकौपीनमतिदुर्दर्शनम–भिवीक्ष्य ससाध्वसकौतूहलः प्रपच्छ –

विरूपिततनुः कुष्ठैः किलासशबलच्छविः ।
पाण्डुः कृशतनुर्दीनो रजोरूक्षशिरोरुहः ॥ ३६ ॥

कस्त्वं प्रेतः पिशाचो वा मूर्त पाप्माथ पूतनः ।
अनेकरोगसंघातः कतमो वासि यक्ष्मणाम् ॥ ३७ ॥

स तं दीनेन कण्ठेन समभिप्रणमन्नुवाच—मानुषोऽस्मि महाराज, नामानुष इति तत्कथमिमावस्थामनुप्राप्तोऽसीति च पर्यनुयुक्तो राज्ञा तदस्मै स्वं दुश्चरितमाविष्कृत्योवाच –

मित्रद्रोहस्य तस्येदं पुष्पं तावदुपस्थितम् ।
अतः कष्टतरं व्यक्तं फलमन्यद्भविष्यति ॥ ३८ ॥

तस्मान्मित्रेष्वभिद्रोह शत्रुवद् द्रष्टुमर्हसि ।
भावस्निग्धमवेक्षस्व भावस्निग्धं सुहृज्जनम् ॥ ३९ ॥

मित्रेष्वमित्रचरितं परिगृह्य वृत्त-
मेवंविधां समुपयान्ति दशामिहैव ।
लोभादिदोषमलिनीकृतमानसानां
मित्रद्रुहां गतिरतः परतोऽनुमेया ॥ ४० ॥

वात्सल्यसौम्यहृदयस्तु सुहृत्सु कीर्ति
विश्वासभावमुपकारसुखं च तेभ्यः ।
प्राप्नोति संनतिगुणं मनसः प्रहर्षं
दुर्धर्षतां च रिपुभिस्त्रिदशालयं च ॥ ४१ ॥

અને બદલાઈ ગયેલા દીન-સ્વરને સાંભળીને, (ગામના) લોકો 'આ તો સાક્ષાત્ પાપ છે.' એમ માનતા થયા. અને તેના તરફ માટીનાં ઢેફાં ફેંકી અને લાકડીઓ ઊંચી કરીને તિરસ્કારપૂર્વકનાં કઠોર વચનો વડે તેને (જ્યાં ત્યાંથી) કાઢી મૂકતા હતા. હવે કોઈ એક રાજા શિકારે ફરતો હતો, (ત્યારે) તેણે પ્રેતની જેમ જંગલમાં વિચરતા, ફાટેલાં અને મલિન વસ્ત્રોવાળા તથા કંતાનથી જેનું શરીર પૂરું ઢંકાયેલું પણ ન હતું તેવા આ અત્યંત ખરાબ દર્શનવાળાને જોઈને, કંઈક ડર અને કૌતુક સાથે આને પૂછે છે કે –

કુષ્ઠરોગ (= કોઢ)થી તમે કુરૂપ શરીરવાળા બન્યા છો, તમારી છબી કદરૂપી બની છે. વળી, તમે પાંડુવર્ણના, સૂકાયેલા શરીરવાળા, દીન, ધૂળથી રુક્ષ વાળવાળા બન્યા છો. (૩૬)

તો કહો, તમે પ્રેત છો, પિશાચ છો, કે પછી મૂર્તિમંત પાપ જ છો ? અથવા અનેક રોગોના સમુદાય સ્વરૂપ એવા તમે રોગોમાંથી કયા રોગ સ્વરૂપ છો ? (૩૭)

તેણે દીન કંઠથી પ્રણામ કરતાં કરતાં કહ્યું :– "હે મહારાજ ! હું માણસ છું, કાંઈ અમાણસ નથી." આથી, રાજા વડે તેને ફરી પૂછવામાં આવ્યું કે –

"તો પછી તું આવી અવસ્થાને કેવી રીતે પામ્યો ?" ત્યારે તેણે (પુરુષે) પોતાનું દુશ્ચરિત જાહેર કરતાં કહ્યું કે –

મિત્રનો દ્રોહ કર્યાનું આ તો હજુ ફુલ ઉગ્યું છે; પણ આનાથી વધારે કષ્ટદાયક અને પ્રકટ એવું ફળ તો બીજું જ ભોગવવાનું આવશે. (૩૮)

માટે મિત્રોનો જે દ્રોહ કર્યો હોય તેને તો શત્રુની જેમ જ જોવો જોઈએ. ભાવથી સ્નેહાળ બનેલા મિત્ર વ્યક્તિને તો કેવળ ભાવપૂર્ણ સ્નેહથી જ તમારે જોવો. (૩૯)

મિત્રોના પ્રત્યે અમિત્ર (= શત્રુ) જેવું વર્તન કરીએ તો, અહીં જ આવી દશા પ્રાપ્ત થાય છે. લોભ વગેરે દોષોથી મલિન થયેલા મનવાળાની, અને મિત્રનો દ્રોહ કરનારની પરલોકમાં ગયા પછી કેવી ગતિ થતી હશે તેનું અનુમાન કરવું જોઈએ. (૪૦)

પરંતુ સુહૃદ (મિત્રો) પ્રત્યે જેનું હૃદય વાત્સલ્યથી સૌમ્ય બનેલું રહે છે, તેમને માટે કીર્તિ, વિશ્વાસપાત્રતા અને ઉપકારનું સુખ નિશ્ચિત હોય છે. આવી વ્યક્તિ સમ્માન પામે છે અને મનની ખુશી પણ પ્રાપ્ત કરે છે. વળી, તે શત્રુઓથી પરાજય પામતો નથી; અને છેવટે તે સ્વર્ગલોકમાં પણ પહોંચે છે. (૪૧)

इमं विदित्वा नृप मित्रपक्षे प्रभावसिद्धी सदसत्प्रवृत्त्योः ।
भजस्व मार्गं सुजनाभिपन्नं तेन प्रयान्तमनुयाति भूतिः ॥ ४२ ॥

तदेवं नात्मदुःखेन तथा सन्तः संतप्यन्ते यथापकारिणां कुशलपक्षहान्या। इति तथागतमाहात्म्ये वाच्यम्। सत्कृत्य धर्मश्रवणे क्षान्तिकथायां मित्रानभिद्रोहे पापकर्मादीन् अवप्रदर्शने चेति ॥

इति महाकपि–जातकं चतुर्विंशतितमम् ।

★ ★ ★

હે રાજન્ ! મિત્રના પક્ષે (પ્રત્યે) આચરેલી સત્ કે અસત્ પ્રવૃત્તિનો આવો પ્રભાવ અને સિદ્ધિ ઊભા થાય છે એ જાણીને, સજ્જનો વડે સ્વીકારાયેલા માર્ગને (તમે) સેવો; કેમ કે તે માર્ગે જનારને વૈભવ પણ અનુસરે છે. (૪૨)

આથી કહ્યું છે કે – ''પોતાનાં દુઃખથી સજ્જનો એટલો સંતાપ નથી પામતાં, કે જેટલો સંતાપ તેઓને અપકાર કરનારાના કુશળ–પક્ષની હાનિ થવાથી પહોંચે છે.'' આ વાત તથાગત (બુદ્ધ)ના મહિમાને વર્ણવતી વખતે કહેવી જોઈએ. આદરપૂર્વક ધર્મનું શ્રવણ કરતી વેળાએ (૧) 'ક્ષમા આપવી જોઈએ' એવા ઉપદેશની કથા વખતે અને (૨) 'મિત્રો પ્રત્યે દ્રોહ ના કરવો જોઈએ' – એ સમજાવવા માટે; તથા (૩) પાપકર્મોની ગતિ પ્રદર્શિત કરવા માટે પણ આ કથા કહેવી જોઈએ.

આમ ચોવીસમું 'મહાકપિ–જાતક' પૂર્ણ થયું.

★ ★ ★

(२५) शरभ–जातकम्

जिघांसुमप्यापद्‌गतमनुकम्पन्त एव महाकारुणिका, नोपेक्षन्ते । तद्यथानुश्रूयते–

बोधिसत्त्वः किलान्यतमस्मिन्नरण्यवनप्रदेशे निर्मानुषसंपातनीरवे विविध-मृगकुलाधिवासे तृणगहननिमग्नमूलवृक्षक्षुपबहुले पथिकयानवाहनचरणै-रविन्यस्तमार्गसीमान्तलेखे सलिलमार्गवल्मीकश्वभ्रविषमभूभागे बलजव-वर्णसत्त्वसंपन्नः संहननवत्कायोपपन्नः शरभो मृगो बभूव । स कारुण्याभ्या-सादनभिद्रुग्धचित्तः सत्त्वेषु, तृणपर्णसलिलमात्रवृत्तिः, संतोषगुणादरण्यवास-निरतमतिः प्रविवेककाम इव योगी तमरण्यप्रदेशमभ्यलंचकार ।

मृगाकृतिर्मानुषधीर चेतास्
तपस्विवत्प्राणिषु सानुकम्पः ।
चचार तस्मिन् स वने विविक्ते
योगीव संतुष्टमतिस्तृणाग्रैः ॥ १ ॥

अथ कदाचिदन्यतमो राजा तस्य विषयस्याधिपतिस्तुरगवराधिरूढः सज्यचापबाणव्यग्रपाणिर्मृगेष्वस्त्रकौशलमात्मनो जिज्ञासमानः संरागवशाज्जवेन मृगाननुपतन्नुत्तमजवेन वाजिना दूरादुपसृतहस्त्यश्वरथपदातिकायस्तं प्रदेशमुप-जगाम । दूरादेव चालोक्य तं महासत्त्वं हन्तुमुत्पतितनिश्चयः समुत्कृष्टनिशित-सायको यतः स महात्मा, तेन, तुरगवरं संचोदयामास । अथ बोधिसत्त्वः समालोक्यैव तुरगवरगतं सायुधमभिपततन्तं तं राजानं शक्तिमानपि प्रत्यवस्थातुं

(૨૫) શરભ–જાતક

હણવાની ઈચ્છા રાખનાર (શિકારી)ને પણ જો તે આપત્તિમાં આવી પડે તો મહાકારુણિકો તેમની ઉપર પણ અનુકંપા જ દર્શાવે છે; પણ તેમની ઉપેક્ષા કરતા નથી. આ સંબંધમાં એક કથા સાંભળવા મળે છે :–

સાંભળ્યું છે કે બોધિસત્ત્વ માણસ વિનાના નીરવ એવા, વિવિધ પ્રકારના પશુઓના ટોળાઓના નિવાસ-સ્થાન સ્વરૂપ, ગાઢ ઘાસમાં ખૂંપી ગયેલા મૂળિયાંવાળા વૃક્ષોના ઝૂંડવાળા, પથિકોનાં વાહનોના પૈડાંઓથી જેમાં માર્ગ પણ બન્યો નથી તેવા સીમાન્ત પ્રદેશવાળા; પાણીના વહેણો, રાફડાઓ અને ઊંડા ખાડાઓ/દરોથી વિષમ·બનેલ ભૂમિભાગવાળા કોઈ એક જંગલના પ્રદેશમાં 'શરભ' પ્રકારના પ્રાણી બન્યા.★ તેઓ બળવાળા, વેગવાળા, સ્વરૂપવાળા અને સત્ત્વસંપન્ન હતા; (બીજાને) સારી રીતે હણી શકાય એવી કાયાવાળા પણ હતા. તેમને કરુણાનો અભ્યાસ હોવાથી (બીજાં) પ્રાણીઓ ઉપર દ્રોહભર્યું ચિત્ત ન હતું. તેઓ તો ઘાસ, પાંદડાં અને જળ એકલા ઉપર જ જીવનનિર્વાહ કરતા હતા. (તેમનામાં) સંતોષનો ગુણ હોવાને કારણે, અરણ્યમાં જ નિવાસ કરવાની બુદ્ધિવાળા તે હતા. વિવેકની કામનાવાળા એક યોગીની જેમ, તેમણે તે અરણ્યના પ્રદેશને અલંકૃત કર્યું હતું.

તેમની આકૃતિ પશુની હતી, પણ ચિત્તવૃત્તિ મનુષ્યના જેવી ધીર હતી. એક તપસ્વીની જેમ સૌ પ્રાણીઓ ઉપર તે અનુકંપાવાળા હતા. ઘાસના અગ્રભાગથી નિર્વાહ કરતા સંતોષી મતિવાળા એક યોગીની જેમ તેઓ આ એકાંત વનમાં ફરતા રહેતા હતા. (૧)

હવે, તે પ્રદેશનો અધિપતિ એવો કોઈક રાજા ક્યારેક શ્રેષ્ઠ અશ્વ ઉપર બેસીને, હાથમાં પણછયુક્ત ધનુષ્યબાણ લઈને, '(જંગલના) પ્રાણીઓ ઉપર પોતાનું અસ્ત્ર–કૌશલ કેવું છે ?' એ જાણવાની ઈચ્છાવાળો ઉત્તેજનાવશાત્ વેગપૂર્વક પ્રાણીઓની પાછળ ઉત્તમ વેગવાળા ઘોડા વડે જઈ રહ્યો હતો ત્યારે, દૂરથી જ તેના (પોતાના) હાથી, ઘોડા, રથ અને પદાતિ સૈનિકો પાસેથી છુટો પડી ગયેલો તે આ પ્રદેશમાં આવી પહોંચ્યો. તે મહાસત્ત્વને દૂરથી જ જોઈને, તેને હણવા માટે જેણે નિશ્ચય કરી લીધો છે તેવા તીક્ષ્ણ બાણ ખેંચેલા મહાત્માએ (પોતાના) શ્રેષ્ઠ ઘોડાને પ્રેર્યો. હવે તે બોધિસત્ત્વે શ્રેષ્ઠ ઘોડા ઉપર ચઢેલા આયુધવાળા તે રાજાને (પોતાના તરફ) આવતાં જોઈને જ, જો કે તેઓ તેનો સામનો કરવા શક્તિમાન હતાં છતાં પણ,

---

★ 'શરભ'—આઠ પગવાળું એક પ્રાણીવિશેષ, જે સિંહ કરતાં પણ વધુ બળવાન હોય છે.

निवृत्तसाहससंरम्भत्वात्परेण जवातिशयेन समुत्पपात। सोऽनुगम्यमानस्तेन तुरंगमेणानुमार्गागतं महच्छ्वभ्रं गोष्पदमिव जवेन लङ्घयित्वा प्रदुद्राव। अथ तुरगवरस्तेनैव मार्गेण तं शरभमनुपतन्नुत्तमेन जवप्रमाणेन तच्छ्वभ्रमासाद्य लङ्घयितुमनध्यवसितमतिः सहसा व्यतिष्ठत।

अथाश्वपृष्ठादुद्गीर्णः सायुधः स महीपतिः।
पपात महति श्वभ्रे दैत्ययोध इवोदधौ ॥ २ ॥

निबद्धचक्षुः शरभे स तस्मिन् संलक्षयामास न तं प्रपातम्।
विस्रम्भदोषाच्चलितासनोऽथ द्रुताश्ववेगोपरमात्पपात ॥ ३ ॥

अथ बोधिसत्त्वस्तुरगखुरशब्दप्रशमात्किं नु खलु प्रतिनिवृत्तः स्यादयं राजेति समुत्पन्नवितर्कः पश्चादावर्जितवदनः समालोकयन् ददर्श तमश्वमनारोहकं तस्मिन् प्रपातोद्देशेऽवस्थितम्। तस्य बुद्धिरभवत्—नियतमत्र प्रपाते निपतितः स राजा। न ह्यत्र किंचिद्विश्रमहेतोः संश्रयणीयरूपं घनप्रच्छायं वृक्षमूलमस्ति, नीलोत्पलदलनीलविमलसलिलमवगाहयोग्यं वा सरः। न चैव व्यालमृगानुविचरितमरण्यवनमवगाढेन यत्र क्वचिदुपसृज्य तुरगवरं विश्रम्यते मृगया वानुष्ठीयते। न चात्र किंचित्तृणगहनमपि तद्विधं यत्र निलीनः स्यात्। तद्व्यक्तमत्र श्वभ्रे निपतितेन तेन राज्ञा भवितव्यमिति। ततः स महात्मा निश्चयमुपेत्य वधकेऽपि तस्मिन् परां करुणामुपजगाम।

अद्यैव चित्रध्वजभूषणेन विभ्राजमानावरणायुधेन।
रथाश्व-पत्ति-द्विरदाकुलेन वादित्रचित्रध्वनिना बलेन ॥ ४ ॥

कृतानुयात्रो रुचिरातपत्रः परिस्फुरच्चामरहारशोभः।
देवेन्द्रवत्प्राञ्जलिभिर्जनौघैरभ्यर्चितो राजसुखान्यवाप्ता ॥ ५ ॥

પોતે હિંસા અને ક્રોધને ત્યજીને બેઠા હોવાથી અતિશય વેગપૂર્વક (ત્યાંથી) ભાગ્યા. તે ઘોડા વડે અનુસરાતા તેઓ રસ્તામાં વચ્ચે આવેલા એક મોટા ઊંડા ખાડાને, એક નાનું ગોષ્પદ (ગાયની ખરી જેવડા માપની જગ્યા) સમજીને, વેગથી કૂદી જઈને આગળ દોડી ગયા. પણ, તે જ માર્ગે તે શરભને અનુસરી રહેલ પેલો શ્રેષ્ઠ ઘોડો ઉત્કૃષ્ટ વેગને કારણે મોટા ખાડા સુધી પહોંચીને, તેને નહીં કૂદવાનો મનમાં નિશ્ચય કરીને, એકાએક જ ઊભો રહી ગયો.

હવે તે ઘોડાની પીઠ ઉપરથી, આયુધો સાથે ઉછળી પડેલ તે રાજા, જેવી રીતે સમુદ્રમાં કોઈ દૈત્ય–યોદ્ધો ડૂબી જાય તેમ એક મોટા ખાડામાં જઈને પડ્યો. (૨)

તે શરભ ઉપર ચોંટેલી દષ્ટિવાળા તેણે તે મોટા ખાડાને જોયો જ ન હતો. વધારે પડતા વિશ્વાસથી બેસવાના દોષને કારણે તે (રાજા) પોતાના (ઘોડા ઉપરના) આસન ઉપરથી ચલાયમાન થઈ ગયો અને દોડતા ઘોડાનો વેગ એકદમ જ અટકી જવાને કારણે તે નીચે પડી ગયો. (૩)

હવે તે બોધિસત્ત્વ (રાજાના) ઘોડાની ખરીઓનો અવાજ શમી જવાને કારણે "શું આ રાજા પાછો ફરી ગયો હશે ?" એવો તર્ક-વિતર્ક કરતાં કરતાં મોં પાછળ ફેરવીને જુવે છે કે અસ્વાર વગરનો તે ઘોડો પેલા મોટા ખાડાની કિનારે ઊભો છે. તેમને આમ બુદ્ધિ થઈ (= વિચાર થયો) :– "ચોક્કસ જ આ ખાડામાં તે રાજા પડી ગયો હશે. અહીં વિશ્રામ કરવાને માટે, આશરો લઈ શકાય એવી ગાઢ છાયાવાળા વૃક્ષનું મૂળ પણ નથી; અથવા તો, અહીં જેમાં અવગાહન થઈ શકે તેવું નીલકમળના પાંદડાથી નીલ અને વિમલ બનેલા જળવાળું કોઈ સરોવર પણ નથી. હિંસક પ્રાણીઓથી ભરેલા આ અરણ્યવનમાં પ્રવેશીને ક્યાંક પેલા શ્રેષ્ઠ ઘોડાને છોડી મૂકીને તેમના વડે વિશ્રામ કરાતો હોય, કે તેઓ બીજો શિકાર ખેલી રહ્યા હોય–એવું પણ શક્ય નથી. કેમ કે અહીં ક્યાંય ગીચ ઘાસ પણ તેવું નથી કે જેમાં સંતાઈ શકાય. માટે ચોક્કસ જ આ ખાડામાં આ રાજા પડી ગયા હોવા જોઈએ." આમ તે મહાત્માએ નિશ્ચય કરીને, (પોતાનો) વધ કરવા તૈયાર થયેલા તે (શિકારી રાજા)ની ઉપર પણ તેમને મોટી કરુણા ઉપજી.

આજે જે સુંદર ધજાઓથી વિભૂષિત, ચમકતા કવચો અને આયુધોવાળા; રથ, ઘોડા, સૈન્ય અને હાથીઓથી ભરેલા તથા વાજીંત્રોના મધુર ધ્વનિવાળા સૈન્ય વડે અનુસરાતા, સુંદર છત્રવાળા, હાલતી ચામરોની હારમાળાથી શોભતા, હાથ જોડેલા માણસોના સમુદાયો વડે પૂજાયેલ દેવરાજ ઇન્દ્રની જેમ જે રાજસુખોને મેળવતા હતા; [તે અત્યારે ઊંડા ખાડામાં પડ્યા છે !]. (૪–૫)

अद्यैव मग्नो महति प्रपाते निपातवेगादभिरुग्णगात्रः ।
मूर्छान्वितः शोकपरायणो वा कष्टं बत क्लेशमयं प्रपन्नः ॥ ६ ॥

किणाङ्कितानीव मनांसि दुःखैर्न हीनवर्गस्य तथा व्यथन्ते ।
अदृष्टदुःखान्यतिसौकुमार्याद्यथोत्तमानां व्यसनागमेषु ॥ ७ ॥

न चायमतः शक्ष्यति स्वयमुत्तर्तुम् । यद्यपि सावशेषप्राणस्तन्नायमुपेक्षितुं युक्तमिति वितर्कयन् स महात्मा करुणया समाकृष्यमाणहृदयस्तं प्रपाततटान्तमुपजगाम । ददर्श चैनं तत्र रेणुसंसर्गान्मृदितवारबाणशोभं व्याकुलितोष्णीषवसनसंनाहं प्रपातपतननिघातसंजनिताभिर्वेदनाभिरापीड्यमानहृदयमापतितवैतान्यं विचेष्टमानम् ।

दृष्ट्वाथ तं तत्र विचेष्टमानं निराधिपं बाष्पपरीतनेत्रः ।
कृपावशाद्विस्मृतशत्रुसंज्ञस्तद्दुःखसामान्यमुपाजगाम ॥ ८ ॥

उवाच चैनं विनयाभिजातमुद्भावयन् साधुजनस्वभावम् ।
आश्वासयन् स्पष्टपदेन साम्ना शिष्टोपचारेण मनोहरेण ॥ ९ ॥

कच्चिन्महाराज न पीडितोऽसि
प्रपातपातालमिदं प्रपन्नः ।
कच्चिन्न ते विक्षतमत्र गात्रं
कच्चिद्रुजस्ते तनुतां गच्छन्ति ॥ १० ॥

नामानुषश्चास्मि मनुष्यवर्य मृगोऽप्यहं त्वद्विषयान्तवासी ।
वृद्धस्त्वदीयेन तृणोदकेन विस्रम्भमित्यर्हसि मय्युपेतुम् ॥ ११ ॥

प्रपातपातादधृतिं च मा गाः शक्तोऽहमुद्धर्तुमितो भवन्तम् ।
विस्रम्भितव्यं मयि मन्यसे चेत्तत्क्षिप्रमाज्ञापय यावदैमि ॥ १२ ॥

તે આજે મોટા ઊંડા ખાડામાં ગબડી પડ્યા છે; અને પડવાના વેગને કારણે એમનાં ગાત્રો ઘવાઈ ગયાં છે. તેઓ હાલ મૂર્ચ્છામાં પડી ગયા હશે કે શોકમગ્ન થઈ ગયા હશે; ખરેખર તેઓ ક્લેશમય પરિસ્થિતિમાં ધકેલાઈ ગયા છે. (૬)

નિમ્ન વર્ગના લોકોનાં મન (વારંવાર અનેક) દુઃખો પડવાથી કિણાંકિત (= ચાઠાં પડી ગયાં હોય તેવા) થઈ ગયાં હોય છે; તેથી એમને એ દુઃખો એટલી વ્યથા નથી પહોંચાડતા, કે જેટલી વ્યથા આપત્તિ આવતાં ઉત્તમ વર્ગના લોકોને પહોંચે છે. કેમ કે તેમણે અગાઉ ક્યારેય દુઃખ જોયાં હોતાં નથી; અને તેથી તેઓ (દુઃખ સહન કરવાની બાબતમાં શરીરે) અતિ કોમળ હોય છે. (૭)

માટે આ (રાજા) જાતે જ બહાર નીકળવા શક્તિમાન નહીં થાય. વળી, હજુ સુધી એના પ્રાણ તો ટકી રહ્યા છે, તેથી તેની ઉપેક્ષા કરવી તે પણ યોગ્ય નથી.'' આવું વિચારતા અને કરુણાથી જેનું હૃદય ભરાઈ ગયું છે તેવા મહાત્મા (શરભ) પેલા મોટા ખાડાના કિનારે પહોંચ્યા. ત્યાં તેમણે ધૂળ ચોંટવાથી જેના કવચની શોભા રોળાઈ ગઈ છે, જેની પાઘડી અને પહેરેલાં કપડાં અસ્તવ્યસ્ત થઈ ગયાં છે; તથા ખાડામાં પડવાના આઘાતથી જન્મેલી વેદના વડે જેનું હૃદય પીડા અનુભવી રહ્યું હતું તેવા (રાજ)છત્રહીન બનેલા તરફડતા (રાજા)ને જોયો.

હવે, તે નરાધિપને ત્યાં તરફડતા જોઈને, જેનાં નેત્રોમાં અશ્રુ ઉભરાઈ આવ્યાં છે અને જેઓ 'આ શત્રુ (શિકારી) છે.' એ વાત ભૂલી ગયા છે તેઓ (= બોધિસત્ત્વ શરભ) કૃપાવશ થઈને, તે (રાજા)ના દુઃખે દુઃખી થવા લાગ્યા. (૮)

પોતાનો એક સજ્જન વ્યક્તિ તરીકેનો સ્વભાવ પ્રકટ કરતાં તેમણે સ્પષ્ટ શબ્દોમાં સમજાવટ સાથે અને મનોહર એવા શિષ્ટાચાર વડે તે વિનયી અને અભિજાત એવા (રાજા)ને આશ્વાસન આપતાં આપતાં કહ્યું કે – (૯)

''હે મહારાજ ! ઊંડા પાતાળ જેવા ખાડામાં જઈ પડેલા આપને પીડા તો નથી પહોંચીને ? તમારાં ગાત્રો ઘવાયાં તો નથી ને ? શું વેદના (ધીમે ધીમે) ઓછી તો થઈ રહી છે ને ? (૧૦)

હે મનુષ્યમાં શ્રેષ્ઠ ! તમારા જ (રાજ્યાધિકારના) પ્રદેશમાં રહેનારો હું એક પશુ હોવા છતાંય અમાનુષ (=પાશવી) તો નથી જ. તમારા જ ઘાસ-પાણી વડે હું ઉછરેલો છું, તેથી તમારે મારામાં વિશ્વાસ મૂકવો યોગ્ય છે. (૧૧)

ઊંડા ખાડામાં પડી જવાથી તમારે કાંઈ ધૃતિ ગુમાવવાની જરૂર નથી; અહીંથી તમને ઊંચકીને બહાર કાઢવા હું સમર્થ છું. તમારે મારા ઉપર વિશ્વાસ મૂકવો જોઈએ; જો (તમે મારું) માનતા હો તો જલ્દીથી (મને) આજ્ઞા આપો, કે જેથી હું તમારી પાસે આવું. (૧૨)

अथ स राजा तेन तस्याद्भुतेनाभिव्याहारेण विस्मयावर्जितहृदयः संजायमानव्रीडो नियतमिति चिन्तामापेदे –

दृष्टावदाने द्विषति का नामास्य दया मयि ।
मम विप्रतिपत्तिश्च केयमस्मिन्ननागसि ॥ १३ ॥

अहो मधुरतीक्ष्णेन प्रत्यादिष्टोऽस्मि कर्मणा ।
अहमेव मृगो गौर्वा कोऽप्ययं शरभाकृतिः ॥ १४ ॥

तदर्हत्ययं प्रणयप्रतिग्रहसंपूजनमिति विनिश्चित्य एनमुवाच –

वारबाणावृतमिदं गात्रं मे नातिविक्षतम् ।
प्रपातनिष्पेषकृताः सह्या एव च मे रुजः ॥ १५ ॥

प्रपातपतनक्लेशान्न त्वहं पीडितस्तथा ।
इति कल्याणहृदये त्वयि प्रस्खलनाद्यथा ॥ १६ ॥

आकृतिप्रत्ययाद्यच्च दृष्टोऽसि मृगवन्मया ।
अविज्ञाय स्वभावं ते तच्च मा हृदये कृथाः ॥ १७ ॥

अथ शरभस्तस्य राज्ञः प्रीतिसूचकेन तेनाभिव्याहारेणानुमतमुद्धरणमवेत्य पुरुषभारगुर्व्या शिलया तदुद्धरणयोग्यां कृत्वा विदितात्मबलप्रमाणस्तं नृपतिमुद्धर्तुं व्यवसितमतिरवतीर्य तं प्रपातं सविनयमभिगम्योवाच –

मद्गात्रसंस्पर्शमिमं मुहूर्तं कार्यानुरोधात्त्वमनुक्षमस्व ।
यावत्करोमि स्वहिताभिपत्त्या प्रीतिप्रसादाभिमुखं मुखं ते ॥ १८ ॥

तदारोहतु मत्पृष्ठं महाराजः, सुलग्नश्च मयि भवत्विति । स तथेति प्रतिश्रुत्यैनमश्ववदारुरोह ।

ત્યાર પછી તે રાજા એની અદ્‌ભુત વાણીથી આશ્ચર્યથી ભરેલા હૃદયવાળો બન્યો અને શરમ પણ અનુભવવા લાગ્યો. તેણે નિશ્ચિતપણે આમ વિચાર્યું :–

(એણે) શત્રુતાપૂર્ણ મારી (શિકાર) પ્રવૃત્તિ જયારે જોઈ છે ત્યારે (પશુઓ ઉપર) દ્વેષ રાખનારા મારા ઉપર આને વળી દયા કેવી રીતે ઉપજી ? અને મારી પણ, આ નિષ્પાપ (પશુ) ઉપર કેવી વિપરીત પ્રવૃત્તિ ? (૧૩)

અહો ! મારા કર્મને માટે આણે મધુરતાપૂર્ણ કટાક્ષ વડે મને પાછો પાડી દીધો છે. (મને લાગે છે કે) હું જ પશુ કે બળદિયો છું; અને 'શરભ'ના આકાર(વાળા શરીર)માં રહેલ આ કોઈ અવર્ણનીય વ્યક્તિ લાગે છે. (૧૪)

માટે, આની પ્રાર્થનાને સ્વીકારીને તેનું પૂજન કરવું યોગ્ય છે – એમ નિશ્ચય કરીને, તેને કહ્યું :–

કવચથી ઢંકાયેલું હોવાને કારણે મારું શરીર બહુ ઘવાયું નથી. ખાડામાં પડતાં જે ઉઝરડા પડ્યા છે તેની પીડા સહન કરી શકાય એટલી જ છે. (૧૫)

આ ખાડામાં પડવાના ક્લેશથી મને એટલી પીડા નથી પહોંચતી કે જેટલી પીડા તારા જેવા કલ્યાણકારી હૃદયવાળા ઉપર અપરાધ કરી બેસવાથી થઈ રહી છે. (૧૬)

તમારા સ્વભાવને જાણ્યા વિના આકારના જ્ઞાનમાત્રથી (પ્રેરાઈને) મેં તમને જે એક પશુ રૂપે જ જોયા, તે વાતને તમે મનમાં ના લેશો; (મને માફ કરી દેજો). (૧૭)

હવે શરભે તે રાજાના પ્રીતિ સૂચવતા આ વાક્યો થકી જાણી લીધું કે આમને બહાર કાઢવાની અનુમતિ મળી ગઈ છે. તેથી એ પુરુષના ભાર જેટલી મોટી શિલા વડે, તે ઉપાડવા યોગ્ય છે ને ? એ તપાસી લઈને, (તે દ્વારા) પોતાના શરીરનું બળ માપી લઈને, તે રાજાને બહાર કાઢવાનો નિશ્ચય કરી લીધો. પછી તે ઊંડા ખાડામાં ઉતરીને, વિનયપૂર્વક એની નજીક જઈને કહ્યું :–

તમે કાર્યના અનુરોધ થકી મારા શરીરનો તમને જે સંસ્પર્શ થાય તે ઘડીભર માફ કરી દેજો. મારી (બીજાનું) હિત કરવાની શક્તિથી તમારા મુખને, એટલી વારમાં તો હું પ્રેમના પ્રસાદથી હસતું કરી દઈશ. (૧૮)

તો આપ મહારાજ મારી પીઠ ઉપર ચઢી જાવ, અને મારા ઉપર બરાબર ચોંટી જાવ. – એમ કહ્યું; ત્યારે "સારું" એમ પ્રત્યુત્તર વાળીને, તે (રાજા) ઘોડાની જેમ આ (શરભ)ની ઉપર આરૂઢ થઈ ગયા.

ततः समभ्युन्नतपूर्वकायस्तेनाधिरूढः स नराधिपेन ।
समुत्पतन्नुत्तमसत्त्ववेगः खे तोरणव्यालकवद् बभासे ॥ १९ ॥

उद्धृत्य दुर्गादथ तं नरेन्द्रं प्रीतः समानीय तुरंगमेण ।
निवेद्य चास्मै स्वपुराय मार्गं वनप्रयाणाभिमुखो बभूव ॥ २० ॥

अथ स राजा कृतज्ञत्वात्तेन तस्य विनयमधुरेणोपचारेण समावर्जितहृदयः संपरिष्वज्य शरभमुवाच –

प्राणा अमी मे शरभ त्वदीयाः प्रागेव यत्रास्ति मम प्रभुत्वम् ।
तदर्हसि द्रष्टुमिदं पुरं मं, सत्यां रुचौ, तत्र च तेऽस्तु वासः ॥ २१ ॥

व्याधाभिकीर्णे सभये वनेऽस्मिन् शीतोष्णवर्षाद्युपसर्गदुःखे ।
हित्वा भवन्तं मम नन्वयुक्तमेकस्य गेहाभिमुखस्य गन्तुम् ॥ २२ ॥

तदेहि गच्छाव इति ॥ अथैनं बोधिसत्त्वः सविनयमधुरोपचारं संराधयन् प्रत्युवाच –

भवद्विधेष्वेव मनुष्यवर्य युक्तः क्रमोऽयं गुणवत्सलेषु ।
अभ्यासयोगेन हि सज्जनस्य स्वभावतामेव गुणा व्रजन्ति ॥ २३ ॥

अनुग्रहीतव्यमवैषि यत्तु वनोचितं मां भवनाश्रयेण ।
तेनालमन्यद्धि सुखं नराणामन्यादृशं जात्युचितं मृगाणाम् ॥ २४ ॥

चिकीर्षितं ते यदि मत्प्रियं तु व्याधव्रतं वीर विमुञ्च तस्मात् ।
तिर्यक्त्वभावाज्जडचेतनेषु कृपैव शोच्येषु मृगेषु युक्ता ॥ २५ ॥

ત્યાર પછી, આ રાજા જેની (પીઠ) ઉપર ચઢી ગયા છે તેવા તેણે પોતાના શરીરનો અગ્રભાગ ઊંચો કર્યો, અને (પોતાની) ઉત્તમ શક્તિ અને વેગ વડે ઉપર ચઢવા માંડ્યું; ત્યારે તે ઊંચા આકાશમાં કોઈ તોરણની ઉપર (કૃત્રિમ) સિંહ બેસાડ્યો હોય તેમ શોભવા લાગ્યા. (૧૯)

તે નરેન્દ્રને ખાડામાંથી બહાર ઊંચકી લાવીને, અને (તેના) ઘોડા પાસે પહોંચાડીને તે (શરભ) પ્રસન્ન થયા. તે (રાજા)ને પોતાના નગરમાં જવાનો રસ્તો કહીને પછી (શરભ) પોતે તો વન તરફ પ્રયાણ કરવા તત્પર થયા. (૨૦)

ત્યારે તે રાજા કૃતજ્ઞ હોવાને કારણે તે (શરભ)ની વિનયથી મધુર એવી જે મદદ મળી તેનાથી, હૃદયમાં ભાવ ઉભરાઈ આવતાં (રાજા) શરભને ભેટીને પછી કહે છે :–

હે શરભ ! હવે આ (મારા) પ્રાણ તમારા જ છે, પહેલાં જેની ઉપર મારું સ્વામિત્વ હતું તે બધું પણ તમારું છે. જો તમને રુચિ હોય તો મારા નગરને તમે જુવો, અને તમે ત્યાં (જ) નિવાસ પણ કરો. (૨૧)

(મારા જેવા) અનેક શિકારીઓથી ઉભરાતા આ ભયંકર વનમાં, કે જેમાં ઠંડી, ગરમી અને વર્ષા વગેરેના ઉપદ્રવોનું દુઃખ છે, તેમાં તમને છોડીને, મારે ઘર તરફ મોં કરીને જતા રહેવું તે યોગ્ય નથી. (૨૨)

તો ચાલો, (આપણે બન્ને સાથે મારા ઘરે) જઈએ.'' હવે બોધિસત્ત્વે વિનયપૂર્વક મધુર ઉપચાર સાથે તેની પ્રશંસા કરતાં કહ્યું :–

હે મનુષ્યશ્રેષ્ઠ ! ગુણોને વિશે વત્સલ એવા આપ જેવાઓને માટે આ આચરણ યોગ્ય જ છે. કેમ કે વારંવારના અભ્યાસથી આવા ગુણો તો સજ્જનનો સ્વભાવ જ બની જતા હોય છે. (૨૩)

મને, વનમાં રહેવાને યોગ્ય એવાને ગૃહવાસી બનાવીને, જે અનુગ્રહ કરવા યોગ્ય તમે સમજો છો; તેનાથી અટકી જાવ. કેમ કે માણસોનું સુખ જુદું હોય છે અને પશુઓનું, એમની જાતિને ઉચિત એવું સુખ, પણ જુદા જ પ્રકારનું હોય છે. (૨૪)

પણ, જો તમે મારું પ્રિય જ કરવા ઇચ્છતા હો તો, હે વીર ! આ શિકારી બનવાનું વ્રત (કાયમ માટે) છોડી દો. તિર્યક્ (પશુ–પક્ષીની યોનિમાં જન્મ) હોવાને કારણે તે મંદબુદ્ધિના હોય છે; શોક કરવા યોગ્ય આ પશુઓ ઉપર તો કૃપા જ કરવી જરૂરી છે. (૨૫)

सुखाश्रये दुःखविनोदने च समानचित्तानवगच्छ सत्त्वान् ।
इत्यात्मनः स्यादनभीप्सितं यन्न तत्परेष्वाचरितुं क्षमं ते ॥ २६ ॥

कीर्तिक्षयं साधुजनाद्विगर्हां, दुःखं च पापप्रभवं, विदित्वा ।
पापं द्विषत्पक्षमिवोद्धरस्व नोपेक्षितुं व्याधिरिव क्षमं ते ॥ २७ ॥

लक्ष्मीनिकेतं यदपाश्रयेण प्राप्तोऽसि लोकाभिमतं नृपत्वम् ।
तान्येव पुण्यानि विवर्धयेथा न कर्शनीयो ह्युपकारिपक्षः ॥ २८ ॥

कालोपचारसुभगैर्विपुलैः प्रदानैः
शीलेन साधुजनसंगतनिश्चयेन ।
भूतेषु चात्मनि यथा हितबुद्धिसिद्ध्या
पुण्यानि संचिनु यशःसुखसाधनानि ॥ २९ ॥

इति स महात्मा तं राजानं दृढं सांपरायिकेष्वर्थेष्वनुगृह्य संप्रतिगृहीत-वचनस्तेन राज्ञा सबहुमानमभिवीक्ष्यमाणस्तमेव वनान्तं प्रविवेश ॥

तदेवं जिघांसुमप्यापद्गतमनुकम्पन्त एव महाकारुणिका नोपेक्षन्त इति करुणावर्णेऽपि वाच्यम् । तथागतमाहात्म्ये सत्कृत्य धर्मश्रवणे । अवैरेण वैरप्रशमननिदर्शने च क्षान्तिकथायामप्युपनेयम् । एवं तिर्यग्गतानामपि महात्मनां वधकेष्वपि सानुक्रोशा प्रवृत्तिर्दृष्टा । को मनुष्यभूतः प्रव्रजितप्रतिज्ञो वा सत्त्वेष्वनुक्रोशविकलः शोभेतेति प्राणिषु सानुक्रोशेनार्येण भवितव्यम् ।

॥ इति शरभ–जातकं पञ्चविंशतितमम् ॥

★ ★ ★

સુખનો આશરો શોધવામાં અને દુઃખને દૂર ખસેડવામાં બધા જ પ્રાણીઓ એક સમાન ચિત્તવાળા હોય છે. આ વાત ધ્યાનમાં લઈને, જે પોતાની જાતને ન ગમે તેવું હોય, તે પારકાને વિશે આચરવું યોગ્ય નથી. (૨૬)

પાપથી દુઃખ જન્મે છે, કીર્તિનો ક્ષય થાય છે, સજ્જનો દ્વારા નિંદા થાય છે–એ વાત જાણીને પાપને તો શત્રુપક્ષ હોય તેમ ઓળખીને ઉખેડી નાંખવું જોઈએ; જેમ રોગની ઉપેક્ષા ન કરી શકાય તેમ તે (પાપ)ની પણ તારે ઉપેક્ષા ના કરવી જોઈએ. (૨૭)

જે (પુણ્ય)ના સેવન થકી લક્ષ્મીના નિવાસ સમું અને લોકમાન્ય એવું રાજત્વ તમને મળ્યું છે; તે પુણ્યોને જ તમારે વધારવા જોઈએ; આ ઉપકારી પક્ષને કૃશ ન થવા દેવાય. (૨૮)

કાલોચિત એવાં સુંદર અને વિપુલ દાનો વડે, તથા સાધુજનોની સંગતિથી એકઠા થયેલા ચારિત્ર્ય વડે જેવી રીતે પોતાની જાતનું હિત કરવાની બુદ્ધિ હોય તેમ સૌ ભૂતો ઉપર (બુદ્ધિ રાખવી જોઈએ). (તમે) એ પુણ્યોનો સંચય કરો, કે જે યશ અને સુખનાં (ખરાં) સાધનો છે." (૨૯)

આ પ્રમાણે, તે મહાત્માએ તે રાજાને પારલૌકિક બાબતોને વિશે ભાર દઈને (ઉપદેશ આપવા રૂપ) અનુગ્રહ કરીને, [નગરમાં આવવાના] તે (રાજા)નાં વચનોને પાછાં આપ્યાં. હવે રાજા વડે સબહુમાન જોવાતાં તે (શરભ બોધિસત્ત્વ) તે જ વનમાં પાછા પ્રવેશી ગયા.

તો આ રીતે, "હણવાની ઇચ્છા રાખનાર (શિકારી)નેં પણ, જો તે આપત્તિ આવી પડે તો તેની ઉપર પણ, મહાન કરુણા ધરાવનારા વ્યક્તિઓ અનુકંપા જ દર્શાવે છે; અને તેમની ક્યારેય ઉપેક્ષા કરતા નથી." આ વાત કરુણાનું વર્ણન કરતી વખતે કહેવી જોઈએ. વળી, તથાગત બુદ્ધનો મહિમા ગાતી વખતે અને આદરપૂર્વક ધર્મનું શ્રવણ કરતી વખતે (પણ આ કથા કહેવી જોઈએ).

"અ–વૈરથી વૈરનું પ્રશમન થાય છે." એના એક નમુના તરીકે, ક્ષાન્તિ (પારમિતા)ની કથામાં પણ વાત પ્રકટ કરવી જોઈએ.

આમ તિર્યગ્–યોનિમાં રહેલા હોય તો પણ મહાત્માઓ પોતાનો વધ કરવા ઉદ્યત થયેલા (શિકારી) ઉપર પણ **અનુક્રોશ** ભરી પ્રવૃત્તિ દાખવનારા હોય છે.

"જે માણસ હોય; અથવા જેણે પ્રવ્રજ્યા લેવાની પ્રતિજ્ઞા લીધી હોય તે, જો પ્રાણીઓને વિશે અનુક્રોશ દાખવવામાં પાછીપાની કરે તો તે વ્યક્તિ કેવી રીતે શોભે ?" એ વિચારીને કોઈપણ આર્ય વ્યક્તિએ સાનુક્રોશ બનવું જ જોઈએ.

આમ ૨૫મું શરભ–જાતક સંપૂર્ણ થયું.

★ ★ ★

(३४) शतपत्र–जातकम्

प्रोत्साह्यमानोऽपि साधुर्नालं पापे प्रवर्तितुमनभ्यासात् । तद्यथानुश्रूयते–

बोधिसत्त्वः किलान्यतमस्मिन् वनप्रदेशे नानाविधरागरुचिरचित्रपत्रः शतपत्रो बभूव । करुणापरिचयाच्च तदवस्थोऽपि न प्राणिहिंसाकलुषां शतपत्रवृत्तिमनुववर्त ।

बालैः प्रवालैः स महीरुहाणां पुष्पाधिवासैर्मधुभिश्च हृद्यैः ।
फलैश्च नानारसगन्धवर्णैः संतोषवृत्तिं बिभरांचकार ॥ १ ॥

धर्मं परेभ्यः प्रवदन् यथार्हमार्तान् यथाशक्ति समुद्धरंश्च ।
निवारयंश्चाविनयादनार्यानुद्भावयामास परार्थचर्याम् ॥ २ ॥

इति परिपाल्यमानस्तेन महासत्त्वेन तस्मिन् वनप्रदेशे सत्त्वकायः साचार्यक इव बन्धुमानिव सवैद्य इव राजन्वानिव सुखमभ्यवर्धत ।

दयामहत्त्वात्परिपाल्यमानो वृद्धिं यथासौ गुणतो जगाम ।
स सत्त्वकायोऽपि तथैव तेन संरक्ष्यमाणो गुणवृद्धिमाप ॥ ३ ॥

* * *

अथ कदाचित्स महासत्त्वः सत्त्वानुकम्पया वनान्तराणि समनुविचरंस्तीव्रवेदनाभिभवाद्विचेष्टमानं दिग्धविद्धमिवान्यतमस्मिन् वनप्रदेशे रेणुसंपर्कव्याकुलमलिनकेसरसटं सिंहं ददर्श । समभिगम्य चैनं करुणया परिचोद्यमानः पप्रच्छ–किमिदं मृगराज ? बाढं खल्वकल्यशरीरं त्वां पश्यामि ।

(૩૪) શતપત્ર–જાતક

ઉત્તેજીત કરવામાં આવે તો પણ સજ્જન વ્યક્તિ પાપ કરવાને વિશે સમર્થ થતો નથી, કેમ કે (એને પાપ કરવાની) ટેવ હોતી નથી. જેમ કે, આ સંબંધમાં (એક કથા) સાંભળવા મળે છે :–

એકવાર બોધિસત્ત્વ કોઈક વનપ્રદેશમાં અનેક પ્રકારના રંગથી મનોહર બનેલા ચિત્ર-વિચિત્ર પીંછાવાળા 'શતપત્ર' નામના પંખી બન્યા ! તે (પંખી)ની અવસ્થામાં હતા છતાંય (તેમને) કરુણાનો ઘેરો પરિચય હોવાને કારણે, જેવા બીજાં શતપત્ર–પક્ષીઓ કરે તેવી પ્રાણીઓની હિંસા કરવા રૂપ કલુષિત પ્રવૃત્તિ નહોતા કરતા.

તેઓ વૃક્ષોનાં નવાં અંકુરો અને પલ્લવો વડે હૃદ્ય અને મધુર એવાં પુષ્પો વડે, તથા વિવિધ પ્રકારના સુગંધિત રસોવાળાં ફળો વડે સંતોષવૃત્તિ ધારણ કરીને રહેતા હતા. (૧)

બીજાઓને યથાયોગ્ય ધર્મ કહેતા રહેતાં, દુઃખિયાંઓનો, યથાશક્તિ ઉદ્ધાર કરતાં, અનાર્યોને અવિનયમાંથી નિવારી લેતાં તેઓ (કેવળ) પરોપકાર-પૂર્વકની દિનચર્યા વિતાવતા હતા. (૨)

આ પ્રમાણે તે વન–પ્રદેશમાં આ મહાસત્ત્વ વડે પરિપાલિત થયેલાં પ્રાણીઓનો સમૂહ, જાણે કે તેમને આચાર્ય મળી ગયા હોય, જાણે તેમને ભાઈ મળી ગયો હોય, જાણે કોઈ વૈદ્ય મળી ગયો હોય, જાણે કોઈ (રક્ષક) રાજા મળી ગયો હોય તેમ તે (સમૂહ) સુખપૂર્વક વધવા લાગ્યો.

દયાના મહિમાથી પરિપાલિત તે પ્રાણીઓનો સમૂહ જેવી રીતે સંખ્યામાં વધતો ગયો, તેવી જ રીતે તેમનાથી (= તે બોધિસત્ત્વથી) સંરક્ષાયેલો તે સમૂહ ગુણોની વૃદ્ધિને પણ પામ્યો. (૩)

* * *

હવે તે મહાસત્ત્વે પ્રાણીઓ ઉપરની અનુકંપાથી જુદા જુદા વનોમાં ફરતાં ફરતાં ક્યારેક તીવ્ર વેદનાથી ઘેરાઈ ગયેલા, તરફડિયાં મારતાં, જાણે કે ઝેરી બાણથી વીંધાયેલ હોય તેવા અને ધૂળના સ્પર્શથી જેની કેશવાળી અસ્તવ્યસ્ત અને મલિન થઈ ગઈ છે તેવા એક સિંહને કોઈક વનપ્રદેશમાં જોયો. કરુણાથી પ્રેરાયેલા તે (બોધિસત્ત્વ) એની પાસે જઈને પૂછે છે કે – "હે મૃગરાજ ! આ શું થયું ? આકળ-વિકળ થતા શરીરવાળા તમને હું જોઈ રહ્યો છું; (તો શું છે ?)"

द्विपेषु दर्पातिरसानुवृत्त्या
जवप्रसङ्गादथवा मृगेषु ।
कृतं तवास्वास्थ्यमिदं श्रमेण,
व्याधेषुणा वा रुजया कयाचित् ॥ ४ ॥

तद् ब्रूहि वाच्यं मयि चेदिदं
ते यदेव वा कृत्यमिहोच्यतां तत् ।
ममास्ति या मित्रगता च
शक्तिस्तत्साध्यसौख्यस्य भवान् सुखी च ॥ ५ ॥

सिंह उवाच—साधो पक्षिवर ! न मे श्रमजातमिदमस्वास्थ्यं रुजया व्याधेषुणा वा । इदं त्वस्थिशकलं गलान्तरे विलग्नं शल्यमिव मां भृशं दुनोति । न ह्येनच्छक्नोम्यभ्यवहर्तुमुद्गरितुं वा । तदेष कालः सुहृदाम् । यथेदानीं जानासि, तथा मां सुखिनं कुरुष्वेति ॥

अथ बोधिसत्त्वः पटुविज्ञानत्वाद्विचिन्त्य शल्योद्धरणोपायं तद्वदनविष्कम्भप्रमाणं काष्ठमादाय तं सिंहमुवाच—या ते शक्तिस्तया सम्यक् तावत्स्वमुखं निर्व्यादेहीति । स तथा चकार । अथ बोधिसत्त्वस्तदस्य काष्ठं दन्तपाल्योरन्तरे सम्यग्निवेश्य प्रविश्य चास्य गलमूलं तत्तिर्यगवस्थितमस्थिशकलं वदनाग्रेणाभिहत्यैकस्मिन् प्रदेशे समुत्पादितशैथिल्यमितरस्मिन् परिगृह्य पर्यन्ते विचकर्ष । निर्गच्छन्नेव तत्तस्य वदनविष्कम्भणकाष्ठं निपातयामास ।

सुदृष्टकर्मा निपुणोऽपि शल्यहृन्न तत्प्रयत्नादपि शल्यमुद्धरेत् ।
यदुज्जहारानभियोगसिद्धया स मेधया जन्मशतानुबद्धया ॥ ६ ॥

उद्धृत्य शल्येन सहैव तस्य दुःखं च तत्संजनितां शुचं च ।
प्रीतः स शल्योद्धरणाद्यथासीत् प्रीतः सशल्योद्धरणात्तथासीत् ॥ ७ ॥

હાથીઓની વચ્ચે દર્પાતિશયથી પ્રવૃત્તિ કરવાને કારણે, કે પછી મૃગલાંઓની પાછળ વેગપૂર્વક જવાના થાકથી તમને આ અસ્વાસ્થ્ય મળ્યું છે ? કે કોઈ શિકારીના બાણથી અથવા અન્ય કોઈક વ્યાધિથી (આ અસ્વાસ્થ્ય પ્રાપ્ત થયું છે ?) (૪)

મને જો આ કહેવા યોગ્ય હોય, તો કહો, અથવા મારે કરવા જેવું કશું હોય તો તે પણ કહો. મિત્ર તરીકે મારામાં જે શક્તિ રહેલી હશે; તેનાથી (= તે શક્તિથી) સાધી આપેલા સુખથી આપ સુખી થાવ." (૫)

સિંહ બોલ્યો :– "હે શ્રેષ્ઠ પક્ષી ! ધન્ય છે તને. મારું આ અસ્વાસ્થ્ય કોઈ પરિશ્રમથી કે કોઈ રોગથી, અથવા કોઈ શિકારીના બાણથી ઉત્પન્ન નથી થયું. પણ, આ એક હાડકાનો (નાનો) ટૂકડો ગળામાં એવો ભરાઈ ગયો છે કે જેથી તે શૂળની જેમ મને બહુ દુઃખ આપી રહ્યો છે. હું તે (હાડકા)ને ચાવી જવા કે ગળી જવા માટે કોઈ રીતે શક્તિમાન નથી. તો મિત્રોને માટે આ (મદદ કરવાનો) સમય છે. આપ હવે આ વિશે જે જાણતા હો, તેના થકી મને સુખી કરો."

હવે બોધિસત્ત્વે પોતાની તીક્ષ્ણ બુદ્ધિને કારણે, (સિંહના મુખમાં ફસાયેલા) શલ્યને બહાર ખેંચી કાઢવાનો ઉપાય વિચારી લઈને; તે (સિંહ)ના મુખ-વિસ્તારના માપનું એક લાકડું લઈને, તે સિંહને કહ્યું :– "તમારી જેટલી શક્તિ હોય, તેનાથી તમે સારી પેઠે પોતાનું મુખ પહોળું કરો." તેણે (સિંહે) તેમ કર્યું. ત્યારે બોધિસત્ત્વે (શતપત્રે) તે (સિંહ)ની દંતપંક્તિની વચ્ચે પેલા લાકડાને સારી રીતે ગોઠવી દઈને, તે (સિંહ)ના ગળામાં પ્રવેશીને; ત્યાં ત્રાંસા ભરાઈ ગયેલા પેલા હાડકાના ટૂકડાને, પોતાની ચાંચના અગ્રભાગથી ખેંચી કાઢીને, એક બાજુએ ઢીલા પડેલાને બીજી બાજુથી પકડીને પૂરેપૂરો ખેંચી કાઢ્યો. પછી (પોતે) બહાર નીકળતી વખતે, મોંને પહોળું કરી રાખનારા પેલા લાકડાને પણ નીચે આડું પાડી દીધું !

ઝીણવટભરી રીતે જોઈને કામ કરનારો બીજો કોઈ નિપુણ શલ્ય કાઢી આપનારો પણ, પ્રયત્નપૂર્વક પણ તે શલ્યને કાઢી શકે તેમ ન હતો; તે (શલ્ય)ને આણે સેંકડો જન્મોની પરમ્પરાથી પ્રાપ્ત મેધા વડે અને અનાયાસ રીતે જ બહાર કાઢી આપ્યું. (૬)

શલ્યની સાથે જ તે(સિંહ)નું દુઃખ અને તેની સાથે જન્મેલ શોક હતો તેને પણ કાઢી લઈને, તે (બોધિસત્ત્વ) એ શલ્યને બહાર કાઢવાથી એટલો જ પ્રસન્ન હતો કે જેટલો પ્રસન્ન પેલો સિંહ પોતાનું શલ્ય દૂર થતાં હતો. (૭)

धर्मता ह्येषा सज्जनस्य ।

प्रसाध्य सौख्यं व्यसनं निवर्त्य वा
सहापि दुःखेन परस्य सज्जनः ।
उपैति तां प्रीतिविशेषसंपदं न
यां स्वसौख्येषु सुखागतेष्वपि ॥ ८ ॥

इति स महासत्त्वस्तस्य तद्दुःखमुपशमय्य प्रीतहृदयस्तमामन्त्र्य सिंहं प्रतिनन्दितस्तेन यथेष्टं जगाम ॥

अथ स कदाचित्प्रविततरुचिरचित्रपत्रः शतपत्रः परिभ्रमन् किंचित्क्वचित् तद्विधमाहारजातमनासाद्य क्षुदग्निपरिगततनुस्तमेव सिंहमचिरहतस्य हरिणतरुणस्य मांसमुपभुञ्जानं, तद्रुधिरानुरञ्जितवदननखरकेसराग्रं, संध्याप्रभासमालब्धं शरन्मेघविच्छेदमिव ददर्श ।

कृतोपकारोऽपि तु न प्रसेहे वक्तुं स याच्ञाविरसाक्षरं तम् ।
विशारदस्यापि हि तस्य लज्जा तत्कालमौनव्रतमादिदेश ॥ ९ ॥

कार्यानुरोधात्तु तथापि तस्य चक्षुष्पथे ह्रीविधुरं चचार ।
स चानुपश्यन्नपि तं दुरात्मा निमन्त्रणामप्यकरोन्न तस्य ॥ १० ॥

शिलातले बीजमिव प्रकीर्णं हुतं च शान्तोष्मणि भस्मपुञ्जे ।
समप्रकारं फलयोगकाले कृतं कृतघ्ने विदुले च पुष्पम् ॥ ११ ॥

अथ बोधिसत्त्वो नूनमयं मां न प्रत्यभिजानीत इति निर्विशङ्कतरः समभिगम्यैनमर्थिवृत्या प्रयुक्तयुक्ताशीर्वादः संविभागमयाचत –

पथ्यमस्तु मृगेन्द्राय विक्रमार्जितवृत्तये ।
अर्थिसंमानमिच्छामि त्वद्यशःपुण्यसाधनम् ॥ १२ ॥

સજ્જનનો તો આ ધર્મ જ છે કે –

પારકાના દુઃખની સાથે જ તેની મુશ્કેલી દૂર કરીને, અથવા તેને સુખ પહોંચાડીને તે સજ્જન જેટલી વિશેષ પ્રસન્નતાને પામે છે, તેટલી પ્રસન્નતા તેને પોતાને સુખપૂર્વક (= અનાયાસે) મળી આવેલી સુખ-સમૃદ્ધિથી થતી નથી. (૮)

આમ તે મહાસત્ત્વ તે (સિંહ)નું દુઃખ શમાવીને પ્રસન્ન થયેલા હૃદયવાળો બનીને તે સિંહની પાસેથી વિદાય લઈને, અને તેણે (સિંહે) કરેલી આભારવિધિ સ્વીકારીને પોતાના યથેચ્છ સ્થાને જતો રહ્યો. (= શતપત્ર ત્યાંથી ઊડી ગયું).

પછી ક્યારેક પોતાના મનોહર રંગીન પીંછા ફેલાવેલા તે શતપત્ર (બોધિસત્ત્વ) ચારે બાજુએ ફરતા હતા. ક્યાંયથી કશું પણ એ પ્રકારનું ખાવાનું નહીં મળતાં, ક્ષુધા રૂપી અગ્નિથી બળતા શરીરવાળા તેમણે તે જ સિંહને જોયો; તે (સિંહ) તે ક્ષણે જ મારેલા યુવાન હરણના માંસને ખાઈ રહ્યો હતો; અને તે (હરણ)ના લોહીથી તેનું મુખ, નખ અને કેશવાળી રંગાયેલી હતી; જેથી તે સાંજના સમયની લાલ આભાથી રંગાયેલ શરદ્ ઋતુના વાદળની જેમ દેખાઈ રહ્યો હતો.

જો કે (શતપત્ર—પક્ષીએ) તે (સિંહ)ની ઉપર (પહેલાં) ઉપકાર કરેલો હતો, છતાંય તે યાચના કરવા રૂપ, રૂક્ષ અક્ષરો બોલી શક્યો નહીં. (આમ બોલવામાં) તે વિશારદ હતા તો પણ લજ્જાએ તેમને તત્કાલ તો મૌનવ્રત જાળવી રાખવાનો જ આદેશ આપ્યો. (૯)

પરંતુ કાર્યવશાત્ (= ભૂખને કારણે) છેવટે તે (સિંહ)ના દૃષ્ટિના માર્ગમાં લજ્જા છોડીને ચક્કર મારવા માંડ્યા. તે (સિંહ) તેમને (= શતપત્રને) જોતો હતો તો પણ તેમને (ભોજન માટે) નિમંત્રણ આપ્યું નહીં. (૧૦)

પથ્થરમાં વાવેલું જેમ બીજ હોય, કે જેમાંથી ગરમી ચાલી ગઈ છે તેવી રાખોડીના ઢગલામાં હોમેલી આહુતિ ફળ આપવાના સમયે એક સરખા (= નકામા) પૂરવાર થાય છે, તેમ વિદુલના (જળમાં ઉગેલા નેતરના) છોડ ઉપર ઉગેલું ફૂલ અને કૃતઘ્ન વ્યક્તિ ઉપર કરેલો ઉપકાર ફળ આપવાના સમયે નિષ્ફળ જાય છે. (૧૧)

હવે બોધિસત્ત્વે ''ચોક્કસ જ આ મને ઓળખી શકતો નથી.'' એમ નિઃશંકપણે વિચારીને, તેની સમીપ જઈને, તેને યોગ્ય આશીર્વાદ આપીને, યાચકવૃત્તિથી (તેની પાસેથી) દાનનો ભાગ માંગ્યો :–

પરાક્રમ કરીને આહાર મેળવનાર મૃગેન્દ્ર (સિંહ)નું કલ્યાણ હજો. તમારા યશ અને પુણ્યને સાધી આપનાર અંવું એક યાચકનું (તમે) સમ્માન કરો એમ હું ઇચ્છું છું. (૧૨)

इत्याशीर्वादमधुरमप्युच्यमानोऽथ सिंहः क्रौर्यमात्सर्यपरिचयादनुचितार्यवृत्तिः कोपाग्निदीप्तयातिपिङ्गलया दिधक्षन्निव विवर्तितया दृष्ट्या बोधिसत्त्वमीक्षमाण उवाच—मा तावद्भोः ।

दयाक्लैब्यं न यो वेद खादन् विस्फुरतो मृगान् ।
प्रविश्य तस्य मे वक्त्रं यज्जीवसि न तद्बहु ॥ १३ ॥

मां पुनः परिभूयैवमासादयसि याच्ञया ।
जीवितेन नु खिन्नोऽसि परं लोकं दिदृक्षसे ॥ १४ ॥

अथ बोधिसत्त्वस्तेन तस्य रूक्षाक्षरक्रमेण प्रत्याख्यानवचसा समुपजातव्रीडस्तत्रैव नभः समुत्पपात । पक्षिणो वयमित्यर्थतः पक्षविस्फारणशब्देनैनमुक्त्वा प्रचक्राम ॥

अथान्यतमा वनदेवता तस्य तमसत्कारमसहमाना धैर्यप्रयामजिज्ञासया वा समुत्पत्य तं महासत्त्वमुवाच—पक्षिवर, कस्मादिममसत्कारमस्य दुरात्मनः कृतोपकारः सन् संविद्यमानायां शक्तावपि मर्षयसि ? कोऽर्थः कृतघ्नेनानेनैवमुपेक्षितेन ?

शक्तस्त्वमस्य नयने वदनाभिघाताद्
विस्फूर्जितः प्रमथितुं बलशालिनोऽपि ।
दंष्ट्रान्तरस्थमपि चामिषमस्य हर्तुं
तन्मृष्यते किमयमस्य बलावलेपः ॥ १५ ॥

अथ बोधिसत्त्वस्तथाप्यसत्कारविप्रकृतः प्रोत्साह्यमानोऽपि तया वनदेवतया स्वां प्रकृतिभद्रतां प्रदर्शयन्नुवाच—अलमलमनेन क्रमेण । नैष मार्गोऽस्मद्विधानाम् ।

आर्ते प्रवृत्तिः साधूनां कृपया न तु लिप्सया ।
तामवैतु परो मा वा तत्र कोपस्य को विधिः ॥ १६ ॥

આમ આશીર્વાદથી મધુર બનેલું વાક્ય તેને કહેવાયું તો પણ તે સિંહ, તેને (સતત) ક્રૂરતા અને ઈર્ષ્યાનો જ પરિચય હતો તેથી આર્ય વ્યક્તિ તરફ ઉચિત વૃત્તિવાળો તે ન હતો. જાણે તે (સિંહ) કોપાગ્નિની અતિશય પીળી જ્વાળાથી પ્રજ્વલિત હોય તેમ, ત્રાંસી ફેરવેલી દૃષ્ટિથી બોધિસત્ત્વને જોતો જોતો તે બોલ્યો :— ''નહીં, જરીકે ય નહીં.....

દયા કરવા રૂપી કાયરતાને જે જાણતો નથી, અને જે તરફડિયા મારતાં પશુઓને ખાય છે તે (સિંહ)ના મુખમાં પ્રવેશ્યા પછીય તું હજુ જીવતો છે તે શું બહુ નથી ? (૧૩)

તો પછી માંગણી કરીને મને ફરી ફરીને શા માટે હેરાન કરી રહ્યો છું. જીવન થકી તું હારી ગયો લાગું છું; અને હવે પરલોકને જોવાની ઈચ્છા કરી રહ્યો લાગું છું." (૧૪)

હવે બોધિસત્ત્વને તેના તે કઠોર અક્ષરોના રૂપમાં તિરસ્કારનાં વાક્યો (સાંભળવા)થી (મનમાં) લજ્જા જન્મી; આથી ત્યાંથી જ તે આકાશમાં ઊડી ગયા. પાંખો ફેલાવવાથી થતા અવાજ વડે જ જાણે તે કહેતા ગયા કે અમે તો યથાર્થ રીતે જ પક્ષીઓ (= પાંખોવાળા) છીએ.

તે (સિંહ)ના (દ્વારા કરવામાં આવેલા) તેમના (= બોધિસત્ત્વના) અસત્કારને સહન નહીં કરી શકતા કોઈ એક વનદેવતા '(બોધિસત્ત્વમાં) ધૈર્ય કેટલું લાંબું છે ?' તે જાણવાની ઈચ્છાથી, તે મહાસત્ત્વ (શતપત્ર)ની પાસે આવીને કહે છે :— "હે પક્ષીશ્રેષ્ઠ ! તમે આ દુરાત્માની ઉપર ઉપકાર કર્યો છે અને તમારામાં (એને સીધો કરવાની) શક્તિ પણ છે તો પણ શા કારણે આના અસત્કાર (= તિરસ્કાર)ને તમે સહી લો છો ? આવા કૃતઘ્નીની ઉપેક્ષા કરવાથી શો ફાયદો ?

ઝાપટો મારતા એવા તમે (તમારી) ચાંચના ઘાથી તે બળશાળી (સિંહ)ની બે આંખો મથી (= ફોડી) નાખવા શક્તિમાન છો. તેની બે દાઢની વચ્ચે રહેલા માંસને ખૂંચવી લેવા પણ (તમે) સમર્થ છો, તો પછી આના બળનો ગર્વ તમે કેમ સહી લો છો ?" (૧૫)

ત્યાર પછી (સિંહ દ્વારા) અસત્કાર કરવાથી અપમાનિત થયેલા બોધિસત્ત્વ, તે વનદેવતા વડે ઉશ્કેરવામાં આવતા હતા છતાંય, પોતાના સ્વભાવની ભદ્રતા પ્રદર્શિત કરતાં કહે છે :— રહેવા દો, રહેવા દો. આમ કરવાથી અટકી જાવ. અમારા જેવા માટેનો આ માર્ગ જ નથી.

સજ્જનો દુ:ખી વ્યક્તિને (મદદ કરવાની) જે પ્રવૃત્તિ કરે છે તે કૃપાથી પ્રેરાઈને કરે છે; નહીં કે કોઈ લાભની ઈચ્છાથી. [મેં દર્શાવેલી] તે (કૃપા)ને પારકો વ્યક્તિ માને કે ન માને; એમાં કોપ કરવાને કોઈ અવસર જ નથી. (૧૬)

वञ्चना सा च तस्यैव यन्न वेत्ति कृतं परः ।
को हि प्रत्युपकारार्थी तस्य भूयः करिष्यति ॥ १७ ॥

उपकर्ता तु धर्मेण परतस्तत्फलेन च ।
योगमायाति नियमादिहापि यशसः श्रिया ॥ १८ ॥

कृतश्चेद्धर्म इत्येव कस्तत्रानुशयः पुनः ।
अथ प्रत्युपकारार्थम् ऋणदानं, न तत्कृतम् ॥ १९ ॥

उपकृतं किल वेत्ति न मे परस्तदपकारमिति प्रकरोति यः ।
ननु विशोध्य गुणैः स यशस्तनुं द्विरदवृत्तिमभिप्रतिपद्यते ॥ २० ॥

न वेत्ति चेदुपकृतमातुरः परो न
योक्ष्यतेऽपि स गुणकान्तया श्रिया ।
सचेतसः पुनरथ को भवेत्क्रमः
समुच्छ्रितं प्रमथितुमात्मनो यशः ॥ २१ ॥

इदं त्वत्र मे युक्तरूपं प्रतिभाति –

यस्मिन् साधूपचीर्णेऽपि मित्रधर्मो न लक्ष्यते ।
अनिष्ठुरम् असंरब्धम् अपयायाच्छनैस्ततः ॥ २२ ॥

अथ सा देवता तत्सुभाषितप्रसादितमनाः साधु साध्विति पुनरुक्तमभिप्रशस्य तत्तत्प्रियमुवाच –

ऋते जटावल्कलधारणश्रमाद्-
भवानृषिस्त्वं विदितायतिर्यतिः ।
न वेषमात्रं हि मुनित्वसिद्धये
गुणैरुपेतस्त्विह तत्त्वतो मुनिः ॥ २३ ॥

જે (ઉપકાર) કરેલો જાણતો નથી, એમાં તો તેની પોતાની જ વંચના (હાનિ) થવાની છે. કેમ કે પ્રત્યુપકાર મેળવવાની ઇચ્છાવાળો, બીજો કોણ પછી તેને મદદ કરશે ? (૧૭)

ઉપકાર કરનાર વ્યક્તિ ધર્મની સાથે જોડાય છે; અને પરલોકમાં (ગયા પછી) તેના ફળની સાથે એક નિયમ તરીકે, જોડાય છે; એવી જ રીતે આ લોકમાં પણ તે (ઉપકાર કરનારો) યશોલક્ષ્મીની સાથે જોડાય છે. (૧૮)

આ ધર્મ છે એમ સમજીને (દુ:ખીને) મદદ કરી હોય તો પછી એમાં અનુતાપ ક્યાં કરવાનો રહ્યો ? જો તે (ઉપકાર) પ્રત્યુપકાર મેળવવાની ઇચ્છાથી કર્યો હોય તો, એ તો (કોઈના માથે) ઋણ ચઢાવ્યું એમ કહેવાય; એને ઉપકાર કર્યો એમ ના કહેવાય. (૧૯)

મારા કરેલા ઉપકારને કોઈ જાણતો નથી (એમ વિચારીને) પછી બીજો કોઈ (માણસ) તેની ઉપર અપકાર કરે છે, તો તે પહેલાં ગુણો વડે યશ:શરીરને સાફ કરી લીધા પછી હાથીના જેવી પ્રવૃત્તિ★ શરૂ કરે છે (એમ જાણવું). (૨૦)

કોઈ અસ્થિર ચિત્તવૃત્તિવાળો માણસ કરેલા ઉપકારને યાદ નથી રાખતો, તો તે ગુણની કાન્તિ સાથે પણ પોતાને જોડતો નથી. પરંતુ જે વ્યક્તિ ભાનમાં છે—જ્ઞાની છે – તે પોતાના ઉન્નત થયેલા યશને નષ્ટ કરી દેવા તૈયાર થાય, તો તે શું યોગ્ય કહેવાશે ? (૨૧)

આ સ્થિતિમાં મને તો આ જ યોગ્ય લાગે છે :–

ઉપકાર કર્યા પછીય જેનામાં મિત્રધર્મ(નો ઉદય થયેલો) ના દેખાય; તો (ઉપકર્તાએ) નિષ્ઠુર બન્યા વિના, ક્રોધ કર્યા વિના, ધીમેથી ત્યાંથી ચાલ્યા જ જવું જોઈએ. (૨૨)

ત્યાર પછી, આ સુભાષિત વચનોથી પ્રસન્ન થયેલા પેલી વન દેવતાએ ''સાધુ.....સાધુ'' એવું ફરી ફરીને કહીને પ્રશંસા કરી, અને તે તે પ્રિય વચનો કહ્યાં :–

''જો કે તમે (શતપત્રે) જટા અને વલ્કલ ધારણ કરવાનો શ્રમ લીધો નથી તો પણ તમે 'ઋષિ' છો; ભવિષ્યને જાણતા 'યતિ' છો. મુનિત્વની સિદ્ધિ કરવા માટે એકલો પહેરવેશ પૂરતો નથી; પણ જે ગુણોથી યુક્ત થયો છે તે જ તત્ત્વત: 'મુનિ' બન્યો છે. (૨૩)

★ = હાથી જળમાં સ્નાન કરી લીધા પછી, બહાર નીકળીને પોતે જ પોતાની ઉપર ધૂળ ઉડાડે છે !

इत्यभिलक्ष्य प्रतिपूज्यैनं तत्रैवान्तर्दधे ॥

* * *

तदेवं प्रोत्साह्यमानोऽपि साधुर्नालं पापे प्रवर्तितुमनभ्यासादिति सज्जनप्रशंसायां वाच्यम्। एवं क्षान्तिकथायामप्युपनेयम्—एवं क्षमापरिचयान्न वैरबहुलो भवति, नावद्यबहुलो बहुजनप्रियो मनोज्ञश्चेति। एवं प्रतिसंख्यानबहुलाः स्वां गुणशोभामनुरक्षन्ति पण्डिता इति प्रतिसंख्यानवर्णे वाच्यम्। तथागतमाहात्म्ये च भद्रप्रकृत्यभ्यासवर्णे च—एवं भद्रप्रकृतिरभ्यस्ता तिर्यग्गतानामपि न निवर्तत इति ॥

* * *

॥ इति शतपत्र—जातकं चतुस्त्रिंशत्तमम् ॥

* * *

॥ कृतिरियमार्यशूरपादानाम् ॥

★★★

આ વાત ધ્યાનમાં રાખીને, એ (શતપત્ર)ની પૂજા કરીને તે (દેવતા) ત્યાંથી અન્તર્ધાન થઈ ગયા.

* * *

તો આ રીતે, ''ઉશ્કેરવામાં આવે તો પણ સજ્જન વ્યક્તિ પાપની અંદર પ્રવૃત્ત થવા સમર્થ થતો નથી, કેમ કે તેને (પાપ કરવાનો) કોઈ અભ્યાસ જ હોતો નથી.'' આવું સજ્જનોની પ્રશંસામાં કહેવું જોઈએ. આ જ વાત ક્ષાન્તિની કથામાં પણ આગળ ધરવી જોઈએ. આમ ક્ષમાનો પરિચય થવાથી (માણસ ઘણા બધા) વૈરથી ઘેરાઈ જતો નથી; દૂષણોથી ભરાઈ જતો નથી. તથા તેવો વ્યક્તિ ઘણા બધાને પ્રિય થઈ પડે છે અને મનોહર પણ. જેનો વિવેક જાગૃત છે તેવા પંડિતો પોતાની ગુણશોભાને સાચવે છે—આ વાત વિવેકનું વર્ણન કરતી વખતે કહેવી જોઈએ. તથાગત બુદ્ધના મહિમાને કહેવા; તથા ભદ્ર–પ્રકૃતિના અભ્યાસનું વર્ણન કરવા માટે પણ આ કથા કહેવી જોઈએ. આવી રીતે કલ્યાણકારિણી પ્રકૃતિનો જો વારંવાર અભ્યાસ કર્યો હોય છે તો તે તિર્યગ્ યોનિમાં જન્મ મળે તો પણ, પછી તે (ભદ્રપ્રકૃતિ) છુટતી નથી.

ચોત્રીસમું (છેલ્લું) 'શતપત્ર–જાતક' પૂર્ણ થયું.

આર્યશૂરની કૃતિ 'જાતકમાલા' પૂર્ણ થઈ.

★ ★ ★

અભ્યાસનોંધ

(૧) ભૂમિકા :

આર્યશૂરે રચેલી 'જાતકમાલા'માંથી પસંદ કરેલી કુલ આઠ કથાઓનો અહીં અભ્યાસ રજૂ કર્યો છે. ગદ્યકવિ આર્યશૂરે આ 'જાતકમાલા'માં બુદ્ધના પૂર્વ અવતારો સાથે સંકળાયેલી પ્રેમ, કરુણા, દયા, દાન, પરોપકાર ઇત્યાદિ સદ્‌ગુણોની પ્રેરણા આપતી કથાઓ મૂકી છે. ભગવાન્ બુદ્ધ પોતાનાં પૂર્વજન્મોમાં 'બોધિસત્ત્વ'ના નામે ઓળખાતા હતા. આથી દરેક જાતકકથાનો મુખ્ય–નાયક આ 'બોધિસત્ત્વ' જ છે. અલબત્ત, બોધિસત્ત્વ મનુષ્ય રૂપે અવતરવા ઉપરાંત ક્યારેક ક્યારેક કપિ, શરભ, તેતર–પક્ષી કે શતપત્ર–પક્ષી વગેરે પણ બને છે. તેઓ ક્યારેક રાજા, નાવિક કે દેવરાજ ઇન્દ્ર તરીકે પણ અવતરે છે. આમ બુદ્ધે પોતાના પૂર્વ અવતારોમાં વિવિધ સ્વરૂપોમાં જન્મીને સમસ્ત જીવસૃષ્ટિને દુઃખમાંથી બહાર કાઢવા જે દાનની પરાકાષ્ઠા, દયાની પરાકાષ્ઠા, કરુણાની પરાકાષ્ઠા બતાવી છે–તે આ જાતકકથાઓનો કેન્દ્રવર્તી વિષય છે.

(૨) 'બોધિસત્ત્વ' એટલે શું ? :

તો બોધિ = જ્ઞાન કે બુદ્ધત્વ અને સત્ત્વ = પ્રાણી. આથી 'બોધિસત્ત્વ' શબ્દનો અર્થ થયો : (૧) ''બુદ્ધત્વને માટે પ્રયત્નશીલ પ્રાણી''. અથવા, (૨) જો 'સત્ત્વ' શબ્દનો અર્થ 'મન' કે 'અભિપ્રાય' કરીએ તો, 'બોધિસત્ત્વ'નો બીજો એક અર્થ પણ થશે : ''બુદ્ધત્વ મેળવવામાં જેનું મન લાગેલું છે તેવી વ્યક્તિ.''

(૩) કૃતિ, શીર્ષક અને કવિનો ટૂંક પરિચય :

સંસ્કૃતનો કોઈપણ ગ્રન્થકાર પોતાના શાસ્ત્રગ્રન્થ કે કાવ્યગ્રન્થની શરૂઆત કરે છે, ત્યારે નિર્વિઘ્ને ગ્રન્થની રચના થાય તે માટે 'મંગલાચરણ' કરે છે. આવા 'મંગલાચરણ'માં તે પોતાના ઇષ્ટદેવતાને પ્રણામ કરે છે, એમના ગુણગાન ગાય છે, સ્તુતિ કરે છે; અને પછી ઇષ્ટપ્રાપ્તિ માટે પ્રાર્થના (માંગણી) કરે છે. આર્યશૂરે 'જાતકમાલા'ના પ્રારંભે કુલ ચાર શ્લોકોમાં મંગલાચરણ કર્યું છે. તેમાં સૌથી પહેલાં ૨૪ પૂર્વ–બુદ્ધોને અને બધા બોધિસત્ત્વોને પ્રણામ કર્યા છે. તેમણે 'જાતકમાલા'માં કુલ ૩૪ જાતકકથાઓને ગૂંથી છે. એક એક જાતક–કથા તે ભગવાન બુદ્ધની અર્ચના કરવા માટેનું એક–એક પુષ્પ છે. આવાં ૩૪ પુષ્પોની જે ''માળા'' તે 'જાતકમાલા' એવો શીર્ષકનો અર્થ થયો. 'જાતક–કથાઓ રૂપી પુષ્પોની માળા'ને 'જાતકમાલા' કહેવાય.

મૂળ 'ત્રિપિટક'ના જ એક ભાગ રૂપે આવેલી જાતક–કથાઓ પાલિ–ભાષામાં લખાયેલી છે. આ પાલિ જાતકો મૂળમાં તો કેવળ 'ગાથા' (શ્લોક) સ્વરૂપે જ હતી, પણ તેની આસપાસ પૂર્વાપર સન્દર્ભ સાથે કથાઓ જોડીને, जातकट्ठकहाओ (જાતક અર્થકથાઓ)ની પણ (ઇ.સ. પૂર્વે ૨૦૦) રચના કરવામાં આવી. આવી પાલિમાં લખાયેલી જાતકકથાઓ ૫૪૭ છે. પરંતુ તેમાંથી અમુક અમુક જાતક કથાઓને પસંદગી આપીને આર્યશૂરે કેવળ ૩૪ જાતકકથાઓની 'જાતકમાલા' બનાવી છે. 'જાતકમાલા'માં આવેલી જાતકકથાઓ સંસ્કૃત–ભાષામાં રચાયેલી છે.

આર્યશૂરે 'જાતકમાલા'ની રચના ઇ.સ. ૩૫૦ થી ૪૦૦ના ગાળામાં કરી છે; તથા તે સંસ્કૃત–ગદ્યમાં છે. સમયની દૃષ્ટિએ આર્યશૂર અન્ય ગદ્યકવિઓ, જેવા કે – સુબન્ધુ, બાણ, દણ્ડિન્ કરતાંય પુરોગામી કવિ છે. આથી તેમને અલંકૃત સંસ્કૃત ગદ્યકાવ્યના 'આદ્ય–કવિ' કહી શકીએ.

કવિ અને કૃતિ વિશે આટલી પ્રાથમિક માહિતી મેળવ્યા પછી, હવે આપણે 'મંગલાચરણ'ના શ્લોકોનો અભ્યાસ શરૂ કરીશું :–

(૪) મંગલાચરણ :

શ્લોક–૧ : अहं आर्यशूरः–'હું આર્યશૂર' (આટલાં કર્તાવાચક પદોનો અધ્યાહાર લેવાનો છે.) मुनेः–(ગૌતમ) મુનિના, पूर्वजन्मसु (कृतानि)–પૂર્વજન્મમાં કરેલાં, चरिताद्भुतानि–અદ્ભુત ચરિતોને, भक्त्या–ભક્તિથી, स्व–काव्य–कुसुमा-ञ्जलिना–પોતાનાં કાવ્યરૂપી કુસુમોની અંજલિ વડે, अर्चयिष्ये–અર્ચના કરીશ. અહીં આ श्रीमन्ति..... થી मनोहराणि સુધીનાં પદો 'અદ્ભુત ચરિતો'નાં વિશેષણો છે.

શ્લોક–૨ : सुगतत्व–मार्गः–ભગવાન્ બુદ્ધના માર્ગને 'સુગત'નો માર્ગ કહે છે. (આવી જ રીતે બુદ્ધને 'તથાગત' પણ કહે છે.) 'પ્રમાણ–વાર્તિક' (૧–૧૪૧–૩)ની દૃષ્ટિએ વિચારીએ તો ''દુઃખનાં કારણોનો નિરોધ કરવો'' તેને જ સુગતત્વનો માર્ગ કહે છે. આ શ્લોકમાં, આર્યશૂર 'જાતકમાલા' કાવ્ય લખવાનું પ્રયોજન કહે છે : रूक्षमनसाम्–રૂક્ષ મનવાળા વ્યક્તિને બોધિસત્ત્વના જીવનની વાતો આનંદ આપશે; અને धर्म्याः कथाः–ધાર્મિક કથાઓ, रमणीयतरत्वम्–વધારે રમણીય, ईयुः–બનશે; પ્રાપ્ત થશે.

શ્લોક–૩ : આ 'જાતકમાલા'ની રચના કેવળ लोकार्थम्–જનકલ્યાણને માટે જ છે. ગ્રન્થરચના કયા માર્ગે કરાશે ? તો કવિ કહે છે કે – श्रुति–आर्ष–युक्ति–अविगुणेन पथा प्रयत्नः करिष्यते । શાસ્ત્ર, ઋષિ પરમ્પરા અને યુક્તિ (એટલે કે તર્ક)થી યુક્ત એવા અનિંદનીય માર્ગે–પ્રયત્ન કરાશે. કવિ 'લોકોત્તમ' એવા બુદ્ધના ચરિતોથી શું કરવા માંગે છે ? તો કહે છે કે स्वं प्रातिभं श्रुतिवल्लभत्वम् गमयितुम्

(प्रयत्नः करिष्यते)–પોતાની કાવ્ય–પ્રતિભાને કાને સાંભળવા યોગ્ય બનાવવા છે ! મોટા મહાત્માઓના ચરિતને કથાવસ્તુ તરીકે લઈને, જો કોઈ ઓછી પ્રતિભાવાળો નાનો/નવો કવિ પણ કાવ્ય રચે તો લોકો એને સાંભળતા હોય છે ! – ખરેખર તો આમ કહેવામાં કવિ આર્યશૂરની નમ્રતા જ છે.

શ્લોક–૪ : यस्य परार्थचरस्य (बुद्धस्य) જે પરોપકારાર્થે જીવન જીવ્યા છે તેવા (બુદ્ધ)ની, गुणप्रतिपत्तिशोभा–ગુણથી ભરેલી શોભા, न एव अनु + अगम्यत – અનુસરાતી નથી. કોના વડે ? તો स्वार्थोद्यतैः (जनैः) – સ્વાર્થ સાધવામાં જ રચ્યા–પચ્યા રહેતા માણસો વડે.

શ્લોકના ઉત્તરાર્ધમાં કવિ બુદ્ધને પ્રણામ કરે છે : 'सर्वज्ञ'–''સર્વજ્ઞ = બધું જ (દુ:ખ, દુ:ખનું કારણ, દુ:ખની નિવૃત્તિનો ઉપાય વગેરે) જાણનાર'', इति–એવો શબ્દ જેમને માટે યોગ્ય રીતે વપરાય છે. अवितथाक्षर–दीप्तकीर्ति–('સર્વજ્ઞ' એવા) જરીકેય ખોટા નહીં તેવા અક્ષરોથી જેમની કીર્તિ ચમકી રહી છે તેવા, तम् असमं–(बुद्धं) તેવા અદ્વિતીય (બુદ્ધ)ને, सहधर्मसंघम्–તેમના ધર્મ અને સંઘની સાથે (अहं) नमे । – હું નમન કરું છું.

બુદ્ધધર્મમાં એક 'ત્રિરત્ન'ની માન્યતા છે : (૧) બુદ્ધ, (૨) ધર્મ અને (૩) સંઘ – આ ત્રિરત્નને પ્રણામ કરવાથી સર્વમંગલ થાય છે. કવિ આર્યશૂર હવે 'જાતકમાલા'ના એક–એક પુષ્પને ગૂંથવાની શરૂઆત કરે છે :–

(૧) વ્યાઘ્રી–જાતક

सर्वसत्त्वेषु–બધાં પ્રાણીઓ ઉપર, परः प्रसादः–ઊંડી શ્રદ્ધા, ઉત્કૃષ્ટ આદર, तद् यथा अनुश्रूयते– જેમ કે, આ બાબતમાં સાંભળવા મળે છે. આ વાક્ય દરેક નવી જાતકકથાને પ્રસ્તુત કરતાં પહેલાં એક સરખું જ મૂકવામાં આવ્યું છે.

આર્યશૂરે રજૂ કરેલી બધી જ જાતકકથાઓનું 'ફ્રેમવર્ક' એક સરખું જ છે. તેમાં પહેલો અંશ તે 'અવતરણ–પંક્તિ'નો બનેલો હોય છે; એમાં કોઈક નીતિવાક્ય મૂકીને, તેનું એક કથા દ્વારા સમર્થન કરવામાં આવે છે.

रत्नत्रयगुरुभिः–રત્નત્રય (અર્થાત્ બુદ્ધ, ધર્મ અને સંઘ)ને ગુરુ માનનારા, अस्मद्गुरुभिः–અમારા, આર્યશૂરના ગુરુ વડે, परिकीर्त्यमानम्–વારંવાર કહેવામાં આવતું, पूर्वजन्मावदानम्–(ભગવાનના) પૂર્વજન્મનું અવદાન = ઉદારચરિત કે ઉત્તમ સત્કૃત્ય. [દરેક જાતકકથાને બોધિસત્ત્વનું અવદાન પણ કહેવામાં આવે છે. આથી 'જાતકમાલા'નું બીજું એક નામ बोधिसत्त्वावदानमाला પણ છે.] बोधिसत्त्वः किल अयं–કહેવાય છે કે આ બોધિસત્ત્વ [અહીં किल અવ્યય 'ઐતિહ્ય' અર્થમાં વપરાયો છે. ''આવું ભૂતકાળમાં બન્યું હતું, તેમ સાંભળવા મળે છે.'' – એવો

તેનો અર્થ થાય છે. ક્યારેક किल શબ્દ 'દંતકથા'નો અર્થ પણ આપે છે; જે વાતમાં કોઈ આધાર ન હોય, કેવળ મૌખિક પરંપરાથી જ અમુક વાત સાંભળી હોય, માની લીધી હોય ત્યારે પણ ગ્રન્થકારો किल શબ્દનો પ્રયોગ કરે છે.] भगवान् भूतः–બોધિસત્ત્વ કે જેઓ પાછળથી ભગવાન્ બુદ્ધ બન્યા હતા, जातकर्मादिभिः (संस्कारैः)–મનુષ્ય જન્મે ત્યારથી માંડીને તેને વિવિધ પ્રકારના ૧૬ સંસ્કારો કરવામાં આવે છે, તેને જાતકર્માદિ સંસ્કાર કહે છે. જેમાં ગર્ભાધાન સંસ્કાર, પુંસ્વન સંસ્કાર, જાતકર્મ, નામકરણ, યજ્ઞોપવિત, વિવાહ અને અન્ત્યેષ્ટિ સંસ્કાર વગેરેનો સમાવેશ થાય છે.

प्रकृतिमेधावित्वात्–સ્વભાવથી જ મેધાવી હોવાને કારણે, सानाथ्यविशेषात्–ઉત્તમ સહાયથી યુક્ત હોવાને કારણે અર્થાત્ માતા–પિતા અને ગુરુ જેવાઓથી તે બોધિસત્ત્વ સનાથ હોવાને કારણે, अकौसीद्यात्–આળસ રહિત હોવાને કારણે.

શ્લોક–૫ : सः ब्रह्मविदां ब्रह्मवद् बभूव–તે (બોધિસત્ત્વ) બ્રહ્મવેત્તાઓમાં 'બ્રહ્મ' સમાન હતા; અથવા બ્રહ્મવેત્તા બ્રાહ્મણોને માટે 'વેદ' સમાન હતા.

શ્લોક–૬ : पूर्वचर्या–પહેલાંનું જીવનચરિત, પૂર્વજન્મ, अवघूय–ખંખેરીને, ત્યજીને, वनप्रस्थम्–વનપ્રદેશને, अलंचकार–શોભાવ્યું.

શ્લોક–૮ : अनुपरीतचित्ताः–જેમના ચિત્ત લેપાયેલા છે તેવા, व्याडमृगाः–હિંસક પ્રાણીઓ, तपस्विवद्–તપસ્વીઓની જેમ, विचेरुः–વિચરતા હતા.

શ્લોક–૯ : निभृतेन्द्रियत्वात्–ઇન્દ્રિયો સંયમિત હોવાને કારણે, असंस्तुतस्य अपि जनस्य–અપરિચિત વ્યક્તિઓને પણ, सः प्रियः अभूत्–તેઓ પ્રિય બન્યા.

શ્લોક–૧૦ : कुहना–अनभिज्ञः–બગલાભક્તિથી અજાણ, कुहना–એટલે પાખંડ દ્વારા વંચના, લોભથી દંભપૂર્વક મૌનધ્યાન વગેરે કરવું. त्यक्तस्पृहः–જેણે સ્પૃહા ત્યજી દીધી છે તેણે, प्रसाद–भक्ति–प्रवणानि–પ્રસાદ = શ્રદ્ધા અને ભક્તિથી નમેલા, ભરેલાં, मानसानि चक्रे–મનો કર્યાં.

શ્લોક–૧૨ : स्मृति + अप्रमोषे – स्मृति–भ्रंश ના અભાવને વિશે, સ્મૃતિની રક્ષા, સતત જાગરુકતા, सः शिष्यान् अनुशशास–તેમણે શિષ્યોને શિસ્તબદ્ધ કર્યા.

पृथुभूते शिष्यगणे–શિષ્યો ઘણા બધા વધી ગયા ત્યારે (સતિ સપ્તમી), संवृतेषु इव अपायद्वारेषु–દુરાચાર પાપના માર્ગો બંધ થઈ ગયા ત્યારે.

अवतारिते नैष्क्रम्यसत्पथं लोके । લોકો વૈરાગ્યના માર્ગ ઉપર ઉતરી આવ્યા ત્યારે. (સતિ સપ્તમી)

पर्वतदरीनिकुञ्जान्–પર્વતોની ગુફાઓ અને કુંજ–નિકુંજોમાં, विचचरि–ફરવા લાગ્યા. व्याघ्रवनितां–વાઘણ, परिक्षाम + ईक्षण + युगां–અત્યંત દુબળાં પડી ગયેલ નેત્રયુગલવાળી, छाततरोदरीम्–સૂકાઈ ગયેલા પેટવાળી, भर्त्सयन्तीं–તિરસ્કારતી, ઘુરકિયાં કરતી, रोरूयितरवैः–ગર્જના કરતાં અવાજો વડે, चकम्पे–ધ્રુજી ઊઠ્યો, अद्रिराट्–પર્વતરાજ (હિમાલય).

आम्रेडितपदं–દ્વિરુક્તિવાળું પદ. (वत्स ! वत्स ! – એવી દ્વિરુક્તિમાં જે પુનરુક્ત થયેલું બીજું પદ છે, તેને પાણિનિએ આમ્રેડિત–પદ કહ્યું છે.)

आहारयितुम् इच्छति–ખાઈ જવા ઇચ્છે છે. आत्मस्नेहमयं शत्रुं–પોતાના શરીર માટેનો સ્નેહ, આ સ્નેહ શત્રુ સ્વરૂપ છે. તેને વધારવો જોઈએ નહીં. કેમ કે તેવા શરીરના પ્રેમને કારણે જ માણસ બીજા અનેક પાપ કરવા પ્રેરાય છે.

बोधिसत्त्वः तं शिष्यं–બોધિસત્ત્વે, તે શિષ્યને, सव्यपदेशम्–કોઈક બહાના હેઠળ, अतिवाह्य–ત્યાંથી દૂર મોકલી દઈને, चिन्ताम् आपेदे–વિચાર શરૂ કર્યો.

શ્લોક–૨૧ : यादृच्छिकी तस्य हि लाभसम्पत्–(માંસનો) લાભ થવો તે યાદચ્છિક છે, અર્થાત્ તે મળે પણ ખરો અને ન પણ મળે.

શ્લોક–૨૨ : निरात्मके–જેમાં આત્મા જેવું કશુંય નિત્ય તત્ત્વ નથી, भेदिनि–જે એક દિવસ નષ્ટ થવાનો જ છે તેવો, सारहीने देहे–સાર વગરનો દેહ परस्मै + उपयुज्यमाने – પારકાને ઉપયોગી થતાં, यो न प्रीतिमान्–જે રાજી થતો નથી, सः न विचक्षणः–તે વિચક્ષણ કહેવાતો નથી.

શ્લોક–૨૫ : पुत्रवधात् मृग्याः संरक्षणम् । પુત્રવધના પાપથી વાઘણનું સંરક્ષણ કરીશ અને मृग्याः सकाशात् तदात्मजानाम्–વાઘણ પાસેથી તેના બચ્ચાંઓનું સંરક્ષણ કરીશ.

શ્લોક–૨૭ : 'मार' महाचमूनां विषादनम्–'માર' (= કામદેવ)ની મોટી સેનાને વિષાદગ્રસ્ત કરીશ. [અહીં 'માર' શબ્દનો એક સામાન્ય અર્થ 'કામદેવ' થઈ શકે છે; પરંતુ બૌદ્ધસાહિત્યમાં તેનો થોડોક વ્યાપક અર્થ પણ અભીષ્ટ છે. અશ્વઘોષે 'બુદ્ધચરિત'માં જે 'માર–વિજય'નું વર્ણન કર્યું છે, તે જોવાથી આ વાત સ્પષ્ટ થઈ જશે. કામદેવ અને રતિ–શૃંગાર સાથે સંકળાયેલા દેવ છે. પરંતુ 'માર' આ ઉપરાંતની ઇન્દ્રિયના આનંદો સાથે પણ સંકળાયેલો દેવ છે.]

શ્લોક–૨૮ : यानवराश्रितानां श्रद्धापनम् करिष्यामि–શ્રેષ્ઠયાન અર્થાત્ બૌદ્ધયાન (કે મહાયાન)ને આશ્રયે રહેનારાઓની શ્રદ્ધા વધારવાનું કાર્ય કરીશ.

અહીં બૌદ્ધધર્મના બે સમ્પ્રદાયો – (૧) હીનયાન અને (૨) મહાયાન–માંથી 'મહાયાન' તરફ નિર્દેશ હોઈ શકે. આ બે સમ્પ્રદાયોમાંથી 'મહાયાન'ને જ શ્રેષ્ઠ

યાન કહ્યો હશે; કેમ કે તે મહાયાન–પરમ્પરામાં જ જાતકકથાઓનો અને બોધિસત્ત્વનો વિકાસ થયેલો છે. આર્યશૂર પણ મહાયાની છે.

सम्बोधि–સમ્યક્ બોધિ = જ્ઞાન. अजस्रं = સતત, નિરન્તર. प्राणात्यये–પ્રાણ નીકળી જાય ત્યારે विस्मापयन्–વિસ્મય પમાડતાં, तनुम् उत्ससर्ज–શરીર ત્યજી દીધું. स्व–तनय–वैशसोद्यमात् विरम्य–પોતાનાં બચ્ચાંઓની હિંસા કરવાના ઉદ્યમથી અટકીને, ततो नयने विचिक्षेप । તે તરફ બે આંખો નાખી, ફેરવી.

मांसम् अनासाद्य एव–માંસ મેળવ્યા વિના જ.

શ્લોક–૩૪ : व्यसनातुरे जने–મુશ્કેલીમાં આવી પડેલા અને દુઃખી થતા વ્યક્તિ ઉપર, स्व–सौख्य–नैःसङ्गचम्–પોતાના સુખ તરફની નિઃસંગતા (અનાસક્તિ), परेषां यशःश्रियः मृदिता–પારકાઓની યશ રૂપી લક્ષ્મી મસળી કાઢી.

खटुंकता–કાયરતા, विनिश्वासपरो मन्मथः–નિઃસાસા નાખતો કામદેવ, सब्रह्मचारी–સાથે વિદ્યાભ્યાસ કરનારા, સહપાઠી છાત્રો.

तदस्थिवसुधा चन्दनचूर्णवर्षैः वसुधा छन्ना बभूव–તે (બોધિસત્ત્વ)ના હાડકાં રૂપી વસુ (= ધન)ને ધારણ કરનારી વસુધા (= ધરતી) ચંદનના ચૂર્ણની વૃષ્ટિ વડે આચ્છાદિત થઈ ગઈ.

परः प्रसादः कार्यः–ઊંડી શ્રદ્ધા વ્યક્ત કરવી જોઈએ. इति उन्नेयम्–આવી વાત પણ સાર રૂપે તારવવી જોઈએ; અમુક મુદ્દાનું પણ અનુમાન કરવું જોઈએ.

दुष्करशतसमुदानीतत्त्वात्–સેંકડો દુષ્કર કર્મો કરીને, કષ્ટો ઉઠાવીને (આ ધર્મ લાવવામાં આવ્યો છે.) करुणावर्णेऽपि–કરુણાનું વર્ણન કરવા માટે (वर्णन અર્થમાં वर्ण શબ્દ અહીં વપરાયો છે) वाच्यम्–કહેવી જોઈએ.

છેલ્લે 'કરુણા'નું લક્ષણ આપ્યું છે : परानुग्रह–प्रवृत्तिहेतुः–પારકાની ઉપર અનુગ્રહ કરવાની જે પ્રવૃત્તિ, તે પ્રવૃત્તિનો જે (પ્રેરક) હેતુ હોય તે 'કરુણા' કહેવાય છે. પ્રમાણ–વાર્તિકમાં બીજું એક લક્ષણ આપ્યું છે : दुःखहेतोः समुद्धरणकामना करुणा । દુઃખના હેતુમાંથી બહાર કાઢવાની જે ઇચ્છા થાય, તે ઇચ્છાને 'કરુણા' કહે છે.

(૧૦) યજ્ઞ–જાતક

આ જાતકકથામાં જે વેદોક્ત યજ્ઞ–યાગમાં પશુહિંસા થતી હતી, તેની નિંદા કરવામાં આવી છે. વેદકાળમાં પૂર્વ–મીમાંસાદર્શનની પ્રખ્યાતિ હતી, લોકોને યજ્ઞક્રિયાઓમાં ઘણો વિશ્વાસ હતો. તે સમયે એવી માન્યતા પ્રવર્તતી હતી કે યજ્ઞ થકી જ વૃષ્ટિ થાય છે અને પ્રજાઓની વિવિધ કામનાઓ પણ યજ્ઞથી જ

પૂરી કરી શકાય છે. ઈ.સ. પૂર્વે ૬૦૦માં, જ્યારે બુદ્ધ જન્મ્યા હતા. **ત્યારના** ભારતનું આ ચિત્ર હતું. પરંતુ બુદ્ધને આ યજ્ઞયાગમાં થતી પશુહિંસા માન્ય ન હતી. દયા અને કરુણાથી છલકાતું તેમનું હૃદય નિર્દોષ પશુઓની હિંસા જોઈ દ્રવી ઊઠે છે. તેમણે વેદોનો વિરોધ કર્યો, વેદોક્ત યજ્ઞનો વિરોધ કર્યો અને વેદવિહિત હિંસાનો પણ વિરોધ કર્યો, આને માટે તેમણે કટાક્ષભરી વાણીનો–Satire નો–ઉપયોગ કર્યો.

ભગવાન્ બુદ્ધ એવું સ્પષ્ટ માનતા હતા કે પ્રજાનો અભ્યુદય કે કોઈપણ પ્રકારના ઉપદ્રવની શાંતિ યજ્ઞસાધ્ય નથી. પણ તે તો પરિશ્રમ અને સદ્‌વૃત્તિ કેળવવાથી જ સધાય છે. લોકોને એકત્ર કરીને, જે લોકનાયક હોય તેણે પ્રજાને પરિશ્રમના અને સાચા ધર્મના માર્ગે વાળવી જોઈએ. આવું થાય તો પ્રજાનું કલ્યાણ નિશ્ચિત થાય છે જ. આ સમગ્ર વિચારણાનું નિરૂપણ કરતી કથા આ જાતકમાં જોવા મળે છે.

આ જાતકકથાની અવતરણપંક્તિમાં કહ્યું છે કે – ‘‘જે કલ્યાણ કરવાનો આશય રાખનારા લોકનાયકો હોય છે, રાજાઓ હોય છે–તે કદાપિ પાપ प्रतारणाम्–પાપ રૂપી પ્રતારણાને ન अनुधीयन्ते–અનુસરતા નથી, તેનું અનુમોદન કરતા નથી. प्रयततिव्यम्–પ્રયત્ન કરવો જોઈએ. अकण्टकाम्–કાંટા વગરની, असपत्नाम्–શત્રુ-રાજા વિનાની, एकातपत्राम्–એક છત્રવાળી, दायाद्य + क्रम + आगताम्–વંશ વારસાના ક્રમથી આવી મળેલી पृथिवीम् पालयामास–પૃથિવીનું પાલન કરતા હતા.

શ્લોક–૧ : भुक्तावगीतेषु फलेषु–ભોગવેલા અને નિંદનીય એવા ફળોને વિશે असक्तः–અનાસક્ત, पृथिव्याः नाथः–પૃથિવીના નાથ, માલિક અર્થાત્ રાજા, बभूव–બન્યા.

શ્લોક–૨ : सः लोकस्य स्वभावं विवेद–તેમણે (રાજા બનેલા બોધિસત્ત્વે) લોકોનો સ્વભાવ જાણ્યો. લોકનો સ્વભાવ કેવો હોય છે ? તો તેને માટે એક વિશેષણ મૂક્યું છે : प्रधानचर्यानुकृतिप्रधानम् = પ્રધાનની, મુખ્ય રાજાની જે ચર્યા (= પ્રવૃત્તિ, વર્તન) હોય તેનું પ્રધાનપણે અનુકરણ કરવાનો લોકોનો સ્વભાવ હોય છે. વળી, તે રાજા प्रजासु श्रेयः समाधित्सुः–પ્રજામાં કલ્યાણ સાધવાની ઇચ્છાવાળો હોય છે.

तद्भुजाभिगुप्तम् तं विषयं–તે (રાજા)ની ભુજાઓથી રક્ષાયેલા તે રાજ્યમાં, सत्त्वानां कर्मवैगुण्यात्–પ્રાણીઓનાં (મનુષ્યોનાં) ખરાબ કર્મોને કારણે, તથા प्रमादवशगत्वात् च–(પ્રજા) પ્રમાદના વશમાં આવી ગઈ હોવાને કારણે (વરસાદ

ન પડ્યો). तद्उद्धरणोपायं पप्रच्छ–તે (દુકાળ રૂપી) ઉપદ્રવમાંથી બહાર નીકળવાનો ઉપાય પૂછ્યો.

वेदविहितम्–વેદ દ્વારા બતાવવામાં આવેલ, વેદમંત્રો દ્વારા જેનું વિધાન કરવામાં આવ્યું છે (તેવી યજ્ઞવિધિ), प्रत्याख्यान–रूक्षाक्षरम्–નિષેધ કરતા કર્કશ વચનો, अनुक्त्वा–બોલ્યા વિના (મૂંગા રહીને). त्रिवर्गसेवानिपुणस्य तस्य–'ત્રિવર્ગ' એટલે ધર્મ, અર્થ અને કામ, તેની સેવામાં નિપુણ એવા રાજાની, यज्ञाभिधाने–'યજ્ઞ' નામના, सुरलोकसेतौ–સુરલોક (દેવલોક) સુધી પહોંચાડનાર સેતુને વિષે, कथं ते मतिः–તારી બુદ્ધિ કેમ છે ?

શ્લોક–૬ : क्षितीशैः भृत्यैः इव ते आज्ञा बहु मन्यते । 'क्षिति' એટલે પૃથિવી, તેના ઈશ = સ્વામી એવા (સામન્ત) રાજાઓ વડે સેવકોની જેમ તમારી (બોધિસત્ત્વની) આજ્ઞાનું બહુમાન કરવામાં આવે છે. (हे) रिपुकाल–હે દુશ્મનોને માટે યમરાજ (કાળ) સમાન, यज्ञैः श्रेयांसि चेतुम् अयं कालः–યજ્ઞો વડે કલ્યાણ ભેગું કરવાનો આ સમય છે.

રાજાએ યજ્ઞ કરીને દેવઋણમાંથી છૂટવું જોઈએ–તેવી માન્યતા. (માણસને માથે જન્મથી માંડીને જ ત્રણ ઋણ હોય છે : દેવઋણ, પિતૃઋણ અને ઋષિઋણ.)

શ્લોક–૮ : स्विष्ट्या अभितुष्टानि देवतानि–વિધિપૂર્વકના યજ્ઞોથી સંતુષ્ટ થયેલા દેવતાઓ, वृष्ट्या–વૃષ્ટિ વડે, भूतानि प्रतिमानयन्ति–પ્રાણીઓને સામે સન્માને છે. (त्वं) यज्ञविधिं जुषस्व–તું યજ્ઞવિધિનું સેવન કર.

अधर्मप्रियः अमीमांसकोऽयं श्रद्धधानो जनः–અધર્મને ચાહનારો, અને જાતે વિચારણા–આલોચના–નહીં કરનારો આ શ્રદ્ધાળુ એવો જનસમુદાય अतिदुर्न्यस्तः–ખરાબ સ્થિતિમાં આવી પડેલો છે. (અથવા હું બોધિસત્ત્વ આવી ખરાબ સ્થિતિમાં ફસાયો છું.) વળી, તે જનસમૂહ કેવો છે ? તો पर–प्रत्यय–हारि–अपेलव–પારકાની બુદ્ધિથી ખેંચાઈ દોરવાઈ જનારો કઠોર છે.

શ્લોક–૧૪ : वराप्सरोधृताम् सुधां उत्सृज्य–શ્રેષ્ઠ એવી અપ્સરાઓ વડે ધારણા કરવામાં આવતી સુધા (= અમૃત)ને ત્યજીને, शोच्यस्य पशोः वधेन–દયા ખાવા યોગ્ય પશુના વધથી, दिवौकसः–દ્યુલોકના વાસી દેવો, वपादिकारणाद् (कथं) मुदं प्रयास्यन्ति–માંસના ટૂકડા મેળવીને (શું) રાજી થવાના હતા ? पुरुषमेधसहस्रेण यष्टुम्–એક હજાર પુરુષોનો જેમાં બલિ ચઢાવવામાં આવે તેવા યજ્ઞથી (હું દેવોને) પૂજવા માંગું છું. उपयोग्य–सम्भार–समुदानयनार्थं–ઉપયોગી સામગ્રીનો સમૂહ લાવવા માટે, सत्रागार–निवेशन–योग्यः भूमिप्रदेशः–યજ્ઞવેદી સ્થાપવા–બાંધવા માટે યોગ્ય એવો જમીનનો પ્રદેશ, परीक्ष्यताम्–પરીક્ષા કરવામાં આવે.

अवभृथे–યજ્ઞ પૂરો થતાં પછી કરવામાં આવતું સ્નાન.

प्रकृतिकोपाशंकया अलम्–પ્રજાના ગુસ્સે થવાની શંકાથી અટકી જાવ. अकामः– કોઈ પણ કામના વગરનો, અર્થાત્ નિર્દોષ, જેણે કશો દુરાચાર કર્યો નથી, चारचक्षुषा–જાસુસ રૂપી નેત્ર વડે, हितप्रवणाः–હિત તરફ ઝૂકેલ, पाप–जनोपग्रहणार्थम्– પાપી વ્યક્તિને પકડી લેવા માટે, प्रत्यहम्–દરરોજ, यियक्षुः–યજન કરવાની ઇચ્છાવાળો, क्षितिप–રાજા, यूपाबद्धतनुः–(યજ્ઞપશુ બાંધવાના) યૂપ(થાંભલો)ની સાથે જેનું શરીર બંધાયેલું છે તે.

શ્લોક–૧૯ : विरूढया ह्रिया–વધી ગયેલી શરમને કારણે, शीलामलभूषणो जनः अभवत्–શીલ = ચારિત્ર્ય રૂપી નિર્મળ આભૂષણવાળો લોકસમૂહ બની ગયો.

શ્લોક–૨૦ : रक्षिजनाः–નગરરક્ષક પોલીસો, दुःशील–जन–अभिमार्गणाम्– ખરાબ ચરિત્રવાળા માણસની શોધ (કરવા લાગ્યા).

શ્લોક–૨૧ : प्रियाख्यानक–दान–विस्तरैः–પ્રિય, શુભ સમાચાર કહેવા બદલ અપાતાં દાનનાં વિસ્તારોથી, चरान्–જાસુસોને, संतर्पयित्वा–સંતૃપ્ત કરીને.

શ્લોક–૨૨ : ताः (प्रजाः) सम्प्रति दक्षिणीयताम् गताः–તે (પ્રજા) હવે દક્ષિણા આપવાને યોગ્ય બની છે.

શ્લોક–૨૩ : सुखेन्धनं धनं–સુખને વિસ્તારવા કે ટકાવી રાખવા ધન રૂપી ઇંધણાં પૂરતા રહેવું પડે છે ! 'ધન'ને માટે આકર્ષક એવી ઉપમા છે. विषयोपतापिनी दरिद्रता–રાજ્યને સંતાપ આપનારી દરિદ્રતા, निर्विषया यथा भवेत्–નિવાસસ્થાન વગરની બને.

राज्ञा प्रवृत्तेन धर्मयज्ञेन–રાજા વડે ધર્મ રૂપી યજ્ઞ શરૂ થતાં, उपद्रवैः सार्धम् प्रशमितेषु अर्थिजनदुःखेषु–(વરસાદ ન પડવો, આગ, ધરતીકંપ વગેરે પ્રકારના) ઉપદ્રવોની સાથે જ યાચક વ્યક્તિઓનાં દુઃખો શાંત થઈ ગયા ત્યારે, (સતિ સપ્તમી) राजयशसि वितन्यमाने–રાજાનો યશ ફેલાવા લાગ્યો ત્યારે.

देवेन–રાજાએ, पशुवैशस-वाच्य-दोष-विरहितेन धर्मयज्ञेन–પશુ-હિંસા રૂપ દોષ વગરના ધર્મયજ્ઞથી, उपद्रवाः च प्रशमं नीताः–ઉપદ્રવો શાંતિને પામ્યા.

શ્લોક–૩૨ : क्षणदाकरस्य लक्ष्म इव कृष्णाजिनं गात्रे न विततम्–ચંદ્રમાના (મૃગ)ચિહ્ન જેવા કાળિયાર મૃગના ચર્મને શરીર ઉપર ઓઢ્યા વિના (રાજાએ જે ધર્મયજ્ઞ કર્યો).

વેદોક્ત યજ્ઞ કરનારા યજમાને શરીર ઉપર કાળિયાર મૃગના ચામડાને પહેરવું પડે છે, યજ્ઞમાં 'દીક્ષિત' થયા એમ કહેવડાવવા માથું મૂંડાવવું પડે છે–ઇત્યાદિ ક્રિયાઓ બોધિસત્ત્વે કરી નહીં; અને છતાંય પ્રજાનું કલ્યાણ કર્યું.

शतयज्वनः—સો યજ્ઞ કરનાર ઈન્દ્રનો યશ अपहृतः—અપહરી લીધો.

राजापवादे—રાજાને ઉપદેશ આપવા માટે, भूति—कामेन—ઐશ્વર્ય ઈચ્છતા વ્યક્તિએ. तथागतवर्णेऽपि वाच्यम्—તથાગત = બુદ્ધના વર્ણનમાં પણ આ કહેવું જોઈએ.

(૧૧) શક્ર—જાતક

सुधासेक—नवांगरागे—ચૂનાથી ધોળેલા નવા રંગવાળા हर्म्ये—મહેલની ઉપર, शशिनः निषक्तरूपा प्रभा इव—ચંદ્રમાનાં કિરણો પડવાથી ચાંદની ફેલાઈ રહી હોય તેમ. रभसाऽऽगतानि—ઉતાવળે આવેલ, दिङ्नागदन्तमूसलानि—દિશાઓના હાથીઓની દંતશૂળ રૂપી મૂશળોને परावलेप—શત્રુઓનો ગર્વ, देवानीकेन—દેવોના સૈન્યથી.

શ્લોક—૧૦ : सुरेन्द्रः एकः समरे व्यतिष्ठत—સુરેન્દ્ર (દેવરાજ ઈન્દ્ર) એકલા જ યુદ્ધમાં ઊભા રહ્યા. मातलिः—ઈન્દ્રનો રથ હાંકનાર સારથિનું નામ.

શ્લોક—૧૧ : अजातपक्षद्विजपोतसंकुलाः द्विजालयाः—જેને પાંખો જન્મી નથી તેવાં પક્ષીઓનાં બચ્ચાંઓથી ભરેલા પક્ષીઓનાં માળાઓ.

શ્લોક—૧૨ : अम्बुरुहाक्ष—પાણીમાં જન્મનાર કમળપત્રના જેવી આંખવાળા (ઇન્દ્ર), त्रिदशः सुराधिपः—સ્વર્ગના દેવોના પતિ.

શ્લોક—૧૮ : वीतघृणः जघन्यः— જેણે દયા ત્યજી દીધી છે તેવો નીચ, હલકો માણસ, पापं समाचरति—પાપ આચરે છે. प्राणात्यये अपि—પ્રાણ જતા રહે તો પણ दयाऽऽयत्तेन आर्येण भवितव्यम्—જે આર્ય હોય તેણે દયાથી વિસ્તારેલા હૃદયવાળા બનવું જોઈએ. धर्मो रक्षति धर्मचारिणम्—ધર્મચારી વ્યક્તિનું રક્ષણ ધર્મ કરે છે. તમે જો પહેલાં (દયા રૂપી) ધર્મનું રક્ષણ કરો, તો પછી તે ધર્મ તમારું રક્ષણ અવશ્ય કરે જ.

(૧૪) સુપારગ—જાતક

सुपारग—એક દરિયા-ખેડૂનું નામ છે. આ શબ્દનો અર્થ :— ''सुष्ठु पारं गमयति/ गच्छति वा ।'' ''જે (દરિયાની) સામે પાર ઉપર સારી રીતે પહોંચાડે છે, જાય છે, પહોંચે છે.'' — તે દરિયા-ખેડૂને 'સુપારગ' કહેવાય. બોધિસત્ત્વ એકવાર 'સુપારગ' રૂપે જન્મે છે, તેની આ કથા છે.

तद् अध्युषितं च पत्तनं—તે દરિયા-ખેડૂ બનેલા બોધિસત્ત્વ વડે જેમાં નિવાસ કરાયેલો, તે નગરને પણ 'સુપારગ' કહે છે. [મુંબઈથી ૪૬ માઈલ દૂર થાણા જિલ્લા પાસે આજે 'સોપારા' ગામ છે, તે જ કદાચ આ 'સુપારગ' હશે. એવું ''બુદ્ધકાલીન ભારતીય ભૂગોળ'' પુસ્તક લખનાર શ્રી ભરતસિંહ ઉપાધ્યાય માને છે.]

सांयात्रिकैः—સાથે યાત્રા કરનારા, દરિયાઈ—વેપારીઓ भरुकच्छ—ભરૂચ (પ્રાચીનકાળથી વેપારીઓને અનુકૂળ એવું આ બંદર હશે.) થેરગાથાની અટ્ઠકથા મુજબ ભગવાન બુદ્ધના અનેક શિષ્યો ભરુકચ્છના નિવાસી હતા તથા હ્યુ—અંન—ત્સંગે પણ તેની મુલાકાત લીધી હતી.

શ્લોક—૧૦ : कृच्छ्राणि अकृच्छ्रेण समुत्तरन्ति—મુશ્કેલીઓને વગર તકલીફે—અનાયાસે—તરી જાય છે.

दद्दशुः—જોવાની ઇચ્છાવાળા, पुरुषविग्रहानाम्—માણસના જેવા શરીરવાળાં (માછલાં), न भेतव्यम्—ડરવું ના જોઈએ—ડરશો નહીં.

खुरमाली—એ નામનો સમુદ્ર. ડૉ. કાશીપ્રસાદ જયસ્વાલના મતે આ 'ખુરમાલી' સમુદ્ર બેબીલોનની આસપાસનો સમુદ્ર હોવો જોઈએ, કેમ કે ત્યાંના એક દેવતાનું નામ 'ખુર' છે.

क्षीरार्णवः—ક્ષીર સાગર (દૂધ જેવો સફેદ), જેનું બીજું નામ दधिमालिन् પણ છે. એ પછી अग्निमाली સમુદ્ર આવે છે. ડૉ. કાશીપ્રસાદ જયસ્વાલના મતે તે એડનની પાસે અરબસ્તાનનો કિનારો હશે, અથવા સોમાલી પાસેનો કેટલોક ભાગ હશે. कुशमाली—જેમાં લીલા ઘાસના મેદાન જેવું લાગતું હતું. પણ ખરેખર ત્યાં નીલમ—મણિઓ પાકે છે. પુરાણોમાં આને 'કુશદ્વીપ' કહ્યો છે. ડૉ. કાશીપ્રસાદ જયસ્વાલે તેને આફ્રિકાના ઉત્તર—પૂર્વ કિનારે આવેલા 'નુબિયા'ની પાસેનો સમુદ્ર હશે એમ કહ્યું છે.

वडवामुख—જે ભૂમધ્ય સમુદ્ર રૂપે ઓળખાય છે. ત્યાં આજે પણ જ્વાળામુખી સક્રિય છે. (પુરાણમાં જે 'વડવાનલ'ની કલ્પના છે, તે સાવ નિરાધાર નથી.) સમુદ્રના પેટાળમાં રહેલા વડવાનલને કારણે અનેક નદીઓનાં પાણી સમુદ્રમાં ઠલવાતાં હોવા છતાંય, તે ઉભરાતો નથી—એ વિચાર અદ્‌ભુત છે.

दक्षिणेन जानुमण्डलेन—જમણા પગના ઘુંટણને ટેકવીને, नावं अधिष्ठाय—નાવમાં બેસીને, शीघ्रम् आरोप्यन्तां शीतानि—જલ્દીથી (નૌકાના) શઢ ચઢાવો (ખોલી નાખો). [અહીં 'शीतम्' (નપુંસકલિંગ) એવો શબ્દ, કે જે 'શઢ' વાચક છે, તેનો વી. એસ. આપ્ટેના શબ્દકોશમાં સમાવેશ નથી. આવાં અન્ય ઉદાહરણો પણ મળે છે.]

तदेवम्—તો આ રીતે (સિદ્ધ થયું કે) – धर्माश्रयं सत्यवचनम्—ધર્માશ્રિત સત્યવચન પણ, आपदं नुदति—આપત્તિને ટાળે છે. સુપારગે કહ્યું કે જો મેં મારા જીવનમાં કોઈ પ્રાણીની હિંસા ન કરી હોય તો આ નૌકા તોફાનમાંથી બહાર નીકળી જાય, તો અહિંસા રૂપી ધર્મ આચર્યા પછી, તેનું વિશિષ્ટ ફળ આવતાં પહેલાં, તે તમારા જીવનની આપત્તિઓને ટાળે છે.

(૧૬) વર્તકા–પોતક જાતક

('વર્તક' એટલે તેતર પક્ષી અને 'પોતક' એટલે બચ્ચું.)

सत्यपरिभाविताम् वाचम्–સત્યથી પવિત્ર થયેલી, સત્યથી સત્કારાયેલી વાણીને, अग्निः अपि लंघयितुम् न प्रसहते–અગ્નિ પણ ઓળંગવા માટે શક્તિમાન નથી. अभ्यवहर्तुम्–ખાવા માટે, न्यग्रोध–વડનું ઝાડ, सर्वाशी–બધું ખાનાર, विचिताशी–પસંદ કરીને ખાનાર, ભક્ષ્ય–અભક્ષ્યને અલગ તારવીને ખાનાર.

अ–ह्रीकेण–सुजीवितम्–શરમ ત્યજી દેનાર સારી રીતે જીવે છે. ध्वाङ्क्षेणः–જેને પાંખો ફુટી નથી તેવું પક્ષી, प्रडीनौ–(માતપિતા બન્ને) ઉડી ગયાં.

उद्धतशिखः दावाग्निः–ઊંચી જ્વાળાવાળો દાવાગ્નિ, मन्त्राभिशप्तः भुजङ्गः–મન્ત્રથી શાપિત થયેલો સર્પ, नैकशिरा–અનેક ફણાવાળો સર્પ.

प्रचलितोर्मिफणः समुद्रः वेलाम् न जह्यात्–ઊંચે ઉઠતાં મોજાંવાળો સમુદ્ર જેમ કિનારા(ની મર્યાદા)ને ત્યજતો નથી. कृशानुः–અગ્નિ (અગ્નિ માટે વેદમાં વપરાતું વિશેષણ).

अभियोगः करणीयः–આગ્રહ કરવો/સેવવો જોઈએ; અથવા અભ્યાસ કરવો જોઈએ.

(૨૪) મહાકપિ–જાતક

न आत्मदुःखेन तथा सन्तः संतप्यन्ते, यथा अपकारिणां कुशलपक्षहान्या । "સજ્જનો પોતાના દુઃખથી એટલો સંતાપ નથી પામતાં કે જેટલો સંતાપ એમને અપકારના કુશળ–પક્ષની હાનિ થવાથી થાય છે."

महाकायः–મોટી છે કાયા જેની, મોટા શરીરવાળો, एकचरः कपिः–એકલો ફરનાર કપિ (વાનર), गां प्रनष्टाम् अन्वेषितुम्–ખોવાઈ ગયેલી ગાયને શોધવા માટે, परिपिञ्जराणि–પૂરેપૂરાં પીળાં પડી ગયેલાં, तिन्दुकी–फलानि–તિન્દુકી ફળો (કદાચ–પીળી રાયણ) फलिनीं शाखाम्–ફળથી લચી પડેલી ડાળી, अस्याः प्रान्तम् उपजगाम–તે ડાળીના છેડાના ભાગ સુધી પહોંચી ગયો. परश्वधेन इव निकृत्तमूला–કુહાડીથી કપાયેલા મૂળિયાંવાળી ડાળની જેમ, सहसा पपात–એકાએક પડી ભાંગી. सः निष्प्रतीकारं–તે પ્રતીકાર કરવા અસમર્થ, ઉપાય વિનાનો.

શ્લોક–૪ : मशकसंघैः एकनिपानीकृतं–મચ્છરોના ટોળાં વડે (લોહી ચૂસવાનું) એક પાત્ર બનાવાયેલો, अवपात + आनन + मग्नं मृगम् इव–નીચું નમાવેલા મુખવાળા મૃગલાની જેમ, कः अपि + उद्धरिष्यति माम्–મને કોણ બહાર કાઢશે ?

तामिस्त्र–पक्ष–रजनी इव–કૃષ્ણપક્ષની રાત્રિની જેમ, व्यसनं–મુશ્કેલી, આપત્તિ.

શ્લોક–૧૪ : खेदात् परिव्याकुलखेलगामी–ખેદને કારણે અતિશય વ્યાકુળ થઈને ઢસડાતા ચાલી રહેલા.

શ્લોક–૧૬ : परीतमूर्तिः–થાકી ગયેલા શરીરવાળો, स्वप्तुम् इच्छामि–સૂઈ જવા ઇચ્છું છું.

अशिवाम् चिन्ताम् आपेदे–અશુભ વિચારણા શરૂ કરી, साशनिवत् पपात–વજ્રની જેમ પડી, ह्रीतमुखम्–લજ્જિત મુખવાળાને.

શ્લોક–૨૫ : कथं नाम व्यवसितम्–આવું (તેં) વિચાર્યું કેવી રીતે ? कथम् वा प्रारब्धम्–તેવું કાર્ય કરી કેવી રીતે શક્યો ?

શ્લોક–૩૪ : क्षामशरीरकम्–સૂકાઈ ગયેલા શરીરવાળો.

શ્લોક–૩૬ : किलास–शबल–च्छविः–કાબરચીતરો, કદરૂપો, रजोरूक्ष-शिरोरुहः–ધૂળથી રૂક્ષ થયેલા માથાના વાળવાળો. આ જાતકકથામાં ઉપકાર ઉપર અપકાર.

(૨૫) શરભ–જાતક

'શરભ'–તે આઠ પગવાળું વન્ય પ્રાણી છે; જેનો ઉલ્લેખ પ્રાયઃ આખ્યાયિકાઓમાં જ થાય છે.

आपद्गतम्–આપત્તિમાં ફસાયેલા, जिघांसुम्–હણવાની ઇચ્છાવાળાને, પણ महाकारुणिकाः–મોટી કરુણા બતાવનારા, अनुकम्पन्त एव–અનુકંપા જ દર્શાવે છે. न उपेक्षन्ते–ઉપેક્ષા કરતા નથી.

श्वभ्रम्–ઊંડો મોટો ખાડો કે ખાઈ, गोष्पदम् इव–એક ગાયની ખરી હોય તેમ, जवेन–વેગથી, उद्गीर्णः–ઉછળી પડ્યો, तस्मिन् वधकेऽपि परां करुणाम् उपजगाम–તે વધ કરવા ઉદ્યત થયેલા શિકારીની ઉપર પણ તેમને પરમ કરુણા જાગી.

શ્લોક–૧૦ : कच्चित् महाराज न पीडितोऽसि–હે મહારાજ ! શું તમને પીડા તો નથી થતીને ? અહીં कच्चित्–અવ્યય આશંસાપૂર્વક પ્રશ્ન પૂછવા માટે વપરાય છે. એટલે કે જેનો જવાબ આશાસ્પદ રીતે હકારમાં મળે એવી ઇચ્છા હોય ત્યારે તેનો પ્રયોગ થાય છે.

શ્લોક–૧૧ : त्वद् विषयान्तवासी–તમારા રાજ્યમાં રહેનારો છું.

શ્લોક–૧૩ : अनागसि–જે નિષ્પાપ છે, તેની ઉપર, (आगस्–એટલે પાપ).

શ્લોક–૧૫ : वारबाणावृतम् इदं गात्रम्–કવચ (બખ્તર કે જે બાણને નિવારતા હોય તેને 'વારબાણ' કહે છે)થી ઢંકાયેલું ગાત્ર (શરીર).

શ્લોક–૨૨ : सभये व्याधाभिकीर्णे अस्मिन् वने–ભયથી ભરેલા અને શિકારીઓથી ઉભરાતા આ વનમાં, भवन्तं हित्वा–તમને છોડી દઈને, गेहाभिमुखस्य गन्तुम् अयुक्तम्–ઘર તરફ જવું અયોગ્ય છે.

શ્લોક–૨૫ : यदि मत् प्रियं ते चिकीर्षितम्–જો મારું પ્રિય કરવાનું તમને ઇચ્છનીય હોય તો, वीर ! व्याधव्रतं विमुञ्च–હે વીર ! તમે શિકારીનું વ્રત છોડી દો. शोच्येषु मृगेषु–દયા ખાવા જેવા પશુઓને વિશે.

साम्परायिकेषु–પારલૌકિક, आर्येण प्राणिषु सानुक्रोशेन भवितव्यम्–જે આર્ય હોય તેણે પ્રાણીઓ ઉપર અનુક્રોશવાળા થવું જોઈએ.

'અનુક્રોશ' – એ 'પરદુઃખદુઃખિતા'નો વાચક છે. 'દયા' અને 'કરુણા'ની વચ્ચેનો ભાવ તે અનુક્રોશ છે. એક માણસને બીજા માણસ માટે પ્રેમ જન્મે કે મૈત્રી થાય તેના મૂળમાં આ 'અનુક્રોશ'ની લાગણી છે.

(૩૪) શતપત્ર–જાતક

રંગબેરંગી પીંછાવાળા એક પક્ષી, તેને શતપત્ર કહે છે. प्रोत्साह्यमानः अपि–ઉશ્કેરવામાં આવે તો પણ, पापे प्रवर्तितुम् न अलं–પાપમાં પ્રવૃત્ત થવા શક્તિમાન નથી. अनभ्यासात्–અભ્યાસ નહીં હોવાને કારણે, महीरुहाणाम्–પૃથિવીમાં ઉગનારા, વૃક્ષો. रेणुसम्पर्कव्याकुलमलिनकेसरसटं सिंहं ददर्श–ધૂળના સંપર્કથી વ્યાકુળ અને મલિન થયેલ કેશવાળીવાળા સિંહને જોયો, अकल्यशरीरं त्वां पश्यामि–અસ્વસ્થ શરીરવાળા તમને જોઉં છું. व्याधेषुणा–શિકારીના બાણથી, अस्थिशकलं–હાડકાંનો ટૂકડો, गलान्तरे विलग्नं–ગળામાં ફસાયેલું, शल्यम् इव माम् दुनोति–કાંટાની જેમ મને દુઃખ આપી રહેલ છે.

શ્લોક–૧૨ : विक्रमार्जितवृत्तये–પરાક્રમથી આજીવિકા મેળવનાર (સિંહ), अर्थिसम्मानम् इच्छामि–યાચક તરીકેનું સમ્માન મેળવવા ઇચ્છું છું. (યાચકને કોઈ દિવસ પાછો ન મોકલાય).

दिधक्षन् इव–જાણે બાળી મૂકતો હોય તેમ, दिदृक्षसे–તું જોવા ઇચ્છે છે.

શ્લોક–૧૯ : कृतः चेत् 'धर्मः' इत्येव–જો (ઉપકાર કરવો એ) ધર્મ છે એમ સમજીને કર્યો હોય તો, कः तत्र पुनः अनुशयः–તેમાં (પ્રત્યુપકાર ન મળતાં) પશ્ચાત્તાપ કેવો ? अथ प्रत्युपकारार्थम्, (तत्) ऋणदानम् (उच्यते) । જો પ્રત્યુપકાર મેળવવાની ઇચ્છાથી ઉપકાર કર્યો હોય તો તેને 'ઋણ' રૂપે આપેલું દાન જ કહેવાય. (ઋણ રૂપે જે દાન આપ્યું હોય, તે પાછું લેવાનું મન થાય). न तत्कृतम्–તેને ઉપકાર કર્યો ના ગણાય.

શ્લોક–૨૦ : द्विरदवृत्तिः–હાથીના જેવી વૃત્તિ = પ્રવૃત્તિ. જેમ કે, હાથી પાણીમાં નહાવા ઉતરે પછી બહાર નીકળીને, રેતીના પટમાં જઈને તે સૂંઢથી રેતીને પોતાના શરીર ઉપર ઉછાળે છે. આમ સ્નાન કરીને, ફરી ગંદા થઈ જવાની પ્રવૃત્તિને 'द्विरदवृत्ति' કહે છે. એવી જ રીતે, ઉપકાર કરીને પછી, પ્રત્યુપકાર ન મળતાં, તેની ઉપર વેર વાળવું, હુમલો કરવો–તેને 'द्विरदवृत्ति' કહેવાય છે. अन्तर्दधे–અન્તર્ધાન થઈ ગયા. प्रतिसंख्यानबहुलाः–ઉચિત અને અનુચિતનો ભેદ પારખનાર. બોધિસત્ત્વનો મહિમા વ્યંજિત કરતી આ જાતકકથાઓ ગુજરાતમાં પ્રચાર–પ્રસાર પામે; અને તેના થકી ભારતીય સમાજમાં સદ્ધર્મ વિકસે તેવી અભિલાષા. नमः बोधिसत्त्वेभ्यः ॥

* * *

સંદર્ભ–ગ્રન્થસૂચિ

(૧) **जातकमाला;** सं. एवं अनु० सूर्यनारायण चौधरी, प्रका० मोतीलाल बनारसीदास, दिल्ली, १९८४.

(૨) **जातकमाला;** सं. एवं अनु० सूर्यप्रकाश व्यास, प्रका० चौखम्भा संस्कृत संस्थान, वाराणसी, वि. सं. २०५१.

(૩) **जातक** (भाग–१ से ६); अनु० भदन्त आनन्द कौसल्यायन, हिन्दी साहित्य सम्मेलन, प्रयाग, तृतीय संस्करण, १९९४.

(૪) **जातकमाला–एक अध्ययन;** लेखक–श्री कमलाकान्त मिश्र, गंगानाथ झा केन्द्रीय संस्कृत विद्यापीठ, प्रयाग, १९९७.

(૫) **Significance & Importance of Jatakas,** by Gokul Das De, Calcutta University, 1951.

(૬) **Bodhisattva Doctrine in Buddhist Sanskrit Literature** by Hardayal, Motilal Banarasidas, Delhi, 1970.

(૭) **બુદ્ધચરિત;** લે. ધર્માનંદ કોસંબી, નવજીવન કાર્યાલય, અમદાવાદ–૧૯૩૭.

* * *

સરસ્વતી પુસ્તક ભંડાર, અમદાવાદ—૧.